માત્ર ભારત, બાંગ્લાદેશ, ભૂતાન, પાકીસ્તાન, નેપાળ, શ્રીલંકા અને માલદીવ્સમાં વેંચાણપાત્ર

રોબર્ટ એચ શુલર

બેસ્ટસેલર ટફ ટાઈમ્સ નેવર લાસ્ટ,
બટ ટફ પીપલ ડુ! ના લેખક

સુખી રહેવાનાં મનોવલણો
જે તમારાં જીવનને ધરમૂળથી બદલી નાખે

8 પોઝીટીવ એટીટ્યુડ્સ

8 POSITIVE ATTITUDES

NOW IN GUJARATI

JAICO

VISIT…

LANZAROTE Caliente.com


8 પોઝીટીવ એટીટ્યુડ્સ

સુખી રહેવાનાં મનોવલણો
જે તમારાં જીવનને ધરમૂળથી બદલી નાખે

8 POSITIVE ATTITUDES

NOW IN
GUJARATI

રોબર્ટ એચ શુલર



જયકો પબ્લિશિંગ હાઉસ

અમદાવાદ બેંગલોર ભોપાલ ભુબનેશ્વર ચેન્નાઇ
દિલ્હી હૈદરાબાદ કલકત્તા લખનૌ મુંબઇ

પ્રકાશક
જયકો પબ્લિશિંગ હાઉસ
એ–2, જશો ચંબર્સ, 7–એ સર ફિરોઝશાહ મહેતા રોડ
ફોર્ટ, મુંબઇ – 400 001
jaicopub@jaicobooks.com
www.jaicobooks.com

આ એક પરવાનો મેળવેલ કાર્ય છે.
થોમસ નેલ્સન, ઈન્ક.
501, નેલ્સન પ્લેસ, P.O. Box 141000,
નાશવલ, TN 37214-1000
તરફથી મળેલ પરવાના હેઠળ પ્રકાશિત

માત્ર ભારત, બાંગ્લાદેશ, ભૂતાન, પાકીસ્તાન,
નેપાળ, શ્રીલંકા અને માલદીવસમાં વેચાણપાત્ર

8 POSITIVE ATTITUDES
8 પોઝીટીવ એટીટયુડસ
ISBN 978-81-8495-780-8

અનુવાદ : સ્વાતિ વસાવડા

પ્રથમ જયકો સંસ્કરણ: 2015

ઋણસ્વીકાર

હું એ મિત્રો તથા પ્રિયજનોનો ખરેખર આભારી છું જેમણે તેમની વાતોને આ પુસ્તકમાં સમાવવાની ઉદારતાપૂર્વક સંમતિ આપી છે. તેઓ એ આશા તથા પ્રાર્થનામાં જોડાયા છે કે અન્ય લોકો 8 પોઝીટીવ એટીટચ્યુડ્સનું રહસ્ય પામી શકશે. મારા અઠવાડિક રવીવારીય સંદેશાઓનાં સંપાદક શૈલા શૂલર કોલમેનનો પણ આભાર માનું છું જેણે મારા વિચારો તથા તેને લગતી સામગ્રીનો સંગ્રહ કર્યો તથા તેને વ્યવસ્થિત કર્યા. આ હસ્તપ્રતને તૈયાર કરવામાં તેની મદદ અમાપ છે અને બેટ્ટી કોર્નેલ, સંશોધન તથા અન્ય સહાય માટે તેં આપેલ સમય માટે તારો આભાર.

અનુક્રમણિકા

પરિચય

પોઝીટીવ એટીટ્યુડ - 1
મને મદદની જરૂર છે - "હું આ એકલો ન કરી શકું !"
જેમના આત્મા નબળા છે તેઓ આશીર્વાદ પામેલા છે, આથી સ્વર્ગનું રાજ્ય તેમનું છે.

પોઝીટીવ એટીટ્યુડ - 2
"હું ખરેખર પીડાઉં છું - પરંતુ હું આત્મવિશ્વાસથી પાછો ફરીશ !"
જેઓ શોક-વિલાપ કરે છે તેઓ આશીર્વાદ પામેલા છે, આથી તેમને આશ્વાસન આપવામાં આવશે.

પોઝીટીવ એટીટ્યુડ - 3
"હું શાંત, સ્વસ્થ અને વિશુધ્ધ રહેવાનો છું."
જેઓ વિનમ્ર છે તેઓ આશીર્વાદ પામેલા છે, આથી તેઓ પૃથ્વી પર રાજ કરશે.

પોઝીટીવ એટીટ્યુડ - 4
"હું ખરેખર યોગ્ય વસ્તુ કરવા ઇચ્છું છું !"
જેમને સચ્ચાઈની ભૂખ તથા તરસ છે, તેઓ આશીર્વાદ પામેલા છે આથી તેમને સંતોષવામાં આવશે.

પોઝીટીવ એટીટ્યુડ - 5
"અન્યો મારી તરફ જેવું વર્તન કરે તેવું હું ઇચ્છું છું, તેવું વર્તન હું અન્યો તરફ કરીશ."
દયાળુ લોકો આશીર્વાદ પામેલા છે, આથી તેઓ કૃપા પ્રાપ્ત કરશે.

પોઝીટીવ એટીટ્યુડ - 6

“મારે મારામાંથી શ્રદ્ધાને મુક્તપણે વહેવા દેવી જોઈએ”

શુધ્ધ હૃદય વાળા લોકો આશીર્વાદ પામેલા છે આથી તેઓ ઈશ્વરને મળશે.

પોઝીટીવ એટીટ્યુડ - 7

“હું પુલ બાંધનાર બનીશ.”

શાંતિ સ્થાપનારાઓ આશીર્વાદ પામેલા છે, આથી તેમને ઇશ્વરનાં બાળકો કહેવાશે.

પોઝીટીવ એટીટ્યુડ - 8

“હું ખુશ રહેવાનું પસંદ કરી શકું - કોઈ રીતે !”

પવિત્રતાને ખાતર જેમના પર ત્રાસ ગુજારાય છે તેઓ પર ઇશ્વરનાં આશીર્વાદ છે, આથી સ્વર્ગનું રાજ્ય તેમનું છે.

પરિચય

સુખ ! ભ્રામક છે, નહીં ? તમે કેટલી વાર વિચાર્યું છે કે :

જો મારી પાસે તે કાર હોત... તો હું સંતુષ્ટ હોત !

કાશ, મને સાચો પ્રેમ કરનાર કોઈ મળી જાત... તો હું ખુશ હોત !

કાશ, હું આટલા આર્થિક તણાવમાં ન હોત, તો હું સંતુષ્ટ હોત !

કાશ...

કાશ...

આજે મારી પાસે તમારે માટે સમાચાર છે કે : દુનિયામાં "કાશ" શબ્દ - તે બધું જ સાચું પડે તોપણ - તે તમારાં સુખની ખાતરી આપી શકે નહીં !

આપણે બધાએ એક અથવા બીજા સમયે જોયું છે તેમ, મોટરો, ઘરો, ઘરેણાં તથા અન્ય ભૌતિક પ્રાપ્તિઓ લાંબા સમય માટે સુખ લાવતાં નથી. આપણે ઝંખેલી કોઈક વસ્તુ પ્રાપ્ત કરવાના તાત્કાલિક આનંદના ઉભરા પછી, આપણે દરેક પ્રાપ્તિ તેની સાથે જે અનોખી સમસ્યા લઈને આવે છે તેનો સામનો કરીએ છીએ.

હું એ યુવાનને ક્યારેય નહીં ભૂલું જેણે ફરારી મેળવવાની ઝંખના કરી હતી. તેણે તેનાં સ્વપ્ન સેવ્યાં હતાં. તે પોતાને તેનાં સ્ટીયરીંગની પાછળ બેઠેલો કલ્પતો. તેને તેનાં સુંવાળાં, નરમ લેધરની સુગંધ આવતી. તે જ્યારે રસ્તા પર સરકે ત્યારે તેનાં એન્જીનની શક્તિ તે અનુભવી શકતો.

પછી તે બન્યું. તે ઇચ્છતો હતો તે બઢતી તેને મળી, અને એ બઢતીની સાથે જ તગડો પગાર વધારો આવ્યો. આખરે તેને ખબર પડી કે તે તેની કલ્પના પરિપૂર્ણ કરી શકે તેમ છે.

તે શો રૂમ પરથી ચળકતા કાળા રંગની ફરારી હંકારી ગયો ત્યારે તે ઝગારા મારતી હતી. તેનું સ્વપ્ન સાકાર થયું હતું. તે ઉર્મિલ થઈ ગયો !

કાર ચલાવવામાં અદ્ભૂત હતી અને એ યુવાન અન્ય ઈર્ષાળુ યુવાનો તથા સુંદર યુવતીઓ તરફથી જે ધ્યાન મેળવતો હતો, તેને માણતો હતો. પરંતુ ચૂકવણીના હપ્તા ભારે હતા. બધો જ પગાર વધારો તથા તેનાથી પણ ઉપરના પૈસા આ કાર માટે જતા હતા. આ કાર જે યુવતીઓને

આકર્ષતી હતી, તેઓ તે તેમને મોંઘીદાર રેસ્ટોરન્ટમાં લઈ જાય તેવી અપેક્ષા રાખતી હતી. તેઓ મોંઘી ભેટ-સોગાદોની પણ અપેક્ષા રાખતી હતી અને પાર્કીંગનું ધ્યાન રાખવા વાળાઓ તગડી ટીપ ઈચ્છતા હતા.

પછી ફરારીની સર્વિસ કરાવવાનો સમય આવ્યો. વાઉ! તેને ખ્યાલ જ નહીં કે માત્ર સામાન્ય કામ પણ આટલું ખર્ચાળ હોઈ શકે. તેણે પૈસાની વ્યવસ્થા તો કરી લીધી, છતાં આ ઊંચી કિંમતે તેની આર્થિક સ્થિતિમાં ગાબડું પાડ્યું.

પરંતુ તે પણ વસૂલ હતું ! તેની પાસે ફરારી હતી... તેનાં સ્વપ્નાંની કાર !

એ યુવાનને ફરારીને ધોવામાં તથા પોલિશ કરવામાં, તેના પર વેક્ષ રગડવામાં અને તેનાં અરીસા જેવાં બોડી પરથી ઝગારા મારતા સૂર્યને જોવામાં આનંદ આવતો હતો. પરંતુ થોડાક મહિનાઓ પછી, તેને ક્યાંકથી ઉખડેલો રંગ તથા દરવાજા પર ઉઝરડા પડેલા તે ધ્યાનમાં આવ્યું.

તેને જે ધ્યાન અપાતું હતું તેનો તથા કાર તથા તેણે મેળવી આપેલ નવા મિત્રો તરફથી થતી માગણીઓનો કંટાળો આવવા લાગ્યો. હકીકતમાં તેને છોકરીઓ કોની સાથે બહાર જતી હતી તેનું આશ્ચર્ય થવા લાગ્યું - તેની સાથે કે તેની કારની સાથે !

એ કાર - તે યુવાનનો ગર્વ તથા આનંદ, તેની ખુશીનો સ્ત્રોત - નિરાશા અને હતાશા તેમજ બોજનો સ્ત્રોત બનવા લાગી હતી. આ નિરાશા સંપૂર્ણપણે અનપેક્ષિત હતી. તેને લાગતું હતું કે એક વાર તે કાર તેને મળી જશે પછી તેને શાશ્વત સુખ મળશે, પરંતુ તેમ ન હતું.

ભવિષ્યના આઘાતે કબજો લઈ લીધો અને તેને હચમચાવી નાખ્યો. હવે એક પ્રશ્ન તેનો પીછો કરતો હતો : "શું હું ક્યારેય સુખી થઈ શકીશ ? શું હું ક્યારેય સંતુષ્ટ હોઈશ ?"

• • •

"મનોવલણ હકીકતો
કરતાં વધુ
મહત્વના હોય છે !"
– કાર્લ મેનીન્જર

• • •

ભૌતિક પ્રાપ્તિઓ સુખ નહીં લાવે. જે લોકો ધન, જમીન, માલમત્તા અથવા રોકાણોના પોર્ટફોલીયોમાં સુખ શોધે છે તેનો હંમેશાં કઠોર નિંદ્રાભંગ થાય છે. દુનિયાના બધા જ પૈસા પણ ખુશી - સુખ ખરીદી શકતા નથી.

હું કેટલાક અતિ ઘનાઢ્ય લોકોને જાણું છું, અને તેમને મારા અને તમારા જેટલી જ સમસ્યાઓ હોય છે. તેઓ મારા કે તમારા કરતાં વધારે સુખી નથી. ખરેખર તો, ધન વારંવાર તેની સાથે વધુ સમસ્યાઓ તથા ઓછી ખુશી લઈ આવે છે. શ્રીમંતો મોટેભાગે એકલવાયા અને લોકોના ઈરાદાઓ તરફ શંકાશીલ હોય છે.

જો સંપત્તિ સુખની ખાતરી નથી આપી શકતી, તો કીર્તિ વિશે શું માનવું છે ?

હું પ્રખ્યાત લોકોને જાણું છું અને તેમાંના ઘણા વિષાદમય જીવન જીવે છે. મને ખાતરી છે કે તમે કેટલાક અભિનેતાઓ વિશે વિચારી શકશો જેમનાં નામ ઘેર ઘેર ગુંજતાં હતાં અને જેમણે કીર્તિનાં સર્વોચ્ચ સ્તરો સર કર્યાં હતાં, પરંતુ જેઓ સુખી ન હતા અને આત્મહત્યા કરીને જીવનનો અંત આણ્યો હતો. તો સુખ શોધવા માટે તમે ક્યાં જશો ?

- **સમૃદ્ધિ ?**

તેને માટે પૈસા કરતાં વધુની જરૂર પડશે.

- **સ્વીકાર ?**

કીર્તિ ચંચળ છે.

- **સંબંધો ?**

જેઓ તમને પ્રેમ કરે છે તેઓ પણ ક્યારેક તમને નિરાશ કરશે.

- **આનંદપ્રમોદ આપતાં નશીલાં દ્રવ્યો ?**

તેઓ એવી આદતો સર્જે છે જેનો અર્થ મુશ્કેલી સિવાય કંઈ જ નથી થતો !

તો પછી તમને સુખ કેવી રીતે મળશે ? સમૃદ્ધિ, સ્વીકાર, સંબંધો કે માદક દ્રવ્યોમાંથી નહીં, પરંતુ ફરી ગોઠવેલ માનસિક અભિગમોમાંથી ! આ પુસ્તક તેના વિશે જ છે - પુનર્વ્યવસ્થિત કરેલ માનસિક અભિગમની જીવન બદલી નાખતી શક્તિ ! સારા સમાચાર એ છે કે : જો તમે કઠિન સમય તરફનો તમારો અભિગમ બદલી નાખો તો ખરાબ સમાચાર સારા સમાચારમાં ફેરવાઈ જાય છે.

આ પુસ્તકમાં :

- તમે એવા લોકોને મળશો જેમણે બરાબર આ મુજબ કર્યું !
- તમને ઇસુ ખ્રિસ્ત વડે શીખવાયેલા તથા જીવાયેલા આઠ આધ્યાત્મિક નિયમોનો

પરિચય કરાવવામાં આવશે જે તમારા અભિગમને પુનર્વ્યવસ્થિત કરવામાં તથા વાસ્તવિક બનાવવામાં મદદ કરશે.

- તમે નકારાત્મક સમય તરફ સકારાત્મક રીતે પ્રત્યાઘાત આપવા માટે પ્રતિબદ્ધ થવા પ્રેરિત થશો !

જો તમે આ 8 પોઝીટીવ એટીટ્યુડ્સ વડે જીવવાનું શીખી શકશો - તો આ પુસ્તક તમારા જીવનને પુરેપુરું બદલી નાખશે.

8 પોઝીટીવ ઍટીટ્યુડ્સ - તે કયા છે ? કદાચ તમે "બીએટીટચ્યુડ્સ" તરીકે તેમના વિશે સાંભળ્યું હશે, એ આઠ પોઝીટીવ એટીટ્યુડ્સ, જે જીસસ ઑફ નાઝરેથના પ્રખ્યાત "સરમોન ઓન ધ માઉન્ટ"ની આઠ પ્રથમ પંક્તિઓમાંથી આવે છે :

- "જેમનો આત્મા નબળો છે તેઓ આશીર્વાદ પામેલા છે, આથી સ્વર્ગનું રાજ્ય તેમનું છે."
- "જેઓ વિલાપ કરે છે તેઓ આશીર્વાદ પામેલા છે, આથી તેમને આશ્વસ્ત કરાય છે."
- "જેઓ વિનમ્ર છે તેઓ આશીર્વાદ પામેલા છે, આથી તેઓ પૃથ્વી પર રાજ કરશે."
- "જેઆ પ્રમાણિકતા માટે ભૂખ્યા, તરસ્યા છે, તેઓ આશીર્વાદ પામેલા છે, આથી તેમને સંતોષવામાં આવશે."
- "દયાળુ લોકો આશીર્વાદ પામેલા છે, આથી તેઓ કૃપા પ્રાપ્ત કરશે."
- "શુધ્ધ હૃદયવાળા લોકો આશીર્વાદ પામેલા છે, આથી તેઓ ઇશ્વરને મળશે."
- "શાંતિ સ્થાપકો આશીર્વાદ પામેલા છે, આથી તેમને ઇશ્વરનાં બાળકો કહેવાશે."
- "જેમને સત્ય માટે યાતના અપાય છે તેઓ આશીર્વાદ પામેલા છે, આથી સ્વર્ગનું રાજ્ય તેમનું છે."

આશીર્વાદ પામેલાઓનો શાબ્દિક અર્થ છે "સુખી". આથી તમે જીતતા હો કે હારતા હો, સફળ થતા હો કે નિષ્ફળ જતા હો, ઉત્સાહિત હો કે હતાશ, આનંદમાં હો કે પીડામાં હો, જો તમે ઈસુ વડે બીએટીટ્યુડ્સમાં આપણને અપાયેલા આઠ પોઝીટીવ એટીટ્યુડ્સ શોધી કાઢશો તો તમે સુખી થઈ શકશો.

જેણે ક્રીસ્ટલ કેથેડ્રલની ડીઝાઈન બનાવી છે તે સ્થપતિ ફિલીપ જ્હોન્સન કહે છે કે કોઈ પણ માળખાંનો સૌથી મહત્વનો ભાગ છે - "અંદર પ્રવેશ" એક ભાગ અથવા સ્થળ જેમાં એક વ્યક્તિ અનુભવની "અંદર પ્રવેશે" છે.

જે એક ઈમારત માટે "અંદર પ્રવેશ" એ છે..

જે સંગીતની ધૂન માટે વધુ પડતું સાચું એ છે...

જે ટેનીસ માટે પ્રથમ સર્વિસ એ છે...

જે એક સગવડ માટે મુખ્ય પ્રવેશદ્વાર એ છે...

જે એક વહાણ માટે ભવ્ય નામકરણ એ છે...

જે એક દલીલ માટે શરૂઆતનો હર્ષનાદ એ છે...

જે એક નવા સંબંધ માટે પ્રથમ છાપ એ છે...

એક કાર્યક્રમ માટે શરૂઆતની હાજરીની સંખ્યા જે છે...

આ આઠ શ્રેષ્ઠ વાક્યો ઇસુના બોધપાઠો માટે આવા છે. શ્રેષ્ઠ - તેઓ સમયની ચકાસણીમાંથી પાર ઉતર્યાં છે. બે હજારથી પણ વધારે વર્ષોથી તેમણે પુરુષો તથા મહિલાઓનાં મન, મિજાજ તથા રીતભાતોમાં પરિવર્તન આણ્યું છે.

તેમનું રહસ્ય શું છે ? શા માટે તેઓ હતાશ મન માટે સફળ થેરાપી તરીકે અદમ્ય પુરવાર થયાં છે ? હવે આપણે જાણીએ છીએ કે વિશ્લેષણ શરૂ થઈ ગયું છે. રહસ્ય બહાર પડી ગયું છે. દરેક વાક્ય માનવ અભિગમને બદલવા માટેની આધ્યાત્મિક પ્રેરણા ધરાવે છે. અહીં વાસ્તવમાં આપણી પાસે નકારાત્મક અભિગમની જગ્યાએ પોઝીટીવ એટીટ્યુડ મૂકવા માટે કરવાની પદ્ધતિસરની કવાયત છે. આ અહીં - મદદગાર સાહિત્યમાં અદમ્ય - આઠ પોઝીટીવ એટીટ્યુડ્સ છે જે કોઈ પણ જીવનને ધરમૂળથી બદલી નાખશે ! તેમને શોધી કાઢો ! તેમનો અમલ કરો ! આ “8 પોઝીટીવ એટીટ્યુડ્સ” સાથે જીવનને માણો.

પોઝીટીવ એટીટ્યુડ - *1*

મને મદદની જરૂર છે -
“હું આ એકલો ન કરી શકું *!*”

• • •

**જેમના આત્મા
નબળા છે
તેઓ આશીર્વાદ
પામેલા છે,
આથી સ્વર્ગનું રાજ્ય
તેમનું છે.**

"આજે કોણ સુખી છે ? બધાંને ઘણા બધા પ્રશ્નો હોય છે !" તેણીએ વડચકું ભર્યું.

મેં ન્યુયોર્ક શહેરની શેરીઓ પર આ ટેલીવિઝન રીપોર્ટરને આ મહિલાનો સંપર્ક કરતો જોયો હતો. તેણી દેખીતી રીતે વધુ પડતી ઉતાવળમાં, વધુ પડતી તણાવમાં હતી. ઇન્ટરવ્યુ લેનારે તેણીને માત્ર તે સુખી છે કે નહીં તેટલું જ પૂછ્યું હતું. હવે મેં મારા સ્ક્રીન પર જે જોયું તે એક બદમિજાજ, ખરાબ રીતભાતવાળી મહિલાનો તુચ્છ વળતો હુમલો હતો, જેનો નકારાત્મક અભિગમ મારા કાનમાં પડઘાયો.

હું બોલી ઉઠવા ઇચ્છતો હતો : "તું જે કોઈ પણ હો, એક મિનિટ થોભી જા !" સુખ એ સમસ્યાઓ હોવા કે ન હોવાનો પ્રશ્ન નથી. બધાંને સમસ્યાઓ છે, અને બધાં કોઈ દુ:ખી નથી !

સુખ આપણી પાસે ભૌતિક સંપત્તિ છે કે નહીં તેના પર આધારિત છે તેના કરતાં વધારે આપણી પાસે સમસ્યાઓ છે કે નહીં તેના પર જરાય વધુ આધારિત નથી. એવા પણ લોકો છે જેમની પાસે ઘણું ઓછું હોવા છતાં તેઓ સુખી છે. એવા લોકો પણ છે જેમની પાસે રાજા જેટલી સંપત્તિ હોવા છતાં તેઓ દુ:ખી છે.

મેં એવી વ્યક્તિનાં ઘર તથા ઓફિસની મુલાકાત લીધી છે જેનું અંગત નસીબ કરોડો ડોલર્સમાં મપાય છે અને છતાં આ માણસને આર્થિક સમસ્યાઓ છે. તેને નાણાં પ્રવાહની સમસ્યા છે. તેની બધી સંપત્તિ રોકાણમાં બંધાયેલી છે. તે મોટો પગાર કમાય છે, પરંતુ તેના પગારના મોટાભાગના ચેક તેટલા જ મોટા ગીરોખતનાં ચુકવણામાં જાય છે.

પરંતુ તમે કહેશો, "હું મારી આર્થિક અસુરક્ષા માટે તેની આર્થિક સુરક્ષાનો આનંદપૂર્વક વિનિમય કરીશ."

હું તેનો જવાબ આપીશ, "કોઈ આર્થિક રીતે સુરક્ષિત નથી. તમારી પાસે જેટલું વધુ હોય, તેટલું તમે વધુ ગુમાવો છો."

તો, સુખનો આ ભ્રામક અભિગમ આપણને ક્યાં મળે છે ? આજે આપણા આનંદને આપણી પાસેથી છીનવી લે છે તે છટકામાં સપડાવતી સમસ્યાઓથી આપણે કેવી રીતે ભાગી છૂટીએ ? આપણાં ઘવાયેલાં હૃદય માટેનો ઇલાજ આપણે ક્યાં શોધશું ?

આ પ્રશ્ન સર્વથા મહત્વનો છે, કારણ કે મોટાભાગે, આપણામાંના ઘણા મદદ માટે ખોટા સ્ત્રોત પાસે જઈએ છીએ.

મને ડૉક્ટર પાસે ગયેલા પેલા માણસની વાત ગમે છે. ડૉક્ટરે તેને કહ્યું, "મને ખાતરી છે કે તમારી સમસ્યાનો હલ મારી પાસે છે."

પેલા માણસે જવાબ આપ્યો, "મને પણ ચોક્કસ એવી આશા છે, ડૉક્ટર. મારે ઘણા સમય પહેલાં તમારી પાસે આવવું જોઈતું હતું."

ડૉક્ટરે પૂછ્યું, "તમે પહેલાં ક્યાં ગયા હતા ?"

"હું ફાર્માસીસ્ટ પાસે ગયો હતો."

ડૉક્ટરે બનાવટપૂર્વક ટકોર કરી, "તેણે તમને કેવા પ્રકારની મૂર્ખ જેવી સલાહ આપી ?"

“તેણે મને તમને મળવાની સલાહ આપી !”

આપણે ઘણી વાર ખોટી જગ્યાએ જઈએ છીએ. જો તમારે કોઈ મેડીકલ સમસ્યા હોય તો તમારા ફીઝીશીયન પાસે જાવ. જો તમને એક દુ:ખી આત્માની સમસ્યા હોય, તો મારી પાસે એક આધ્યાત્મિક ડૉક્ટર છે જેની હું ભલામણ કરું છું. તેનું નામ છે ઈસુ ખ્રિસ્ત. સાચું કહું છું, ઇસુ ખ્રિસ્ત એક આનંદથી ઉભરાતી વ્યક્તિ હતા. તેમને પણ સમસ્યાઓ હતી, પરંતુ તેને રચનાત્મક તથા વિધેયાત્મક રીતે કેવી રીતે સંભાળવી તે તેઓ જાણતા હતા.

હવે પછીનાં આઠ પ્રકરણોમાં મને અનુસરો. આપણે ઇસુ ખ્રિસ્તના - ખુશ રહો અભિગમ - બીએટીટ્યુડ્સ તરફ નજર કરીએ છીએ ત્યારે, આનંદપૂર્ણ જીવન માટેની આપણા ઇશ્વરરૂપી ચાવી તમને મળશે.

આનંદી જીવન એ ભવ્ય શક્યતા છે ! હા, આપણી પાસે સમસ્યાઓ હોય તોપણ ! આર્થિક સમસ્યાઓ ? એક મિનિટ થોભો ! આર્થિક સ્થિતિ તરફની આપણી પ્રતિક્રિયા આર્થિક સ્થિતિની વાસ્તવિકતા કરતાં ઘણી વધારે મહત્વની છે.

છેવટે તો, ગરીબી એ માત્ર નાણાની બાબત નથી ! આપણામાંના દરેક કોઈક પ્રકારની ગરીબાઈનો સામનો કરે છે; આપણા બધાનાં જીવનનાં કોઈક સ્તરે એક જરૂરિયાત હોય જ છે. તે એક નાણાકીય ગરીબી હોઈ પણ શકે છે. પરંતુ તે વ્યાવસાયિક ગરીબી પણ હોઈ શકે છે. આપણે પસંદ કરેલ વ્યવસાયમાં સફળતાનો અભાવ અથવા માત્ર દિશાનો અભાવ, સ્વપ્નનો અથવા લક્ષ્ય અભાવ પણ હોઈ શકે છે. તે બૌદ્ધિક અથવા ભાવનાત્મક કંગાલીયત પણ હોઈ શકે છે.

ઇસુ જેને કંગાલીયતના પ્રશ્ન સાથે નિસ્બત છે તેવા પ્રચંડ સિદ્ધાંત સાથે બીએટીટ્યુડ્સની શરૂઆત કરે છે : “જે આત્માઓ નબળા છે તે સુખી છે, આથી સ્વર્ગનું રાજ્ય તેમનું છે.” સફળ જીવનનું રહસ્ય સાદું છે : મારે અને તમારે આપણાં નરમ ભાગો, નબળી કડીઓ, આપણા અજાણ પ્રદેશો, આપણા કંગાલીયતના ભાગો શોધી કાઢવા જોઈએ અને પછી આપણે “નબળા આત્માવાળા” પણ બનવું જોઈએ - આપણી ગરીબાઈનો સામનો કરવો, આપણા વર્તનને નમ્ર બનાવવું, આપણી નબળાઈઓનો સ્વીકાર કરવો, મદદ માગવી.

વ્યવસાયિક કંગાલીયત

દરેક વ્યક્તિ તેની પોતાની રીતે ગરીબ છે. તમારી વ્યાવસાયિક કંગાલીયત હોઈ શકે. જો તમે જીવનમાં હજી શરૂઆત જ કરી રહ્યા હોવ તો, કદાચ તમારામાં સ્વપ્નનો અભાવ હશે. એક વ્યાવસાયિક સ્વપ્ન કેવી રીતે શોધવું અને તેને કેવી રીતે આગળ વધારવું તે તમારે જાણવું જોઈએ. જો તમારી પાસે પહેલાંથી જ એક લક્ષ્ય છે જેના તરફ તમે મથો છો, તો તમને એક ભાવનાત્મક ટેકાનો અભાવ હોઈ શકે છે જે તમને સફળતા તરફ લઈ જશે.

જો તમે ઘણા જ સફળ છો, અને જો તમને લાગે છે કે તમારે જ્યાં પહોંચવું છે ત્યાં તમે આવી ગયા છો અને તમે તે કરી લીધું છે, તોપણ તમારે એક જરૂરિયાત હોઈ શકે છે. તે શું છે ? અહીંથી હવે તમે ક્યાં જશો અને તમે પ્રાપ્ત કરેલ સફળતાને તમે કેવી રીતે સંભાળશો તે નક્કી કરવાની જરૂર હોઈ શકે છે.

જો વ્યાવસાયિક સફળતા તમારાથી સંતાઈ રહી છે, તો પ્રથમ ખુશ રહો અભિગમ પદ તમારે માટે છે, કારણ કે જ્યારે તમે તમારા અહંમ્નો ત્યાગ કરશો અને મદદ માંગશો ત્યારે જ ખુશી આવશે. ગર્વ આપણને રડતાં અટકાવે છે; લોભ પણ આપણને રોકે છે. આપણે આપણી સફળતા માટેનું બધું જ શ્રેય લઈ લેવા ઈચ્છીએ છીએ. મેં લાંબા સમય પહેલાં મારી યાદદાસ્તમાં રાખેલ એક મુલ્યવાન વાક્ય તમારી સાથે વહેંચીશ : "ઇશ્વર એવી વ્યક્તિ દ્વારા પ્રચંડ વસ્તુઓ કરી શકે છે જેને તેનું શ્રેય કોને મળે છે તેની પડી હોતી નથી."

જો તમે આ મૂળભૂત તર્કને સ્વીકારવા ઇચ્છુક છો, તો તમે તમારી કંપની અથવા તમારાં કોર્પોરેશનમાં ઉચ્ચ લાયકાત ધરાવતા લોકોને લેવા માટે પણ ઇચ્છુક છો. તેઓ તમારાં વ્યાપાર સાહસને સફળતા બનાવશે. તેમને કદાચ શ્રેય મળે, પરંતુ તમે સફળ હશો અને તમે માત્ર તમારી જાતને જ મદદ કરી નહીં હોય, પરંતુ તમારી આસપાસ રહેલા દરેકને મદદ કરી હશે.

એક ખુશનુમા, સકારાત્મક રીતે સંભાળાયેલ અભાવ એ સારા અને ઉદાર લોકોને આપણાં સ્વપ્નમાં સામેલ કરવાની તક છે, કારણ કે ઘણી વાર મજબૂત લોકો નબળાંને મદદ કરવાની તકને આવકારે છે. જ્યારે કોઈ ધનવાનને કોઈ લાયક પ્રોજેક્ટ અથવા વ્યક્તિમાં પ્રદાન કરવાની તક આપવામાં આવે છે ત્યારે તેમને તેમનું જીવન અર્થપૂર્ણ હોવાનું લાગે છે. આજે હું એવા ઘણા અદ્ભૂત લોકોની મૈત્રી માણું છું જેમને હું ક્રીસ્ટલ કેથેડ્રલનાં બાંધકામ માટે તેમની મદદ માંગવા માટે અથવા ટેલીવિઝન દ્વારા મીનીસ્ટ્રી પ્રસાર માટે મળ્યો હતો.

હું આશીર્વાદ પામેલ છું કારણ કે હું નબળો છું - મારા ગર્વને ગળી જવા અને નમ્રતાપૂર્વક સહાય માગવા માટે પૂરતો નબળો. પરિણામ ? માત્ર મારાં વ્યાવસાયિક લક્ષ્યો સુધી પહોંચવામાં મળેલી સફળતા જ નહીં, પરંતુ જેમણે મને મદદ કરી તેમની સાથેની ચિરકાલીન મૈત્રી પણ.

માટે તમારા અભાવ પર આવરણ ચડાવવાનો પ્રયાસ કરીને અથવા સમસ્યાનું અસ્તિત્વ જ નથી તેવો ઢોંગ કરીને તેના વિશે રક્ષાત્મક ન બનો. શક્ય છે કે આવો અભિગમ નિરર્થકતામાં પરિણમે અને છેવટે તમે તેની મોટી કિંમત ચૂકવો. તમારી નબળાઈનાં ક્ષેત્રને સંભાળવાની રીત એટલે એમ કહેવું કે, "મને મદદની જરૂર છે."

બૌધિક કંગાલીયત

હું જ્યારે મીશીગનનાં હોલેન્ડમાં હોપ કોલેજમાં હતો ત્યારે મેં ડૉ.એડવર્ડ ડીમ્નેટના હાથ નીચે અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો. એમ કહેવાતું કે ડૉ.ડીમ્નેટ એટલા તેજસ્વી તથા જ્ઞાની હતા કે તેઓ હોપ કોલેજના કેટલોગમાં સ્નાતક કક્ષાના જેટલા અભ્યાસક્રમો હતા તેમાંથી કોઈ પણ શીખવી શકવા માટે લાયક હતા. તેઓ જીવવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર-વિજ્ઞાનનાં કોઈ પણ અભ્યાસક્રમ, તેમજ કળા તથા માનવતાના વિષયો ભણાવી શકતા.

આ બધાંથી પણ ઉપર, તેઓ કોલેજનાં ચેપલના સ્થપતિ હતા ! આટલી તજજ્ઞતા : ચાલીસ વર્ષ પહેલાં સાધ્ય હતી. આજે તે અશક્ય છે. તેનું સાદું કારણ એ છે કે, આ દુનિયામાં સંચિત કરાયેલ જ્ઞાન એક મગજ સમાવિષ્ટ કરી શકે તેના કરતાં વધારે છે. વધારામાં, સંશોધનો દ્વારા જે ઝડપી દરે જ્ઞાન સંપાદિત થતું રહે છે તે કોઈને પણ માટે તે બધું જ શીખી શકે તેવાં બિંદુ

એ ક્યારેય પણ પહોંચી શકવાની શક્યતાને અટકાવે છે.

પરિણામે, બુદ્ધિશાળી લોકો વીસ કે ત્રીસ વર્ષ અગાઉ હતા તેના કરતાં આજે તેઓ વધારે નમ્ર હોય તેવી તમે અપેક્ષા રાખી શકો. એ તર્કબદ્ધ લાગશે કે જ્ઞાનના આવા સંચયનો અર્થ બૌધિક ઉત્કૃષ્ટતા તથા શૈક્ષણિક અહંકારનો અંત એવો થઈ શકે. મને ખબર નથી કે એવું થાય છે કે નહીં. પરંતુ મુદ્દો એ છે કે : બધા જ કોઈક બાબત વિશે તો અજાણ હોય જ છે. **દરેક વ્યક્તિનું બૌધિક કંગાલીયતનું તેનું પોતાનું ક્ષેત્ર હોય છે.**

એક અંગત ઉદાહરણ તમારી સાથે વહેંચીશ. હું ઇઓવાની એક નાની કંટ્રી હાઇસ્કુલમાં જતો હતો જ્યાં ભૂમિતિ વિષય આપવામાં નહોતો આવતો. જ્યારે મેં મીશીગનની હોપકોલેજમાં અન્ડરગ્રેજ્યુએશન ભણવાનું શરૂ કર્યું ત્યારે મને ખબર પડી કે દરેક જણે વિજ્ઞાનના આઠ કલાક લેવા જરૂરી હતા અને તે જરૂરિયાત માટે ગણિતનો અભ્યાક્રમ લાગુ પડતો હતો.

પરિણામે, હું ગણિતના અભ્યાસક્રમમાં આવી ગયો હતો. પ્રથમ અઠવાડિયે વ્યાખ્યાતાએ કેટલાંક વિધાનો ટાંક્યા જે ભૂમિતિના સિદ્ધાંત દર્શાવતાં હતાં. હું ક્યારેય ભૂમિતિ ભણ્યો જ ન હોવાથી તેઓ શેના વિશે વાત કરતા હતા તે મને ખબર ન પડી. મેં જોયું કે અન્ય વિદ્યાર્થીઓ જાણે તેઓ બરાબર સમજી ગયા હોય તેમ માથાં ધુણાવતા હતા. આથી મેં પણ "હું પછીથી તે સમજી લઈશ." એમ વિચારીને તે મુજબ જ કર્યું. પછીનું અઠવાડિયું પણ એવું જ હતું. મારા શિક્ષક શેના વિશે વાત કરે છે તેના વિશે મને આછો પાતળો ખ્યાલ પણ નહોતો આવતો, તેમ છતાં મેં મારા સાથી વિદ્યાર્થીઓ કરતા હતા તેમજ સ્પષ્ટપણે સમજતો હોવાનો દેખાવ કરવાનું ચાલુ રાખ્યું. પરંતુ આ બાબતનું સત્ય મારી પ્રથમ કસોટીમાં દેખાયું, મને સારા ગ્રેડ ન મળ્યો.

**ત મારામાં કઈ
ઉણપો છે
તે તમે જાણો છો
ત્યાં સુધી કોઈ
તમને હરાવી
નહીં શકે.**



મારા પ્રોફેસર મારી પાસે આવ્યા અને મને પ્રેમથી પૂછ્યું, “બોબ, શું તને કંઈ તકલીફ છે ?”

મેં કહ્યું, “ના રે, હું બરાબર કરું છું.”

તે જૂઠાણું હતું, જો હું પ્રમાણિક હોત તો મેં કબૂલ કર્યું હોત કે મારા કોલેજ પહેલાંના અભ્યાસક્રમમાં સખત અંતર અને ઉણપ હતી. પરંતુ હું આ કબૂલ કરવા નહોતો માગતો કારણ કે હું કેટલો ઠોઠ હતો તે શિક્ષક જાણે તેમ હું નહોતો ઇચ્છતો. મેં કરેલી ભૂલો પૈકીની તે એક સૌથી મોટી ભૂલ હતી. કંગાલીયત ? શું તે એક સકારાત્મક શક્યતા હોઈ શકે ? હા, જો તે મને મદદ માટેની એક નમ્ર અરજ કરવા માટે પ્રેરી શકે તો. જો મેં પ્રમાણિકપણે, ખૂલ્લમ ખૂલ્લા પ્રતિક્રિયા આપી હોત અને મારા પ્રોફેસર પાસે મારી દરીદ્રતા કબૂલ કરી હોત તો, હવે મને લાગે છે કે તેમણે મને મદદ કરવા માટે તેમણે મને આગળ શિક્ષણ આપ્યા કરવાનું ચાલું ન રાખ્યું હોત. છેવટે તો, માણસની સૌથી ગહન જરૂરિયાત પોતાની કોઈને જરૂર હોય તે માટેની હોય છે. મારી દરીદ્રતાની કબૂલાત, ખરા ભણતર માટેની સકારાત્મક શક્યતા બની શકી હોત અને જો હું આ પાઠ શીખ્યો હોત તો ‘ડી’ ને બદલે ‘એ’ ગ્રેડ મેળવી શક્યો હોત : સફળતા ત્યારે શરૂ થાય છે જ્યારે હું મારે મદદની જરૂર છે તેમ કબૂલ કરવાની હું હિંમત કરું !

મેં આ નમ્ર અને આશાભર્યા અભિગમ દ્વારા વ્યાપારોને પુન:સ્થાપિત થતા, વિદ્યાર્થીઓને સ્નાતક થતા તથા તુટતાં લગ્નોને સંઘાઈ જતાં જોયાં છે અને મેં તેને વાલી-કિશોરાવસ્થાનાં બાળકોનાં સંબંધમાં પણ મદદરૂપ થતાં જોયાં છે.

જહોન સોળ વર્ષનો હતો. તેનાં માતા-પિતા તેની સાથે જેવું વર્તન કરતાં તેનું મને દુ:ખ થતું અને મેં તેની સાથે વાત કરી હતી. તે શું કરી શક્યો ? તે છૂટો પડી ગયો હોત અને ઘેરથી ભાગી જઈ શક્યો હોત પરંતુ પરિસ્થિતિ એટલી ખરાબ ન હતી. આથી તેણે શાંત રહીને અને તેના પર ચર્ચા કરવાની ના પાડીને સમસ્યાને અવગણતો હોવાનો દેખાવ કર્યો.

જહોન ધીમે ધીમે વધુને વધુ મૌન ઘૂંઘવાટ તથા મોં મચકોડવામાં સરી જવા લાગ્યો. ત્યારે તેનાં માતાપિતા ગુસ્સે થઈ ગયા. “તું કેમ કંઈ કહેતો નથી ?” એ તેમનો જહોન સાથે વાત કરવાનો હતાશ પ્રયત્ન હતો. પરંતુ તેના એક માત્ર જવાબમાં તે માત્ર ખભા ઉછાળતો.

“કંઈ બરાબર નથી ?” તેનાં વાલીઓ પૂછતાં.

જહોન બબડતો, “ના.”

“શું અમે કંઈ કર્યું ?” “ના.”

“તું કેમ કાંઈ કહેતો નથી.”

“હું શું કહું તેમ તમે ઇચ્છો છો ?”

જ્યાં સુધી જહોને આ બીએટીટ્યુડ્સને ગંભીરતાથી ન લીધો અને તેને ખ્યાલ ન આવ્યો કે એમ કહેવું કે “મોમ, ડેડ, તમે મારી સાથે જે રીતે વર્તન કરો છો તેની સામે મને વાંધો છે” એ વધુ સારી રીત છે, ત્યાં સુધી તેમના સંબંધોમાં સ્થગિતતા આવી ગઈ. તે તેનાં વાલીઓ સાથે ખૂલ્લા અને પ્રમાણિક સંબંધોની શરૂઆત હતી.

અલબત્ત, વાલીઓને પણ આ બીએટીટ્યુડ્સની જરૂર છે. હું વાલીઓને તેમનાં બાળકો સાથે પારદર્શક થવાથી ન ડરવાની સલાહ આપીશ. તેમને તમારી નબળાઈઓ દેખાડો. તમે સંપૂર્ણ છો તેવી છાપ તેમના પર ન પાડો. તમારું બાળક તમારા જોડામાં ક્યારેય પગ ન મૂકી શકે તેવો દેખાવ ન કરો. ખૂલ્લા પણ રહો. એક વાલી તરીકે તમે પોતાને જે વિષમ પરિસ્થિતિમાં અનુભવો છો તે વાત પણ તેમની સાથે વહેંચો. તમારાં બાળકોને પૂછો, “જો તમે માતા અથવા પિતાની ભૂમિકામાં હો તો તમે આ સમસ્યાને કેવી રીતે સંભાળશો ?”

• • •

પીડા શું છે ?
તે જન્મ લેવાનો
પ્રયાસ કરતા
નવા અભિગમની
પ્રસવપીડા છે.

• • •

ભાવનાત્મક દારીદ્ર

મારા મિત્ર પેટ બૂનની પુત્રી ચેરી બૂન ઓ’નીલ તેનાં પુસ્તક સ્ટાર્વીંગ ફોર એટેન્શન * માં તેના રોગ એનોરેક્ષીઆ નર્વોસા સાથેના તેણીના સંઘર્ષ વિશે કહે છે. જ્યારે તેણી પોતાના ભાવનાત્મક દારીદ્રનો સામનો કરતાં અને સૌથી ઊંડા સ્તરે પોતાની જાતને પ્રેમ તથા સ્વીકાર કરતાં શીખી ત્યારે, ચેરી કોઈ કલ્પના પણ કરી શકે તેના કરતાં પણ વધારે વિસ્તારથી તેના આઘાતજનક રોગમાંથી બહાર આવી શકી.

એનોરેક્ષીઆ, જેને મંદાગ્નિ પણ કહો છે, તે એક મનોદૈહિક રોગ છે જે ખરેખર તો ભાવનાત્મક તથા માનસિક સ્તરે શરૂ થાય છે અને શારીરિક સ્તરે બહાર આવીને દેખા દે છે. તે પોતાને શારીરિક સ્તરે પ્રગટ કરે ત્યાં સુધીમાં, વ્યાવસાયિક મદદની જરૂર પડે છે, કારણ કે બાહ્ય લક્ષણો - સખત વજન ઘટાડો - તે અંદર જે થઈ રહ્યું હોય તેનું એક લક્ષણ માત્ર છે.

ચેરી કહે છે, “મારું વજન ઊતરીને એંસી પાઉન્ડ થઈ ગયું. હું ધોવાઈ રહી હતી. હું

ખરેખર એક ધીમા આત્મઘાતી પ્રવાસ પર હતી. કારણ કે હું મારી જાતને એટલી ખરાબ રીતે ધિક્કારતી હતી કે હું મારી પોતાની સાથે અને હું જેમને ચાહતી હતી તે લોકો સાથે જે કરી રહી હતી તેને ધ્યાનમાં લેતાં મને એવું પણ નહોતું લાગતું કે કદાચ ભગવાન મને પ્રેમ કરી શકે. માત્ર એવી આછી આશા હતી કે ભગવાનનું અસ્તિત્વ છે અને કે મારા આ ગોટાળામાંથી બહાર નીકળવાનો કોઈક માર્ગ તો હોવો જ જોઈએ. એવો પણ સમય હતો જ્યારે હું મૃત્યુ માટે પ્રાર્થના કરતી, કારણ કે મને નહોતું લાગતું કે હું આમાંથી બહાર આવી શકું."

"પરંતુ મારાં માતા-પિતા મારા પતિની જેમ જ મને વળગી રહ્યાં. મારો પતિ શબ્દસ: મારી સાથે જાડો ને પાતળો થતો રહ્યો. છેવટે, અમે એક ખ્રિસ્તી મનોચિકિત્સક પાસેથી થોડી વ્યાવસાયિક સાયકોથેરાપી લીધી. મારા પતિ અને હું સીએટલ વિસ્તારમાં રહેવા ગયાં, અને છ મહિનાની સખત થેરાપી દ્વારા હું વધુ સારી થઈ."

હું સહેજ પણ શંકા વગર માનું છું કે ઇશ્વર જ મને યોગ્ય સમયે યોગ્ય ડૉક્ટર પાસે દોરી ગયા. કારણ કે છ મહિનાની અંદર હું મૃત્યુ ઇચ્છવામાંથી જીવન ઇચ્છવા જેટલી બદલાઈ હતી અને મને ખબર પડી કે મેં જે કર્યું હતું અને હું જેવી દેખાતી હતી તેના છતાં મારા વિશે ચાહવા જેવી બાબતો પણ હતી.

"ઇશ્વરે મને ખૂબ જ આશીર્વાદ આપ્યા છે. તેઓ મને મંદાગ્નિ-અરુચિ જેવી ત્રાસદાયક તથા કંપારી ઉપજાવે તેવી બીમારીમાંથી બહાર લાવ્યા. તેમણે મને એક સુંદર નાનકડી બાળકી આપી છે, અને હવે જ્યારે હું રોગમાંથી બહાર આવી ગઈ છું ત્યારે હું આમાંથી પસાર થઈ રહેલા લોકોને આશા આપી શકું છું. યુનાઈટેડ સ્ટેટ્સમાં લગભગ દસ લાખ લોકો છે જેમને ખોરાક તરફ અરુચિ- મંદાગ્નિ છે અને આ લોકો તેમજ મેદસ્વી લોકોની એક સમાન સમસ્યા છે, કારણ કે ખાઈ શકવાની બધી જ અવ્યવસ્થાનાં મૂળ એક જ સમાન બાબતમાં પડેલાં છે. નીચાં આત્મસમ્માન સાથે તેને ઘણું લાગે વળગે છે."

"જેનો આત્મા નબળો છે તે સુખી છે..." આથી ચેરી બૂન ઓ'નીલ આશીર્વાદ પામેલ છે. તેણીએ એ કબૂલ કરવાની હિંમત કરી કે તેનામાં આત્મસમ્માનનો અભાવ હતો, તેનામાં મદદ વગર સમસ્યાને ગળે લગાડવાની ક્ષમતાનો અભાવ હતો. આથી, આજે, તેણી તેના પરિવાર, તેનાં જીવન તથા સૌથી વધારે તો પોતાની જાત સાથે ખુશ છે.

જ્યારે તમે તમારી ભાવનાત્મક ઉણપનો સામનો કરો. તમારી નબળાઈઓને કબૂલો ત્યારે તમે સુખી છો. જ્યારે તમે એક ટાપુ જેવા બની જવાનો અને બધું પોતાની જાતે જ કરવાનો પ્રયત્ન ન કરો ત્યારે તમે સુખી છો.

તમારી જરૂરિયાત કબૂલો - તે સહેલું નથી, પરંતુ તે આવશ્યક છે !

આપણાં જીવનનાં બધાં જ ક્ત્ષેરોમાં, સિદ્ધાંત સમાન જ છે : તમારામાં ક્યાં ઉણપ છે અને તમને ક્યાં જરૂરિયાત છે તે તમે જ્યારે કબૂલ કરો ત્યારે સુખ આવે છે . મને વર્ષો પહેલાં જ્યારે ઇ.સ્ટેનલી જોન્સ તેઓ જેને 'આશ્રમ' કહેતા, તેનું સંચાલન કરતા તે યાદ આવે છે. આશ્રમ

એ ભારતનો શબ્દ છે. તેનો અર્થ છે આધ્યાત્મિક વિકાસ અને વિસ્તારનો સમય. ડૉ. જોન્સ હંમેશાં બધાંને એક કાગળનો ટુકડો આપી તેમના આશ્રમની શરૂઆત કરતા અને કહેતા, "તમે આ કાગળ પર શું લખવાના છો તે કોઈ જોશે નહીં. તમારી આજની જરૂરિયાત શું છે તે તમે લખો તેમ હું ઇચ્છું છું."

દરેક આશ્રમ વખતે તેમ બનતું. જ્યારે લોકો વિચારતા, પ્રાર્થના કરતા અને લખતા, ત્યારે કોઈક કહેતું, "ભાઈ સ્ટેનલી, મારી કોઈ જરૂરિયાત નથી. જો તમારી કોઈ જરૂરિયાત ન હોય તો તમે શું લખો ?" અને સ્ટેનલી કહેતા, "જો તમને લાગતું હોય કે તમારી કોઈ જરૂરિયાત નથી, તો તે જ તમારી જરૂરિયાત છે !"

જો એ સાચું છે કે આપણામાંના દરેક આપણા જીવનમાં ક્યાંક કંગાળ છે, તો શા માટે તે કબૂલ કરવાથી આપણે આટલાં વિમુખ છીએ ? જાગૃતપણે અથવા ક્યારેક અર્ધજાગૃતપણે આપણે ખૂલ્લા થવા સામે સુરક્ષાનું મીકેનીઝમ વિકસાવીએ છીએ. આપણે ખાસ કરીને આપણે જે ક્ત્ષેરમાં નબળાં હોઈએ ત્યાં - આપણી જાતને ઢાંકવાનો પ્રયત્ન કરીએ છીએ.

આપણે આપણી જરૂરિયાતો કબૂલ કરવામાં આનાકાની કરીએ છીએ, કારણ કે આપણને ડર છે કે કદાચ લોકો ખરેખર આપણો અસ્વીકાર કરશે. આપણે જાહેર ક્ષોભથી ડરીએ છીએ. વાસ્તવમાં સમસ્યા તેનાથી પણ ઊંડી છે; તે સ્વાભિમાનની મૂળભૂત-પાયાની ઉણપ છે. આપણને અસ્વીકાર અથવા ક્ષોભની સાથે આવી શકે તેવી ગૌરવની ઉણપ-અભાવનો ડર લાગે છે.

આપણને એ વસ્તુનો ખ્યાલ આવવાની જરૂર છે કે આપણે મૂંઝવણ અથવા અસ્વીકારથી ડરવાની જરૂર નથી. આપણે આપણી ઉણપ, આપણી જરૂરિયાત, આપણું દારીદ્ર છૂપાવવાને કારણે જે પરિણામ આવે તેનાથી ડરવાની જરૂર છે.

તમને થોડાં વર્ષો પહેલાંનો એ સમય કદાચ યાદ હશે જ્યારે લોકપ્રિય ગાયક ટોની ઓલન્ડિાએ તેમના કાર્યક્રમની અધવચ્ચે જ જાહેર કર્યું હતું કે, "હું છોડી જાઉં છું" અને તેઓ શ્રોતાઓ, પ્રેસ, અને તેમના ગાયક જૂથ 'ડોન'ના સાથીદારોનાં પણ આશ્ચર્ય વચ્ચે મંચ છોડી ગયા હતા.

ત્યાર પછી થોડા જ સમયમાં અમે મળ્યા, અને ટોનીએ તે રાત્રે શું બન્યું તે મને કહ્યું :

"જ્યારે હું મંચ પર પહોંચ્યો - અને ત્યારે બરાબર આમ જ બન્યું - હું શારીરિક રીતે ઊભો રહી શકું તેમ ન હતો. હું એવી વસ્તુઓ કહેતો હતો જે મારા પરિવારનાં વખાણ નહોતી કરતી. તે મારી નાની, જેણે મારી મા સાથે મળીને જેણે મને ઉછેર્યો હતો તેનું અભિવાદન નહોતી કરતી, જેણે મને ઊંડાણ તથા ચારિત્ર્ય સાથે ઉછેરવાનો આટલો ભગીરથ પ્રયાસ કર્યો હતો."

"પછી મને એક મૌનનો અનુભવ થયો અને આ મૌન એટલું મુખર હતું કે તે ઇશ્વરીય હતું. મારા મત મુજબ તે મૌન એક ચેતના હતું અને એ ચેતના એ ઇશ્વરનો અવાજ હતો જેણે કહ્યું, 'ટોની, તારે તારી જાતની સંભાળ લેવી જોઈએ." મારાં પોતાનાં હૃદયમાં હું કહેતો હતો, "મારે તબીયત સુધારવી જ જોઈએ. મારે નવઘડતર કરવું જ જોઈએ."

આથી મેં બધાંને કહ્યું, "હું છોડી જાઉં છું !" ખરેખર તો, મારા સમજ્યા પણ વગર, મારા કહેવાનો અર્થ હતો, "મારે ફરી શરૂ કરવું જ જોઈએ."

"અલબત્ત, મીડીયાએ મારા મંચ છોડી જવાને નાટકીય બનાવી દીધું અને મારા શબ્દોમાંથી એવો અર્થ તારવ્યો જાણે હું કહેતો હોઉં કે, "હું શો બીઝનેસ છોડી જાઉં છું."

"જોકે, પાર્શ્વદર્શનમાં હું પ્રમાણિકતાપૂર્વક કહી શકું કે મેં ખરેખર છોડી નહોતું દીધું. હું માત્ર એક ક્ષણ માટે અટક્યો હતો." પછી ટોનીએ એક શક્યતા વિચારકનો જીવનમંત્ર ટાંક્યો :

જ્યારે પર્વતનો સામનો થશે.

હું છોડી નહીં જાઉં !

હું મથતો જ રહીશ.

જ્યાં સુધી ચડી ન જાઉં,

તેમાંથી એક માર્ગ ન શોધું,

તેની નીચે એક બોગદું ન શોધું,

અથવા માત્ર ટકી રહું અને બદલી નાખું

તે પર્વતને એક સોનાની ખાણમાં - ઇશ્વરની મદદથી !

• • •

**જો તમને તકલીફ થાય છે
તે કબૂલ કરવા માટે
તમે વધારે પડતા ગર્વિષ્ઠ
(અથવા વધારે પડતા બીકણ)
છો તો...
એ વાતથી આશ્ચર્ય ન
પામશો કે કોઈ તમારી
પરવા નહીં કરે.**

• • •

તેણે કહ્યું, "જ્યારે ઇશ્વર મારા જીવનમાં ન હતા ત્યારે મેં છોડી દીધું." પરંતુ હું એ અભિગમ સાથે આ યશસ્વી જીવન અને આ યશસ્વી વ્યાપારમાં પાછો ફર્યો છું કે જાણે હું કહેતો હોઉં કે, "હે ઇશ્વર, તમને નારાજ કરવા બદલ હું દિલગીર છું. પરંતુ ત્યારે હું તમારો મિત્ર ન હતો અને તમે મને કરો છો તેટલો પ્રેમ કરો છો તે હું જાણતો ન હતો. હું ખોટો હતો. ફરી ક્યારેય હું છોડી નહીં દઉં. તેમાંથી માર્ગ શોધી ન લઉં, નીચે એક બોગદું શોધી ન લઉં, અથવા માત્ર ટકી રહું અને તે પર્વતને એક સોનાની ખાણમાં બદલી ન નાખું, ત્યાં સુધી હું મથતો રહીશ." ત્યારે હું છોડી જઈ શકું જ નહીં. "આજના દિવસ સુધી, હું માનું છું કે મારી કારકીર્દિ હવે પહેલાં ક્યારેય પણ હતી તેના કરતાં વધારે સોનાની ખાણ જેવી છે."

એક નવી શરૂઆતની શરૂઆત

"જેનો આત્મા નબળો છે તે આશીર્વાદ પામેલા છે..." આ ખુશ રહો વાળો અભિગમ તમને અને મને કેવી રીતે બદલી નાખી શકે ? ચમત્કારની જેમ કામ કરતી બે કબૂલાતો : (1) "મને મદદની જરૂર છે !" (2) "હું દિલગીર છું !" ની તાકાત વિશે શીખવા માટે આપણી જાતને પ્રેરિત કરીને.

"મને મદદની જરૂર છે !"

- "મારી એક સમસ્યા છે - શું તમે મને મદદ કરી શકો ?"
- "હું સમજતો નથી - તમે પ્રકાશ પાડી શકો ?"
- "હું તમારી સાથે સંમત નથી થઈ શકતો - શું આપણે કોઈક વચલો માર્ગ કાઢી શકીએ ?"
- "મને આ સ્વીકારવામાં થોડી તકલીફ છે - તમારી સ્થિતિમાંથી થોડુંક સમજાવી શકો ?"
- "હું ખરેખર ખોટમાં છું - તમારી શું સલાહ છે ?"
- "મારી બુદ્ધિનો છેડો આવી ગયો છે ! બહુ થયું ! - મને કહો કે મારે શું કરવું જોઈએ ?"

આ બધી સરળ કબૂલાતો નવી શરૂઆતની શરૂઆત છે ! જ્યારે આપણે "મને મદદની જરૂર છે !" એમ કહેતાં શીખીએ ત્યારે આપણને ઉપલબ્ધ થતી ચમત્કારિક તાકાતને ચકાસીએ.

જો તમને ફસાઈ ગયેલા હોવાનું, અનિયંત્રિત થઈ ગયાનું, મુશ્કેલીઓથી બંધાઈ ગયા હોવાનું લાગતું હોય તો મારી પાસે તમારે માટે સારા સમાચાર છે. જો તમે આ ત્રણ શબ્દો કહેવા ઇચ્છુક હો તો તમને બાંધતી સાંકળ બદલાવ તરફ લઈ જઈ શકે.

"જેમનો આત્મા નબળો છે તે આશીર્વાદ પામેલા છે." એ વ્યક્તિ સુખી છે જે જાણે છે કે તે ક્યાં નબળી છે અને જે તેના પોતાના વિશે ખૂબ જ ખૂલ્લી છે. સફળતા એ વ્યક્તિને આવી

મળે છે, જે મદદ માગી શકે છે. આશ્ચર્યની વાત એ છે કે મદદ માટેની તમારી જરૂરિયાત કબૂલ કરવી તે તમારા અહંમને ઠારી નથી નાખતું ઉલટાનું, તે તમને એટલા ભાવનાત્મક તથા બુદ્ધિશાળી, સંપૂર્ણતાવાળી વ્યક્તિ તરીકે દર્શાવવાનું કારણ બને છે કે લોકો તમારો વિશ્વાસ કરશે અને તેઓ તમારી સાથે ચાલશે. આ પ્રક્રિયામાં તમે પ્રચંડ સ્વાભિમાન પ્રાપ્ત કરશો.

યુક્તિઓ કરવી, તમે જે નથી તે હોવાનો દેખાવ કરવો, મોખરે રહેવું અને એવી આશા રાખવી કે કોઈને તમે પહેરેલાં મહોરાંની ખબર નહીં પડે, બધું દેખાય છે તેવું જ બરાબર છે, તે આનો વિકલ્પ છે. એક ખોટો મોરચો મૂકવાથી, તમારી કોઈ સમસ્યા નથી તેવો ઢોંગ કરવાથી અથવા બધું બરાબર થઈ જશે તેવી આશા રાખવાથી તમને જેની જરૂર છે તે મદદ તમે મેળવવાના નથી.

સત્ય એ છે કે તમારામાં જેનો અભાવ છે તેના વિશે જો માત્ર ખબર હોય તો અત્યારે જ કોઈક એવી વ્યક્તિ છે જ જેને તમને મદદ કરવાથી ઘણો જ આનંદ થશે. પરંતુ જો તમે એવું દેખાડો કે તમે બરાબર કરી લીધું છે, હવે કોઈ સમસ્યા નથી, તો કોઈ રીતે કોઈ તમને મદદ ન કરી શકે.

હંમેશાં કોઈક કોઈને પણ મદદ કરવા તૈયાર જ હોય છે. આલ્કોહોલીક એનોનીમસ વર્ષોથી આ શીખવે છે. એક વ્યક્તિ જ્યારે એવું કબૂલ કરવાની હિંમત કરે કે, “હું નબળો છું. મારી એક સમસ્યા છે. હું નિ:સહાય છું.” ત્યારે તેને ઇલાજ મળે જ છે. જ્યારે આપણે આ બિંદુ પર આવી જઈએ ત્યારે આપણે જતું કરવા અને ઇશ્વરને તે ઉપાડી લેવા દેવા તૈયાર છીએ.

એક આગળ પડતી વ્યક્તિ, જે એક લાંબા સંઘર્ષ પછી દારૂનાં વ્યસનમાંથી બહાર આવી શકી, તે એક મર્મભેદક ઉદાહરણ છે. તેણીના શબ્દોમાં : “મેં મારી પીવાની સમસ્યા સાથે વર્ષો સુધી સંઘર્ષ કર્યો.” હું કહ્યા કરતી, “હું મારી દારૂની ટેવને સંભાળી શકીશ.” હું દારૂડીયણ થઈ ગઈ છું એ સત્યનો સ્વીકાર કરવાની હું ના પાડતી હતી. મેં ઢીલ કરી; મેં તર્ક લડાવ્યા, “કોઈક દિવસ હું ઓછું કરીશ. હું તે સંભાળી શકીશ. જ્યાં સુધી હું જમીન પર ન પછડાઈ અને મારી હાર કબૂલવા માટે અને પછી મારા સમગ્ર જીવનમાં ક્યારેય બોલી હોઉં તેવા સૌથી અઘરા શબ્દો “મને મદદની જરૂર છે !” બોલવા સક્ષમ ન થઈ ત્યાં સુધી આ ચાલ્યું.”

તે ખરેખર કામ કરે છે. હું અનુભવથી બોલું છું. હું એક ઇઓવા પરિવારમાં ઉછેર્યો હતો જ્યાં અમારી પાસે હંમેશાં પુષ્કળ માખણ લગાડેલી બ્રેડ હતી. હંમેશાં પાઈ તથા અન્ય મીઠાઈઓ પુષ્કળ પ્રમાણમાં હતી. પરિણામે હું જ્યારે નાનો બાળક હતો ત્યારે ગોળમટોળ માખણના પીંડા જેવો હતો, અને જેમ મોટો થતો ગયો તેમ વજનની સમસ્યા સાથે મારે સંઘર્ષ કરવો પડ્યો. મેં જુદા જુદા ખોરાકો અજમાવી જોયા. મેં કેલરીઓ ગણી. (હું હજી તેમ કરું છું.) પરંતુ વર્ષો વર્ષ વજન વધતું જ ગયું. છેવટે મેં નક્કી કર્યું કે હું માત્ર ચરબી વગરનું માંસ, શાકભાજી અને મીઠાઈ તરીકે માત્ર તાજાં ફળો જ ખાઈશ.



જો તમારું જીવન ખરેખર ગરબડીયું છે... આ યાદ રાખો... તણાવ ખરી સફળતાની શરૂઆત બની શકે !



પછી લગભગ સાત વર્ષ અગાઉ, એક રાત્રે, મને જમવા માટે બહાર લઈ જવામાં આવ્યો. બ્રેડ પીરસવામાં આવી. મારા યજમાને કહ્યું, “આ અદ્ભૂત છે. અડી જૂઓ.” હું તેને અડ્યો, તે પોચી અને ગરમ હતી. મારી બાજુમાં બેઠેલ માણસ તેના પર માખણ લગાડતો હતો જે તે સુગંધી, ગરમ બ્રેડ પર પીગળી જતું હતું. મારા યજમાને મને લલચાવવાનું ચાલું રાખ્યું. તેમણે કહ્યું “તમારે બાર્નેઇઝ સોસ સાથેની સ્ટીક ચાખી જોવી જોઈએ.” હું તેમની સલાહને અનુસર્યો. ડેઝર્ટ સુધી પહોંચ્યાં ત્યાં સુધીમાં મને સ્હેજ ગુનાહીત લાગણી થવા માંડી હતી. મને ફરી પટાવવામાં આવ્યો, આ વખતે “તેઓ અહીં સૌથી સરસ પાઈ બનાવે છે; તેમાં ચોકલેટનું પડ છે. તમે તેને છોડી દઈ ન શકો. આવતીકાલે ડાયેટીંગ કરી લેજો.” મેં પાઈ લીધી.

જ્યારે હું ત્યાંથી બહાર નીકળ્યો ત્યારે મેં ગણતરી કરી કે મેં લગભગ ત્રણ હજાર કેલરીવાળો ખોરાક લીધો હતો. તે રાત્રે હું ખૂબ જ હતાશ થઈને તથા ભરપૂર પસ્તાવા સાથે પથારી ભેગો થયો. હું સવારે બે કે ત્રણ વાગે જાગી ગયો અને હું ગુનાહીત લાગણી અનુભવતો હતો. એ સંપૂર્ણપણે નિરર્થકતાની લાગણી હતી. નિખાલસપણે કહું તો, આ એક ક્ષેત્ર હતું જેમાં શક્યતા વિચારસરણીએ મને સંપૂર્ણપણે નિષ્ફળ બનાવ્યો. હું ચર્ચો, ટાવરો, અરે, કેથેડ્રલ પણ બાંધી શક્યો. હું પુસ્તકો લખી શક્યો પરંતુ હું મારી ચરબીમાંથી છૂટકારો ન મેળવી શક્યો. હું ઇશ્વરનાં કાર્ય માટે લાખો ડોલર્સ ઊભા કરી શક્યો, પરંતુ હું ચોકલેટ પાઈના એક ટુકડા તરફની લાલચ જતી ન કરી શક્યો.

હવે રાત્રીના આ અંધકારમાં, મેં એક સાદી પ્રાર્થના કરી : “પ્રિય ઈશ્વર, તમે જીવો છો કે મૃત્યુ પામ્યા છો તે હું નથી જાણતો. તમે ખરેખર છો કે નહીં તે પણ હું નથી જાણતો ! મેં તેમ માન્યું છે ! મેં તેવો ઉપદેશ આપ્યો છે ! પરંતુ મારાં વજનને નિયંત્રણમાં લાવીને હું તે પૂરવાર કરી શકતો નથી. હે ઇશ્વર, જો તમે છો, તો શું તમે મને મદદ કરી શકો ?”

નબળા આત્માવાળા મેં મારી ઉણપ કબૂલ કરી અને તાત્કાલિક, મારા મનમાંથી એક છબી પસાર થઈ. મેં ઇઓવાનાં અમારા પારિવારીક ખેતરમાં વહેતી પૂરાણી ફ્લોયડ નદી જોઈ. તે

ઘાસીયા ઢોળાવોથી ઘણે ઊંચે સુધી છલોછલ ભરેલી હતી. ત્યાં પ્રવાહની બરાબર વચ્ચે એક વિશાળ, સુંદર, મજબૂત વૃક્ષ હતું જે ઉખડી ગયું હતું. પ્રવાહ તેને તાણી જઈ રહ્યો હતો. કોઈક રીતે મને ખબર પડી કે મારું શરીર તે વૃક્ષ હતું.

જ્યાં પાણી વહેતું હતું તે ઢાળવાળી ટેકરીની બાજુ ઘણી જ સૌમ્ય દેખાતી હતી. તે ઘસમસતું કે તોફાની દેખાતું ન હતું. તે સુરક્ષિત જણાતું હતું. પરંતુ જો હું નદીની વધારે પડતો પાસે જાઉં તો નદી મને તણી જઈ શકે. આઈસ્ક્રીમ, માખણ તથા કેક મારે માટે આ નદી જેવાં જ હતાં. હું થોડોક સ્વાદ લઈને અટકી જઈ શકીશ એમ વિચારીને હું એક નાનું બટકું ભરીશ. પરંતુ એક બટકું હંમેશાં બીજાં... પછી બીજાં... વળી વધુ એક તરફ લઈ જશે. હું તે અવિપત્તિકર, નાના દેખાતા ટુકડા વડે નાશ પામી રહ્યો હતો. ત્યારે મેં તે સંદેશ સાંભળ્યો. તે ભૂતકૃદંતમાં હતો, "મેં તને વિનાશમાંથી બહાર ખેંચી કાઢ્યો છે."

મારે ચાખવામાંથી, જે નાના કોળીયા પૂર્ણ ભોજન તરફ લઈ જાય છે તેનાથી દૂર રહેવાનું હતું. મારું આંતરિક પરિવર્તન થયું. ત્યારે મને જાણ થઈ કે હું અર્ધચેતન બળોમાંથી છૂટી ગયો હતો જે મને મીઠાઈઓનો બંધાણી બનાવતાં હતાં, હજી થોડા ઉતાર ચડાવ આવતા રહે છે, પરંતુ હું ફરી ક્યારેય પાછો જેવો હતો તેવો નથી થયો.

એક વાર મેં કબૂલ કર્યું કે તેમની મદદ વગર હું તે કરી શકું તેમ નથી, કે તરત જ મને ઇશ્વરે મદદ કરી. જ્યાં સુધી હું એમ માનતો રહ્યો કે હું સુરક્ષિતતાપૂર્વક થોડું અહીં તહીં ખાતો રહીને પણ નિયંત્રણમાં રહી શકીશ, ત્યાં મને સજા મળતી હતી. પરંતુ જ્યારે હું મદદ માટે બૂમ પાડી ઉઠયો, મને બચાવી લેવાયો ! "જેમનો આત્મા નબળો છે તે આશીર્વાદ પામેલા છે, આથી સ્વર્ગનું રાજ તેમનું છે."

"હું દિલગીર છું !"

જ્યારે તમે આ કબૂલાત કરવાનું શીખી લેશો, ત્યારે તમને ખુશી મળશે, કારણ કે પ્રમાણિક માણસ હોવાની ચમત્કારિક શક્તિ તમને મળશે. આપણે ખોટા છીએ તેમ જ્યારે આપણે કબૂલ કરીએ ત્યારે તમે અને હું મુક્ત થઈ જઈએ છીએ. એક અહંના પ્રવાસને બદલે, આપણે એક પ્રમાણિકતાના પ્રવાસ પર છીએ - સાચાં સુખ તરફ લઈ જતો માર્ગ. કારણ કે આ પ્રમાણિકતાનો પ્રવાસ આપણાં સ્વાભિમાનને વાસ્તવમાં પોષે છે. આપણે ખૂલ્લા, પ્રમાણિક તથા નમ્ર હોવા માટે આપણી પોતાની જાત પર ગર્વ લઈ શકીએ છીએ ! તેનાથી ઉલટું, અહંનો પ્રવાસ સાચા સ્વાભિમાન માટે સતત ભય છે અને છેવટે જીવલણે છે !

પ્રમાણિક્તાના માર્ગ પર હોઈએ ત્યારે આપણે સર્વોત્તમતાના ગુલામ રહેતા નથી. આથી જ્યારે લોકો આપણને ભૂલો કરતા પકડી પાડે ત્યારે આપણને ક્ષોભ થતો નથી. જ્યારે આપણે કંઈક ગલત કર્યું હોય ત્યારે આપણે માત્ર "હું દિલગીર છું" એટલું જ કહેવાની જરૂર છે. જેમને આપણે દુ:ખ પહોંચાડ્યું છે તેમને આપણે કહી શકીએ છીએ કે, "હું માણસ છું. ઇશ્વરે મને માફ કર્યો છે. મેં મારી જાતને માફી આપી છે; મને આશા છે કે તમે પણ તેમજ કરશો."

હું એ સવાર ક્યારેય નહીં ભૂલું જ્યારે મેં મારી સૌથી મોટી પુત્રી શૈલાને શાળાએ જતાં

પહેલાં નાસ્તો તૈયાર કરવા કહ્યું હતું. તેણી પહેલાં જ મોડી પડી રહી હતી અને ઘણી બધી નોટીસોનો સામનો કરી રહી હતી તે સમજ્યા વગર, હું તેની પ્રતિક્રિયાથી દિગમૂઢ થઈ ગયો. તે સખત રડી પડી.

ફરી, આ ઉભરા પાછળના હેતુનું ખોટું અર્થઘટન કરતાં, એમ ધારી લઈને કે તે માત્ર આ અણગમતાં કાર્યમાંથી દૂર રહેવાનો પ્રયાસ કરે છે, મેં માંગણી કરી કે તે આંખો લૂછીને કામે વળગી જાય - તરત જ તેણી એ અનિચ્છાએ મારા હુકમનું પાલન કર્યું, પરંતુ સીંકમાં થતા ડીશોની બેદરકારીભર્યા પછડાટોમાં હું તેણીનો ગુસ્સો સાંભળી શક્યો. શાળાએ જવાના માર્ગે, તેણીએ મારી તરફ પીઠ ફેરવી લીધી અને ચૂપચાપ બારી બહાર જોવા લાગી.

સામાન્ય રીતે, તેમને શાળાએ મૂકવા જતી વખતે હું કોઈના હસ્તક્ષેપ વગરનો જે સમય મારા બાળકો સાથે ગાળી શકતો હતો તેનો સકારાત્મક ફાયદો તેમને કવિતાઓ શીખવીને અથવા બાઇબલની પંક્તિઓ શીખવીને અથવા માત્ર ભેગાં મળીને વાતો કરવામાં ઉઠાવતો.

જોકે, તે સવારે કોઈ કવિતા ન હતી, કોઈ પંક્તિઓ ન હતી કે કોઈ ગીતો ન હતાં - હતું માત્ર મૃત્યુ સમાન, હઠીલું મૌન. મેં શૈલાને ઉતારી, આવજો કહ્યું અને મારી ઑફિસે જવા નીકળી ગયો. મેં કામ કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ હું એકાગ્ર ન થઈ શક્યો. મને માત્ર શિક્ષક તથા સહપાઠીઓનો સામનો કરવા માટે ઉતાવળે કારમાંથી ઊતરી ગયેલી મારી પુત્રીનો ડરેલો, આંસુના ડાઘવાળો ચહેરો જ દેખાયા કર્યો.

મને ખ્યાલ આવવા લાગ્યો હતો કે મેં ખોટા સમયે તેને અગાઉથી સૂચના, તૈયારીનો કોઈ સમય આપ્યા વગર તેણી વાનગીઓ તૈયાર કરે તેવી માંગણી કરી હતી જેનો મને કોઈ અધિકાર ન હતો. મને ખ્યાલ આવ્યો કે જ્યારે તે ખૂબ નજીકના સમયમાં તેના સાથીઓને મળવાની હતી, જ્યારે તેને ટેકાની જરૂર હતી ત્યારે તેણીને વ્યથિત કરવા માટે હું ખોટો હતો.

હું તેના વિશે જેટલું વધારે વિચારતો ગયો તેટલો હું વધારે સંતપ્ત થયો. છેવટે, મેં નક્કી કર્યું કે મારે કંઈક કરવું જોઈએ. હું દિલગીર છું તે મારે કહેવું જ જોઈએ અને માફી માંગવા માટે હું જમવાના સમય સુધી રાહ ન જોઈ શકું. આથી મેં શાળામાં ફોન કર્યો અને તેણીને બપોરે જમવા લઈ જવાની પરવાનગી માંગી.

જ્યારે તેણીએ મને ઑફિસમાં તેની રાહ જોતો જોયો ત્યારે તેના ચહેરો પર આવેલા આશ્ચર્યના ભાવ હું ક્યારેય નહીં ભૂલું. મેં કહ્યું, “શૈલા, મેં તને જમવા લઈ જવાની પરવાનગી મેળવી લીધી છે. તેમણે કહ્યું છે કે તને કલાકની છૂટ્ટી મળી છે. ચાલ જઈએ.”

હું તેને હાથ પકડીને શાળાના ખાલી પેસેજમાંથી દોરી ગયો. જેવા શાળાના ભારે દરવાજા અમારી પાછળ બંધ થયા, કે હું મારી દિકરી તરફ ફર્યો અને કહ્યું, “શૈલા, હું દિલગીર છું, હું અત્યંત દિલગીર છું ! એવું નથી કે મારે તેને ઘરમાં મદદ કરવા માટે નહોતું કહેવું જોઈતું, પરંતુ આજે સવારે અગાઉથી કોઈ ચેતવણી આપ્યા વગર મારે તેનો આગ્રહ રાખવો નહોતો જોઈતો. તું શાળાએ ગઈ તેની બરાબર પહેલાં, જ્યારે તને મારા પ્રેમ તથા ટેકાની સૌથી વધુ જરૂર હતી ત્યારે જ મેં તને વ્યથિત કરી અને “હું તને ચાહું છું.” તેમ કહ્યા વગર મેં તને જવા દીધી. મને માફ કરી દે.”

શૈલાએ મારાં ગળાં ફરતે પોતાના હાથ વિંટાવ્યા અને મને ભેટી અને કહ્યું, “ઓહ ડેડ, અલબત્ત મેં તમને માફ કર્યા છે. હું પણ તમને ચાહું છું.”

“હું દિલગીર છું !” એ શબ્દોની શું સ્વાસ્થ્યવર્ધક શક્તિ ! તે આપણા તથા આપણા મિત્રો વચ્ચેના તથા પ્રિયજનો વચ્ચેના તથા આપણી જાત અને આપણા ઇશ્વર વચ્ચેના સંબંધો રુઝવે છે.

સામીસ્ટ (ભજન રચનાર) એ લખ્યું છે, “એક ભાંગેલું અને પશ્ચાતાપ કરતું હૃદય, હે ઇશ્વર, તું નહીં ધીક્કારે.” (51:17).

તેમણે ઘણા માટે લખ્યું. આખા ગ્રંથમાં આપણે તેમને જોઈ શકીએ - તુટેલાં અને પશ્ચાતાપથી ભરેલ :

- પ્રાયશ્ચિત કરતો ચોર
- ઉડાઉ પુત્ર
- ડેવીડ, વ્યાભિચારી
- તાર્સુસનો સાઉલ, ખ્રીસ્તીઓનો ખૂની.
- મેરી મેગ્ડોલીન, વેશ્યા.

આ અસામાજિક ગણાય તેવા લોકો, તેઓ બધામાં સર્વસામાન્ય શું છે ? તેઓ બધા ‘ગોડ્સ હોલ ઑફ ફેમ’માંથી છે. સ્વર્ગ તરફના માર્ગમાં તેમનું બધાનું આદરભર્યું સ્થાન છે.

આટલી ઉમદા માન્યતા તેમણે કેવી રીતે મેળવી ? તેમની અંગત ક્ષતિઓ, પાપ તથા શરમમાં તેઓ બધાં જ એવાં બિંદુએ પહોંચ્યાં જ્યાં તેઓ ચિલ્લાઈ ઉઠયા, “હે ઇશ્વર, મુજ પાપી તરફ તું કૃપાળુ બન !”

હા, જો તમારું જીવન ગૂંચવાઈ ગયું છે તો તણાવ તમને સાચી સફળતા તરફ દોરી જઈ શકે છે - કારણ કે છેવટે તો, સાચી સફળતા એ સ્વર્ગના રાજ્યમાં પ્રવેશ મળવો તે જ છે.

મારે અને તમારે, આપણાં આધ્યાત્મિક જીવનમાં, નબળા આત્માવાળા હોવાનો આ નમ્ર અભિગમ રાખવો જરૂરી છે. જો તમને શંકાઓ હોય તો શું ? તમે તેમનું શું કરો ? શું તમે એવો દેખાવ કરો છો કે તે બધી ચાલી જશે ? તેમનું અસ્તિત્વ જ ન હોય તેવી રીતે વર્તો છો ? ગીતો ગાવ છો, પ્રાર્થનાઓ વાંચો છો ? જાણે તમે ખરેખર માનતા હો તેમ પગલાં લો છો ? ના. તેને બદલે ઈશ્વર પાસે જાવ અને કહો, “હે ઇશ્વર, જો તું છો... તો મને સત્ય કહે, અત્યારે હું તારામાં માનતો પણ નથી. હું ઇચ્છું છું કે હું માની શકતો હોત. જો શંકા કરવી તે ખોટું છે, તો મને આશા છે કે તું મને માફ કરીશ !”

તમે તમારાં આખાં જીવનમાં અને ખાસ કરીને તમારી પ્રાર્થનાઓમાં, એક વખત પ્રમાણિક થવાનું શરૂ કરો, પછી તમારે માટે જે છૂટું થશે તે આશ્ચર્યજનક હશે. કોઈને, અને સૌથી વધુ તો તમને પોતાને, છેતરવાનો પ્રયત્ન ન કરો.

“જેમના આત્મા નબળા છે તેઓ આશીર્વાદ પામેલા છે, આથી સ્વર્ગનું રાજ્ય તેમનું છે.” જો તમારી એક જરૂરિયાત છે, તો ઇશ્વર પાસે તેનો જવાબ છે. તે સમસ્યાઓના યોગ્ય જવાબો ગોઠવવામાં, ઘાવને યોગ્ય રીતે રુઝવવામાં તથા મૂંઝવતી પરિસ્થિતિઓના યોગ્ય હલ શોધવામાં વિશિષ્ટતા ધરાવે છે.

તમને કઈ વસ્તુ અટકાવે છે ?

માત્ર જ્યારે તમે અને હું વહેતી નિરાશાની એ ઊંડાઈઓ પર પહોંચીએ છીએ, ત્યારે આપણે આનંદના માર્ગ પર છીએ, કારણ કે ઇશ્વર ખાસ કરીને તેમના ઉપર પોતાના આશીર્વાદ વરસાવે છે, જેઓ જાણે છે કે તેમને તેની કેટલી જરૂર છે. આનંદ એ વચન છે. ઇશ્વરની મદદ માંગવી, કબૂલ કરવું કે અમે એકલા કરી શકો નથી, તે સિદ્ધાંત છે. અલબત્ત, આપણી અને ઈશ્વરને સહાય માટે પોકાર કરવાની વચમાં જે ઊભી છે તે સમસ્યા છે અપવિત્ર ગર્વ ની સમસ્યા.



૩ ઢિને
છોડવા માટે...
હિંમત
જોઈએ !



પવિત્ર ગર્વ જેવી એક વસ્તુ છે - ઇશ્વરે તેનાં સર્જનને ચાહ્યાં છે અને મુક્તિ આપી છે તેથી આત્મસમ્માન અને સ્વમાન આપણા પોતાનામાં તંદુરસ્ત ગર્વ દર્શાવે છે. પરંતુ જેવી રીતે એક જીદ્દી બાળક તેનાં પ્રેમાળ માતા-પિતાની મદદ નકારે તેવી રીતે જે “મારા માર્ગમાંથી હટો, હું મારી મેળે કરવા ઇચ્છું છું.” એમ કહે છે તે અપવિત્ર ગર્વમાંથી અહંકાર અને મિથ્યાભિમાન પરિણમે છે.

“જેમનો આત્મા નબળો છે તેઓ આશીર્વાદ પામેલા છે, આથી સ્વર્ગનું રાજ્ય તેમનું છે.” અને આથી તમે અને હું એવા સમય પર આવીએ છીએ, જ્યારે આપણે યુક્તિઓ કરવાનું અને ખોટા દાવાઓ કરવાનું છોડી દઈએ છીએ. જીવનમાં આપણે એવાં બિંદુએ પહોંચીએ છીએ જ્યારે આપણને ખબર પડે છે કે આપણે આધ્યાત્મિક રીતે નાદાર થઈ ગયા છીએ. આ બિંદુએ જ આપણે ઇશ્વર સામે ઘુંટણીએ પડીએ છીએ અને કહીએ છીએ, “હે ઇશ્વર, હું ફરી જન્મ લેવા માગું છું. મને નવું જીવન જોઈએ છે. હું એક રમતીયાળ ભગવાન આવે અને મારી અંદર વસે તેમ ઇચ્છું છું. હે ઇશ્વર, હું મારું જીવન તમને સોંપું છું.”

થોડાં વર્ષો પહેલાં મને એક પત્ર મળ્યો જે મને ઊંડાણપૂર્વક સ્પર્શી ગયો. તેની અસરને તેની લેખીકા - તેની વિશ્વસનીયતા અને તેણીની વ્યાવસાયિક પ્રમાણિકતા - સાથે એટલી જ લેવા

દેવા હતી, જેટલી તેણી જે કહેતી હતી તેની સાથે હતી.

આ પત્ર ડૉ. મારી એલન બેનીંગ તરફથી હતો, જે સાન ડીઆગોમાં યુનાઈટેડ સ્ટેટ્સ ઇન્ટરનેશનલ યુનિવર્સિટીમાં કાર્ય કરે છે. તેણીએ સમાજ વિજ્ઞાનમાં પી.એચ.ડી. કરેલ છે. યુનિવર્સિટીમાં રજૂ કરતાં ડૉક્ટરેટ માટેનું ડીઝર્ટેશન્સનું સંપાદન કરવાનું તેણીનું કામ છે. આ બાબતે મને પ્રભાવિત કર્યો કારણ કે તેનો અર્થ છે કે તેણી સ્વાભાવિક રીતે જ માનવ વર્તણુકમાં થતાં છેલ્લામાં છેલ્લાં સંશોધનોથી ખૂબ જ વાકેફ હોય.

પ્રિય ડૉ. શુલર,

26મી ઓગસ્ટે હું અને મારા પતિ તમારા ઉપદેશો સાંભળવા માટે તમારા પુત્રનાં ચર્ચમાં 11:15 વાગ્યાની સર્વિસમાં હાજર રહ્યાં હતાં. સર્વિસ પછી મેં તમારી સાથે હસ્તધૂનન કર્યું પરંતુ વાત ન કરી શકી. સર્વિસ દરમિયાન મેં જે અનુભવ કર્યો તેણે મને અવાચક બનાવી દીધી.

તે રવિવારે મારા આવવાનું કારણ એ હતું કે બે અઠવાડિયાં પહેલાં મેં ક્રીસ્ટલ કેથેડ્રલની ટેલિવિઝનન પર આવેલ સર્વિસ પ્રથમ વખત સાંભળી હતી. અન્ય પ્રસંગોએ, જ્યારે સર્વિસ પ્રસારિત થતી હોય ત્યારે હું બિનધાર્મિક ચેનલની શોધમાં બટન ફેરવી નાખતી હતી; જોકે જીવનના વિસંવાદ પરના તમારા ઉપદેશે મારું ધ્યાન ખેંચ્યું... (તમારા ઉપદેશમાં) તમે દર્શાવ્યું કે એક ઊંડાણપૂર્વક ચિંતન પ્રધાન, વિવેકબુદ્ધિવાળા માણસ તથા એક મક્કમપણે શ્રદ્ધાળુ ખ્રિસ્તી હોવું તે વિસંવાદી નથી... તમારો ઉપદેશ સાંભળ્યા પછી હું તેના અર્થ તથા જુદા જુદા અર્થો વિશે વિચાર્યા વગર રહી ન શકી. હું ઇશ્વરે આપેલા વૈકલ્પિક માર્ગો વિશે પણ વિચારવા લાગી, અને પ્રથમ વખત જ તે આપણને જે કિંમતી ભેટ આપે છે તેને માત્ર જોવા જ નહીં, પરંતુ અનુભવવા પણ લાગી. 26મીએ જ્યારે હું જાગી ત્યારે મને લાગ્યું કે કદાચ હું એ ભેટ મેળવવા તૈયાર હતી.

તે દિવસે "બ્રેકીંગ થ્રુ : ધેર ઇઝ હોપ ફોર યુ." શિર્ષક વાળો તમારો શ્રદ્ધા પર કેન્દ્રિત ઉપદેશ, એક એવી ક્ષમતા જે મારે સમજવાની સૌથી વધારે જરૂર હતી, કારણ કે શ્રદ્ધાનો અર્થ પકડવાની મારી પહેલાંની અશક્તિએ મને ખ્રિસ્તી થતી અટકાવી હતી. મેં કલ્પના કરી હતી કે કેટલાક ચોક્કસ ભાગ્યશાળી લોકોએ જ ઇશ્વરનાં આહ્વાનનો અનુભવ કર્યો હતો, રહસ્યમય સ્પર્શ પામ્યા હતા, આધ્યાત્મિક જાગૃતિ અનુભવી હતી, અને આથી શ્રદ્ધા મેળવી હતી. મને એવું ક્યારેય નહોતું લાગ્યું કે શ્રદ્ધા એક વિકલ્પ છે !

તે વિશિષ્ટ રવિવારે હું તથા મારા પતિ વહેલાં ચર્ચમાં આવી ગયાં અને સર્વિસ શરૂ થઈ ત્યારે કંઈક અદ્ભૂત બન્યું. મેં મારી જાતને શાંતિ, પ્રેમ તથા શક્તિમાં વિંટળાયેલી અનુભવી. હું તેને આધ્યાત્મિક નવજીવન કહીશ જેના વગર હું અગાઉ આવી લાગણીને આટલી જીવંત રીતે યાદ રાખી ન શકત. તે દિવસે ચર્ચમાં મેં એક જન્મનો અનુભવ કર્યો, અને તે ખરેખર કેટલું સાદું હતું તેનું મને આશ્ચર્ય થયું ! મેં ધારી લીધું હતું કે ચર્ચમાં મારું યોગ્ય સ્થાન મેળવવા માટે લાયક બનતાં પહેલાં મારે કેટલીક મહત્વશીલ કસોટીઓમાંથી પસાર થવું પડશે. શ્રદ્ધા અન્ય પ્રમાણ જેવી દેખાતી હતી, બધા પ્રમાણોમાં સૌથી પ્રગતિશીલ, જે વ્યક્તિ બ્રહ્માંડનાં રહસ્યો ઉકેલ્યા પછી જ મેળવી શકે છે.

વાસ્તવમાં, ઇશ્વરે ખૂબ ઓછું માંગ્યું અને બદલામાં કેટલું બધું આપ્યું *!*

– મારી એલન બેનીંગ

આ હતો એક બુદ્ધિશાળી - એક ખૂબ જ વિદ્વાન, તેજસ્વી યુવાન મહિલા તરફથી આવેલ પત્ર. તેને લાગ્યું હતું કે તેની પાસે બધું જ છે, ક્યારેય કલ્પ્યું ન હતું કે તેને કાંઈની ઉણપ છે, કે તેની વિચારવાની, શીખવાની તથા ધારણ કરવાની ક્ષમતાથી આગળ પણ તેને કશાની જરૂર છે અને છતાં, ડૉ. બેનીંગમાં પણ ઉણપ હતી. આધ્યાત્મિક રીતે તેણી ખાલી હતી; આધ્યાત્મિક રીતે તેણી દરિદ્ર હતી. તેનો આત્મા શુષ્ક અને તરસ્યો હતો અને કંઈકને માટે ઝંખતો હતો - પરંતુ તે શું છે તે તેણી જાણતી ન હતી.

પરંતુ પછી તેણીએ પોતાની ઉણપ જોઈ. તેને શેની જરૂર છે તે તેણે જોયું. તેણીને ઇસુ ખ્રિસ્તની પ્રેમાળ, રક્ષણ આપતી કૃપામાં માનવાની જરૂર હતી.

જ્યારે તેને ખ્યાલ આવ્યો કે આ પ્રક્રિયા દરમિયાન તેણીએ બુદ્ધિમાં દરિદ્ર થવાની જરૂર નથી ત્યારે તેનો આત્મા નબળો પડ્યો. જ્યારે તેણીએ જોયું કે તે પોતાની બૌધિક પ્રમાણિકતાનો ભોગ આપ્યા વગર ઈસુમાં માનનાર બની શકે છે, ત્યારે તેણીએ ઇસુને પોતાની બાજુએ સજ્જડ રીતે પકડી લીધા, પોતાના આત્મા વડે તેમને ભેટી, અને પુન: જન્મી.

જ્યારે તમે પ્રથમ ખુશ રહો અભિગમનું રહસ્ય જાણી લો, જ્યારે તમે “મને મદદની જરૂર છે !” અથવા “હું દિલગીર છું !” અથવા “મારામાં એક ઉણપ છે !” એમ કહી શકો, ત્યારે તમે સાચા અર્થમાં સુખી થવા તરફ મહત્વનું પ્રથમ ડગ ભર્યું હશે. કારણ કે ત્યારે તમારામાં એવો અભિગમ હશે જે તમને બીજા ખુશ રહો અભિગમોમાં જવા મુક્ત કરી શકે.

હું દૃઢતાપૂર્વક માનું છું કે બીએટીટયુડ્સમાં એક તાર્કિક પ્રગતિ છે. ઇસુએ આપણને તે ઉપદેશો એક ક્રમમાં આપ્યા છે જે તેણે એક ખૂબ જ મહત્વનાં કારણસર બનાવ્યા હતા : તેઓ એક બીજા પર અંદરોઅંદર આધારિત છે અને દરેક ઉપદેશ તેની પછીનાં માટેની પૂર્વ જરૂરિયાત છે. તેના વિશે વિચારો, ઇસુ આપણને આરામ આપી શકે તે પહેલાં, તે આપણને મદદ તથા સાંત્વન આપી શકે તે પહેલાં, આપણો એવો અભિગમ હોવો જ જોઈએ કે આપણે મદદ મેળવવા ઇચ્છુક છીએ ! આપણે સુખી થવા ન ઇચ્છતા હોઈએ તો તે આપણને સુખી કરી શકે નહીં.

તો શું તમે મદદ મેળવવા ઇચ્છુક છો ? તમે સુખી થવા ઇચ્છો છો ? તમારા જીવનમાં એવાં ક્ષેત્રો છે, જ્યાં તમે પાછા પડતા હો અને મદદની જરૂર હોય ? તો ખુશ રહો. કારણ કે તમારામાં બાકીના ખુશ રહો અભિગમોનું રહસ્ય જાણવાનું શરૂ કરવા માટે જરૂરી એક આવશ્યક સામગ્રી છે.

---

* ન્યુયોર્ક : કોન્ટીનમ પબ્લીશીંગ કુ.*1982*

પોઝીટીવ એટીટ્યુડ - *2*

“હું ખરેખર પીડાઉં છું - પરંતુ હું આત્મવિશ્વાસથી પાછો ફરીશ *!*”

• • •

**જેઓ શોક-વિલાપ કરે છે
તેઓ આશીર્વાદ પામેલા છે,
આથી તેમને આશ્વાસન
આપવામાં આવશે.**

"આર. શુલર, શા માટે સારા લોકો સાથે ખરાબ ઘટનાઓ બને છે ? " ધર્મોપદેશક તરીકે ગાળેલાં પીસ્તાળીસ વર્ષોમાં આ પ્રશ્નનો મેં કેટલી વાર સામનો કર્યો હશે તે હું કહી નથી શકતો.

હું જવાબ આપું છું, "આ સમસ્યાનો થોડોક ભાગ એ છે કે આપણે ખોટા પ્રશ્નો પૂછીએ છીએ. જો આપણે ખોટા પ્રશ્નો પૂછીએ તો આપણને ક્યારેય સાચા જવાબો મળવાના નથી."

"શા માટે સારા લોકો સાથે ખરાબ ઘટનાઓ બને છે ?" આ એક ખોટો પ્રશ્ન છે કારણ કે આ એ એક પ્રશ્ન છે જેનો ઇશ્વર ક્યારેય જવાબ નથી આપતા.

ઓલ્ડ ટેસ્ટામેન્ટના પ્રચારકો મુશ્કેલીના સમયમાં આક્રંદ કરી ઉઠ્યા, "હે ઈશ્વર, શા માટે ?" ઈશ્વર હંમેશાં તે પ્રશ્ન તરફ મૌન રહ્યા. જ્યારે ઈસુ પોતે પણ ક્રોસ પરથી ચિલ્લાઈ ઉઠ્યા, "મારા ઈશ્વર, મારા ઈશ્વર, શા માટે ? " ઈશ્વરે જવાબ ન આપ્યો.

ઇશ્વર કયારેય આ 'શા માટે' નો જવાબ નથી આપતા કારણ કે જે વ્યક્તિ "શા માટે" પૂછે છે તે ખરેખર ખૂલાસો નથી ઇચ્છતી; તેને દલીલ જોઈએ છે ! ઇશ્વર દલીલમાં ઘસડાઈ જવાની ના પાડે છે. જો ઈશ્વર એક "શા માટે" નો જવાબ આપે તો આપણે બીજો પ્રશ્ન પૂછશું. તેનો કોઈ અંત જ નહીં હોય.

જો "સારા લોકો સાથે કેમ ખરાબ ઘટના બને છે ?" એ ખોટો પ્રશ્ન છે, તો સાચો પ્રશ્ન શું છે ? તે છે, "જ્યારે સારા માણસો સાથે ખરાબ ઘટનાઓ બને છે ત્યારે તેમનું શું થાય છે ?"

ઇસુ બીએટીટ્યુડમાં તે પ્રશ્નનો જવાબ આપ્યો છે. બીજા બીએટીડ્યુડમાં - કે જે આ પ્રકરણનો વિષય છે - કઠિન પરિસ્થિતિનો સામે ચાલીને સામનો કરાયો છે. ઈસુ કહે છે, "જ્યારે સારા લોકો સાથે ખરાબ ઘટના બને છે ત્યારે તેઓ આશીર્વાદ પામેલા છે, કારણ કે તેમને આશ્વાસન અપાય છે."

ખ્રિસ્તીપણું એક પોલ્યાના ધર્મ નથી. તે એવો દાવો નથી કરતો કે આપણી સાથે ખરાબ બાબત નહીં બને. આપણને જૂનાં કે નવાં ટેસ્ટામેન્ટમાં ક્યારેય એવું કહેવામાં નથી આવ્યું કે જો આપણે સારું જીવન જીવશું તો આપણને ક્યારેય કોઈ બીમારી કે દુ:ખદ પ્રસંગ નહીં આવે. જોકે આપણને ઇસાઇઆહ 43માં વચન અપાયું છે કે : ડરો નહીં કારણ કે મેં તમને મુક્તિ આપી છે; મેં તમને નામથી બોલાવ્યા છે, તમે મારા છો. જ્યારે તમે પાણીમાંથી પસાર થશો... તેઓ તમારા પર ફરી નહીં વળે; જ્યારે તમે આગમાંથી ચાલશો, ત્યારે સળગી નહીં જાવ અને તેની જ્વાળા તમારો નાશ નહીં કરે, કારણ કે હું તમારો ઇશ્વર છું." (વીવી 1-3).

જો ઇશ્વર પોતાનું વચન પાળે છે તો જ્યારે સારા લોકો સાથે ખરાબ બાબત બને છે ત્યારે તે તેમને કેવી રીતે આશ્વાસન આપે છે ?

એક પાસ્ટર તરીકે હું પીડિત, એકલવાયા, દુ:ખી, મરણોન્મુખ લોકો સાથે વ્યવહાર કરવાનાં વિશિષ્ટ કાર્યમાં છું. પાંત્રીસ વર્ષથી હું યુવાન પત્નીઓ, પતિઓ, પિતાઓ, માતાઓ સગાં સંબંધીઓ તથા અન્ય પ્રિયજનો ફરતે મારા હાથ વિંટાળીને કબ્રસ્તાનની સુંવાળી લીલી લોન પર પગપાળો ચાલ્યો છું. મેં સેંકડો શબ પેટીઓને અંદર ઉતારાતી જોઈ છે : નાની નાની, મધ્યમ કદની અને મોટી મોટી - ફૂલો તથા ઝંડાઓ વિંટાળેલી. મેં લોકોને ગ્રેજ્યુએશન ગાઉન્સમાં, પલ્પીટ ગાઉન્સમાં, નવવધૂના પોષાકમાં દફનાવાતાં જોયાં છે. સાચું કહું છું, હું પીડાની વાસ્તવિકતા તરફ

અંધ નથી. હું માનવ દુ:ખમાંથી મારી રીતે ચાલ્યો અને રડ્યો છું.

કોઈ બે દુ:ખ સમાન હોતાં નથી

માણસના ભાવનાત્મક અનુભવોની વિશાળ સંખ્યા તથા વિવિધતા એક સર્વસામાન્ય લેબલ “દુ:ખ” હેઠળ આવે છે. મારી એક મિત્ર અને મારી ધર્મસભાની સભ્ય, મેરી, તેણીના પતિનાં મૃત્યુ પર તેની અંતરંગ લાગણીઓ મારી સાથે વહેંચે છે : કોઈ બે દુ:ખ સમાન હોતાં નથી. મેં મારો કિશોરાવસ્થાનો પુત્ર ગુમાવ્યો; મેં મારી પુત્રીને તેના વીસીનાં વર્ષોમાં ગુમાવી. હવે મારા પતિ મૃત્યુ પામ્યા છે. દરેક વ્યથા પીડાદાયક છે, પરંતુ દરેક પીડા અલગ છે.”

મેં ઉપરા ઉપર દુ:ખો જોયાં છે, અને ફરી ફરીને હું એક હકીકતનો સાક્ષી બન્યો છું : જ્યારે સારા લોકો સાથે ખરાબ બાબત બને છે ત્યારે ઈશ્વર તેમને આશ્વાસન આપે જ છે. જ્યાં દુ:ખ તેનો લાંબો, કાળો પડછાયો પાડે છે તેવી દુનિયામાં પણ ખુશ રહેવાનું શક્ય છે.

મુશ્કેલી આપણને જ્યાં જોવે ત્યાં છોડી જતી નથી; દુ:ખ આપણી આવતીકાલને બદલી નાખશે. પરંતુ ઇશ્વર આપણને કડવા નહીં, વધુ સારા માણસ બનવા માટે પ્રેરણા આપે છે. તે આપણને નકારાત્મક ને કેવી રીતે સકારાત્મકમાં બદલી શકાય, બાદબાકીને કેવી રીતે સરવાળામાં બદલી શકાય તે દર્શાવે છે, અને ક્રોસ આ બધા વિશે જ છે.

આપણે વ્યથામાંથી રાહત કેવી રીતે શોધી શકીએ ? આપણે આપણા વિલાપની રાત્રીને સવારમાં કેવી રીતે બદલી શકીએ ? (1) તમે તમારા પોતાના માટે શું કરી શકો તે સમજો. (2) ભગવાન તમારા માટે શું કરી શકે તે સમજો.

તમે આ કરી શકો !

ઇશ્વરને દોષ ન આપો *!*

જો તમે હ્રદયભંગ સહન કરી રહ્યા છો અને ખરેખર મુશ્કેલ સમય ગાળી રહ્યા છો, તો ઇશ્વરને દોષ ન આપો ! માનવ ભુલ હંમેશાં દોષી હોય છે : નિર્ણય શક્તિનો દોષ, ઇચ્છાનો દોષ અથવા હેતુનો દોષ. માનવ સ્વાર્થ, બેધ્યાનપણું, બળવો, મુર્ખાઈ, નબળાઈ, ઉતાવળીયાપણું વગેરે હંમેશાં માનવ દુ:ખ તથા પીડાનાં મૂળ કારણો તરીકે મળી આવી શકે.

કેન્સર તથા હ્રદય રોગ, તેને લગતા અન્ય રોગો સાથે મળીને, આજે અમેરિકામાં સૌથી ટોચના મારકો છે. કોઈ ક્યારેય આ રોગો માટેનો દોષ ઈશ્વર પર નહીં મૂકી શકે; સમય રહેતાં અથવા શાશ્વતતામાં આપણે સત્ય જોશું : બધાં ડીસીઝ- ડીસ-ઈઝ છે, માનવ અવયવો અને તેના પર્યાવરણ વચ્ચે સંવાદિતાનો અભાવ, રોગો મોટેભાગે યોગ્ય વસ્તુ ન ખાવાથી, યોગ્ય નિંદર ન લેવાથી, યોગ્ય કસરત ન કરવાથી, યોગ્ય રીતે શ્વસન કે યોગ્ય રીતે પ્રજનન ન કરવાને કારણે થાય છે; માનવનો તેની આસપાસની પરિસ્થિતિ સાથે સંવાદી સમતોલન ન સાધી શકવાનો આ પ્રશ્ન છે. જો રોગ દેખાય છે તો તેનો અર્થ છે કે માણસ કંઈક ખોટું કરી રહ્યો છે; ઇશ્વરને દોષ આપવાનો

નથી !

પરંતુ, તમે કહેશો કે અમુક ચોક્કસ મૃત્યુને કેવી રીતે ટાળી શકાય અથવા ચોક્કસ બીમારીઓનો કેવી રીતે ઇલાજ કરી શકાય તે આપણને ન દર્શાવવા બદલ શું આપણે ઇશ્વરને દોષ ન દઈ શકીએ ?

એક ક્ષણ વિચારો. આપણું અજ્ઞાન નહીં, આપણી બેદરકારી એ આપણી ખરી સમસ્યા છે. લગભગ બધા રોગો, મૃત્યુ તથા દુ:ખો, જ્ઞાનના અભાવે આપણા પર નથી લવાતા, પરંતુ ઇશ્વરે આપણને કેટલાક જુદા જુદા માર્ગો દ્વારા જે પ્રકાશ આપ્યો છે તેની આજ્ઞાપાલનના અભાવે આવે છે;

(1) ઈશ્વરે દસ આદેશો પ્રગટ કર્યા. તેણે આપણને જે છેવટે આપણને બીમારી, પાપ તથા દુ:ખ તરફ જ દોરી જવાનો છે તેવા એક આકર્ષક, લલચાવનાર માર્ગથી રક્ષવા માટે આ દસ નિયમો આપ્યા છે. આ દસ આદેશોનું અનુસરણ આધ્યાત્મિક આરોગ્ય, માનસિક આરોગ્ય તથા શારીરિક આરોગ્યમાં પરિણમશે ! હત્યા, જૂઠાણું, ચોરી તથા વ્યભિચાર આરોગ્ય માટે ખરાબ છે ! (જાતીય રોગોના વર્તમાન ચેપને ધ્યાન પર લો.) દુનિયાદારી તથા મુક્તિનાં વાવટા હેઠળ આપણામાંના ઘણા ઈશ્વરને નર્કમાં જવાનું કહે છે !! આમ કરવામાં, આપણે પોતાની જાતને જ ત્યાં મોકલીએ છીએ.

(2) ઈશ્વરે આરોગ્યનાં રહસ્યો પ્રગટ કર્યાં. તેમણે આખા બાઇબલ દરમિયાન તેમજ તબીબી વિજ્ઞાન દ્વારા આપણને ખાવાની, પીવાની, સૂવાની, કામ કરવાની, કસરત કરવાની આપણી દૈનિક આદતોને લગતી બાબતોને અનુસરવા માટેનું માર્ગદર્શન આપ્યું છે. છતાં, એ પણ સાચું છે કે કેટલાક તબીબો હજી પણ વધારે પડતું ધુમ્રપાન કરે છે તથા દારૂ પીવે છે. કેટલાક પાદરીઓ અયોગ્ય રીતે ખાય છે. કેટલાક રમતવીરો ઘણી વાર પૂરતી કસરત કરવામાં નિષ્ફળ જાય છે અને સામાન્ય રીતે તેમનાં શારીરિક સ્વાસ્થ્ય તરફ આંખ મિચામણાં કરે છે. જ્યારે આપણે તેણે પ્રગટ કરેલ જ્ઞાનને નિર્લજ્જપણે અવગણીએ છીએ ત્યારે શું આપણે ઇશ્વરને આપણા આરોગ્ય વિશેની બાબતમાં વધારે દૃષ્ટિ ન આપવા બદલ પ્રમાણિકપણે તથા યોગ્ય રીતે ગુનેગાર ઠેરવી શકીએ ?

(3) ઈશ્વરે પાપમાંથી બચાવનાં રહસ્યો ખોલ્યા છે. આપણે જાણીએ છીએ કે દુ:ખ, અલગતા, બીમારી તથા રોગ છેવટે તો પાપને કારણે થાય છે. આપણે જાણીએ છીએ કે મોટાભાગની શારીરિક બીમારી, માનસિક તણાવ, ચિંતા, વ્યથા, ડર તથા ગુનાહિત ભાવનાને કારણે થાય છે. આપણે એ પણ જાણીએ છીએ કે જો આપણે આત્મોદ્ધાર સ્વીકારીએ તથા આપણાં મન તથા હૃદયને ઇશ્વરના આપણને બચાવી લેતા આત્મા સાથે જોડીએ તો આપણાં નકારાત્મક પાપો તથા ભાવનાઓ આપણામાંથી બહાર લઈ લેવામાં આવશે તથા મન તથા શરીરનો ઉપચાર શરૂ થઈ જશે. છતાં હજી આપણામાંના ઘણા પોતાની જાતને સંપૂર્ણપણે ઇશ્વરને સમર્પિત કરી દેતાં અચકાય છે. આપણે ઇશ્વરનાં પુનરુદ્ધારને નકારીએ છીએ.

તો પછી શું આપણે લોકોને આટલા બધા સ્વાર્થી બનવાની છૂટ આપવા બદલ ઇશ્વરને દોષ ન આપી શકીએ ? શું પૃથ્વી પરની દરેક વ્યક્તિ પર નિયંત્રણ રાખવાની, દરેકને તેમની આજ્ઞાનું પાલન કરવા માટે દબાણ લાવવાની શક્તિ ઇશ્વરમાં નથી ? આપણે પાપ કરવાની ક્ષમતા સાથેના માણસનું સર્જન કરવા માટે ઈશ્વરને દોષ ન દેવો જોઈએ ?

સર્જનના ઉદય સમયે ઇશ્વરે જે અવઢવનો સામનો કર્યો હશે તેને એક મિનિટ માટે ધ્યાન

પર લો. જ્યારે ઇશ્વરે માનવજાતનું સર્જન કર્યું, ત્યારે તેનો હેતુ જીવનનું એવું ભૌતિક સ્વરૂપ બનાવવાનો હતો જે તેના પોતાના અભૌતિક આત્માનું પ્રતિબિંબ હોય. આમ તેણે “પોતાની છાપ મુજબ” માણસને એક નિર્ણય લઈ શકતું, ગ્રહણશક્તિ, નિર્ણય, ઉત્ક્રાંતિ, પસંદગી તથા નિર્ણય લેવા માટે સક્ષમ પ્રાણી બનાવવાનું પસંદ કર્યું.

જ્યારે ઇશ્વરે આવી વ્યક્તિનું સર્જન કર્યું ત્યારે તેને પૂરો ખ્યાલ હતો કે આ પ્રાણીમાં ઇશ્વરની વિરુદ્ધ નિર્ણય લેવાની શક્તિ હશે. પરંતુ આપણે તેના વિકલ્પ તરફ નજર કરીએ. જો તેણે ક્યારેય ખોટો નિર્ણય ન લે તેવો માણસ તૈયાર કર્યો હોત તો આ પ્રાણી ક્યારેય પોતાની મેળે પોતાના અંગત નિર્ણયો ન લઈ શક્યું હોત. તે એક સંપૂર્ણ, પાપરહીત, ગુનારહીત, ક્ષતિવિહીન વ્યક્તિ સિવાય બીજું કંઈ જ ન હોત ? **ના !** મશીન ! હા ! કોમ્પ્યુટર ? હા ! માણસ... **ક્યારેય નહીં !** ઇશ્વરે યુગોનો સૌથી મોટો જુગાર રમવાનું - એક અભિપ્રાય ઘડનાર, વિચારો એકઠા કરનાર, નિર્ણય લેનાર પ્રાણી બનાવવાનું - નક્કી કર્યું. તેણે જેનું સર્જન કર્યું તે એક સંભવિત પાપી હતો, પરંતુ એક સંભવિત પ્રેમાળ વ્યક્તિ પણ હતી.



જ્યારે જ્ સારા લોકો સાથે ખરાબ બાબતો બને ત્યારે તેમનું શું થાય છે? તેઓ વધુ સારા લોકો... બને છે.



પાપ કરવાની છૂટ આપવા માટે ઇશ્વરને દોષ ન દો. ઇશ્વરનો આભાર માનો કે આપણા પાપો છતાં, ક્યારેય આપણી સ્વતંત્રતા અને તેની સાથે આપણી પ્રમાણિક, પ્રેમાળ વ્યક્તિ બનવાની ક્ષમતા છીનવી લીધી નથી. આ દુનિયાની પીડાઓ માટે ઇશ્વરને દોષ ન આપો ! માથાનો દુ:ખાવો તથા દુ:ખ તરફ લઈ જતો માર્ગ અંગત રીતે પસંદ કરવા માટે મનુષ્યને દોષ આપો. જ્યારે તેમને દૈવી સત્યનાં દર્શન કરાવાયાં ત્યારે તેને અવગણવા માટે મનુષ્યને દોષી ગણો. જ્યારે ઈસુના નામે અપાયો ત્યારે પણ ઇશ્વરના પુનરોદ્ધારને નકારવા માટે મનુષ્યને દોષ આપો ! તમારે ક્રોસ તરફ નજર કરવી જોઈએ અને જાણવું જોઈએ કે કોઈ પણ મનુષ્ય આપણને બચાવવાની હદ સુધી ન

જવા માટે ક્યારેય ઇશ્વરને દોષ ન દઈ શકે.

તમારી જાતને દોષ ન આપો

વ્યથા હંમેશાં ગુનાની ભાવના સાથે જોડાયેલી દેખાય છે. પરંતુ આત્મનિંદા કોઈ સમસ્યા નહીં ઉકેલે અને કોઈ સંજોગો નહીં બદલે. તે માત્ર એક નકારાત્મક, બિનરચનાત્મક લાગણી છે જે તમારા જીવનમાં પાયમાલી ફેલાવી શકે.

થોડાં વર્ષો પહેલાં કેન્સાસ શહેરમાં હયાત રીજન્સીમાં થયેલ એક કરુણ અકસ્માત વિશે વાંચ્યાનું તમને કદાચ યાદ હશે. તમને યાદ હોય તો, એટ્રીયમને ફરતે આવેલ સિમેન્ટનો વોકવે ભાંગી પડ્યો ત્યારે 114 લોકો માર્યા ગયા હતા અને ઘણા અન્ય ઘાયલ થયા હતા. મારી એક યુવાન મિત્ર તે રાત્રે ત્યાં હતી અને આ ભયાનકતાનો સાક્ષી બની. તેણીએ મને પછીથી કહ્યું તે મુજબ, “ડૉ. શુલર, તે એક વિનાશક ફીલ્મમાં હોવા બરાબર હતું. એક માત્ર ફરક એ હતો કે તે વાસ્તવિક હતું ! કોઈક તેને પાછું વાળે, અટકાવી દે, તે પહેલાં હતું તેવું પાછું બનાવી દે તેવું હું અત્યંત ગંભીરતાપૂર્વક ઇચ્છતી હતી.”

અલબત્ત થયેલ નુકસાન ન થયું કરી શકાય તેમ જ ન હતું. મારી મિત્રની બધી બાજુએ લોકો મરી રહ્યાં હતાં. તેણી આપાતકાલીન પ્રક્રિયાઓ માટે તાલીમ પામેલી ન હતી, આથી એવું કંઈ જ ન હતું જે તેણી કરી શકે. એ ભયાનક યાદો સાથે જોડાયેલ નિ:સહાયતાની લાગણીએ તેણીને લગભગ તહસનહસ કરી નાખી.

તેણીએ કહ્યું, “હું કંઈ જ કરી શકતી ન હતી. હું આખી રાત રૂમાલો લાવી શકી, પરંતુ તે લોકોને પાછા ન લાવી શકી.” તે રાત્રે હું ઘેર ગઈ પરંતુ ઊંઘી ન શકી. ગુનાની ભાવના ઘેરી વળતી હતી કારણ કે હું તેમને જીવતા ન કરી શકી. ડઝનબંધ લોકો મરતા હતા અને હું કંઈ જ કરી શકતી ન હતી.

“હું આખી જીંદગી ખ્રિસ્તી રહી છું, આથી મેં પ્રાર્થનાઓ કર્યા કરી કે લોકો જીવે. તેમણે હજી પણ હોસ્પિટલમાં હતા તેવા લોકોનાં નામોની સૂચિ પ્રકાશિત કરી. દરરોજ મેં તેમને માટે પ્રાર્થના કરી. પરંતુ મારી નિ:સહાયતાની સાથે આવેલી ગુનાની ભાવનામાંથી હું બહાર નીકળી શકતી ન હતી. આથી હું પાછી પડવા લાગી. મેં અગાઉ બનાવેલા મિત્રોથી હું દૂર ચાલી ગઈ અને મેં નવા મિત્રો બનાવવાનો પણ પ્રયાસ ન કર્યો. જે લોકો મને જાણતા હતા તેઓ તમને કહેશે કે આ વર્તન ખરેખર તો મારાં ચારિત્ર્યથી વિરુદ્ધ છે. મેં બધું અંદર ભરી રાખ્યું. હું કોઈની પણ સાથે તે ઘટના વિશે વાત પણ ન કરતી. મને લાગે છે કે તમે કહી શકો કે મેં જાણે જીવવાનું જ અટકાવી દીધું હતું.”

“મને લાગતું હતું કે મારે તે હોનારતમાં મરી જવું જોઈતું હતું. જ્યારે અન્ય આટલા બધા મૃત્યુ પામ્યા હતા, તો હું શા માટે જીવતી હતી ? કોઈ આ વાત સમજી ન શકે સિવાય કે તેઓ આવી હોનારતમાંથી પસાર થયા હોય. આ પીડા કેટલી ઉંડી છે તે કોઈ ન જાણી શકે. હું માત્ર હવે વધારે પીડા પામવા નહોતી માંગતી. મેં મારા જીવનનો અંત લાવવાનો નિર્ણય કર્યો. મારો ઇરાદો વધારે માત્રામાં દવા લેવાનો હતો. આથી મારાં બાળકોને ઉપર લઈ જવા માટે મેં મારી એક સ્ત્રી મિત્રની વ્યવસ્થા કરી, અને મેં મારા ડૉક્ટરે મને હતાશા માટે લખી આપેલ દવા લેવાનું શરૂ કર્યું. મેં લગભગ અડધી બોટલ ખાલી કરી નખી ત્યારે હું મારા પરિવારને કેટલો ચાહું છું અને મારો પરિવાર મને કેટલો ચાહે છે તે મેં વિચાર્યું. તમારી પાસે અહીં ક્રીસ્ટલ કેથેડ્રલમાં જે ન્યુ હોપ (નવી આશા)નો

હોટલાઇન નંબર છે તેના પર મેં ફોન કર્યો.”

ન્યુ હોપના સલાહકારે મને મારી જાત વિશે પ્રશ્નો પૂછયા. તેણે કહ્યું, “એવું લાગે છે કે જીવવા માટે તમારી પાસે ઘણું છે.” તેણે મને કહ્યા કર્યું કે મારે હજી ઘણી બધી વસ્તુઓ કરવાની જરૂર છે અને ઘણાં બધાં લોકો છે જેમને હું હજી મદદ કરી શકું છું. કોઈક રીતે, તેણે મારામાં એવી વાત ઠસાવી દીધી જે અન્ય કોઈ કરી શકે તેમ ન હતું.

“દરમિયાન તેણે પોલીસ બોલાવી લીધી. પેરામેડીક્સ મને હોસ્પિટલે લઈ ગયા, પરંતુ ત્યાં પહોંચતાં સુધીમાં હું કોમામાં ચાલી ગયેલી. હું ત્રણ દિવસ સુધી કોમામાં રહી. મગજની કોઈ પ્રવૃત્તિ ચાલતી ન હતી. મને તબીબી રીતે મૃત ઘોષિત કરવામાં આવી અને તેઓ જીવન રક્ષક સીસ્ટમની સ્વિચ બંધ કરે તે પહેલાં મને જોઈ લેવા માટે મારા પરિવારને બોલાવી લેવાયો.”

“લોકો મારે માટે પ્રાર્થના કરતા હતા અને મારા આખાં જીવનમાં હું જેમની ખૂબ જ નજીક હતી તેવા મારા એક કાકા મારો હાથ પકડીને તેઓ મને ચાહે છે તેમ કહેતા મારી બાજુમાં ઊભા હતા. મારાં અર્ધચેતને તેમને સાંભળ્યા તેમ મને લાગે છે, કારણ કે તેઓ મશીનની સ્વિચ બંધ કરવાના હતા તેના ત્રણ જ કલાક પહેલાં મેં મારી આંખો ખોલી.”

“ત્યારથી જે કાંઈ પણ બન્યું તે હું ક્યારેય કલ્પી પણ શકત તેના કરતાં વધુ સારું છે. જેઓ હતાશામાં છે તેવા દરેકને અથવા જેમણે મરવા વિશે અથવા પોતાને મારી નાખવા વિશે વિચાર્યું છે તે કોઈને પણ હું કહીશ કે, તે ક્ષણ પસાર થઈ જાય છે ! તે એવું દેખાતું ન પણ હોય, પરંતુ તે પસાર થઈ જાય છે અને તે હંમેશાં વધુ સારું બને છે.”

દોષારોપણ ન કરો - સમસ્યા સુધારો

અમારા ચર્ચની એક સભ્યએ તે જે કંપનીમાં કામ કરે છે તેના વડે ઉપયોગમાં લેવાતું એક વાક્ય મને દેખાડ્યું :

દોષારોપણ ન કરો, સમસ્યા સુધારો :

તમારી સમસ્યા શું છે ? સૌ પહેલાં એ સમજો કે જે દુ:ખદ ઘટના બની છે તે ખરી સમસ્યા નથી. તેના માટેની તમારી પ્રતિક્રિયા એ ખરી સમસ્યા છે. જો તમારી પ્રતિક્રિયા પર તમે નિયંત્રણ ન મેળવો તો છેવટે તમે તેના વડે નાશ પામી શકો છો અને પામશો.

તમે “સમસ્યા” કેવી રીતે “સુલઝાવશો ?”

(1) તમારાં બાકીનાં જીવનમાં દુ:ખ અને આંસુઓનું શરણ નહીં લીધા કરો તેવું નક્કી કરો. આમ કરવું તે માત્ર તમારાં પ્રિયજનો, તમારા મિત્રો તથા તમારી જાતને બદનામ કરશે. તે ઉપરાંત, વ્યથા પામવાનું ચાલુ રાખવું તે ઇશ્વરનું અપમાન કરે છે જે માત્ર તમને આનંદનો પુનર્જન્મ આપવા સાથેનું શ્રેય મળે તેમ ઇચ્છે છે ! નક્કી કરો કે આ સ્વ-દયા સાથે ભેળવાયેલ આ બિનરચનાત્મક દુ:ખને **અટકાવવું** જ પડશે !

આપણે કરી શકીએ. દુ:ખને કેવી રીતે સંભાળવું તે વિશે આપણે બધા આન્દ્રે થોર્ટોન પાસેથી બોધપાઠ લઈએ. તે લગભગ એક દશકાથી ક્લેવલેન્ડ ઇન્ડિયન્સ માટેનો મુલ્યવાન હીટર

છે, જે એવી કરુણાતિકામાંથી પસાર થયો હતો જેણે આપણામાંના મોટાભાગનાનો વિનાશ કર્યો હોત. 1૯77માં આન્દ્રે, તેની પત્ની અને તેમનાં બે બાળકો તેણીની બહેનનાં લગ્નમાં ભાગ લેવા મોટરમાં પેન્સીલ્વેનીયા જઈ રહ્યાં હતાં. દેશના એ ભાગમાં, ઓક્ટોબર જેટલું વહેલું પણ હવામાન ખરાબ થઈ શકે છે. તે સાંજે તેમણે મુસાફરી શરૂ કરી ત્યારે પણ વરસાદ આવવા લાગ્યો. પછી સ્નો પડ્યો. તેઓ પેન્સીલ્વેનીયાના પર્વતોમાંથી પસાર થતા હતા ત્યાં ભયાનક પવન ફૂંકાવા લાગ્યો જેણે તેમની વાનનો પાછલો ભાગ ઝપટમાં લઈ લીધો, તેને ગોળ ગોળ ઘુમાવી અને ઉંધી વાળી દીધી. તેઓ પાળી સાથે ઠોકાયા. આન્દ્રે બેભાન થઈ ગયો.

જ્યારે તે જાગ્યો ત્યારે તે હોસ્પિટલની પથારી પર તેના પુત્રની બાજુમાં હતો. તેને પાછું ભાન આવ્યું તેની થોડી વાર પછી એક નર્સ આવી અને કહ્યું, “આન્દ્રે, તને આ કહેવું પડે છે તે માટે હું દિલગીર છું.” અને તે રડવા લાગી. પછી તેણીએ કહ્યું, “કોરોનર તારી પત્ની અને પુત્રી પાસે છે.”

આન્દ્રેએ મને કહ્યું, “એ આંતરડાં ખેંચી કાઢે તેવો સમય હતો. મને એવું લાગ્યું કે જાણે મારા શરીરના અંદરના અવયવોને ખેંચી કઢાયા હોય. પરંતુ એ ક્ષણે પણ આપણે ઇશ્વરના શબ્દો પર આધાર રાખી શકીએ. ઇશ્વરે તેના શબ્દોમાં કહ્યું છે, “હું તમને ક્યારેય નિષ્ફળ નહીં બનાવું કે ક્યારેય તજી નહીં દઉં.” (હેલ 13:5)



ક્રોસ શું છે ?
તે એક સરવાળા + માં
ફેરવાયેલ
બાદબાકી - છે



“તેમના શબ્દો મારી સાથે હતા. હું એટલો આભારી છું કે હું એક ખ્રિસ્તી હતો અને તે બન્યું તેના પહેલાંના ઘણાં વર્ષોથી ખ્રિસ્તી જ હતો. આથી તે ચોક્કસ સમયે તે શબ્દોમાં અને મારા ઈશ્વરમાં વિશ્વાસ રાખી શક્યો.”

“મને ખબર છે કે અમારી સૌથી મુશ્કેલ ક્ષણોમાં ઇશ્વર અમારી સાથે હતા. ઇશ્વરનાં સામર્થ્યએ મારા પુત્રને તથા મને ટકાવી રાખ્યા અને અમને આગળ વધવાની છૂટ આપી. મને લાગે છે કે તે સમયે હું જે મહાન બાબત શીખ્યો તે છે, આપણા ઇશ્વર વફાદાર છે !”

મારે આંદ્રેને પૂછવું જ પડ્યું, "પરંતુ જેને તું ખૂબ જ ચાહતો હતો તે તારી પત્ની અને તારી વ્હાલી પુત્રીને ગુમાવવા બદલ-તને ક્યારેય ઇશ્વરના પ્રેમ માટે શંકા ન જાગી ?"

આંદ્રેનો જવાબ અદ્ભૂત હતો. તેણે કહ્યું, "આપણા બધાનાં જીવનમાં એવા સમયગાળા આવે છે જ્યારે આપણને થાય છે કે જો આપણે કોઈક વસ્તુને જુદી રીતે કરી શક્યા હોત તો ? હું બીજા કોઈ કરતાં અલગ ન હતો. પરંતુ હું આભારી છું કે ઇશ્વર આપણને તેવા વિચારો પોષવા નથી દેતા. શંકાના એ વિચારોને પોષવાને બદલે, હું ઇશ્વરમાં વિશ્વાસ રાખી શક્યો અને જાણતો હતો કે તે જે કાંઈ પણ ગોઠવી રહ્યો હતો, તેણે જે કોઈ પણ આયોજનો નક્કી કર્યાં હતાં, તે એવાં આયોજન હતાં જે તેની મહત્તા વધારનાર હતાં. આજે જ્યારે હું પાછો વળીને તે કરુણાન્તિકા તરફ નજર કરું છું ત્યારે ઇશ્વરે અમારા જીવન સાથે જે કર્યું તેનાથી વ્યથિત થઈ ગયેલાં જીવન જોઉં છું. આથી હું તેમાં કરુણ ઘટના નથી જોતો, પરંતુ એક આનંદ જોઉં છું કારણ કે એક જીવતાં મૃત્યુમાંથી અન્ય જીવનોને એક ભરપૂર જીવનમાં પાછાં લવાયાં છે !"

મેં કહ્યું, "આંદ્રે, તને ખબર છે, સામ 23 કહે છે, 'મારાં જીવનના બધા દિવસોએ ચોક્કસપણે સારપ અને કરુણા મને અનુસરશે.' (વી-6). જ્યારે તમે ઇશ્વરની સારપને જોઈ ન શકો ત્યારે તમે તેની દયાનો અનુભવ કરી શકો. આંદ્રે, તેં તેનો જ અનુભવ કર્યો છે."

"અરે, તેમાં કોઈ શંકા નથી !" તેણે જવાબ આપ્યો. હું માત્ર તેના પુત્રના સ્વીકાર વડે ઇશ્વરનું બાળક છું. ઇશ્વરનાં બાળક તરીકે, હું જાણું છું કે તે મારા જીવનને ચલાવે છે અને માર્ગદર્શન આપે છે. વચન 16:૯ કહે છે, "એક માણસનું હૃદય તેનો માર્ગ પસંદ કરે છે, પરંતુ ઇશ્વર તેનાં પગલાંને દિશા દેખાડે છે." મેં મારા બચાવકર્તા તરીકે ઇશ્વરનો માર્ગ પસંદ કર્યો, અને ઇશ્વર મારાં પગલાંને દિશા દર્શાવે છે. હું તેને માટે આભારી છું કારણ કે હું ક્યાં જાઉં છું તે વિશે મારે વિચારવાનું નથી."

"આ શ્રદ્ધા તેં ક્યાંથી મેળવી ?" મેં પૂછ્યું.

"હું મુશ્કેલ સમયમાં મોટો થયો, જ્યારે આપણા દેશમાં ઘણી બધી અશાંતિ હતી અને મારા મનમાં ઘણાં બધાં પ્રશ્નો હતા. મેં મારા ખાસ મિત્રને સત્તર વર્ષની ઉંમરે તીક્ષ્ણ હથીયાર વડે મારી નખાતો જોયો. હું વંશીય ભેદભાવની તીવ્ર અશાંતિમાં ઉછેર્યો. વિયેતનામ યુદ્ધ તેના ચરમ પર હતું. લોકો કહેતા હતા કે ઇશ્વર મરી ગયો છે. સ્વાભાવિક રીતે, એ એવો સમય હતો જ્યારે મારા જેવી યુવાન વ્યક્તિ ઘણા પ્રશ્નો પૂછતી, હું તેમનાથી જુદો ન હતો. મેં આવા પ્રશ્નો પૂછયા, "આપણે ક્યાં જઈએ છીએ ? જીવન શું છે ? જીવનનું યથાર્થપણું પુરવાર કરનાર કોણ છે ?"

"મારી મા મને કહેતી તે મને યાદ છે, આંદ્રે, હું તારા એ બધા પ્રશ્નોનો જવાબ ન આપી શકું, પરંતુ જે તે જવાબ આપી શકે તેવા 'એક' સુધી હું તને લઈ જઈ શકું."

"હું પેન્સીલ્વેનીયા નેશનલ ગાર્ડના ભાગ તરીકે ન્યુજર્સીના ફોર્ટ ડીક્ષ જઈ રહ્યો હતો. જ્યારે હું નીકળ્યો ત્યારે મારી મા એ મને એક બાઇબલ આપ્યું, અને જ્યારે હું બેરેકમાં રહેવા લાગ્યો ત્યારે મેં તે વાંચવાનું તથા અભ્યાસ કરવાનું શરૂ કર્યું. તે સમયે કોઈ ઇશ્વર નથી તેવું હું નહોતો માનતો; હું માત્ર તેને એ બિંદુ સુધી નહોતો જાણતો જ્યાં હું તેનો સહારો લઈને કહી શકું, હે પિતા, મને મદદ કરો !"

બાઇબલ વાંચ્યા પછી મને ખ્યાલ આવ્યો કે હું ઇશ્વરનું બાળક છું અને જે અંતર મને

તેમનાથી જુદો પાડતું હતું તે તેના પુત્ર ઇસુના મૃત્યુ અને પુનર્જીવન વડે જોડી દેવાયું હતું. એ આનંદ અને ખાતરી એ જ હતાં જેની મને એ જોવા માટે જરૂર હતી કે દુનિયા પાસે જે આશા આપી શકે તેમ હતી તેના કરતાં ઘણી મોટી આશા હતી.

"તો, તમે મને પૂછ્યું કે મેં શ્રદ્ધા ક્યાંથી મેળવી ? તો હું તમને કહીશ : મેં તે મારી માતા પાસેથી મેળવી. હું ઇશ્વરનો આભાર માનીશ કે મારે એવી મા હતી જે તેના પુત્રને એટલો બધો ચાહતી હતી કે તેણીએ તેને આપી શકાય તેવી સૌથી કિંમતી વસ્તુ-તેણીની શ્રદ્ધાની ભેટ - તેની સાથે વહેંચી !"

આંદ્રેએ જ્યારે તેની પત્ની તથા પુત્રીને ગુમાવ્યાં ત્યારે તે તૂટી ન ગયો. ઇશ્વરે તેને જીવનમાં આગળ વધવાની શક્તિ આપી. આજે આંદ્રે ફરી પરણ્યો છે અને તેને નવું બાળક છે. તેણે જીવન ચાલું રાખ્યું, તે આગળ વધતો રહ્યો અને જ્યારે તેની પત્ની તથા પુત્રીએ જીવવાનું અટકાવી દીધું ત્યારે તે અટકી ન ગયો !

(2) હાર ન સ્વીકારો : આપણે ભાવનાત્મક હાર સ્વીકાર્યા વગર આપણી સાથે જે ખરાબ વસ્તુ બને છે તેની વાસ્તવિકતા સ્વીકારતાં શીખવું જોઈએ. "તેનાં મૃત્યુએ મારી સાથે જે કર્યું છે તે તેનાં મૃત્યુએ તેની સાથે જ કર્યું છે તેના કરતાં ઘણું ખરાબ છે !" આ શબ્દો એક વિધવા વડે બોલાયા હતા, જ્યારે તેણી તેના મૃત પતિનાં શરીર પાસે ઊભી હતી. છોડી ન જાવ ! કઠિન સમય નથી ટકતો, પરંતુ મજબૂત માણસો ટકે છે ! બહાદૂર બનો ! લડત આપો ! ફરી પાછા આવો. એક બીજી દુનિયા પણ છે - ભૂખી, પીડીત. તેમના વિશે વિચારો - તેઓ જીવતા છે; તેમને તમારી જરૂર છે !

ગોન વીથ ધ વીન્ડ પુસ્તકમાં આપણે સીવીલવોરમાં થયેલી કરુણાન્તિકાઓ હેઠળ તૂટી ગયેલા દક્ષિણના સજ્જન વિશે વાંચ્યું. તેને પડી ભાંગતો જોઈને, તે નવલીકાનું બીજું પાત્ર કહે છે, "તે અંદરથી હારી ગયો હશે. હું કહેવા માગું છું કે જે દુનિયા ન કરી શકી, તે તેનાં પોતાનાં હૃદયે કર્યું." પછી તે સાદા દાર્શનિકે પૂરું કર્યું, "આપણી બહાર કંઈ જ એવું નથી જે આપણામાંથી કોઈને પણ હરાવી શકે."

(3) તમારા સ્વાર્થી દુ:ખોને દફનાવી દો. જે વ્યથા તમને બીજાને મદદ કરવાનું વિચારતા અટકાવે તે સ્વાર્થી છે. તમારી આજુબાજુ એવા જીવતા મનુષ્યોની દુનિયા છે જે તમે છો તેના કરતાં વધારે દુ:ખી છે. અહીં એકલવાયો, હૃદયભંગ થયેલી, મૃત્યુ પામતી મહિલાઓ... પુરુષો... બાળકો છે ! તેમને તમારી જરૂર છે. તમે તેમના કરતાં મજબૂત છો. તમે તેમને આશ્વાસન આપી શકો છો. આખા બીએટીટયુડ્સમ! વારંવાર ભારપૂર્વક કહેવાયું છે તે સુખનું રહસ્ય માત્ર બે શબ્દોમાં સમાવાય તેમ છે : "હું ત્રીજો છું." તમે પીડાવ છો ? તમે પાછા કેવી રીતે જીવતા થાવ છો ? સૌ પ્રથમ ઇશ્વર વિશે વિચારો, પછી અન્યો વિશે વિચારો, પછી તમારી જાતને ત્રીજાં સ્થાન પર મૂકો.

(4) તમારા આનંદોનો સરવાળો કરો*;* ક્યારેય તમારાં દુ:ખ ન ગણો.

તમે તમારા જીવનમાં શું છોડ્યું છે તે જુઓ; ક્યારેય તમે શું ગુમાવ્યું તેના તરફ નજર ન કરો. દુ:ખના સમયે તમે આઘાત, પીડા તથા વ્યથાથી એટલા ઘેરાઈ ગયા હો છો કે તે વ્યથાનાં પડ હેઠળ ઊંડે હજી જે આનંદ જીવતા હોય છે તેના વિશે તમે સભાન પણ નથી હોતા. તમારા દટાયેલા આનંદોને ખૂલ્લા કરવાનું નક્કી કરો અને તેમને ફરી શ્વાસ લેવા દો તથા આબાદ થવા દો !

તમને આભારની લાગણી ન અનુભવાતી હોય તોપણ, એવી ઘણી વસ્તુઓ છે જેના માટે તમે હજી પણ આભારી છો. યાદ કરવાથી શરૂ કરો. તમારાં સુખદ સંભારણાંને છૂટ્ટાં મૂકી દો. તમારા ભૂતકાળમાં બન્યા છે તે આનંદભર્યા અનુભવોના મહાન સંગ્રહને પુન: વાગોળવા દઈને તમારી જાતને આનંદ આપો. એવી ઘણી અદભૂત વસ્તુઓ છે જે તમારાં જીવનમાં બની છે.

મારા એક મિત્ર છે જે તેની રેસ્ટોરન્ટની દિવાલ પર એક “ઇટાલીયન ફીલોસોફી”ની કવિતા રાખે છે. તેના શબ્દો નીચે મુજબ છે, જે યાદ રાખવા લાયક છે.

ગણો તમારા બગીચાને ફૂલો વડે,

નહીં કે ક્યારેય ખરી ગયેલાં પાન વડે.

ગણો તમારા દિવસોને સોનેરી કલાકો વડે,

ન કરશો યાદ વાદળાંઓને જરા પણ.

ગણો તમારી નિશાઓને તારાઓ વડે, નહીં કે પડછાયાથી.

ગણો તમારાં જીવનને હાસ્ય વડે, નહીં કે આંસુઓથી.

અને આનંદ સાથે દરેક જન્મ દિવસે,

ગણો તમારી ઉંમર મિત્રો વડે, નહીં કે વર્ષોથી.

(5) તમારાં દુ:ખને સેવકમાં બદલી નાખો. એક વાર તમે તમારાં દુ:ખને દફનાવી દો, પછી તમે તમારાં દુ:ખને એક મદદગાર ભાગીદાર બનાવવા માટે તૈયાર છો. દુ:ખને જો તમે થવા દો તો તે શેતાની સરમુખત્યાતર બની શકે. તે તમને વક્રદર્શી, શંકાશીલ, ક્રોધી, આત્મ-દયા ખાનાર એકલસૂડા અથવા દારૂડીયામાં ફેરવી નાખી શકે. અથવા તો તે તમારો સેવક થઈ શકે, વહીવટ માટેના નવા માર્ગો માટે તમને નવી દૃષ્ટિ આપીને જે પીડા આપે તેવા અન્યો માટે વધારે કરુણા અનુભવવામાં તમને મદદ કરે. સકારાત્મક પસંદગી કરો - તમારા દુ:ખને એક સેવક બનવા દો જે ઈશ્વરની તથા તમારા સાથીઓની સેવા કરશે !

મને તાજેતરમાં મારા ટેલિવિઝન કાર્યક્રમના ન્યુયોર્કના એક દર્શક તરફથી એક પત્ર મળ્યો. મેં તે વાંચ્યો અને એટલું વારંવાર તેનું પુન:પઠન કર્યું છે કે મને તે લગભગ યાદ રહી ગયો છે હું તે તમારી સાથે વહેંચીશ :

પ્રિય ડૉ. શુલર,

મેં મારાં જીવનમાં અગાઉ ક્યારેય આવો પત્ર લખ્યો નથી. આ એક કડવા માણસની.. અને જેણે તેને બચાવ્યો તેવી એક વ્યક્તિની વાત છે. હું તે કડવો માણસ છું. 1૯61માં હું પરણ્યો. હું મારી પત્નીને ચાહતો હતો. અમારો પ્રેમ એક માત્ર વસ્તુ છે જેણે મને આગળ વધતો રાખ્યો છે. અમારાં લગ્નના થોડા જ સમય પછી અમે નાણાકીય મુશ્કેલી સહન કરી. આ વસ્તુને મને ખરેખર કડવો બનાવી દીધો.

પછી અમારે બાળકો જોઈતાં હતાં અને અમને ખબર પડી કે બાળકો થઈ શકે તેમ નથી. આ બાબતે મને વધુ કડવો બનાવ્યો. થોડા સમય પછી અમે એક બાળક દત્તક લીધું અને ટૂંક સમય

માટે અમે ઘણાં જ ખુશ હતાં. પછી અમને ખ્યાલ આવ્યો કે આ દત્તક લીધેલ બાળક, એક નાનકડો છોકરો જેનું નામ અને જોય પાડ્યું હતું તે મગજને નુકસાન થવાને કારણે માનસિક રીતે વિકલાંગ હતો ! આ વસ્તુએ મને વધારે કડવો બનાવ્યો. પરંતુ મારાં જીવનનો સૌથી કડવો દિવસ એ હતો જે દિવસે તે નાનકડો જોય મૃત્યુ પામ્યો. જે દિવસે અમે તેને દફનાવ્યો, તે દિવસે હું એટલો કડવો થઈ ઉઠચો કે હું ઇશ્વર, ક્રાઇસ્ટ અથવા કોઈને પણ કે કાંઈપણ નહોતો માનતો.

હમણાં થોડા મહિનાઓથી મારી પત્ની રવિવારે સવારે આ ધાર્મિક ટેલિવિઝન કાર્યક્રમ જૂએ છે. તેણીએ મને તેની સાથે જોવા બેસવાની આજીજી કરી. પરંતુ હું ન બેઠો. છ અઠવાડિયાં પહેલાં હું લીવીંગ રૂમમાંથી પસાર થતો હતો જ્યારે તમે કંઈક કહ્યું જેણે મારું ધ્યાન ખેંચ્યું. મેં સાંભળ્યું. મેં તે પછીનાં, તે પછીનાં અને તેની પણ પછીનાં અઠવાડિયે સાંભળ્યું. હું તમને એ કહેવા માટે લખું છું કે છ અઠવાડિયાંના ટૂંકા સમયમાં હવે હું બદલાયેલી વ્યક્તિ છું. મારી બધી કડવાશ ચાલી ગઈ છે.

હું તમારો આભાર માનું છું કારણ કે તમે મને ઇસુ ખ્રિસ્તનો પરિચય કરાવ્યો છે. આને કારણે મેં તથા મારી પત્નીએ અમારાં જીવનને માનસિક રીતે વિકલાંગ બાળકોને મદદ કરવામાં સમર્પિત કરવાનું નક્કી કર્યું છે. ક્રાઇસ્ટ દ્વારા મારી વિચારસરણી બદલાઈ જવાને કારણે મારું જીવન કેટલું બદલાઈ ગયું છે તે હું તમને કહી શકતો નથી !

હું, આનંદપૂર્વક તમારો, એક ‘અવર ઑફ પાવર’નો શ્રોતા.

તમારાં દુઃખને તમને એક વધુ સારી વ્યક્તિમાં બદલી નાખવા દો અને તમારું દુઃખ એક આશીર્વાદમાં બદલાઈ જશે !

(6) ઇશ્વર તમને જે આપવાનો પ્રયત્ન કરે છે તે આશ્વાસન સ્વીકારો. આ પ્રકરણની શરૂઆતમાં મેં કહ્યું કે ઇશ્વર એ દુઃખનો સ્ત્રોત નથી. માણસનાં પાપ દુઃખ લાવ્યાં અને તેણે આ દુનિયામાં દુઃખ લાવવાનું ચાલુ રાખ્યું. આશ્વાસન લાવવા માટે ઇશ્વર તરત જ અને સરળતાપૂર્વક અંદર આવે છે. તે તેનાં પ્રેમ તથા શાશ્વત જીવનનાં વચનોનું આશ્વાસન આપે છે.

“જેઓ વિલાપ કરે છે તેઓ આશીર્વાદ પામેલા છે, આથી તેમને આશ્વાસન આપવામાં આવશે.” હા, એક શરત જોડાયેલી છે, એક “જો” લગાડેલ છે. તમે સુખી હશો, તમને આશ્વાસન અપાશે, જો ઇશ્વર તમારો મિત્ર છે તો અને જો ક્રાઇસ્ટ તમારા તારણહાર છે તો. ઇશ્વર તમને આપે છે તે આશ્વાસન સ્વીકારો.

ઇશ્વર આ મુજબ કરશે !

ઇશ્વર ખરું આશ્વાસન આપે છે, લાગણી પ્રધાન દયા નહીં, એવી સહાનુભૂતિ પણ નહીં જે પીડિત વ્યક્તિને નબળી પાડે. તે મજબૂત પ્રેમ આપે છે જે આપણને વધુ મીઠી અને વધુ મજબૂત વ્યક્તિ બનાવે છે !

જ્યારે અમારી પુત્રી કારોલે તેર વર્ષની ઉંમરે મોટર-સાયકલના અકસ્માતમાં તેનો પગ ગુમાવ્યો હું અને મારી પત્ની તેણીને આશ્વાસન આપવાના પ્રયત્નમાં મચી પડ્યા. અમે તેના પ્રિય રમકડાં હૉસ્પિટલમાં લઈ ગયાં, અમે તેણીના મિત્રોને ફોન કર્યા અને તેમને તેણીની મુલાકાત લેવા

કહ્યું. અમે ક્યારેય કારોલ પાસેથી ખસ્યાં નહીં. અમારામાંથી એક લગભગ સતતપણે તેની સાથે રહેતું.



સારા સમાચાર એ છે કે...
ખરાબ સમાચારને
સારા સમાચારમાં
બદલી શકાય છે...
જ્યારે તમે તમારો
અભિગમ બદલો !



પછી એક દિવસ અમને અમારી એક મિત્ર ડોરોથી ડીબોલ્ડનો ફોન આવ્યો. તમારામાંના ઘણા જાણે છે તેમ, ડોરોથી ચૌદ દત્તક સંતાનોની માતા છે. એ બધાં જ બાળકો ખૂબ જ વિશિષ્ટ છે. કેટલાંક અંધ છે તો કેટલાંક પેરાપ્લેજીક છે. એકનાં ચાર અંગ છેદન થયેલાં છે. બધાં જ શારીરિક કે માનસિક રીતે વિકલાંગ બાળકો છે.

ડોરોથી એ આ બધાં જ બાળકો સાથે ચમત્કારો કર્યા છે. તેમની વિકલાંગતા છતાં, તેણીએ કોઈએ કલ્પના પણ કરી હોય તેના કરતાં ઘણું વધારે કરવા માટે તેમને પ્રેર્યાં છે. તેઓ બધાં જ જાતે કપડાં પહેરે છે. ઘરમાં ક્યાંય ઢાળ વાળો રસ્તો નથી; તેઓ બધાં જ કેવી રીતે પગથીયાં ચડવાં તે જાણે છે જેથી ઢાળની ગેરહાજરીમાં તેઓ ક્યારેય ક્યાંય અટકે નહીં.

જ્યારે ડોરોથીએ કારોલના અકસ્માત વિશે સાંભળ્યું તો તેણીએ પોતાનો પ્રેમ તથા ચિંતા વ્યક્ત કરવા ફોન કર્યો. હા, તેણીએ પ્રેમ અભિવ્યક્ત કર્યો - તેણીએ પરવા કરી કે કારોલે આટલી બધી પીડા સહન કરી અને હા, તેણીને ચિંતા થઈ. તેને આર્વેલા લાગ્યું અને મને ચેતવવાની જરૂર હતી કે કારોલને મદદ કરવામાં એક સાચો માર્ગ અને એક ખોટો માર્ગ હતો.

તેણે માત્ર કહ્યું, “તમે તેણીને કેવી રીતે સગવડ આપો છો તેમાં સાવચેત રહેજો.”

તેણીના શબ્દો કેટલા ડહાપણભર્યા હતા. કારોલને આશ્વાસનની જરૂર હતી, દયાની

નહીં અને તેણીના આંસુ લુછીને આશ્વાસન નહોતું આપવાનું, પરંતુ તેનું ધ્યાન વર્તમાન પીડાને પાર ભવિષ્યના વિજયો પર ઉઠાવીને આપવાનું હતું.

ઇશ્વર આશ્વસ્ત કરે છે. તે દયા નથી ખાતો. તે સહાનુભૂતિ નથી દાખવતો. તે આપણને ઉપર ઊંચકે છે, આપણાં આંસુ લુછે છે, આપણા ડરને પંપાળે છે, અને આપણા વિચારોને પીડાથી ઉપર ઉઠાવે છે. ઈશ્વર કેવી રીતે આટલી તજજ્ઞતાથી આપણને આશ્વસ્ત કરે છે ? પાંચ રીતે : (1) તે આપણને હિંમત આપે છે; (2) તે આપણને સ્વસ્થ બનાવે છે; (3) તે આપણને સહવાસ આપે છે; (3) તે આપણને કરુણા આપે છે; અને (5) તે આપણને વચનબદ્ધતાનો નવો ગણ આપે છે.

ઈશ્વર આપણને હિંમત આપે છે.

જ્યારે આપણે વિષાદમાં હોઈએ ત્યારે ઇશ્વર આપણને આગળ વધવાની, આપણાં દુ:ખને પચાવવાની, જ્યાં આપણે આવતીકાલનો સામનો કરી શકીએ તે બિંદુ સુધી આપણી જાતને પહોંચાડવાની હિંમત આપે છે. હું કેટલાંક વર્ષો પહેલાં કેન્સરથી મૃત્યુ પામી રહેલા સેનેટર હુબર્ટ હમ્ફરેના પરિવાર તરફથી મને ફોન આવ્યો તે સમય ક્યારેય નહીં વિસરું. તેના પરિવારે એ આશા સાથે મને તેમની મુલાકાત લેવા કહ્યું કે હું તેમને પાછા વોશીંગ્ટન જવા પ્રેરી શકીશ. જ્યારે હું તેમના મીનીઆપોલીસનાં નાનાં એપાર્ટમેન્ટ પર પહોંચ્યો ત્યારે તેઓ મારી રાહ જોતા હતા. તેઓ સંપૂર્ણપણે વસ્ત્ર પરિધાનથી સજ્જ થઈને ખુરશીમાં ટટ્ટાર બેઠા હતા. તેમનું સફેદ શર્ટ તેમનાં ગળાં કરતાં લગભગ દોઢ ઈંચ જેટલું મોટું હતું.

એ હિંમત હતી ! એક શર્ટ અને ટાઇ પહેરવાં - પેન્ટ ચડાવવું, બુટ ને મોજાં પહેરવાં અને ખુરશીમાં બેસવા માટે ઘણી હિંમત જોઈએ. માનો કે ન માનો, જ્યારે તમે એટલા બધા બીમાર હો ત્યારે એ આગળ તરફનું એક મોટું પગલું છે. આગળ વધવાની આવી હિંમત ક્યાંથી આવે છે ? તે ઇશ્વર પાસેથી આવે છે.

મેં આ હિંમતવાન માણસને કહ્યું, “હુબર્ટ, જ્યારે તમે ખરેખર ઢીલા, હતાશ અને નાહિંમત થયેલા છો ત્યારે કઈ વસ્તુ એ તમને ફરી પાછા ઊભા કર્યાં ?” મને આશા હતી કે આ પ્રશ્ન તેમને એ સમય યાદ કરવાનું કારણ બનશે જ્યારે તેઓ હતાશ કરતા સંજોગોમાંથી વિજયી બન્યા હતા.

તેમણે કેટલીક બાઇબલની પંક્તિઓ, સ્લોગન્સ તથા પ્રેરણાત્મક અનુભવો યાદ કરવાનું શરૂ કર્યું. ઓચિંતો, મેં તેમની આંખોમાં એક તિખારો જોયો ! આથી મેં તેમને કહ્યું, “તમે વોશીંગ્ટન પાછા ક્યારે જાવ છો ?”

તેમણે તેમનાં પત્ની મ્યુરેલ તરફ જોયું અને કહ્યું, “કદાચ મારે જવું જોઈએ - વધુ એક વખત.”

તેઓ ગયા - અને તેમનાં અંતિમ અઠવાડિયાંમાં તેઓ અગાઉ જેવું જીવન જીવ્યા હતા તેમ જ જીવ્યા - બહાદુરીપૂર્વક. મને ધર્મસભામાં બીલી ગ્રેહામ, જેસ જેક્સન, રાષ્ટ્રપતિ કાર્ટર તથા લગભગ બધા જ ઉચ્ચ સેનેટરો સાથે થોડા જ મહિનાઓ પછી તેમના અંતિમ સંસ્કાર માટેનો ઉપદેશ આપવાનું માન મળ્યું. મને કહેવામાં આવ્યું છે કે લગભગ ચાલીસ મિલિયન અમેરિકનોએ

તે ટેલિવિઝન નેટવર્ક પર સાંભળ્યું તથા નિહાળ્યું.

એ સંદેશ માટે મેં "કરેજ-ધ બીગ સી" વિષય પસંદ કર્યો હતો. "ધ બીગ સી - એ કેન્સર માટે કહેવાય છે." મેં કહ્યું, "હુબર્ટ હમ્ફરે તે જાણતા હતા, પરંતુ તે તેનાથી પણ મોટો સી-કરેજ જાણતા હતા !"

ઈશ્વર આપણને સ્વસ્થતા આપે છે

જ્યારે લોકો સાથે અઘટિત બને છે ત્યારે ઈશ્વર તેને કેવી રીતે આશ્વાસન આપે છે ! તે તેમને હિંમત આપે છે. તે સૌથી અનપેક્ષિત સમયે તથા રીતે સ્વસ્થતાની ભાવના આપે છે. એક પૂરાણી ખ્રિસ્તી પંક્તિમાં કહેવાયું છે તેમ, "કેટલીક વાર જ્યારે એક ખ્રિસ્તી ગાય છે ત્યારે એક પ્રકાશ તેને આશ્ચર્ય આપે છે, તે ઇશ્વર છે જે તેની પાંખો પર ઉપચાર લઈને આવે છે."

સ્વર્ગસ્થ કોંગ્રેસમેન ક્લાઇડ ડોયલની બહેન મને યાદ આવે છે; તેણીને બે બાળકો હતાં, એક પુત્ર અને એક પુત્રી. તેમને બંનેની જ્યારે તેઓ કિશોરાવસ્થાનાં હતાં ત્યારે જ હત્યા કરી નખાઈ. તેનો પતિ પણ પ્રમાણમાં ઘણી નાની ઉંમરે મૃત્યુ પામ્યો. તે સંપૂર્ણપણે એકલી હતી. તમે જાણો છો કોઈક પાસે જઈને એમ કહેવું કે, "તમે જે ગુમાવ્યું છે તેની તરફ નહીં, તમારી પાસે હજી જે છે તેના તરફ જુઓ." તે સહેલું છે. પરંતુ અહીં એક એવી સ્ત્રી હતી જેની પાસે કોઈ જ બચ્યું ન હતું !

મેં પૂછયું, "તને ક્યાંથી આશ્વાસન મળ્યું ? કઈ વસ્તુ તને આગળ વધતા રહેવાની શક્તિ આપે છે ?"

તેણીએ કહ્યું, "હું લોંગ બીચ રહું છું. મને દરરોજ બીચ પર જવાની ટેવ છે. ઘણી વાર હું ત્યાં મૂઢની જેમ બેસી રહું છું. હું સાંભળી નથી શકતી, અનુભવી નથી શકતી પરંતુ છતાં પણ જોઈ તો શકું છું. મેં ફીણના વળાંકોમાં ઉદ્ભવતાં મોજાંને રેતી સાથે અથડાઈને તૂટી જતાં અને ફરી પાછાં ફરતાં જોયાં. મેં તે દિવસે દિવસે, એક મહિના પછી બીજા મહિને, વર્ષ પછી વર્ષે જોયા કર્યું. એક દિવસ, મેં એક મોજાંને આવતું, તૂટતું, ફીણ ફીણ થતું અને રેતીમાંથી સરી જતું જોયું અને હું ઇશ્વર તરફથી આવેલ એક સંદેશથી ડઘાઈ ગઈ. મેં મારી અંદરથી જાણે એક અવાજ સાંભળ્યો જે કહેતો હતો, જીવન સિવાય બીજું કાંઈ જ નથી !"

અને તેણીએ કહ્યું, "ત્યારે મારો પુત્ર ક્યાં હતો તે મને ખબર પડી ! મારી પુત્રી અને મારા પતિ ક્યાં હતા તે મને ખબર પડી !" પ્રથમ વખત તેણી શાંતિની લાગણી અનુભવી શકી અને પછી તે પોતાનું જીવન ફરી ઘડવાનું શરૂ કરી શકી.

ઇશ્વર આપણને સહવાસ આપે છે

"જેઓ વિલાપ કરે છે તેઓ આશીવાર્દ પામેલા છે, આથી તેમને આશ્વાસન આપવામાં આવશે." તેમને હિંમત મળે છે... તેઓ એક દફનવિધિ સહન કરી શકે - અથવા તો તેઓ જે

કોઈનો પણ સામનો કરી રહ્યા હોય તે સહન કરી શકે તેટલી તેમને સ્વસ્થતા આપવામાં આવે છે અને તેમને બીજો મોટો "C" આપવામાં આવે છે - કમ્પેનીયનશીપ - સહવાસ. એક પાસ્ટર તરીકેનાં મારાં તેંત્રીસ વર્ષોમાં મેં જે લોકોને વિનાશક અનુભવ થયો હતો તેમની પાસેથી આટલાં વર્ષોમાં એક સમાન જ ટીપ્પણી સાંભળી છે. તેઓ કહે છે, "અમને એટલા બધા ફોન તથા પત્રો મળ્યા. મેં વર્ષોથી જેમની પાસેથી કંઈ ન સાંભળ્યું હોય તેવા લોકોના પણ ફોન આવ્યા. કેટલા બધા લોકો મારી કાળજી રાખે છે તે વિશે હું આશ્ચર્ય પામી ગઈ."

હું એ દફનવિધિ ક્યારેય નહીં ભૂલું જેમાં કોઈ જ ન આવ્યું. મૃત્યુ પામનાર માણસને ત્રણ પુત્રો હતા. તે ત્રણેય એજ ગામમાં રહેતા હતા. છતાં તેમાંથી કોઈ એ તેમના પિતાની દફનવિધિમાં હાજરી ન આપી. માત્ર દફનવિધિ કરનાર અને હું બે જ ત્યાં હતાં.

મેં કહ્યું, "શું થયું છે ? બધા ક્યાં છે ?" વિધિ કરનારે કહ્યું, "તે અતિશય સ્વાર્થી માણસ હતો. તેનાં જીવનમાં તેને ક્યારેય તેના પરિવાર માટે સમય ન હતો; તો પછી તેમને પણ અત્યારે તેને માટે સમય નથી તેમાં ખાસ આશ્ચર્ય નથી."

આજે હું તમારી સાથે જે વચનો વહેંચું છું તેની એક શરત છે. એ વચન કે "જેઓ વિલાપ કરે છે તેઓ આશીર્વાદ પામેલા છે, આથી તેમને આશ્વાસન આપવામાં આવશે, તે કોઈ પણ અથવા બધી જ વ્યક્તિઓને લાગુ પડતું નથી. આ પ્રકરણમાં હું જે પ્રશ્ન વિશે વાત કરું છું તેને યાદ રાખો, જ્યારે સારા લોકો સાથે અઘટિત બને ત્યારે તેમનું શું થાય છે ?"

તમે શું ગુમાવ્યું છે તેના તરફ ક્યારેય ન જુઓ. તમારી પાસે શું બચ્યું છે તે જુઓ.

જ્યારે મારી પુત્રી કારોલને અકસ્માત થયો અને તેણે પોતાનો પગ ગુમાવ્યો ત્યારે તેને માટે જહોન વેન તરફથી મળેલ એક ફોટો સૌથી વધારે અર્થસભર હતો. તેણે તેના પર સહી કરીને લખ્યું હતું. "પ્રિય કારોલ : ખુશ રહેજે; તને પ્રેમ મળ્યો છે."

હું તમને કહું છું કે તે એક વાક્યએ મારા પર એટલી જ ઊંડી છાપ પાડી જેટલી તેણે કારોલ પર પાડી હતી. જો તમારી પાસે એવું કોઈક હોય જે તમને ખરાબ સમયમાં પણ પ્રેમ કરતું હોય, તો તમે મહાન ખોટને પણ સ્વીકારી શકો. ઇશ્વર તમારી પાસે મિત્રો મોકલી આપશે.

કેઇથ મીલર એક થીઓલોજીયન, દાર્શનિક તથા મનોવૈજ્ઞાનિક છે જેમણે બ્રુસ લાર્સન જેવા લોકો સાથે મળીને રીલેશનલ થીઓલોજી સ્થાપવામાં મદદ કરી છે. આટલાં વર્ષોમાં તેમના મંત્રીગણ ઇસુ ખ્રિસ્તનાં વચનોનું એવી રીતે અર્થઘટન કરે છે જે લોકોને તંદુરસ્ત થવામાં મદદ કરે છે. તેમનાં પુસ્તક ધ ટેસ્ટ ઑફ ન્યુ વાઇનની દસ લાખ કરતાં વધુ પ્રતો વેંચાઈ ગઈ છે.

કેઇથને તેની મીનીસ્ટ્રીના પરિણામ સ્વરૂપે જે સફળતા, પ્રેમ તથા પ્રશંસા મળી છે તે માણે છે. પરંતુ પછી તે એક પીડાદાયક છૂટાછેડાનાં દુ:ખમાંથી પસાર થયો. તેને પોતે નિષ્ફળ હોય તેવું લાગ્યું અને નિંદનીય રીતે કેટલાક ખ્રિસ્તીઓએ તેમને લખ્યું કે, "જો તારા છૂટાછેડા થયા છે તો તું એક ખ્રિસ્તી કેવી રીતે હોઈ શકે ?" પરંતુ પછી તેણે જેમને મદદ કરી હતી તેવા લોકો સહિતના ઘણા તેની પાસે આવ્યા અને કહ્યું, "અમે તને કેવી રીતે ચાહી શકીએ ?" તેમના આવા ટેકા દ્વારા તે કૃપાદૃષ્ટિની વાસ્તવિકતા સમજી તથા અનુભવી શક્યો.

હવે તેની પાસે એવા અન્ય લોકોની મીનીસ્ટ્રી છે જેઓ નુકસાન કરે છે અને સાચી શક્તિ મેળવે છે કારણ કે તેમણે તેમની પોતાની તાકાત છોડી દીધી છે. તેઓ ખરો પ્રેમ શોધે છે.

જ્યારે સારા લોકો ખરાબ સમયમાંથી પસાર થાય છે ત્યારે તેમનું શું થાય છે ? તેઓ એવા સાથીદારો શોધી શકે જેઓ તેમને પ્રેમ કરશે અને ટેકો આપશે. તેમનાં જીવનમાં નવો પ્રેમ આવશે. તેમને હિંમતની લાગણી મળશે અને સ્વસ્થ રાહત, આશા તથા શાંતિનું કેન્દ્ર મળશે જેનું અસ્તિત્વ હતું તેવી તેમને અગાઉ ક્યારેય ખબર ન હતી.

ઇશ્વર આપણને કરુણા આપે છે

હિંમત, સ્વસ્થતા, સહવાસ... અને કરુણા. દરેક સારી વ્યક્તિ, જે ખરાબ સમયમાંથી પસાર થાય છે તે વધુ લાગણીશીલ બને છે. એક અદ્ભૂત પંક્તિ છે જે મેં ઘણી વાર ટાંકી છે : “પ્રેમની સેવામાં, માત્ર ભગ્નહ્રદયો જ કામ કરશે.” સારા લોકો તેમના ઘાવને સિતારામાં બદલી નાખે છે.

ડૉ. બીન્જી બ્રુક્સ એક મહાન મહિલા છે. તેમને હોરાટીઓ અલ્ગેર એવોર્ડ એનાયત થયો છે અને તેણીને યુનાઇટેડ સ્ટેટ્સની પ્રથમ મહિલા બાળરોગ તજજ્ઞ સર્જન હોવાની વિશિષ્ટતા મળી છે. તેણી ટેક્ષાસનાં હ્યુસ્ટનમાં યુનિવર્સિટી ઑફ ટેક્ષાસ મેડીકલ સ્કુલમાં સર્જરીનાં પ્રોફેસર છે અને એથીક્સમાં રાષ્ટ્રપતિનાં વિશિષ્ટ સહાયક છે.

જ્યારે ડૉ.બ્રકસ પાંચમાં ધોરણમાં હતાં ત્યારે તેણીના શિક્ષકે તેની માતાને કહ્યું કે તે માનસિક રીતે વિકલાંગ હતાં. આજે બેન્જી કહે છે કે તેઓ તરત જ બીજી જગ્યાએ ચાલ્યાં ગયાં. તેણીએ કહ્યું, હું ખરેખર એક સોસેજનાં કારખાનામાં બંધબેસતી નથી, અને અન્ય બધાંની જેમ થોડા થોડા સોસેજની જેમ બહાર આવી શકું નહીં. દુર્ભાગ્યે, આપણી શિક્ષણ પ્રણાલી બાળકો સાથે જે કરે છે તે આવું જ છે. ઘણી વખત, તે તેમની સર્જનાત્મક અને એ હકીકત કે તેઓ અલગ છે, તે છીનવી લે છે.”

પરંતુ બેન્જી ડૉક્ટર થવા કૃતનિશ્ચયી હતાં. હકીકતમાં, તેઓ ઘણી વાર તેની બહેનની ઢીંગલી પર, રસોડાનાં ટેબલ નીચે મેનીક્યોર માટેની કાતર વડે ‘ઓપરેશન’ કરતાં જોવા મળતાં અને તેઓ એક શિક્ષક અથવા એક શિક્ષણ પ્રણાલીને તેમના માર્ગમાં આડી આવવા દે તેવાં ન હતાં.

ત્યારે એવું કંઈક બન્યું જેણે બેન્જી તથા તેની મેડીકલ પ્રેક્ટીસ પર ગહન અસર કરી. તેનો એક માત્ર ભાઈ, જે એરફોર્સમાં ટેસ્ટ પાયલટ હતો, તે સત્યાવીસ વર્ષની ઉંમરે માર્યો ગયો.

અને આથી તે વ્યથિત થઈ ગઈ. તેણી પોતાની વ્યથા વિશે કહે છે, “મને નથી લાગતું કે તમે આઘાતમાંથી બહાર આવી શકો. તમે તેની સાથે જીવતાં શીખી જાવ છો અને મેં મારા ભાઈનાં મૃત્યુ સાથે જીવતાં શીખી લીધું. પાછળથી, મારી મેડીકલ પ્રેક્ટિસમાં, જેમ જેમ નાના છોકરાઓ પછી થોડા મોટા છોકરાઓ આવતા ગયા તેમ દરેક ઉંમરમાં મેં તેને જોયો. હું તેમને ચાહી શકી અને ભાઈને આપવાનો મારો પ્રેમ તેમને મારો પ્રેમ આપી શકી.”

ઈશ્વર આપણને વચનબદ્ધતાનો નવો ગણ આપે છે.

જ્યારે સારા લોકો સાથે ખરાબ ઘટના બને ત્યારે ઇશ્વર તેમને કેવી રીતે આશ્વાસન આપે છે ? તેઓ તેમને હિંમત, સહવાસ અને કરુણા આપે છે. તેઓ તેમને વચનબદ્ધતાનો નવો ગણ પણ આપે છે. આર્ટ લીંકલેટર આનાં શ્રેષ્ઠ ઉદાહરણો પૈકીનું એક છે.

આર્ટને મિત્ર કહેવો તે હું મારું સમ્માન ગણું છું. તેની અમેરિકન જીવન તરફ જોવાની રમુજી અને આનંદપ્રદ રીતે આપણા બધાના જીવનમાં આનંદ અને હાસ્ય આણ્યાં છે. પરંતુ જ્યારે તમે આર્ટની હાજર જવાબી અને આશાવાદની પેલેપાર જુઓ ત્યારે તમે એક એવો માણસ નિહાળો છો જેણે પોતાના ક્રોસને એક કાર્ય - જેઓ નશીલાં દ્રવ્યોની નાગચૂડમાં સપડાઈ ગયા છે તેવા યુવા લોકોનાં જીવન સુધી પહોંચવાની વચનબદ્ધતામાં ફેરવી નાખ્યો છે. આ બધું તેની પુત્રીના નશાને કારણે થયેલ કરુણ મૃત્યુ અને તેના પુત્રના વાહન અકસ્માતથી થયેલ મૃત્યુમાંથી પરિણમ્યું છે.

મેં તેને એક વખત પૂછ્યું, “આર્ટ, તેં એક કરુણતાને અંગત સફળતામાં કેવી રીતે બદલી ?”

તેણે મને તેની ઉષ્માભરી, શાણી, પ્રેમાળ રીતે તેનો જવાબ આપ્યો, “દુ:ખદ ઘટનાને કબુલ કરવી, તેનો સ્વીકાર કરવો, તે સૌથી મુશ્કેલ બાબત છે. એ તમારાં જીવનમાં કંઈક એવું છે જેના પર તમારો કોઈ જ કાબૂ નથી, અને આપણે બધા જાણીએ છીએ તેમ, આપણે માટેનું ઇશ્વરનું આયોજન આપણે ગ્રહણ કરી શકીએ - સમજી શકીએ - તેના કરતાં વધારે છે. જીવન અને મૃત્યુ એ જીવનની પેટર્ન છે તેનો તે ભાગ છે.”

“એક વખત પડેલા ઘા ની ઉંડી ઉંડી પીડાને કબૂલ કરી લઈએ અને સ્વીકારી લઈએ, પછી તમને ખ્યાલ આવવાનો શરૂ થાય છે કે તમે અન્યો માટે પ્રેમ તથા કાળજી લેવાની તમારી પોતાની ક્ષમતાને વિસ્તારી છે. જ્યાં સુધી તમે દુ:ખી ન થાવ ત્યાં સુધી તમે અન્યોની પીડાને ક્યારેય સમજી ન શકો. જ્યાં સુધી તમે નિષ્ફળ ન જાવ, તમે સાચા અર્થમાં સફળતા પ્રાપ્ત ન કરી શકો. મારા પોતાના કિસ્સામાં, મારા જીવનમાં આવેલી પીડાએ મને યુવાનો તથા પરિવારોને મદદ કરવાના પ્રયાસમાં નશાના અત્યાચાર વિરુદ્ધ આંદોલન શરૂ કરાવ્યું.”

“મેં કર્યું તેવી રીતે બધાએ આંદોલન કરવું જોઈએ તેવું નથી, પરંતુ દરેક જણ પ્રેમ અને કાળજી પ્રદર્શિત કરી શકે. દરેક વ્યક્તિનું જીવન કોઈ અન્ય વ્યક્તિનાં જીવનને સ્પર્શે છે જેને આજે પ્રેમની જરૂર હોય.”

હું સંમત થયો. “પ્રેમની સેવામાં માત્ર ભગ્ન હૃદયો જ કામ કરી શકે.” દુ:ખદ બનાવોનો સામનો કરતા લોકો ઓચિંતા તેમનાં સમગ્ર જીવન માટે નવી દૃષ્ટિ મેળવે છે. તેમની આખી દૃષ્ટિ જ બદલાઈ જાય છે. જે કેટલીક વસ્તુઓને તેઓએ ઘણી મુલ્યવાન ગણી હોય તેનો ખાસ અર્થ રહેલો દેખાતો બંધ થઈ જાય છે. કેટલાક ખજાનાઓ જેનું તેમણે ઘણું ઉચ્ચ મુલ્ય ધાર્યું હોય તે હવે એટલા મુલ્યવાન નથી દેખાતા. તેમની મુલ્ય કરવાની પ્રણાલી બદલાઈ જાય છે અને સાચું કહું છું, જ્યારે તમારી મુલ્ય પ્રણાલી બદલાય છે ત્યારે તમારું હૃદય બદલાય છે, તમારો મિજાજ બદલાય છે, તમારું મન બદલાય છે. તમારું જીવન અને તમારા સંબંધો બદલાય છે.

મને જેની ઘણી જ અંગત કરુણાન્તિકા હતી તેવી એક અતિ ધનાઢ્ય મહિલાને ઘેર બોલાવાયો હતો તે યાદ આવે છે. આ મહિલા પાસે ચીનનાં મીંગ વંશનાં વાઝ હતાં, હીરા, ઝવેરાત અને અન્ય ઘણી મુલ્યવાન, સુંદર વસ્તુઓ હતી. તેણીએ મારું અભિવાદન કર્યું અને કહ્યું, “ડૉ.

શુલર, મેં એક વાર તમને ટેલીવિઝન પર કહેતાં સાંભળ્યા હતા કે, ‘મુશ્કેલી તમને જ્યાં જોઈ જાય ત્યાંથી ક્યારેય છોડી જતી નથી. એ કેટલું બધું સાચું છે.”

તેણીએ કહ્યું, “આ વસ્તુઓ, જે મારી માલિકીની છે, તેનો મને હવે એટલો બધો અર્થ લાગતો નથી. હા, હજી મને તે ગમે છે; હું તેમને ફેંકી દેવાની નથી. પરંતુ જો ઘરમાં આગ લાગે અને હું એક જ વસ્તુ સાથે લઈ જઈ શકું તેમ હોઉં તો, મેં પહેલાં કર્યું હોત તેમ, હું હવે પેલું મીંગ વાઝ નહીં લઉં. તમને ખબર છે, હું શું લઈશ ? હું પરિવારના ફોટાઓ લઈશ.”

જ્યારે દુ:ખદ ઘટનાઓ બને છે, મુલ્યો બદલાય છે. પરિવાર-પતિ, પત્ની, માતા-પિતા, બાળકો વધુ મહત્વનાં બની જાય છે. સંબંધો વધુ કિંમતી બની જાય છે, અને જીવન પોતે કોઈ પણ રોજ-બ-રોજના વ્યવસાય અથવા ભૌતિક સંપત્તિ કરતાં વધુ મહત્વનું બની જાય છે. જ્યારે તમારાં મુલ્યો બદલાય છે, ત્યારે તમારું જીવન બદલાય છે અને આથી જ, જે લોકો વિલાપ કરે છે તેમને ખરેખર આશ્વાસન અપાય છે. માનો કે ન માનો, તેઓ સુખી છે.

પોઝીટીવ એટીટ્યુડ - *3*

"હું શાંત, સ્વસ્થ અને વિશુધ્ધ રહેવાનો છું."



જેઓ વિનમ્ર છે
તેઓ આશીર્વાદ પામેલા છે,
આથી તેઓ પૃથ્વી પર રાજ કરશે.

જેઓ વિનમ્ર છે તેઓ આશીર્વાદ પામેલા છે, આથી તેઓ પૃથ્વી પર રાજ કરશે. તે ઉપહાસ જેવું નથી લાગતું ?

આપણે યુનાઈટેડ સ્ટેટસ ઑફ અમેરિકા કહેવાતા ઉચ્ચ સત્તાધારી દેશમાં રહીએ છીએ. શું આપણે બધા નથી જાણતા કે આ એક ઉચ્ચ ઊર્જાવાળા, શક્તિશાળી પ્રોત્સાહક - મોટા વ્હીલર - ડીલર છે, જે આગળ વધે છે ?

"જેઓ વિનમ્ર છે તેઓ આશીર્વાદ પામેલા છે, આથી તેઓ પૃથ્વી પર રાજ કરશે." જો ઇસુએ કહ્યું હોત કે, "વિનમ્ર છે તેઓ આશીર્વાદ પામેલા છે, આથી સ્વર્ગનું રાજ્ય તેમનું છે" - તે આપણે સમજી શકત. પરંતુ એ કહેવું કે વિનમ્ર છે તે વારસામાં પૃથ્વી મેળવશે તે આપણા કાનને થોડું ઉપહાસ ભર્યું લાગે છે. તે સફળતાની લોકપ્રિય થીયરી હોય તેટલું સરસ રીતે સંવાદી બનાવાયેલ લાગે છે.

જ્યારે ઇસુએ કહ્યું કે, "જેઓ વિનમ્ર છે તેઓ આશીર્વાદ પામેલા છે. આથી તેઓ વારસામાં પૃથ્વી મેળવશે." ત્યારે તેઓ શું શીખવતા હતા ? શું આ પંક્તિનો અર્થ એવો છે કે આપણે ક્યારેય અવાજ ન ઉઠાવવો અને આપણી જાતનો બચાવ ન કરવો ?

આપણા સમાજમાં અન્યાયો થાય છે. આપણે એવી દુનિયામાં રહીએ છીએ જ્યાં પૂર્વગ્રહો છે. તમે તેમને કેવી રીતે સંભાળો છો ? શું આ પંક્તિનો અર્થ એવો છે કે આપણે પગલુછણીયા બની જઈને લોકોને આપણને કચડવાની છૂટ આપવી જોઈએ ?

મને એક વાત યાદ આવે છે જે મારા મિત્ર ફાધર જોસેફ મર્ફીએ મને બેઝબોલ જોવા ગયેલી કેટલીક નન વિશે કહી હતી. નન ની પાછળ કેટલાક કેથોલિક વિરોધીએ બેઠા હતા. તેમાંના એકે નન સાંભળી શકે તે માટે, ખૂબ મોટેથી કહ્યું, "ચાલો, આપણે ટેક્ષાસ ચાલ્યા જઈએ; મેં સાંભળ્યું છે કે ત્યાં વધારે કેથોલીક્સ નથી."

તેના સાથીદારે જવાબ આપ્યો, "આપણે ઓકલાહામા જઈએ, ત્યાં તેનાથી પણ ઓછા કેથોલીક્સ છે."

વળી પહેલાએ કહ્યું, "આપણે અલાસ્કા જઈએ; ત્યાં લગભગ એક પણ કેથોલીક નથી."

એ ક્ષણે એ નને પાછળ ફરીને કહ્યું, "તમે નર્કમાં કેમ નથી જતા? ત્યાં કોઈ કેથોલીક નથી."

"વિનમ્ર છે તે આશીર્વાદ પામેલા છે." શું તેનો અર્થ એવો છે કે આપણે મુંગા મુંગા અમર્યાદિત સંયમ સાથે અપમાન તથા અન્યાય સ્વીકારવા જોઈએ ? જો આપણે મૂળભૂત ગ્રીક શબ્દ પર જઈએ અને 'વિનમ્ર' તરીકે અનુવાદિત થયેલ શબ્દ ચકાસીએ તો આપણે જોશું કે બાઇબલની આ પંક્તિ ને લાગતી કેવી ગેરસમજ ઊભી થઈ છે.

આધુનિક ઉપયોગની રીતે આ શબ્દનો 'વિનમ્ર' એવો અનુવાદ એ સારું ભાષાંતર નથી; જ્યારે કીંગ જેમ્સનું ભાષાંતર થયું હતું ત્યારે, જૂનાં ઈંગ્લેન્ડમાં ચાર સો વર્ષ પહેલાં તેનો અર્થ આજે છે તેના કરતાં કંઈક જુદો જ થતો હતો. આ પંક્તિનું વધુ સારું આધુનિક ભાષાંતર આ મુજબ હોઈ શકે. "જેઓ સમર્થ છે, ભાવનાત્મક રીતે સ્થિર છે, સુધારક્ષમ છે, માયાળુ હૃદયવાળા

છે, તેઓ આશીર્વાદ પામેલાં છે, આથી તેમને પૃથ્વી વારસામાં મળશે." આ એ વ્યક્તિ છે જે સફળ થશે અને "પૃથ્વીને ધારણ કરશે."

"Meek" (વિનમ્ર) - તેનો અર્થ શું છે ? જવાબ શબ્દમાં જ છે :

M - માઈટી - સમર્થ

E - ઈમોશનલી સ્ટેબલ - ભાવનાત્મક રીતે સ્થિર

E - એડયુકેબલ - સુધારક્ષમ

K - કાઈન્ડ - માયાળુ

સમર્થ લોકો સુખી છે

હવે હું વિરોધ થતો સાંભળી શકું છે : "એક મિનિટ થોભો ?" શું તમે એમ કહ્યું કે "સમર્થ લોકો સુખી છે ?" તમે વિનમ્ર ની જગ્યાએ સમર્થ શબ્દ મૂકી કેવી રીતે શકો ? શુલર, આ વખતે તમે વધારે પડતા આગળ ગયા છે :

પરંતુ, તમે આ પંક્તિ વાંચી શકો, "સમર્થ લોકો સુખી છે." તેના વિશે વિચારો. ખરું સામર્થ્ય શું છે ? કોણ વધારે તાકાતવર છે - એવો યુવાન જે તેના ક્રોધને તાબે થઈ જાય છે અને શારીરિક અથવા શાબ્દિક રીતે નિંદાત્મક થઈ જાય છે તે ? અથવા એ યુવાન, જે તેનાં આંતરિક સામર્થ્ય માટે સ્વસ્થ તથા નિ:શંક રહે છે તે ?

સમર્થ કોણ છે ? શક્તિશાળી લોકો સમર્થ છે જ્યારે તેમણે તેમની શક્તિ ટકાવી રાખવાનુ શીખી લીધું હોય. તેઓ જાણે છે કે નિયંત્રણ અને શિસ્તમાં જ ખરું સામર્થ્ય પડેલું છે, એટલા માટે કે તેઓ વીડની સાથે નાના છોડ પણ ખેંચી કાઢે છે અને માનવ તથા સજ્જનતાના કુમળા અંકુરો પણ ઉખાડીને ફેંકી દે છે. તેઓ એ છે જેઓ જ્યારે પોતાનું સામર્થ્ય ઘડે છે ત્યારે સૌમ્ય રહે છે, જેઓ સમર્થ હોય છે ત્યારે કૃપાળુ રહે છે. તેઓ આશીર્વાદ પામેલા છે, કારણ કે તેઓ માત્ર એક યુદ્ધ જ નહીં જીતે; તેઓ રાષ્ટ્રનાં હૃદય જીતશે !

નબળા માણસો પણ જ્યારે તેઓ તેમની સમસ્યાઓને પ્રોજેક્ટ્સમાં બદલી નાખે છે, તેમનાં દુ:ખોને સેવકોમાં બદલી નાખે છે, તેમની મુશ્કેલીઓના ભાગ પાડી નાખે છે, તેમના અવરોધોને તકમાં ફેરવી નાખે છે, તેમની કરુણાન્તિકાઓને વિજયમાં બદલી નાખે છે, તેમના ડગમગતા પથ્થરોને ઉપર ચડવાની સીડીમાં બદલી નાખે છે, ત્યારે તેઓ સમર્થ છે. તેઓ એક હસ્તક્ષેપ તરફ એક રસપ્રદ અંતરાલ તરીકે જુએ છે. તેઓ હતાશામાંથી ફળ લણે છે. તેઓ દુશ્મનોને મિત્રોમાં ફેરવી નાખે છે ! તેઓ વિપત્તિઓને સાહસ તરીકે જુએ છે.

હું 1૯82ની ન્યુયોર્ક શહેરની મેરેથોનને ક્યારેય નહીં ભૂલું - વિજેતાને કારણે નહીં, પરંતુ જે છોકરી છેલ્લી આવી તેને કારણે. લીન્ડા ડોન તથા તેની જોડીયા બહેન અઠચાવીસ વર્ષ અગાઉ સેરેબ્રલ પાલ્સી સાથે જન્મી હતી. તે સ્થિતિને પરિણામે તેમને સહનિયમન તથા સમતોલન જાળવવાની ઉણપ હતી તેમજ સ્નાયુઓ ખેંચાયેલા રહેતા. તેઓ માત્ર વિશિષ્ટ ઘોડીઓની સહાયથી જ ચાલી શકતી. છતાં જ્યારે લીન્ડાએ તેની કાખ ઘોડી પર 26.2 માઇલ - મેરેથોન પૂરી

કરી ત્યારે તેણે મને તેમજ આખા અમેરિકાને પ્રેરિત કર્યું.

એક વિકલાંગ વ્યક્તિ ન્યુયોર્ક સીટી મેરેથોનમાં દોડવાનું સ્વપ્ન જુએ તે કદાચ એક બુદ્ધિ વગરનાં લક્ષ્ય જેવું લાગે. પરંતુ લીન્ડ મૂર્ખ નથી. હકીકતમાં, તે એક સ્નાતકોતર ડીગ્રી સાથેની લાઇસન્સ મેળવેલી સામાજીક કાર્યકર છે. આથી મેં તેણીને પૂછ્યું, "કઈ વસ્તુએ તને મેરેથોન દોડવા માટે પ્રેરિત કરી ?" તેણીએ જવાબ આપ્યો, "હું મારી જાતને ચકાસવા માંગતી હતી અને હું ખરેખર આ કરી શકું છું કે નહીં તે જોવા માંગતી હતી તે આંશિક ભાગ છે. હું હંમેશાં વિચારતી હતી કે હું નહીં કરી શકું. કારણ કે હું અપંગ છું." આંશિક રીતે એમ છે કે હું બેરોજગાર છું. હું પ્રયત્ન કરવા માંગતી હતી અને એવું કોઈક પ્રકારનું સકારાત્મક વિધાન કરવા માંગતી હતી જે લોકોને મદદરૂપ થાય. મેં વિચાર્યું કે જો હું આ કરી શકીશ તો તે લોકોને એવું અનુભવવામાં મદદરૂપ થશે કે તેમને પણ જે અશક્ય છે તેમ લાગે છે તેને કારણે તેઓ જે કરતાં ડરે છે તેવી વસ્તુઓ તેઓ પોતાના જીવનમાં પણ કરી શકે.

"મેરેથોનની તૈયારી કરવામં આખું એક વર્ષ લાગ્યું, અને અમુક વખતે મને ખરેખર લાગ્યું કે હું તે ક્યારેય નહીં કરી શકું. શેરીમાં મારું સૌથી લાંબું તાલીમ સેશન સાત કલાકનું હતું. સાત કલાક સુધી માત્ર દોડ્યા કરવું તે થોડી વાર પછી વધારે પડતું લાંબું લાગવા માંડે છે. હું વિચારતી, 'હું મારી જાતને મૂર્ખ દેખાડી રહી છું.' પરંતુ હું અંત સુધી વળગી રહી અને મેં તે કર્યું ! હું આખા 26.2 માઇલ દોડી.

"મને લાગે છે કે હું ગમે તે ભોગે તે કરવા માંગતી જ હતી અને મેં જોયું કે કોઈ પણ લોકો હું બે ફૂટથી પણ વધારે કરી શકું તેવી અપેક્ષા નહોતા રાખતાં, આથી હું જેટલી પણ દૂર જઈ શકું તે મારે માટે તો સફળતા જ હતી ! શરૂ થયું ત્યારે મને ખબર ન હતી કે હું છેક અંત સુધી કરી શકીશ, પરંતુ મેં એક વચન આપ્યું કે ઇશ્વર હું જેટલું જાઉં તેમ ઇચ્છતા હશે તેટલે સુધી મને લઈ જશે અને હું અટકી ન પડું ત્યાં સુધી આગળ વધવાનું ચાલું જ રાખીશ. અને મેં તે કર્યું !"

"મને મેરેથોન પુરી કરતાં અગીયાર કલાક અને ચોપન સેકન્ડ લાગી. તે એવો રેકોર્ડ છે જે મને નથી લાગતું કે થોડો વખત સુધી તો કોઈ તોડી શકે !"

"આ અસંખ્ય લોકોએ મેરેથોન વખતથી રસ્તા પર મારો સંપર્ક કર્યો છે અને મને અભિનંદન આપ્યા છે. એક ચોક્કસ મહિલાએ મારા મનનો કબજો લીધો છે. તેણીએ મને કહ્યું કે તેણીએ મને મેરેથોન દોડતી જોઈ તે પહેલાં તેણી ઘેરી હતાશામાં હતી. પરંતુ તેણીએ કહ્યું કે જ્યારથી તેણીએ મને જોઈ, તે મારો ચહેરો ભૂલી શકતી ન હતી અને હું જે કરી શકવા સમર્થ હતી તેને કારણે, તેણીએ વિચાર્યું કે કદાચ તે પણ જે હતાશામં હતી તેમાંથી બહાર આવવાનું શરૂ કરી શકે."

લીન્ડા ડોન, સેરેબ્રલ પાલ્સીની શિકાર, એક આખી મેરેથોન દોડી, અને તેણીએ લાખો લોકોને પ્રેરિત કર્યા છે ! તેણીએ સુખનું રહસ્ય શોધી કાઢયું છે. તે શું છે ? તે છે તેણીનો અભિગમ- તેણીનો ખુશ રહો અભિગમ : "જો હું મારી સ્થિતિમાં અશક્ય બાબત માટે પ્રયત્ન કરી શકું, તો હું કદાચ અન્યોને ખુશ રહેવા તથા સફળ થવા માટે પણ પ્રેરિત કરી શકું."

એક ખુશ રહો અભિગમ શું છે ? આંશિક રીતે, તે મારી વિકલાંગતાને કામ કરતી કરી શકવા સમર્થ હોવું અને તેનો અન્યોને હતાશાની ગર્તામાંથી બહાર ખેંચી કાઢવા માટે ઉપયોગ કરવો ! તે આ છે : "વિનમ્ર લોકો આશીર્વાદ પામેલા છે - તેઓ આશીર્વાદ પામેલા છે જેઓ તેમનાં

દુ:ખોને વિજયમાં બદલી નાખવા માટે પૂરતા મજબૂત છે !"

જેઓ ભાવનાત્મક રીતે સ્થિર છે તેઓ આશીર્વાદ પામેલા છે.

ભાવનાત્મક રીતે સ્થિર કોણ છે ? તેઓ એ છે, જેમણે શિસ્ત દ્વારા એક દૈવી સમતુલા વિકસાવી છે. તેઓ તેમની નકારાત્મક લાગણીઓને કાબૂમાં રાખે છે. તેઓ ઉત્તેજીત કરે તથા ઉશ્કેરે પરંતુ જે તેમના નાણાકીય, નૈતિક તથા શારીરિક સ્ત્રોતોને નીચોવી નાખે તેવાં વ્યવધાનો તથા લાલચોને ટાળે છે તથા પ્રતિકાર કરે છે.

જે લોકો તેમની લાગણીઓને નિયંત્રણમાં નથી રાખતા તેઓ તેમની જાતને ઊંડી નિરાશામાં તથા હતાશામાં પડવાની છૂટ આપશે. તેઓ છોડી દેશે અને આ બધામાંથી બહાર નીકળી જશે. પછી તેઓ પાછળથી કહેશે. "હું ઇચ્છું છું કે હું પાછો જઈ શકું, પરંતુ હું તેમ નથી કરી શકતો. તેઓ મને પાછો નહીં લે, કારણ કે જ્યારે મુશ્કેલ હતું ત્યારે હું ચાલી નીકળ્યો હતો. તેઓ એવા પ્રકારની વ્યક્તિ નથી ઇચ્છતા. જેઓ ભાવનાત્મક રીતે સ્થિર છે તેઓ સુખી છે. તેમને પણ ચડતી-પડતી આવે છે પરંતુ તેઓ તેમની પડતીના સમયને પોતાના લક્ષ્યમાંથી ભાંગી પડવાની છૂટ નથી આપતા. જ્યારે તેમને પ્રથમ આઘાતનો સામનો કરવો પડે ત્યારે તેઓ છોડી નથી જતા. તેઓ થોડીક હવા ફૂંકાવાથી ટુવાલમાં ભરાઈ જવાને બદલે, આખી ઘટના બને ત્યાં સુધી ત્યાં જ ટકી રહે છે."

વિનમ્ર લોકો ભાવનાત્મક રીતે સ્થિર હોય છે. તેઓ એ છે જેમનામાં લાલચને અવગણવાનું સામર્થ્ય હોય છે અને જેમનામાં આ આંતરિક સામર્થ્ય છે, માત્ર તેઓ જ એ છે, જે છેવટે સફળ થાય છે. મને ડર છે કે એવા ઘણાં બધાં છે જેમને ઉત્તેજના ઇચ્છવા માટે ખરતા તારા, ઘોંઘાટીયું સંગીત, રણશીંગાની હાકલ વડે ખૂબ સહેલાઇથી પટાવી શકાય છે. ઘણી વાર લોકોમાં આત્મસંયમનો અભાવ હોય છે અને તેઓ સાંસ્કૃતિક તરંગમાં સપડાઈ જાય છે. તેઓ ખરતા તારાની પાછળ દોડવામાં તેમનો સમય બરબાદ કરે છે.

પ્રમાણિક, મહેનત કરનારાઓ આશીર્વાદ પામેલા છે. તેમને શૈલી કરતાં પદાર્થમાં વધારે રસ હોય છે. તેમને લોકપ્રિયતાના આંક કરતાં ચારિત્ર્ય ઘડતર વિશે વધુ પડી હોય છે. તેઓ ઝડપી પરંતુ તકલાદી ખુશી પાછળ દોડવાને બદલે નક્કર સિદ્ધિઓ મેળવવા તરફ વધારે સમર્પિત હોય છે.

જેઓ ભાવનાત્મક રીતે સ્થિર હોય છે તેઓ પોતાના હેતુઓને વળગી રહે છે. તેઓ તેમની દૃષ્ટિને તેમનાં લક્ષ્ય પર કેન્દ્રિત કરી રાખે છે અને જ્યારે તેમને સમસ્યાનો સામનો કરવો પડે છે ત્યારે તેઓ ધીરજપૂર્વક એ સમસ્યાઓમાંથી બહાર આવે છે અને તેમની મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢી લે છે. એક કરતાં વધુ લોકો ટોચ પર પહોંચ્યાં છે કારણ કે તેણે ધીરજપૂર્વક મુશ્કેલ સમયને સહન કર્યો છે. તેને પણ પાછા વળવાની તથા ભાગી જવાની અથવા જે વ્યક્તિએ તેને દુ:ખ પહોંચાડ્યું છે તેને ખખડાવી નાખવાની લાલચ થઈ હશે. પરંતુ તેણે તેમ ન કર્યું. એક કરતાં વધુ વ્યક્તિઓ તેમની કંપનીમાં, તેનાં લગ્ન જીવનમાં, બાળકો સાથેના તણાવના સમયમાંથી પસાર થઈ છે અને ધીરજનાં ફળ મળ્યાં છે.

ન્યુ ટેસ્ટામેન્ટ (લ્યુક 18:15)માં લોકોને ધૈર્યનું મુલ્ય શીખવવા માટે તથા તેમને હૃદયભંગ

ન થવા માટે પ્રોત્સાહિત કરવા માટે ઇસુ એક વાત શીખવે છે. એક વિધવા તેણીના દુશ્મનથી રક્ષણ ઇચ્છતી હતી. તેણી વારંવાર તેનાં શહેરના ન્યાયધીશ પાસે ગઈ. પ્રથમ તો ન્યાયાધીશ, જે “ઇશ્વરથી ડરતો ન હતો અથવા માણસને આદર આપતો ન હતો” તેણે તેની આજીજીઓ વણસાંભળી કરી. જોકે, તેણીએ તેમને ફરી ફરીને વિનંતી કરી, જ્યાં સુધી તેણે છેવટે તેને જરૂર હતી તેવું કાયદાકીય રક્ષણ આપ્યું.

વિનમ્ર લોકો ધૈર્યવાન હોય છે અને જેઓ ધૈર્યવાન છે તે પૃથ્વીનો વારસો મેળવશે. ધૈર્ય અને તે જે બદલે લાવે છે તેનું આધુનિક સમયનું ઉદાહરણ એક યુવાન મહિલા છે જેને માટે મને માન તથા આદર છે. તેણીનું નામ છે લીસા વેલ્ચેલ. તમારામાંના ઘણા તેને ટેલીવિઝન સીરીઝ, ધ ફેક્ટસ ઑફ લાઇફ માં આવતી દંભી ધનવાન છોકરી, બ્લેર તરીકે ઓળખો છો.

તમારામાંના ઘણા કહેશે કે લીસા “પૃથ્વી પર રાજ કરે છે.” તેણી સફળ, પ્રખ્યાત, ધનવાન, સુંદર તથા પ્રતિભાશાળી છે. પરંતુ તે બધાથી પણ વધુ, તેણીને તેના સાથીઓ તથા સહકાર્યકર્તાઓ તરફથી માન તથા પ્રશંસા અપાય છે.

જો તમે વાર્તાનાં પાત્ર બ્લેરથી પરિચિત છો, તો તમે વિચારશો, “કમ ઓન, શુલર, તે કદાચ પૃથ્વી પર રાજ કરતી હશે, પરંતુ બ્લેર વિનમ્ર હોવા સિવાય બીજું કંઈ પણ છે.” ખરું, બ્લેર વિનમ્ર નથી. પરંતુ લીસા છે. તેણી આ બીએટીટ્યુડ્સના મૂળભૂત અર્થને મૂર્તિમંત કરે છે. કારણ કે તેણી જાણે છે કે તેણીનું સામર્થ્ય તથા સફળતા ક્યાંથી આવે છે. આથી તેણી “વિનમ્ર” છે.



ઉદ્ધતાઈ વગર, જુસ્સાપૂર્વકનો દૃઢગ્રહ પ્રગતિ નિપજાવે છે



લીસા જ્યારે સાત વર્ષની હતી ત્યારે તેણે શરૂઆત કરી. તેણીએ વાંચ્યું કે મીકી માઉસ ક્લબ માટે ઓડીશન રાખવામાં આવ્યું હતું, આથી તેણીએ લખ્યું અને પૂછાવ્યું કે શું તે ભાગ લઈ શકે. તેણીને કહેવામાં આવ્યું કે ઓડીશન પહેલાં જ થઈ ચૂક્યું છે અને શો માટે પાત્ર વરણી થઈ ગઈ છે. પરંતુ લીસા એ છોડ્યું નહીં. તેણે પુષ્કળ પત્રો લખ્યા. તેનો અંતિમ પત્ર કહેતો હતો કે, “હું એક ખ્રિસ્તી છું, મને લાગે છે કે ડીઝની એ એવું એક માત્ર સ્થળ છે જ્યાં હું અત્યારે જ કામ કરી

શકું કારણ કે અન્ય શૉ ના જે સંદર્ભ છે તે એવા નથી જેને હું રજુ કરી શકું. મને જો ઓડીશનની એક તક આપવામાં આવશે તો હું તેની કદર કરીશ. મારી ત્યાં સુધીની મુસાફરીનો ખર્ચ હું ઉપાડવા તૈયાર છું." ડીઝની લીસાને એક તક આપવા સંમત થઈ, તેમને તે ગમી અને તેને એક ભૂમિકા મળી. ત્યાંથી શરૂ કરીને, તેણીને બ્લેરની ભૂમિકા મળી, જે ખરેખર લીસાથી ઘણી ભિન્ન છે. લીસા એક મોહક, ઉમંગી છોકરી છે જે હોલીવૂડમાં કામ કરે છે અને રહે છે, જેના વિશે ઘણા કહેશે કે એક સુંદર, યુવાન, એકલી છોકરી માટે જૂના જમાનાનાં મુલ્યો તથા ખ્રિસ્તી વર્તણુક ચાલુ રાખવાનું અશક્ય નહીં તોપણ મુશ્કેલ તો છે જ. મેં લીસાને આ વિશે પૂછ્યું, અને તેણીએ આ મુજબ કહ્યું. "વેલ, તમે જાણો છો કે, મને લાગે છે કે ઇશ્વરે આપણે માટે જે મુલ્યો નક્કી કર્યાં છે તે ખરેખર આપણા પોતાના લાભ માટે છે અને જો આપણે વિચારીએ કે આપણે તે મુલ્યોથી કંઈક ઉલટું કરવા માંગીએ છીએ, તો તે ઠીક છે, પરંતુ જો આપણે પ્રયત્ન બંધ કરી દઈએ તો આપણે માત્ર પોતાને તકલીફ આપશું. ઇશ્વર ભવિષ્ય જાણે છે, અને તેણે શા માટે અમુક નિયમો બનાવ્યા છે તે પણ તે જાણે છે. મને લાગે છે કે ઇશ્વર ન્યાયી છે. તે કહે છે તેમ, તે આપણા પિતા છે અને તે આપણું ધ્યાન રાખે છે. જ્યાં સુધી મને યાદ રહે કે ઇશ્વરના નિયમો માત્ર મારાં સારા માટે અને મારી પોતાની ખુશી માટે છે, અને કે તે મારા કરતાં વધુ સારું જાણે છે, તો પછી તેઓને વળગી રહેવું સહેલું છે."

લીસા સુખનું રહસ્ય જાણે છે અને મને તમને કંઈક કહેવા દો - જે છોકરી પોતાનાં અંગત જીવનમાં પોતાની જાતને વિશુધ્ધ રાખે છે તેની આંખોમાંથી ઉષ્માભર્યાં કિરણો નીકળે છે જે કેટલાક લોકો જે કઠોર દૃષ્ટિ અપનાવે છે તેના કરતાં સંપૂર્ણપણે વિરુદ્ધ છે. તેણી ખૂબ જ ખળ ખળ વહેતી, ખૂબ જ ઉત્સાહી છે. મેં તેણીને પૂછ્યું, "લીસા, તારો ઉત્સાહ, તારો જીવન પ્રત્યેનો પ્રેમ તું ક્યાંથી મેળવે છે ?" તેણીએ કહ્યું, "તે એ જાણવામાંથી આવે છે કે મને ચાહવામાં આવે છે, ભલે ગમે તે થાય, અને કે મારે દેખાડવાનું નથી અને મારે સારી વ્યક્તિ હોવું જ પડે તેવું નથી. પ્રેમ પામવા માટે મારે ઇશ્વરના નિયમો પણ પાળવા પડતા નથી. એ માત્ર સંપૂર્ણ કૃપા અને દયા છે. તે એ જાણવું છે કે મને પ્રેમ કરાય છે કારણ કે તેણે મારું સર્જન કર્યું છે. આથી જો હું તેને ઉડાડી દઉં તો હું ઉડાડી દઉં, પરંતુ ઇસુ હજી પણ તેમના હાથ ફેલાવીને ઊભા છે અને જો હું સારું કરું તો તેઓ ત્યાં મને સ્વીકારવા માટે ઊભા છે. જ્યારે તમે જાણો કે તમે જે છો તેને માટે તમને સંપૂર્ણપણે સ્વીકારાય છે, ત્યારે અન્યો સાથે પોતે જેવા છીએ તેવા હોવું તે ઘણું વધારે સહેલું છે. જો તેઓ મને સ્વીકારે છે, તો તે ઘણું સરસ છે, પરંતુ જો તેમ નથી કરતા, તો તે પણ ઠીક છે, કારણ કે તો હું માત્ર મારા ડેડી પાસે, ઇસુ, મારા સ્વર્ગના પિતા-પાસે દોડી જઈશ."

"વિનમ્ર લોકો આશીર્વાદ પામેલા છે." ભાવનાત્મક રીતે સ્થિર છે તેઓ - ધૈર્યવાન, દૃઢાગ્રહી - લોકો આશીર્વાદ પામેલા છે - કારણ કે તેમને પૃથ્વીનો વારસો મળશે. તેઓ તે કરી શકશે. તેઓ તેમનાં ઇશ્વરે આપેલાં સ્વપ્નો સાકાર થતાં જોશે.

એક સફળતા સિદ્ધાંત છે, જેને હું પડ ચડાવેલ સિદ્ધાંત કહું છું. તે આ રીતે કામ કરે છે : તમે એક વચન આપો - અને પૂરું કરો. તમે એક કામ સ્વીકારો - અને તે પૂર્ણ કરો. તમે કંઈક "અશક્ય" કરવાનો પ્રયત્ન કરો - અને તેને પૂરું કરો. છેવટે, વર્ષ પછી વર્ષે, કદાચ દશકા પર દશકાએ, તમે એક સિદ્ધીને બીજીની ઉપર એક પૂર્ણતાને બીજાની ઉપર લાગુ કરી છે - પાળેલાં વચનો અને પૂર્ણ કરેલ વચન બદ્ધતા. તમારી આબરુ એક પડ ચડાવેલ થાંભલા જેવી છે જેનામાં ટકાઉપણું તથા શક્તિ છે. લોકો તમારામાં વિશ્વાસ રાખે છે. તેઓ તમારા શબ્દોને માને છે. તેઓ

તમારી સાથેના કરાર પર સહી કરશે, કારણ કે તેમને ખબર છે કે તમે કામ કરવાના છો. તે બિંદુ એ તમે "પૃથ્વી વારસામાં મેળવી છે." ધૈર્યવાન લોકો આશીર્વાદ પામેલા છે, દૃઢાગ્રહીઓ આશીર્વાદ પામેલા છે. છેવટે તેઓ જીતશે.

સુધારક્ષમ લોકો આશીર્વાદ પામેલા છે

જો આપણે બીએટીટ્યુડ્સનું મૂળ ગ્રીક લખાણ ચકાસીએ તો આપણે જોઈ શકીએ કે જ્યારે ઇસુએ કહ્યું કે, "વિનમ્ર છે તે આશીર્વાદ પામેલા છે," ત્યારે તેમણે એવો અર્થ કર્યો હોઈ શકે કે "સુધારક્ષમ છે તે આશીર્વાદ પામેલા છે, આથી તેમને પૃથ્વીનો વારસો મળશે." સુધારક્ષમ - શિક્ષણક્ષમ લોકો - જેમને કંઈક શીખવી શકાય - 'મને-બધુ-આવડે' એવાં વલણથી પીડાતા નથી. તેઓ તેમનાં જીવનમાં વિકાસ માટે જગ્યા રહેવા દે છે. તેઓ સાંભળે છે. તેઓ રક્ષાત્મક નથી. તેઓ અહ્મના માર્ગે નથી. તેને બદલે તેઓ સફળતાના માર્ગે છે. જો તેમનો માર્ગ શ્રેષ્ઠ નથી, તો તેઓ તે બદલી નાખશે. શિક્ષણક્ષમ છે તેઓ આશીર્વાદ પામેલા છે, કારણ કે તેઓ સફળ થશે.

તેઓ આશીર્વાદ પામેલા છે જેઓ પોતે શું નથી જાણતા તે જાણે છે, અને જેઓ વડીલો છે, શાણા છે, વધુ અનુભવી છે તેવા અન્યો પાસેથી સાંભળવા આતુર છે. આશીર્વાદ પામેલા ખરેખર તે લોકો છે જેઓ ખરી વિનમ્રતામાં યાદ રાખે છે કે અધુરું શિક્ષણ જોખમી વસ્તુ છે. એ લોકો આશીર્વાદ પામેલા છે, જેઓ ક્યારેય એ નથી ભૂલતા કે તેઓ શીખવા માટે ક્યારેય ઘણા મોટા નથી થઈ જતા. તેઓ વારસામાં ઘણું જ્ઞાન અને તેની સાથે સફળતા મેળવશે.

સુધારક્ષમ લોકો નમ્ર તેમજ શીખવી શકાય તેવા હોય છે. નમ્રતાનો અર્થ તમારી જાતને નીચી પાડવી, એવું કહેવું કે, "હું નગણ્ય છું. હું તે ન કરી શકું." તેવો નથી. એ નમ્રતા નથી. તે એક સંસ્કૃતિ અથવા સંપ્રદાય વડે લદાયેલ, પ્રાપ્ત કરેલ, શીખેલ વર્તણુક પ્રતિક્રિયા હોઈ શકે છે. તે લઘુતાગ્રંથીની પ્રલંબતા છે. પરંતુ ખરી નમ્રતા એ આત્મવંચતા નથી. ખરી નમ્રતા એ જાગૃતિ છે કે એવા અન્ય લોકો છે જે તમને મદદ કરી શકે. ખરી નમ્રતા એમ કહેવાની ક્ષમતા પણ છે કે "હું ખોટો હતો; તમે સાચા હતા."

ખરી નમ્રતા એમ કહેવાની ક્ષમતા છે કે, "જો હું ખોટો છું તો મને મેં પસંદ કરેલો માર્ગ નથી જોઈતો. જો મારો પોતાનો માર્ગ એક ભૂલ સાબિત થવાનો હોય તો મારે તે નથી જોઈતો."

વિકલ્પ તરફ જુઓ. એક 'મને બધુ - આવડે' વાળી વ્યક્તિ ખરેખર કેટલે સુધી જઈ શકે ? બહુ દૂર સુધી નહીં અને જો કોઈક રીતે તે ચોરી અથવા કુશળતાપૂર્વક તેનાં લક્ષ્યો પૂરાં કરી પણ લે તો તેની ખરાબ રીતે કરેલી પ્રાપ્તિઓ માત્ર તેના વિધ્વંસક અભિગમને પોષશે, તથા તે દુ:ખ પેદા કરશે તે નક્કી છે.

ઇસુએ કહ્યું છું, "જો માણસ આખી દુનિયા મેળવે, પરંતુ તેનો પોતાનો આત્મા ગુમાવે તો, માણસને શું નફો થશે ?" (માર્ક 8:36 KJV)

વિનમ્ર કોણ છે ? તે એવા લોકો છે જેઓ ખરી વિનમ્રતામાં કહેવાનું શરૂ કરે છે કે, "ઇશ્વર પાસે મારે માટે કંઈક છે. તે શું છે ? નમ્રતા એ તમારા વિશે ઓછું - નબળું - વિચારવું તે નથી; તે ઇશ્વર તથા તેનાં તમારા માટેનાં સ્વપ્નાઓ વિશે વધુ વિચારવું તે છે. વિનમ્ર હોવું એટલે તમે

જ્યાં પણ છો ત્યાં ઇશ્વરનું કામ તેની રીતે કરવું તે છે."

મને તાજેતરમાં વોશીંગ્ટનમાં ડ્યુનબર હાઇસ્કુલમાં બોલવાનો આનંદ મળ્યો હતો. આ શાળા વોશીંગ્ટનનાં અંદરના શહેરમાં છે. તે શાળામાં ચારસોથી પાંચસો યુવા લોકો છે. મને ત્યાં જવાનો રોમાંચ હતો કારણ કે ડ્યુનબર હાઇસ્કુલ મારા પ્રિય કવિઓ પૈકીના એકનું નામ ધરાવે છે. પાઉલ લોરેન્સ ડ્યુનબર. મેં આ ચમકતા, આતુર ચહેરાઓને કહ્યું, "શું તમે તે મહાન કાળા કવિ, પાઉલ લોરેન્સ ડ્યુનબરની આ પંક્તિઓ સાંભળી છે ?"

ઇશ્વર પાસે મારે માટે એક કામ હતું,
પરંતુ મારે ઘણું બધું કરવાનું હતું,
મેં કહ્યું, "તમે કોઈ બીજાને શોધો,
અથવા હું પૂરું કરું ત્યાં સુધી રાહ જુઓ."
હું નથી જાણતો કેવી રીતે ઇશ્વર બહાર આવ્યા,
પરંતુ તેઓ સાચા આવ્યા હોય તેમ લાગ્યું.
પરંતુ મને એક પ્રકારની નીચતા લાગી -
જાણ્યું કે મેં ઇશ્વર સાથે ખોટું કર્યું છે.
એક દિવસ મને ઇશ્વરની જરૂર હતી -
તેમની અત્યારે જ જરૂર હતી;
પરંતુ તેમણે મને ક્યારેય જવાબ ન જ આપ્યો,
હું તેમને કહેતા સાંભળી શક્યો,
મારાં ગુનેગાર હૃદયની છેક અંદર :
"ભાઈ, મારે ઘણું બધું કરવાનું છે;
તમે કોઈ બીજાને શોધો,
અથવા હું પૂરું કરું ત્યાં સુધી રાહ જુઓ."
હવે, જ્યારે ઇશ્વર પાસે મારે માટે કોઈ કામ હોય છે,
હું ક્યારેય કામચોર થવાનો પ્રયત્ન કરતો નથી;
હું મારા હાથમાં જે કાંઈ પણ હોય તે પડતું મૂકું છું,
અને ઈશ્વરનું કામ કરું છું.
અને મારાં કામો સાથે ચાલ્યા કરે છે,
અથવા હું પૂરું કરું ત્યાં સુધી રાહ જુએ છે;

કોઈ બીજું એ કામ ન કરી શકે.

જે ઈશ્વરે તમારે માટે જ નિર્ધાર્યું છે.

ખૂલ્લા રહો. નમ્ર, સુધારક્ષમ, શિક્ષણક્ષમ રહો. ત્યારે તમે ઈશ્વરનો અવાજ સાંભળશે. તમે ઇશ્વરનું આયોજન જોશો. તેને ઝડપી લો, તમારી પાસે છે તે બધું તેને આપો, અને તમે વારસામાં પૃથ્વી મેળવશો !

દયાવાન લોકો આશીર્વાદ પામેલા છે

જ્યારે ઇસુએ કહ્યું કે, “વિનમ્ર લોકો આશીર્વાદ પામેલા હોય છે.” ત્યારે તેઓ જે અર્થ કરતા હતા તે સમજવાની આ અંતિમ ચાવી છે. દયાળુપણા વગર સમર્થ લોકો નિષ્ઠુર છે. દયાળુતા વગર ભાવનાત્મક રીતે સ્થિર લોકો ભાવનાત્મક રીતે ઠંડા અને કઠોર હોય છે. દયાળુપણા વગર શિક્ષણક્ષમ વ્યક્તિ અહંકારી બની જાય છે.

સાચા અર્થમાં વિનમ્ર વ્યક્તિ સમર્થ, ભાવનાત્મક રીતે સ્થિર, શિક્ષણક્ષમ તથા દયાળુ હોય છે. દયાળુપણા વગર આપણે માત્ર M-E-E છીએ, જે સૂચક છે, કારણ કે દયાળુપણા વગર આપણે સ્વકેન્દ્રિય છીએ અને ચોક્કસપણે નિષ્ફળતા તથા નાખુશ પ્રારબ્ધવાળા છીએ. M-E-E અભિગમ એક નાખુશ એવો અભિગમ છે. M-E-E-K (વિનમ્ર) અભિગમ ખુશ રહો અભિગમ છે.

દયાળુ લોકો કોણ છે ? તેઓ સંવેદનશીલ આત્માઓ છે. એ હૃદય ખરેખર સુખી છે જે બીજાની અસુરક્ષા તરફ સંવેદનશીલ છે. એ વ્યક્તિ પ્રેમાળ છે જે બીજાની દુશ્મનાવટને ફરી ખાતરી આપે છે, બીજાની એકલતાને વ્હાલ આપે છે, બીજાનાં દુ:ખને મૈત્રી આપે છે, અને બધાંને માફી આપે છે. આવા સંવેદનશીલ જીવો આશીર્વાદ પામેલા છે, કારણ કે તેઓ આ પૃથ્વી પરના સારા લોકોનો અનુરાગ તથા આદર વારસામાં મેળવશે !

હું કેલીફોર્નીયાના લોંગ બીચની એક શાળામાં આવા કેટલાક - લગભગ 185 - સંવેદનશીલ આત્માઓને મળ્યો. તે માનસિક રીતે વિકલાંગો માટેની ફલોરેન્સ નાઈટીંગલ શાળા છે. મારી મુલાકાત સમયના આચાર્ય ક્લાઇડ થોમ્પસન તથા એક સ્ટાફ સભ્ય લેરી બ્રુન્સ મારી ધર્મ સભાનાં સભ્યો હતા. તેમણે અમને શાળાની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું. તે એક અવિસ્મરણીય અનુભવ હતો.

માનસિક રીતે, વિકલાંગોનાં ત્રણ વર્ગીકરણ થાય છે. સૌથી ઉપરનાં વર્ગીકરણમાં શિક્ષણસમ લોકો છે. તેઓ માત્ર થોડાક જ વિકલાંગ હોય છે અને એક હાઇસ્કુલ ડીપ્લોમા મેળવવાની માનસિક ક્ષમતા હોય છે. તેઓ સમાજમાં બહાર જઈ શકે છે અને મોટાભાગના લોકોને ક્યારેય ખબર નહીં પડે કે તેઓ સ્હેજ વિકલાંગ છે.

તેનાથી ઉલટું, સૌથી નીચેનું વર્ગીકરણ એ લોકો છે જેઓ દેખીતી રીતે કોઈ ઔપચારિક શિક્ષણ લેવા સક્ષમ નથી - હાઇડ્રોસેફેલીક - મોટાં માથાવાળાં બાળકો, તથા માઇક્રોસેફેલીક - ખૂબ નાના માથાવાળાં બાળકો.

વચલી શ્રેણીમાં ડોન્સ સીન્ડ્રોમ વાળાં બાળકો તથા અન્ય ઘણા આવે છે. આમાંના ઘણા

વાંચતાં કે ગણતાં શીખી શકે છે અને લગભગ બધાં જ ચિત્રો સમજે છે. આ શાળામાં જવું તે એક અદ્ભૂત અનુભવ છે. જ્યારે હું મારી યાત્રા પર હતો ત્યારે ઓછામાં ઓછા વીસ બાળકોએ શ્રીમતી શુલર તથા હું તેમની સાથે વાત કરતા હતા ત્યારે શ્રી થોમ્પસને અટકાવ્યા. તેઓ તેમના સુધી દોડી જતા અને કહેતા, "મી. થોમ્પસન, જુઓ - આ મેં મારી મેળે બનાવ્યું." વારંવાર અમે આ એક જ વાક્ય સાંભળ્યું. "જુઓ, આ બધું મેં મારી મેળે જ બનાવ્યું."



હું કદાચ મારું
મન બદલીશ...
અને સફળ થઈશ !
પછી મારો પોતાનો માર્ગ લઈશ...
અને નિષ્ફળ જઈશ.



ક્લાઇડ થોમ્પસન અને તેમનો કર્મચારી ગણ સંવેદનશીલ આત્માઓ છે. તેમણે આ બાળકોમાં સામર્થ્ય ઘડતર કર્યું છે અને તેમને ગર્વ, સ્વાભિમાન તથા સિદ્ધી અનુભવવામાં મદદ કરી છે અને વિદ્યાર્થીઓ પોતે પણ સંવેદનશીલ આત્માઓ છે. ફલોરેન્સ નાઈટીંગલ સ્કુલમાં હિંસા, ચોરી, લડાઈ, દગાબાજી કે મુક્કાબાજીના કોઈ પ્રશ્નો નોંધાયા નથી. તમે તેની દિવાલો પર નિરર્થક ચિતરામણ પણ જોતા નથી.

જો રમતનાં મેદાનમાં કોઈની પેન્સિલ કે સિક્કો પડી જાય તો, જેને તે સૌથી પહેલાં મળે તે આચાર્યની ઑફિસે દોડી જશે અને કહેશે કે "આ મને ઘાસ પર પડેલું મળ્યું છે." ત્યાં કોઈ ચોરી થતી નથી.

એ શાળામાં છ વર્ષથી લઈને એકવીસ વર્ષ સુધીનાં દરેક કશુંક કરવાનુ શીખે છે - કોઈ નિષ્ફળ જતું નથી. તેમને સર્જનાત્મક કામો શીખવાય છે - વણાટકામ, સીવવાનું, રંગકામ અથવા ચિત્રકામ. જ્યારે તેઓ શાળા પૂરી કરે ત્યરે, ગલીના છેડે એક કારખાનું છે જ્યાં તેમને બધાંને કામ પર રાખી લેવામાં આવે છે જ્યાં તેઓ કામ કરી શકે છે. મેં આ શાળાના કેટલાક સ્નાતકોને બગીચાના પાણીના પાઇપ બનાવતી એક વ્યાવસાયિક પેઢી માટે ઓર્ડર પૂરા કરતા જોયા. તેમણે એક નાની પ્લાસ્ટિક બેગમાં 6 વાઇસરો મૂકવાનાં હતાં. તે એક એસેમ્બલી લાઇન જેવી ગોઠવણ

હતી.

વહીવટકર્તાઓ એવી ખાતરી કેવી રીતે રાખી શકે કે વિકલાંગ બાળકો કે જેઓ ગણતરી કરી શકતાં નથી, તેઓ દરેક પ્લાસ્ટિક કોથળીમાં બરાબર છ વાઇસર જ મુકશે ? એકદમ સાદું છે! શીખવનારાઓએ બરાબર એક ઈંચ ઊંચો નાનો લાકડાંનો ટુકડો બનાવ્યો છે. બાળકોને એ ટુકડા પર ટોચ સુધી વાઇસરો ભરાવવાનું શીખવાયું છે. જ્યારે તેમ થઈ જાય ત્યારે તેઓ એ વાઇસરો પ્લાસ્ટિક બૅગમાં ખાલી કરી નાખે છે. એ ટુકડામાં માત્ર છ વાઇસર જ ભરાવી શકાય છે. આથી તેઓ ક્યારેય ખોટી ગણતરી કરતાં નથી. તેઓ આખો દિવસ કામ કરે છે; તેઓ ફરિયાદ કરતાં નથી. તેમનો ખુશ રહો અભિગમ છે અને તેઓ સુંદર વ્યક્તિઓ છે !

હું તે પ્રેમ, સદ્ભાવ, સર્જનાત્મકતા તથા સ્વાભિમાન : “આ બધું મેં મારી જાતે કર્યું !” વાળા માનસિક વાતાવરણથી ભરેલી શાળામાંથી બહાર નીકળ્યો.

“વિનમ્ર લોકો આશીવાર્દ પામેલા છે.” અને આ વિનમ્ર તે દયાળુ લોકો, તે સંવેદનશીલ આત્માઓ છે. તેમણે તેમની આસપાસ તે રચ્યું છે : તેઓ શાંત લોકો છે, તેઓ આનંદમેળા, ગ્લોરીસીકીંગ અથવા હેડલાઇન હંટીંગ વગર ઘણાં બધાં માટે ઘણું સારું કરે છે. તેઓ આ પૃથ્વી પરના સાચા અર્થમાં સુંદર લોકોનો વિશ્વાસ, આદર તથા પ્રેમ વારસામાં મેળવશે !

મેં કેલીફોનીર્યાનાં અલ ટોરોનાં નાનકડાં ગામમાં એક કબ્રસ્તાનમાં સાદી વિધીથી રોઝી ગ્રે ની દફનવિધી કરી તેને લગભગ પચીસ વર્ષ થઈ ગયાં છે.

મેં વધુ સારાં સ્થાનની ઇચ્છાને કારણે, તે ગામનાં એક ડ્રાઇવ ઇન થીયેટરમાં મારું ચર્ચ શરૂ કર્યું હતું. પહેલા રવિવારે કેલીફોનીર્યાનો એક રેન્ચર તેની લકવો થયેલી પત્નીને તેની કારમાં ઊંચકીને આ નવાં ડ્રાઇવ-ઇન ચર્ચમાં લઈ આવ્યો. પછી એ દિવસ આવ્યો, જ્યારે તેણે મને તેના ઘેર તેની પત્નીને મળવા જવા માટે ટેલીફોન કર્યો.

હું તેણીના પતિ વોરન ગ્રેને ક્યારેય નહીં ભૂલું જે મને તેનાં નાનકડાં રેન્ચ હાઉસની બહાર મળ્યો હતો અને કહ્યું હતું, “શ્રીમાન શુલર, તમે મારી પત્નીને મળો તે પહેલાં મારે તેના વિશે તમને કંઈક કહેવું જોઈએ. તમને કદાચ એમ લાગી શકે કે તેણી ભાનમાં નથી, પરંતુ તેનું મગજ બરાબર છે, એકદમ બરાબર. તેણીને સ્ટ્રોક આવ્યો હતો અને તે પોતાનું માથું ઊંચું કરી શકતી નથી. તે પોતાની આંખો બંધ નથી કરી શકતી અને તેમને હલાવી પણ નથી શકતી; તેની આંખો માત્ર સામે તાક્યા કરે છે. તેનું માથું તેની છાતી પર ઢળેલું રહે છે. તે ચાલી નથી શકતી; તે બોલી નથી શકતી. તે થોડુંક રડી શકે છે અને થોડોક ઉહંકારા કરી શકે છે, બસ એટલું જ.”

હું ઘરની અંદર ગયો. તેણી એક જૂની વધારે પડતી ભરેલી ખુરશીમાં કોથળાની જેમ બેઠી હતી, તેનું માથું તેની દાઢી સાથે તેની છાતી પર પડેલું હતું. તેની આંખો પૂરેપૂરી ખૂલ્લી હતી; તે ક્યારેય પટપટતી ન હતી! હું તેની સામે ઘુંટણીયે બેઠો જેથી મારી આંખો તેની આંખો સાથે સંપર્ક કરી શકે, અને મેં તેણીને પૂછ્યું, “રોઝી, તું ઇસુને ચાહે છે ?” એક આંસુ બન્યું અને તેણીના ગાલ પરથી સર્યું : “રોઝી, તને બાપ્ટીસ્ટ બનાવવામાં આવે તેવું તું ઇચ્છે છે ?” બે વધુ આંસુ તેણીના ગાલ પર સર્યાં. અન તેણે ઉહ, ઉહ, ઉહ એવા ઉંહકારા કર્યા.

પછીના રવિવારે વોરને ડ્રાઇવઇનની પહેલી હરોળની સામે તેની કાર પાર્ક કરી. મેં મારા માઇક્રોફોન સાથે લાંબો વાયર જોડ્યો, તેણીની કાર સુધી ગયો, અને તેની ઉઘાડી બારીમાંથી અંદર

જઈને તેણીને બાપ્ટીસ્ટ બનાવી.

તે સમયે અમારું ચર્ચ અમે બે એકર જમીન પર હમણાં જ ચણાવેલ એક સુંદર ચેપલમાં ખસેડાવા માટે તૈયાર હતું. હવે અમે રોઝી ગ્રે વિશે શું કરવાના હતા ? ડ્રાઇવઇનની ગોઠવણ તેણીની જરૂરિયાત માટે એકદમ બરાબર હતી.

૯:3૦ વાગે નવાં ચેપલમાં સર્વિસ રાખવાનો નિર્ણય લેવાઈ ચૂક્યો હતો. પછી હું રોઝીને તેની કારમાં ધર્મોપદેશ આપવા માટે પાછો ડ્રાઇવઇન જઈશ તેણીનાં મૃત્યુ સુધી હું તે મુજબ કરીશ એવું નક્કી કરાયું હતું. “એ લાંબો સમય નહીં હોય.” અમે બધાએ વિચાર્યું. પરંતુ તેણી એક વર્ષ, બે વર્ષ, ત્રણ વર્ષ, ચાર વર્ષ, પાંચ વર્ષ - જીવી. તેણી મૃત્યુ પામી જ નહીં ! આશ્ચર્યજનક!

છેવટે ઈશ્વરે એક સૌથી અસામાન્ય ચર્ચ માટેનાં તેનાં સ્વપ્નનો વિચાર અમારાં મગજમાં મૂક્યો. શા માટે એક એવું ચર્ચ ડીઝાઇન ન કરવું, જેની દિવાલો ખૂલી જાય અને લોકો તેમની કારમાં ચર્ચની અંદર પ્રાર્થના કરનારાઓની પ્રાર્થના તથા પ્રશંસામાં જોડાઈ શકે ?



આશીર્વાદ પામેલા
તેઓ છે જેમનાં સ્વપ્નોને
તેમની આશાઓ વડે
આકાર અપાયો છે,
નહીં કે તેમની પીડાઓ વડે !



આથી અમે વધુ મોટી મિલકત ખરીદી અને એવું એક ચર્ચ તૈયાર કર્યું. રવિવારે અમે એક અતિભવ્ય વિધી રાખી. સોમવારે સવારે સ્થાનિક છાપાંઓમાં આ વાત છપાઈ - દુનિયાનાં પ્રથમ વૉક-ઇન-ડ્રાઇવઇન ચર્ચનું ઉદ્ઘાટન થઈ ચૂક્યું હતું. બરાબર તે જ બપોરે મારે એક અંતિમવિધી કરવાની હતી - રોઝી ગ્રે માટે.

આજે જ્યાં મારી ધર્મસભા થાય છે તે ક્રીસ્ટલ કેથેડ્રલ ને એવી દિવાલો છે જે ડ્રાઇવ ઇન પ્રાર્થના કરનારાઓ માટે ખૂલે છે અને મને હંમેશાં ખ્યાલ રહેશે કે અમારું અજોડ ચર્ચ જો રોઝી ગ્રે માટે ન બનાવાયું હોત તો આજે છે તેવું ન હોત ! તેણી એક શાંત, વિનમ્ર આત્મા હતી, પરંતુ મારી

મીનીસ્ટ્રીની દિશાઓ પર તેણીની ઘણી ભવ્ય છાપ પડી હતી.

દયાળુ લોકો સંવેદનશીલ આત્માઓ હોય છે. તેઓ એ શાંત લોકો છે જેમના દ્વારા ઇશ્વર ઘણું બધું કરી શકે છે. તેઓએ પણ છે જેઓ ત્રીજી વ્યક્તિ હોવા ઇચ્છુક હોય છે. ખરેખર, જે લોકો ઇસુને પ્રથમ, અન્યોને બીજી અને પોતાને ત્રીજી હરોળમાં મૂકવા ઇચ્છુક હોય છે તેઓ સુખી છે. આ જીવનમાં ઉદાર હાથે બદલો પામેલા લોકો એ છે જેઓ આપણા ઇશ્વરનો બોધપાઠ શીખે છે કે જો કોઈ પણ માણસને માલિક બનવું હશે તો તેણે સેવક બનતાં શીખવું પડશે.

• "તમારામાંથી જે કોઈ પણ મહાન હશે તે તમારો નોકર હશે તથા જે કોઈ પણ તમારામાં પ્રથમ હશે તે તમારો ગુલામ હોવો જોઈએ." (મેટ ૨૦:26,27)

• "જે પોતાનું જીવન પોતાને માટે મેળવે છે તે તેને ગુમાવશે, અને જે મારે ખાતર તેનું જીવન ગુમાવે છે તે તેને મેળવશે." (મેટ 1૦:3૯)

દયાળુ લોકો સંવેદનશીલ આત્મા હોય છે, તેઓ શાંત લોકો હોય છે અને તેઓ ત્રીજી વ્યક્તિ હોવા ઇચ્છુક હોય છે. પરંતુ સૌથી મહત્વનું એ છે કે તેઓ ઇશ્વર વડે આકાર અપાયેલ, ક્રાઇસ્ટ વડે ઘડાયેલા લોકો છે.

હું એક અદ્ભૂત ચિત્રને હંમેશાં સાચવી રાખીશ જે મને જ્યારે બીશપ ફુલ્ટોનશીન જ્યારે જીવતા હતા ત્યારે તેમની પાસેથી મળ્યું હતું. તેના પર આ શબ્દો કોતરેલા છે : "મારા વ્હાલા મિત્ર, ડૉ. રોબર્ટ શુલરને" અને પછી આ લખાણ :

કેટલાક રથ પર આવ્યા,

કેટલાક ઘોડાઓ પર,

પરંતુ અમે આવ્યા ઈશ્વરનાં નામ પર.

હા, એ લોકો આશીર્વાદ પામેલા છે જેઓ મોટી ધામ ધૂમ સાથે નથી આવતા, પરંતુ નમ્રતાથી, પ્રમાણિકતાથી ઇશ્વરના શબ્દો લઈને આવે છે.

આ સમજાવા લાગ્યું છે, નહીં ?

"વિનમ્ર લોકો આશીર્વાદ પામેલા છે, આથી તેઓ વારસામાં પૃથ્વી મેળવશે."

અલબત્ત ! તેનાથી ઉલટાં વડે તે ધ્યાનમાં લો. ઘમંડી, અહંકારી, ઉદ્ધત, અને ફાંકોડી લોકો શાપિત છે. કારણ કે તેમને ઘણા ઓછા મિત્રો હશે !

કોણી મારનાર, ધક્કામુક્કી કરનાર, ધક્કો મારનાર, હડસેલનાર, મારા- માર્ગમાંથી હટો, હું જ પહેલો છું - આ પ્રકારના લોકો નાખુશ છે; તેઓ ઘણા દુશ્મનો બનાવશે ! મને બધું આવડે વાળાઓ નિષ્ફળતા તરફ આગળ વધેલા છે. રચનાત્મક ટીપ્પણ તરફ બહેરા, વ્યવહારુ સલાહ તરફ બેદરકાર તથા ચેતવણીઓ તરફ બેધ્યાન છે તેઓ પતન તરફ આગળ વધી રહ્યા છે !

ઉગ્ર સ્વભાવના લોકો સજા પામેલા છે ! જેઓ પોતાની સ્વસ્થતા ગુમાવે અને જેઓ ગર્વને કારણે "હું દિલગીર છું" તેમ ન કહી શકે તેઓ દુ:ખી છે. તેઓ ક્યારેય પૃથ્વીનો વારસો નહીં મેળવે.

તેઓ તેમની નોકરીઓ અથવા કદાચ તેમના પતિઓ કે પત્નીઓને પણ નહીં સાચવી શકે. અધીરા, વ્યગ્ર, મૂળીયાં વગરના, નિષ્ઠુર લોકો આ પૃથ્વી પર નરક તરફ વળેલા છે. તેઓ દરેકને કદાચ તાજ મળશે પણ રાજય ગુમાવશે ! "એક માણસ દુનિયા મેળવશે અને તેનો પોતાનો આત્મા ગુમાવશે, તેને ફાયદો શું થશે ?"

"વિનમ્ર લોકો આશીર્વાદ પામેલા છે, કારણ કે તેમને પૃથ્વીનો વારસો મળશે." આ ખુશ રહો અભિગમ ક્યારેય અપાયેલી ઉત્તમ સલાહ જેવો લાગવા લાગ્યો છે.

ખરેખર તે સાચું છે. લાંબા ગાળે જેઓ તેમની આસપાસની દુનિયા જીતી લે છે તેઓ એ છે જેમને ઇસુ "વિનમ્ર" કહે છે - નિયંત્રિત; ધૈર્યવાન; પ્રમાણિક; શાંત; બળવાન શક્તિશાળી પરંતુ અંકુશિત; શિસ્તબદ્ધ; સમતોલ લોકો. ઇશ્વરે ઘડેલ; ક્રાઇસ્ટે આકાર આપેલ; પવિત્ર આત્માનાં વર્ચસ્વવાળાં જીવનો એક ટ્રેઇન જેવાં છે જે ઘણાં "હેપીનેસ સ્ટોપ (સુખના મુકામો)" કરશે.

ખરા અર્થમાં "વિનમ્ર" - ઇસુ ખ્રિસ્તનાં, ઉદાહરણ તરફ નજર કરો :

તેઓ ભાવનાત્મક રીતે નિયંત્રિત હતા *:*

તેમના પર થુંકવામાં આવ્યું, અપમાન કરાયું,

કપડાં ઉતારાયાં, ધુત્કારાયા, ધિક્કારાયા.

તેમને કતલ માટે લઈ જવાતાં ઘેંટાની જેમ લઈ જવાયા. છતાં તેણે ક્યારેય વળતો પ્રહાર ન કર્યો *!*

મૂર્ખ *?*

તેમણે પૃથ્વી પર રાજ કર્યું,

નહીં *?* એવી એક પણ જમીન નથી

જ્યાં તેમને પ્રેમ ન કરાતો હોય *!*

તેમણે ઘણી નિર્ણયાત્મકતા પ્રદર્શિત કરી *:*

અડગપણે તેણે તેનો ચહેરો જેરુસલેમ તરફ રાખ્યો. તેણે શું કરવાનું છે તે તે જાણતા હતા અને તેણે તેમ કર્યું *!*

હાંસી પાત્ર *?* અવિચારી *?*

તેમણે પૃથ્વી પર રાજ કર્યું, ન કર્યું *?*

દરેક રાષ્ટ્ર અને રંગના માણસો

તેમની સામે ઘુંટણે પડે છે *!*

તેઓ સૌમ્ય, દયાળુ, માફ કરનાર, પ્રેમાળ હતા - જેમણે તેમની હત્યા કરી તેમની તરફ પણ.

મૂર્ખ *!* તમે કહેશો, **શું તેમ હતું *?***

તેઓ જ્યારે મૃત્યુ પામ્યા
ત્યારે એક સ્પષ્ટ વિવેકબુદ્ધિ સાથે
ઇશ્વરનો સામનો કરી શક્યા !
"પૂરું થઈ ગયું છે," તેમણે કહ્યું અને આજે
દુનિયા તેમને ચાહે છે !

તેમના દુશ્મનો ?, તેઓ ખરા અર્થમાં મૃત્યુ પામ્યા છે ! પરંતુ ક્રાઇસ્ટ જીવી રહ્યા છે ! હેરી કેમ્પે લખ્યું છે :

મેં જોયા વિજેતાઓને સવારી કરતા
ક્રુર હોઠો અને નિસ્તેજ ચહેરાઓ સાથે :
ખેદાન મેદાન અને બળેલાં રાજ્યો પર ચિંતન કરતા
ચાલ્યા જાય છે મોંગોલ ચંગીસ ખાન;
અને એલેક્ઝાન્ડર, ઇશ્વર જેવો,
જેણે દુનિયાને એક બનાવવા ઈચ્છયુ;
અને સીઝર તેના મુગટ તથા પુષ્પમાળ સાથે;
અને નર્કમાંથી આવેલ વસ્તુ જેવા - હુણ;
અને એક તારકની જેમ આગેવાની લેતા,
ઊંચા ઉઠાવેલ હાથ તથા ઉંહકારાથી બેદરકાર,
ગહન નેપોલીયન ગયો
સામ્રાજ્યનાં સ્વપ્ન જોતો, એકલો...
પછી બધા પૃથ્વી પરથી નાશ પામ્યા
જાણે કાચ પરથી ઊડી જતા પડછાયા,
અને સદીઓથી વિજેતા થતા
આવ્યા ક્રાઇસ્ટ, તલવારહીન, એક ગધેડા પર !

"વિનમ્ર લોકો આશીર્વાદ પામેલા છે, આથી તેઓ વારસામાં પૃથ્વી મેળવશે." તમે આ બીએટીટ્યુડ્સ ન સમજો ત્યાં સુધી, જેનાં મૂળીયાં ઇસુ જેવા જ પ્રકારની વ્યક્તિ હોવામાં રહેલ છે, તેમને તમારા ઇશ્વર તેમજ તારણહાર તરીકે સ્વીકારીને, તમે ક્યારેય સુખનું સાચું રહસ્ય પામી નહીં શકો. તમે આ આખું પુસ્તક વાંચી જશો અને આશ્ચર્ય પામશો કે છતાં તમે શા માટે હજી દુ:ખી, હજી હતાશ, હજી કંઈક વધુ માટેની શોધમાં છો ?

શું તમે વિનમ્ર છો ?

- શું તમે નિયંત્રિત તથા શિસ્તબદ્ધ હોવા માટે પૂરતા સમર્થ છો ?
- શું તમે લાલચને ખાળી શકો તે માટે ભાવનાત્મક રીતે પૂરતા સ્થિર છો ?
- શું તમે તમારી જાતે બધું કરી ન શકો તે સમજવા માટે પૂરતા સુધારક્ષમ છો ?
- શું તમે સંવેદનશીલ, શાંત, નિ:સ્વાર્થ - ખ્રિસ્તના નમુનારૂપ હોવા માટે પૂરતા દયાળુ છો ?

જો તમે તેવા છો, તો તમે ત્રીજા ખુશ રહો અભિગમમાં નિપુણતા મેળવી છે. તમે તમારી પાછળ સ્વમાન, તમારી આસપાસ પ્રેમ, અને તમારી આગળ આશા સાથે તમારા જીવનનો અંત લાવશો. કોણ આનાથી વધારે માગી શકે ?

પોઝીટીવ એટીટ્યુડ - *4*

“હું ખરેખર યોગ્ય વસ્તુ કરવા ઇચ્છું છું *!*”



**જેમને સચ્ચાઈની ભૂખ તથા તરસ છે,
તેઓ આશીર્વાદ પામેલા છે
આથી તેમને સંતોષવામાં આવશે.**

અમેરિકામાં વસતા આપણામાંના મોટાભાગના લોકો ભૂખ અને તરસ શું છે તે નથી જાણતા, બરાબર ?

મારી પુત્રી શૈલાને તાજેતરમાં થોડા એક્સ-રે લેવડાવવા પડ્યા. તેણીને કહેવામાં આવ્યું હતું કે આગલી રાત્રે તે માત્ર થોડી ક્લીયર જેલી, ક્લીયર બ્રોથ અને થોડા ગ્લાસ પાણી જ લઈ શકશે - અને મધરાત પછી કશું જ નહીં.

પહેલાં તો, શૈલાને આ સુચનાઓને અનુસરવાનું બહુ અઘરું પડશે તેમ ન લાગ્યું. જ્યારે તે એક્સ-રે લેવાના હતા તેની આગલી રાત્રે તેના પતિ સાથે ભોજન લેવા બહાર ગઈ ત્યારે જ્યારે તેણે પોતાનો બ્રોથનો કપ જોયો અને તેના પતિની સ્વાદિષ્ટ વાનગીથી ભરેલી થાળી જોઈ ત્યારે તેને થોડી નિરાશા થઈ. બે-એક વખત તેનો હાથ આપોઆપ જ ટેબલની મધ્યમાં પડેલ ટોકરીમાંથી ચિપ્સ લેવા લંબાયો, અને તેને યાદ આવ્યું કે તેનાથી તે ન લેવાય. તેણીએ પછીથી યાદ કર્યું, “એ સમયે, મને નિરાશાની તીવ્ર લાગણીઓ અનુભવાઈ, પરંતુ ભુખની નહીં - હજી તો નહીં.”

બીજી સવારે શૈલા ઑફિસે ગઈ. અત્યાર સુધીમાં તેનું પેટ બુમો પાડવા લાગ્યું હતું. તેણી ડેનીશ પેસ્ટ્રી અને ગરમ વરાળ નીકળતી કોફીના કપ માટે તડપતી હતી. તેણી તેનાં પરિક્ષણો પૂરાં થઈ જાય ત્યાં સુધી રાહ નહોતી જોઈ શકતી, જેથી તેને ફરી કંઈક ખાવા તથા પીવાનું મળે.

તેણીએ કામ કરવાનો પ્રયત્ન કર્યો. તેનું મન ધૂંધળું થઈ ગયું અને તેને નબળાઈ લાગવા માંડી. તેણીએ પોતાને આશ્વાસન આપ્યું : મારે વધુ એક કલાક જ રાહ જોવાની છે, પછી પ્િરક્ષણ પૂરાં થઈ જશે અને હું ફરી ખાઈ શકીશ.”

હવે સ્હેજ માથાના દુ:ખાવા સાથે, તેણી પરિક્ષણ માટે હોસ્પિટલે ગઈ. પરિક્ષણો અસહ્ય અને લાંબા હતાં, અને તે પત્યાં ત્યાં સુધીમાં તેનો માથાનો દુ:ખાવો ભયંકર માઇગ્રેન બની ગયો હતો. જ્યારે તેણીને કહેવમાં આવ્યું કે પરિક્ષણ પૂરું થઈ ગયું હતું અને તેણી ઘેર જઈ શકતી હતી, ત્યાં સુધીમાં તે ડગમગવા લાગી હતી. તેને ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી પડતી હતી. તેની ઊંચા-નીચાની સમજણ તેને મુશ્કેલી આપતી હતી.

આથી તેણે તેના પતિને ફોન કર્યો : “જીમ, જલ્દી, તું મને જમવા લઈ જા.”

એક સારું ભોજન ખાવાથી તેને શું થયું તે આશ્ચર્યજનક છે. “મારી શક્તિ પાછી આવી.” તેણે મને પાછળથી કહ્યું. “મારો માથાનો દુ:ખાવો ચાલ્યો ગયો. મારી દૃષ્ટિ ચોખ્ખી થઈ ગઈ.” તેણે ઉમેર્યું. “ડેડ, મને પહેલી જ વખત ખરી ભૂખ તથા તરસની ખબર પડી ! જ્યારે આપણે આપણા શરીરને તેને જરૂરી પોષણ નથી આપતાં ત્યારે આપણું શું થાય છે તે હવે હું સમજું છું.”

તો અમેરિકામાં રહેનાર આપણામાંના મોટાભાગના ક્યારેય ભૂખ્યા કે તરસ્યા હોવું એટલે શું તે નથી જાણતા. સાચું ? ખોટું ! આપણામાંના લગભગ બધા જ કોઈક પ્રકારની ભાવનાત્મક કે આધ્યાત્મિક ભૂખથી પીડાય છે.

અમેરિકાની શરૂઆતની મુલાકાત દરમિયાન મધર ટેરેસાએ જોયું કે, “ભારતમાં - લોકો શારીરિક ભૂખમરાને કારણે મૃત્યુ પામે છે. અમેરિકામાં - લોકો ભાવનાત્મક ભૂખમરાને કારણે મૃત્યુ પામે છે.”

શા માટે આપણામાંના આટલા બધા “કંઈક વધારે”ની શોધમાં સતતપણે બેચેન રહે છે ?

જ્યારે આપણું બધું બરાબર ચાલતું હોય ત્યારે પણ આપણે અસ્પષ્ટરીતે પરંતુ મજબૂતાઈથી શંકા કરીએ છીએ કે કંઈક ઓછું છે.

જે આપણને વધારે ઉપર ચડવા માટે, આગળ પહોંચવા માટે, વધુ પ્રાપ્ત કરવા માટે નિષ્ઠુરપણે આપણા પર દબાણ લાવે છે, તે ભાવનાત્મક વ્યાકુળતાને આપણે કેવી રીતે સમજીએ, વિષ્લેષણ કરીએ, અર્થઘટન કરીએ કે સમજાવીએ ? પરિણામ ? ઘડીયાળ ક્યારેય સ્થિર નથી થઈ જતી. આપણે વર્તમાન ક્ષણને સંપૂર્ણપણે માણવામાં નિષ્ફળ જઈએ છીએ. આપણી લાગણીઓ આવતીકાલની પ્રવૃત્તિઓ તથા ઘટનાઓ તરફ વળેલી હોય છે. આપણે આપણા ભવિષ્યનું આયોજન કરવામાં એટલા વ્યસ્ત હોઈએ છીએ કે આપણે ક્યારેય વર્તમાનના આનંદનો સ્વાદ ચાખતાં નથી.

એક અનામી રહેવા માગતી વ્યક્તિએ મારી પાસે કબૂલ કર્યું, “એક વખત મેં આશા રાખી હતી કે હું મારું પોતાનું ઘર ધરાવવા જેટલો સંપત્તિવાન થઈશ. જ્યારે તેમ થયું ત્યારે હું તરત જ કંઈક વધારે ઇચ્છતો હતો - એક વેકેશન માણવાનું સ્થળ. મેં એ બીજું ઘર પ્રાપ્ત કર્યું ત્યાં સુધીમાં મેં જોયું કે હું એટલી બધી મુસાફરી કરતો હતો કે હું ભાગ્યે જ મારાં પહેલાં રહેઠાણને માણવા માટે ઘરમાં રહેતો હતો. હું જેટલું વધારે મેળવતો ગયો, તેટલું હું મારી પાસે હતું તે બધું ઓછું માણી શકતો હતો.”

તમારા જીવનમાં કંઈક ખૂટે છે તે પીડાદાયક લાગણી કરતાં વધારે કંઈ જ નિરાશા તથા હતાશા તરફ નથી દોરી જતું. તે અડધી રાત્રે ઉઠી જઈને રેફ્રીજરેટર પાસે જવા જેવું છે. તમે શું લેવા માંગો છો તે ખરેખર ખબર વગર તમે તે ઉઘાડો છો. આથી તમે આ ચાખો છો, તેનો પ્રયત્ન કરી જુઓ છો, પરંતુ કશાના સ્વાદમાં મજા નથી આવતી. છેવટે તમે બારણું બંધ કરીને હજી પણ ભૂખ્યા જ પાછા પથારી ભેગા થાવ છો - અસંતુષ્ટ. આપણામાંના મોટાભાગના તેવી જ રીતે ભાવનાત્મક રીતે અપરિપૂર્ણ છે.

મુશ્કેલી એ છે કે આપણામાંના ઘણાં બધાં આપણું જીવન હું દિવસો પહેલાં વિતાવતો હતો તેવી રીતે વિતાવે છે. મારે માટે સોમવાર હંમેશાં બાકીના સાત દિવસો જેવો જ એક દિવસ રહ્યો છે. જ્યારે મારું ચર્ચ નાનું હતું અને મારો કાર્યક્રમ ઓછો વ્યસ્ત હતો ત્યારે મારી પત્ની અને હું સોમવારને અમારા ઑફિસ તથા ઘરથી દૂર એવા અમારા દિવસ તરીકે વિતાવતાં. આ સંપૂર્ણ ખાલી દિવસોએ અમે એકબીજાને પૂછતા, “તો, આજે આપણે શું કરશું ?”

અમે જુદા જુદા આઇડીયાઓ વિશે વિચારતાં, પરંતુ તે અમારી કલ્પના મુજબ ન થતા અથવા તે ઘણા જ ખર્ચાળ, ઘણા જ અવ્યવહારુ રહેતા. છેવટે, અમારી અનિર્ણયાત્મકતાથી હતાશ એવા અમે અમારી કારમાં બેસી જતાં અને રખડપટ્ટી કરતાં. અમારા મનમાં કોઈ ચોક્કસ ગંતવ્ય સ્થાન ન રહેતું. અમે એ આશા સાથે બહાર નીકળી પડતાં કે કંઈક રસપ્રદ કે આનંદદાયક જોવા મળશે. જોકે, ઘણી વાર, અમે શું કરવા ઇચ્છીએ છીએ તે અમે નક્કી કરીએ ત્યાં સુધીમાં ઘણો દિવસ વપરાઈ ચૂક્યો હોય. અમે આખો દિવસ ઊડાડી મૂક્યો હોય.

તમને કેવી રીતે ખાતરી થાય કે તમને જીવવા મળેલી એક જીંદગી તમે વેડફી નહીં નાખો ? તમે તમારા હૃદયની ગહનતમ ભૂખ કેવી રીતે સંતોષી શકો ? ખરો સંતોષ ક્યાંથી આવે છે ?

- શું જવાબ કીર્તિ માં રહેલો છે ?

- શું સફળતા જવાબ છે ?
- શું સત્તા સાથે સંતોષ આવે છે ?
- શું જાતીય આનંદ ખરો સંતોષ લાવે છે ?

આપણે આ દરેક તરફ નજર કરીએ અને તે પ્રક્રિયામાં કદાચ આપણે શું ગુમાવીએ છીએ તે આપણે શોધી શકીએ.

શું કીર્તિ સંતોષ આપે છે ?

ઇસુ એમ નથી કહેતા, "તેઓ આશીર્વાદ પામેલા છે જેઓ કીર્તિ પાછળ દોડે છે. આથી તેમને સંતોષવામાં આવશે."

મારો એક મિત્ર છે જે મનોરંજન વ્યવસાયમાં ઘેર ઘેર જાણીતો છે. તે હજી ઘણો નાનો છે, છતાં તે જીવનની શરૂઆતમાં જ ઘણો પ્રખ્યાત છે, જ્યારે તેના ટેલીવિઝન શૉ સૌથી ઊંચા રેટીંગ મેળવે છે. તેણે પુષ્કળ પૈસા બનાવ્યા ! તેની ઘણી જ માંગ હતી. પછી રેટીંગ નીચું ઉતર્યું, અને જેવું એમ બન્યું કે નેટવર્કે તેના શૉ બંધ કર્યા. તેની બીજી કોઈ કારકીર્દિ નથી. તેનો બીજો કોઈ વ્યવસાય નથી. તેની પાસે કરવા માટે કંઈ જ નથી.

આ યુવાન કંઈક કરવાનો પ્રયત્ન કરે છે, પરંતુ કંઈ ફાવતું નથી. તે ખરેખર ભયંકર કપરા સમયમાંથી પસાર થઈ રહ્યો છે અને આ અનુભવમાં મારો આ મિત્ર અનોખો નથી. તે ઘણા મનોરંજકમાંનો જ એક છે જેમણે કીર્તિનો અને પછી જનતા તેમની તરફ પીઠ ફેરવી લે તેવો અનુભવ કર્યો છે. કીર્તિ ભાગેડુ છે. તે સંતુષ્ટ નથી કરતી !

મનોરંજન વ્યવસાયમાં મારો બીજો મિત્ર છે, હ્યુ જ ઓબ્રીઆન, એ પ્રખ્યાત અભિનેતા જેણે લોકપ્રિય લોમેન યાર્ટ એર્પની ભૂમિકા ટેલીવિઝન પર ભજવી હતી. હ્યુજ મારા પેલા મિત્ર કરતાં વધુ ભાગ્યશાળી હતો. હ્યુજની તેના વિશે કહેવાની એક રીત છે, જે મને ગમે છે, તેણે કહ્યું, "મારા વ્યવસાયમાં મેં ઘણું વહેલું જાણી લીધું કે તમે ભલે ગમે તે હો, તમે ભલે કોઈ પણ વ્યાપારમાં હો, આપણે બધા જ જીવનના પાંચ તબક્કાઓમાંથી પસાર થઈએ છીએ. હું તે તમને આ રીતે કહીશ. પ્રથમ તબક્કો છે : હ્યુજ ઓબ્રીઆન કોણ છે ! તમે જ્યારે સફળતાનાં બીજ વાવો ત્યારે, આ જગ્યાએથી તમે તમારી મુસાફરી શરૂ કરો છો."

"બીજો તબક્કો છે : મને હ્યુજ ઓબ્રીઆન લાવી આપો. એ ત્યારે આવે છે જ્યારે તમે સફળતાનો પ્રથમ સ્વાદ ચાખો છો."

ત્રીજો તબક્કો છે : મને હ્યુજ ઓબ્રીઆન પ્રકારનો કોઈક લાવી આપો. એ ત્યારે છે જ્યારે તમે ખરેખર સફળ છો - તમે નિસરણીની ટોચે છો, તેઓને તમે પોસાઈ શકો તેમ નથી પરંતુ તેમને તમારા જેવા કોઈક જોઈએ છે.

ચોથો તબક્કો છે : મને એક યુવાન હ્યુજ ઓબ્રીઆન લાવી આપો. આપણે બધા મોટા થઈએ છીએ. આપણે બધાજ ચોથા તબક્કામાંથી પસાર થઈએ છીએ. તમે તેને કેવી રીતે સંભાળો છો તેના પર બધો આધાર રાખે છે. આ સમયગાળા દરમિયાન સક્રિય અને ઉત્પાદક રહો.

એક હેતુ જાળવી રાખો.

પાંચમો તબક્કો છે : “હ્યુજ ઓબ્રીઆન કોણ છે ?”

“હવે આપણે ગમે તે હોઈએ, આપણે બધાજ પહેલા તબક્કેથી શરૂ કરીએ છીએ અને છેવટે પાંચમાં તબક્કે પૂરું કરીએ છીએ, આપણે જ્યાંથી આવ્યા હતા ત્યાં જ પાછા પહોંચી જઈએ છીએ. દુનિયાની બધી જ સફળતા તથા પૈસો જ્યારે તમારો સમય પૂરો થઈ જાય છે ત્યારે તમારે માટે વધારે આવતીકાલ ખરીદી શકતા નથી.”

પરિણામે, તમારા જીવનમાં તમે પહેલાં અને પાંચમાં તબક્કા વચ્ચે જે કરો છો તે જ છે. તમે વહેલા જ પ્રોજેક્ટ્સ, શોખો તથા એક વ્યવસાય શરૂ કરી દો, જે તમને સક્રિય રાખે, તે અતિશય મહત્વનું છે. એ રીતે, તમે ગમે તે તબક્કામાં હો, તમારી પાસે જીવનમાં એક હેતુ હશે.

હ્યુજ ઓબ્રીઆનનો હેતુ - તેનું અદ્ભૂત વળગણ - એ તેણે સ્થાપેલ હ્યુજ ઓબ્રીઆન યુથ ફાઉન્ડેશન - કાર્યક્રમ છે. તેનો હેતુ માત્ર હાઇસ્કુલનાં બીજા વર્ષના વિદ્યાર્થીઓને શોધવા, ઓળખવા તથા સંભવિત નેતાગીરીને વળતર આપવું તથા આ ભાવી નેતાઓ માટે રાજ્ય તથા આંતરરાષ્ટ્રીય નેતાગીરી માટેના સેમીનારો યોજવાનો છે. આ કાર્યક્રમ માટેનો આઇડીયા હ્યુજે આફ્રિકાના લેમ્બરેનમાં ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝર સાથે 1૯58માં નવ દિવસ ગાળ્યા પછી પ્રેરિત થયેલો. તે ગહન અનુભવે હ્યુજ પર ઊંડી અસર પાડી.

• • •

ખોવાયેલા અને પીડીત
આત્માઓ માટે પ્રમાણિકપણે કરેલ
જાતને ભૂલાવી દે તેવી તથા
જાતની આહુતિ આપતી સેવા
મારાં સ્વાભિમાનને સેલીબ્રેટી સ્ટેટ્સથી
મળતાં ઉત્તેજન કરતાં વધુ સંતોષ આપે છે.

• • •

ડૉ. સ્વાઈત્ઝરનાં વિધાનો પૈકીનું એક ખાસ કરીને ઘણું સચોટ છે. ડૉ. સ્વાઈત્ઝરે કહ્યું,

"યુવાનોને પોતાની જાત માટે વિચારતા કરવા તે શિક્ષણમાં કરવા જેવી સૌથી મહત્વની બાબત છે." તેમણે હ્યુજને પણ કહ્યું કે, "દરેક વ્યક્તિમાં તેમની પોતાની લેમ્બરેન સર્જવાની ક્ષમતા હોય છે. દરેકમાં આવતીકાલના શિક્ષક થવાની યુવાનોને તેમની શક્તિ તથા તેનો કેવી રીતે ઉપયોગ કરવો તે શીખવવાની ક્ષમતા હોય છે."

ડૉ. સ્વાઈત્ઝરના પ્રભાવના પરિણામરૂપે, હ્યુજ ઓબ્રેઇને હાઇસ્કુલના બીજા વર્ષના વિદ્યાર્થીઓ પ્રેરિત કરવાના હેતુથી તેનો કાર્યક્રમ વિકસાવ્યો. આ કાર્યક્રમનો હેતુ આ વયજુથનાં બાળકોને કેવી રીતે સ્વપ્ન જોવાં તે જ માત્ર નહીં પરંતુ તેમનાં સ્વપ્નોને કેવી રીતે વાસ્તવિકતામાં બદલવાં તે શીખવવાનો પણ છે. હ્યુજ તેને આ રીતે મુકે છે : "મોટાભાગનાં લોકો ગુનો કરનારાઓને કેમ્પમાં મોકલવામાં રોકાયેલા હોય છે. આપણા યુવાઓની ઘણી મોટી સંખ્યા સકારાત્મક છે, પરંતુ આપણે માત્ર નકારાત્મક લઘુમતી વિશે સાંભળીએ છીએ. મેં જોયું કે સારા છોકરાઓ તથા છોકરીઓને સમાજના જવાબદાર સભ્યો હોવા બદલ પુરસ્કારાય છે તેવું દર્શાવવાનો તથા તેમની પીઠ થાબડવાનો સમય થઈ ગયો છે." "હું માનું છું કે આપણા યુવાનો આપણા દેશનો સૌથી મોટો કુદરતી સ્ત્રોત છે. આપણા મહાન અમેરિકાના હાઇસ્કુલના વિદ્યાર્થીઓમાં પ્રચંડ વણશોધાયેલ નેતાગીરી શક્તિ છે. આ કાર્યક્રમમાં અમે માત્ર આ યુવાનોને તેમના પ્રશ્નો પૂછવાની, જીવન તથા વ્યાપારની વાસ્તવિકતા શું છે તે શોધી કાઢવાની તક આપવાનો પ્રયત્ન કરીએ છીએ. અમે તેમને માત્ર સબક શીખવવાથી આગળ જઈને સજ્જ કરવા માંગીએ છીએ. અમે તેમને સ્વપ્ન સેવવામાં મદદ કરવા માંગીએ છીએ."

"હું જે કરું છું તે મને ગમે છે ! મારી પાસે એક ખૂબ જ વાસ્તવિક ફીલોસોફી છે. હું તે અમારા સેમીનારોમાં ભાગ લેનાર હજારો યુવાઓ સાથે શેર કરી છે તેમજ તમારી સાથે પણ વહેંચવા ઇચ્છું છું. તેને 'પસંદ કરવાની આઝાદી' કહેવાય છે."

હું નથી માનતો કે આપણું બધાનું સમાન તરીકે સર્જન થયું છે. શારીરિક તથા ભાવનાત્મક ભેદભાવો, માતા-પિતાનું માર્ગદર્શન, અલગ-અલગ વાતાવરણ, યોગ્ય સમયે યોગ્ય જગ્યાએ હોવું, એ બધું જ વિકાસને આગળ વધારવામાં અથવા મર્યાદિત કરવામાં ભાગ ભજવે છે, પરંતુ હું દૃઢપણે માનું છું કે દરેક પુરુષ અને સ્ત્રીને તેની પૃષ્ઠભૂને ધ્યાનમાં લીધા વગર, જો તેની/તેણીની શક્તિને ઓળખવાની તક તથા પ્રોત્સાહન આપવામાં આવે તો, તેની પાસે આપણી દુનિયામાં પસંદ કરવાની આઝાદી હોય છે. એક વ્યક્તિ તેનાં જીવનમાં લેનાર હશે કે આપનાર, તે માત્ર પોતાના હોવાથી જ સંતુષ્ટ હશે કે તે એક અર્થપૂર્ણ હેતુ પણ ઇચ્છશે ?

હું માનું છું કે દરેક વ્યક્તિનું સર્જન પ્રેમના જુસ્સામાં પુજ્યભાવ, સેવા દ્વારા અન્યો સાથે એક વિશિષ્ટ હેતુ વહેંચવા માટેની મહાન શક્તિ સાથેની તેની પોતાની નિયતીના વ્યવસ્થાપક તરીકે થયું છે.

હ્યુજ ઓબ્રીઆન તથા તેના સ્વયંસેવકોએ તેના કાર્યક્રમ દ્વારા દસ લાખ કરતાં વધારે યુવાનોને પોતાની આગોશમાં લીધા છે. હ્યુજ ઓબ્રીઆન સંતુષ્ટ છે. (કદાચ ન પણ હોય - સદ્ભાગ્યે, તે હજી આકાશને આંબી રહ્યો છે !) પરંતુ તેનો સંતોષ માત્ર પ્રસિદ્ધિમાંથી નથી આવ્યો. પરંતુ તે એક હેતુ ધરાવવામાંથી, તે જેને ચાહે છે તે દેશને કંઈક પાછું આપવામાંથી, ક્યારેય ખર્ચ - કિંમતની ગણતરી કર્યા વગર, કંઈક ઉપયોગી કરવામાંથી આવ્યો છે - કારણ કે હ્યુજને આ કાર્ય માટે પૈસા નથી ચૂકવાતા, તે સૌથી મોટો સ્વયંસેવક છે. *

શું સફળતા સંતોષ આપે છે ?

પ્રસિદ્ધિ સંતોષ આપતી નથી. સફળતા પણ નહીં. ટોમ લાન્ડ્રી, ક્લાસ કાઉબોટ્સનો અતિ સફળ કોચ, સફળ છે. પરંતુ તેનાથી પણ વધારે તો, તે સંતુષ્ટ છે. આશ્ચર્યજનક રીતે, તેણે મને કહ્યું કે તેનો સંતોષ માત્ર ફૂટબોલની રમતો જીતવામાંથી જ નથી આવતો, છતાં પણ તેને લાગે છે કે આપણે જે કાંઈ પણ થઈ શકીએ તેને માટે આપણાં બધાં જ સામર્થ્યથી પ્રયત્ન કરવો તે મહત્વનું છે.

હકીકતમાં, ટોમે કહ્યું કે તે કાઉબોયના લોકર રૂમમાં નજરે ચડે તેમ એક સ્લોગન લગાડેલું રાખે છે : "એક વ્યક્તિનાં જીવનની ગુણવત્તા, શ્રેષ્ઠતા માટેના તેના સમર્પણના ભાગ મુજબ જ હોય છે." ટોમ આગળ કહે છે, "હું બહુ દૃઢતાપૂર્વક આ માનું છું. હું માનું છું કે ઇશ્વરે આપણને આપણે જે કરવા ઇચ્છતા હોઈએ તે કરવાની બધી જ પ્રતિભા આપી છે, અને આપણે શ્રેષ્ઠ કરી શકીએ તે કરીએ તેવી તે અપેક્ષા રાખે છે. જ્યારે તમે કરી શકો તેટલું શ્રેષ્ઠ કરવાનો પ્રયત્ન કરો, ત્યારે સફળતા તથા જીત આપોઆપ જ આવી મળે છે."

"જ્ઞાનમાંથી આત્મવિશ્વાસ આવે છે. જો તમે તમારાં કામ વિશે સારી રીતે જાણતા હો, તો જ્યારે તમે તે ક્ષેત્રમાં બહાર પડો ત્યારે તેને સારી રીતે કરવાનો આત્મવિશ્વાસ તમારામાં હશે. તમારે બધો વખત સકારાત્મક બાબતની ધારણા કરવી જ જોઈએ, કારણ કે એક વખત તમે નકારાત્મક શક્યતાઓ વિશે વિચારવાનું શરૂ કરી દો - કે તમે કદાચ સુપર બાઉલ ગુમાવશો, અથવા તમને કદાચ આવતા અઠવાડિયે કાઢી મૂકવામાં આવશે, તમે નોકરી ગુમાવશો - આવી નકારાત્મક વિચારસરણી તમારું શ્રેષ્ઠ સિદ્ધ કરવાની તમારી શક્યતાઓને ખાસ્સી ઘટાડી દે છે અને આથી આપણે સકારાત્મક રીતે વિચારવાનો પ્રયત્ન કરીએ છીએ."

ટોમ લાન્ડ્રી સફળ છે. તે કહે છે કે, કોઈ પણ વ્યક્તિ, જો પૂરા ઝનુનથી ઇચ્છે, તેને માટે પૂરતી ઝંખના કરે, શીખી શકાય તેટલું શીખીને તથા તેની બધી શક્તિ વડે કામ કરીને, સક્રિય રીતે જીતની ઇચ્છા કરે, તો તે વિજેતા બની શકે છે. અલબત્ત, સકારાત્મક પૂર્વધારણા, સારા, સ્પષ્ટ, પોઝીટીવ એટીટયુડ ધરાવવા તે આવશ્યક છે.

જો આપણે પોઝીટીવ એટીટ્યુડ્સ, કઠોર પરિશ્રમ, જ્ઞાન તથા શ્રેષ્ઠતા માટે ભૂખ્યા-તરસ્યા હોઈએ તો આપણા જીતવાની સંભવિતતા અવકાશી રીતે વધી જાય છે.

પરંતુ આ બીએટીટ્યુડ્સ જે કહે છે તે એ નથી. છે ? તે એમ નથી કે, "તેઓ આશીર્વાદ પામેલા છે જેઓ પ્રમાણિકતા માટે ભૂખ્યા-તરસ્યા છે, આથી તેઓ વિજેતા બનશે."

ના, બીએટીટ્યુડસ કહે છે, "જેઓને પ્રમાણિકતા માટે ભૂખ-તરસ છે તેઓ આશીર્વાદ પામેલા છે. આથી તેઓ સંતુષ્ટ થશે."

ટોમ લાન્ડ્રી સાથેની મારી વાતચીત જીતવા વિશેની વાત સાથે પૂરી ન થઈ ગઈ. તેણે સાચો સંતોષ કેવી રીતે મેળવ્યો તે વિશે વાત કરવાનું તેણે ચાલું રાખ્યું.

"મેં એક સારો ફૂટબોલ કોચ બનવા ઇચ્છચુ હતું, આથી મારું આખું જીવન તેમાં વ્યતિત થયું છે. હું વ્યાવસાયિક ફૂટબોલ ખેલાડી બનવાના તથા ન્યુયોર્ક જાયન્ટસ સાથે (હું કાઉબોય સાથે જોડાયો તે પહેલાં હું તેમની સાથે હતો) વર્લ્ડ ચેમ્પિયનશીપ જીતવાના માર્ગે આગળ વધતો ગયો

તેમ, મેં જોયું કે જીતવાની અથવા સફળ હોવાની ઉત્તેજના પછી, હંમેશાં ખાલીપો તથા બેચેની રહે છે જે પછીથી પણ મારી સાથે રહી.”

“હું તે સમજી ન શક્યો. મેં વિચાર્યું કે આ આખા માર્ગમાં ક્યાંક તમારે એવી જીત મેળવવી જોઈએ જે બાકીની આખી જીંદગી તમારી સાથે જ રહે. પરંતુ જ્યારે એક વખત મારા મિત્રએ મને બુધવારે સવારે ડલાસની એક હોટેલમાં ભરાતી બાઇબલના અભ્યાસની સભામાં હાજરી આપવાનું ન કહ્યું ત્યાં સુધી હું એ પ્રકારનો સંતોષ ક્યારેય પામી ન શક્યો. મને લાગ્યું કે તે પાગલ છે કારણ કે હું નાતાલની વાર્તા તથા ઇસ્ટરની વાર્તા જાણતો હતો અને દર રવિવારે ચર્ચમાં જતો હતો. પરંતુ તે એક સારો મિત્ર હતો, આથી હું ગયો. મને તે બરાબર યાદ છે. અમે માઉન્ટ ઇન મેથ્યુ પરનો ધર્મોપદેશુ વાંચતા હતા જેમાં ઇસુ કહે છે, “તમારા જીવન વિશે, તમે શું ખાવ છો કે તમે શું પીવો છો તેના વિશે, તમારાં શરીર વિશે, તમે શું પહેરશો તે વિશે ચિંતા ન કરો. શું જીવનએ ખોરાક કરતાં અને શરીર એ વસ્ત્ર પરિધાન કરતાં વધુ નથી ? પહેલાં ઇશ્વરનું રાજ્ય અને તેની સચ્ચાઇની ઇચ્છા કરો અને આ બધી વસ્તુઓ પણ તમારી બની જશે.” (મેટ 6:21,33)

“એ મારી બાઇબલની પ્રથમ ખરી શોધ હતી. એ પ્રથમ જ વખત મેં તેનો અભ્યાસ કર્યો હતો. ઇસુ ખ્રિસ્તનાં ગોસ્પેલ શેના વિશે છે તે હું શીખતો ગયો. તેનાં પરિણામે મેં ડલાસ કાઉબોય ટીમ લઈ લીધી તેના એક વર્ષ પહેલાં - મેં ક્રાઇસ્ટનો સ્વીકાર કર્યો. જ્યારે સંત ઓગસ્ટાઇને કહ્યું કે, ‘હે ઇશ્વર, અમારાં હૃદયો જ્યાં સુધી તારામાં ન વિરમે ત્યાં સુધી, બેચેન રહે છે.’ ત્યારે તેઓ શું કહેવા માગતા હતા તે હું સમજ્યો.”

“મેં જોયું કે પેલો ખાલીપો તથા બેચેની ચાલ્યા ગયાં હતાં. ડૉ. શુલર, મને ખરેખર બે વસ્તુનો ખ્યાલ આવ્યો, મને ખ્યાલ આવ્યો કે તમે આખી જીંદગી ચર્ચમાં જાવ અને છતાં ક્રિશ્ચન ન બનો તેવું બની શકે. મને તે ક્યારેય ખબર ન હતી. મને લાગે છે કે જે બીજી વસ્તુ મેં શોધી તે એ હતી કે જીંદગી એ પસંદગીની બાબત છે. એ સમય સુધી, ફૂટબોલએ મારાં જીવનમાં અગ્ર ક્રમે હતો, મારો પરિવાર તથા ઇશ્વરનું સ્થાન પાછળ હતું. પરંતુ એક વખત મેં ક્રાઇસ્ટરને મારા ઇશ્વર તથા મારા તારણહાર તરીકે સ્વીકારી લીધા, પછી મેં જોયું કે મારા જીવનમાં ઇશ્વરનું સ્થાન પ્રથમ છે. આ વસ્તુએ મારી દુનિયા બદલી નાખી અને ત્યારથી મારા જીવનમાં એ રીતે જ છે.”

શું સત્તા સંતોષ આપે છે ?

ઇસુએ એમ નથી કહ્યું કે, “જેઓ પ્રસિદ્ધ પાછળ જાય છે તેઓ આશીર્વાદ પામેલા છે” અથવા “સફળતા પાછળ” અથવા “સત્તા પાછળ.”

શુક કોલ્સન, જે એક સમયે આપણા દેશનો સૌથી શક્તિશાળી માણસ હતો અને પછી જેને વોટરગેટ કૌભાંડનાં પરિણામે જેલ થઈ, તે આનું જીવંત ઉદાહરણ છે : તમે સત્તા કે શક્તિ દ્વારા સુખ મેળવી ન શકો.

શુક પાસે જ્યારે સત્તાની મહાન વગ હતી ત્યારે તે સુખી ન હતો, તેને બદલે, તેની શક્તિ વિનાશ અને જેલવાસ તરફ પણ દોરી ગઈ. પરંતુ પછી શુક કોલ્સને ઇસુને મેળવ્યા અને તેનો પુનર્જન્મ થયો. આજે તેની પાસે યુનાઈટેડ સ્ટેટમાં 365 કરતાં વધારે જેલોમાં તથા દુનિયાના

એકવીસ દેશોમાં ચાલતી સક્રિય મીનીસ્ટ્રી છે. તેની પાસે યુનાઈટેડ સ્ટેટમાં ત્રીસ હજાર સક્રીય સ્વયંસેવકો છે અને લગભગ અઠ્ઠાવન હજાર જેટલા કેદીઓ જેલની અંદર તેના એવાન્જલીસ્ટીક તથા ડીસાઇપલશીપ તાલીમ કાર્યક્રમોમાંથી સ્નાતક થયા છે તે કહે છે, "અમેરિકામાં આપણે જેને જેલ કહીએ છીએ તે અંધારી કોટડીમાં ઇસુ ખ્રિસ્ત જીવન બદલી નાખી શકે છે, તે સારા સમાચાર લાવવા માટે ઉછરેલા ઇશ્વરના લોકોની ચળવળનો ભાગ હોવું તે દુનિયાનો સૌથી મોટો રોમાંચ છે."

"હું દુનિયાના સર્વોચ્ચ સત્તાધારીઓથી ખૂબ જ નજીક રહ્યો છું, હું મહેલોમાં ગયો છું; મેં આખી દુનિયાનાં મહાન દેવળોમાં ઉપદેશો આપ્યા છે, પરંતુ જેલની ઉદાસીન સીમેન્ટની જમીન પર, એક કદાવર ગુનેગાર, જે આંસુઓનાં પુર સાથે તેનું જીવન ઇસુને અર્પિત કરી દે છે, તેની સાથે હોવામાં મને સૌથી મોટો આનંદ અને પરિપૂર્ણતા મળી છે."

શું જાતિય તૃપ્તિ સંતોષ આપે છે

તમે આંતરિક લાગણીની ભૂખને ખરેખર કેવી રીતે સંતોષો છો ? ઈસુએ નથી કહ્યું કે, "જેઓ પ્રસિધ્ધી, સફળતા અથવા સત્તા ઇચ્છે છે તેઓ આશીર્વાદ પામેલા છે." તેવી જ રીતે ઇસુએ એમ પણ નથી કહ્યું કે, "જેઓ જાતિય તૃપ્તિ ઇચ્છે છે તેઓ આશીર્વાદ પામેલા છે."

હું ફ્રોડ સાથે અસંમત થાઉં છું, જેણે સંતોષ માન્યો કે આનંદ એ હૃદયની સૌથી ઊંડી આકાંક્ષા અથવા જરૂરિયાત છે. માણસની અંતિમ જરૂરિયાત સ્વાભિમાન, સ્વયોગ્યતા, સંતુષ્ટ હોવાની તંદુરસ્ત ભાવના માટેની છે. પવિત્ર આત્માએ આત્મ સમ્માન દાખલ કર્યું. તે એવી ભવ્ય લાગણી છે જે આદમ તથા ઇવમાં તેઓ પાપમાં પડ્યાં તે પહેલાં હતી. મેં એક વાર પ્રખ્યાત મનોચિકિત્સક ડૉ. જોયસ બ્રધર્સને પૂછ્યું, "જોયસ, આજે તમે માણસમાં જોયેલી સૌથી મૂળભૂત, સૌથી ઊંડી મનોવૈજ્ઞાનિક જરૂરિયાતોમાંથી અમુક કઈ છે ?"

તેણીએ જવાબ આપ્યો, "મને લાગે છે કે માણસોને પ્રેમની જરૂર છે. તે એક સ્ત્રી અને પુરુષ વચ્ચેનો પ્રેમ હોવો જરૂરી નથી. તે માનવજાતનો પ્રેમ હોઈ શકે છે. તે ઇશ્વરનો પ્રેમ હોઈ શકે છે. વીલીયમ જેમ્સે ઘણાં વર્ષો પહેલાં કહ્યું છે : તમારાં જીવન કરતાં પણ વધુ મહત્વનું હોય તેવા કંઈક માટે જીવન જીવો . એ જીવનમાં સૌથી મહત્વની બાબત છે. સુખી લોકો એ પ્રમાણે કરે છે."

ડૉ. બ્રધર્સ આગળ કહે છે, "તમે જાણો છો, આપણે ચમત્કારીક દવાઓના યુગમાં જીવીએ છીએ. પરંતુ જીવનને લંબાવવા માટે, તેને સુખી બનાવવા માટે જે ચમત્કાર હજી પણ કામ કરે છે. તે આપણે જાણીએ છીએ તે સૌથી જૂનો ચમત્કાર છે. તે પ્રેમનો ચમત્કાર છે અને એક મનોચિકિત્સકની દૃષ્ટિએ, હું જોઉં છું કે જે લોકો સારા છે તેઓ સુખી છે. જે લોકો સુખી છે તેઓ સારા લોકો છે."

"માણસ ઘણાં બધાં માટે સક્ષમ છે. ફરી, મનોવૈજ્ઞાનિકોએ જોયું છે કે લોકો તેમની ક્ષમતાના માત્ર દસ ટકાનો જ ઉપયોગ કરે છે. પરંતુ એવા કેટલાક લોકો છે જેઓ તે દસ ટકાએ અટકી નથી જતા. તેઓ શું કરી શકવા સમર્થ છે તે જાણવા માટે તેઓ તેમની સીમાને આગળ ધકેલે છે. તેઓ એ સુખી લોકો છે."

મારા મતે. ડૉ. જોયસ બ્રધર્સની માનવ જરૂરિયાતો પર ફ્રોડની હતી તેના કરતાં ઘણી

વધારે સારી પકડ છે. ડૉ. બ્રધર્સે મને જે કહ્યું તે જેને મેં હંમેશાં માણસની સૌથી ઊંડી જરૂરિયાત માની છે, તેને પ્રતિબીંબીત કરે છે - પ્રેમ અને સ્વાભિમાનની લાગણી - જનુન, જાતીય તૃપ્તિ, પ્રસિધ્ધી કે સત્તા નહીં.

સંતોષનું રહસ્ય

સંતોષ, આનંદ, પરિપૂર્ણતા એ બધાને આપણે જ્યારે પ્રસિધ્ધી સફળતા, સત્તા અથવા જાતિય તૃપ્તિ દ્વારા શોધીએ ત્યારે પડછાયા જેટલા ભ્રામક તથા ઊડી જનારા હોય છે.

તો પછી આપણે સંતોષ કેવી રીતે મેળવી શકીએ ? ઇસુ કહ્યું છે "જેઓ સચ્ચાઈ માટે ભૂખ્યા તથા તરસ્યા છે તેઓ આશીર્વાદ પામેલા છે, આથી તેમને સંતોષ મળશે. આ શક્તિશાળી વિધાનમાં, આપણે હૃદયની તીવ્રતમ ભૂખ, સૌથી ઊંડી ઇચ્છા કેવી રીતે સંતોષી શકીએ તે ઇસુ આપણને દેખાડે છે."

ઇસુ કહે છે કે સંતોષ તથા આનંદ તરફનો માર્ગ સચ્ચાઇ શોધવામાં પડેલો છે.

પ્રશ્ન : સચ્ચાઇ શું છે ?

સચ્ચાઇ એ માત્ર સફળતાપૂર્વક લાલચને ટાળવી તે નથી. તે તેનાથી પણ આગળ જાય છે. હું મારાં પુસ્તક સેલ્ફ એસ્ટીમ : ધ ન્યુ રીફોર્મેશન * માંથી આટલું ટાંકીશ :

> આપણે બધા એવા લોકોને જાણીએ છીએ જેઓ ખોટું નથી બોલતા, હત્યા નથી કરતાં, ચોરી નથી કરતાં, વ્યભિચાર નથી આચરતા, છતાં તેઓ સરળતા, આરામ તથા અલિપ્તતાની જીંદગી જીવે છે. તેઓ દયાળુ તથા સૌમ્ય હોય તેવા દેખાય છે અને આપણે તેમને 'પ્રેમાળ લોકો' તરીકે નક્કી કરવા લલચાઈએ છીએ. પરંતુ બલીદાન જેવી વચનબદ્ધતા એ ખરો પ્રેમ છે જ્યાં સુધી આ 'સારા લોકો' ઇશ્વરની મહત્તા વધારનાર લક્ષ્યો ન નક્કી કરે, ત્યાં સુધી તેઓ કોઈ શક્તિશાળી રીતે રચનાત્મક અને સર્જનાત્મક વચનબદ્ધતા કરતા નથી. જો તેઓ તેમનાં ધ્યેયમાં કોઈ હિંમતપૂર્વકનું જોખમ નથી લેતા, તો તેઓ સારા છે - પરંતુ શેને માટે સારા ? (પાનું 112)

સચ્ચાઇ એ સંપૂર્ણ પવિત્રતા કે સંપૂર્ણતા પણ નથી. હું નથી માનતો કે ઇસુ એમ કહેતા હોય કે જે વ્યક્તિમાં પવિત્ર જીવન જીવવાનું અસાધ્ય ફરજીયાતપણું હોય તે ખરેખર સંતુષ્ટ હોય. જો આપણે સંતુષ્ટ હોવા માટે સંપૂર્ણ, પવિત્ર જીંદગી જીવવી પડે તો માણસોમાં આપણે સૌથી નિર્માલ્પ હશું, કારણ કે આપણે બધા ઘણી બધી ભૂલો કરીએ છીએ, આપણે બધાંજ પાપ કરીએ છીએ. આપણામાનું કોઈ સંપૂર્ણ થવાનું નથી.

એ સાચું છે કે જ્યારે આપણે ભૂલો કરીએ, જ્યારે પાપ કરીએ છીએ ત્યારે આપણે ઇશ્વર તરફથી માફી માગી શકીએ. શું આ પવિત્રતા તરફનો માર્ગ છે ? હા - જો આપણે સાચા પસ્તાવાનો ખરો અર્થ સમજીએ તો, હું ફરી મારાં પુસ્તક સેલ્ફ એસ્ટીમ : ધ ન્યુ રીફોર્મેશન માંથી ટાંકીશ :

> ખરો પસ્તાવો એ જીવનનું એક સકારાત્મક, શક્તિશાળી તથા ખૂબ જ પ્રેરણા પામેલ

પુન: નિર્દેશન છે... સંભાળ લેતા, જોખમી વિશ્વાસ તરફનું, જે ઉમદા, માનવ જરૂરિયાતથી ભરેલ સિદ્ધીઓ દ્વારા કીર્તિની આશાનું વચન આપે છે... જો તેની સ્લેટ ગુનાની ભાવનામાંથી કોરી થયેલી હોય, જો મને માત્ર અડધી માફી આપવામાં આવી હોય. હું ઇશ્વરને મારાં મનની પાટી પર તેનું નવું સ્વપ્ન લખવા ન દઉં ત્યાં સુધી મને સંપૂર્ણ માફી અપાઈ નથી. (પાનાં 103-104).

નકારાત્મક પશ્ચાતાપ એ એક નાખુશ અભિગમ છે; તે તમારામાંથી ઉત્સાહ ખેંચી લેશે. તે કહે છે, “હું કશું જ નથી. હું મુલ્યહીન છું. હું ખરાબ છું.” આવી નકારાત્મકમાંથી પવિત્રતા નહીં ઉદ્ભવે.

બીજી તરફ સકારાત્મક પસ્તાવો કહે છે કે :

- “હું દિલગીર છું કે મેં ઇશ્વરનાં સ્વપ્નોમાં ન માન્યું. હવે પછીથી હું માનીશ.”
- “ઇશ્વર જ્યારે મારા માટે થઈને ક્રોસ પર મૃત્યુ પામ્યા ત્યારે તે મને જેટલો ચાહતા હતા તેટલો હું મારી જાતને પ્રેમ ન કરવા માટે હું દિલગીર છું. હવેથી હું યાદ રાખીશ કે ઇશ્વર મને ચાહે છે - અને હું પણ મારી જાતને ચાહવાનો પ્રયત્ન કરીશ.”
- “હું દિલગીર છું કે હું એટલો સ્વાર્થી હતો કે હું નિષ્ફળતાના ડરને શરણે થઈ ગયો; હું લોકો મારા તરફ હસે તેવું નહોતો ઇચ્છતો. હવેથી હું ઇશ્વર માટે કંઈક મહાન કરવાનો પ્રયત્ન કરીશ.”
- “હવે હું મારી જાતને પવિત્રતા માટે સમર્પિત કરું છું ! હું યોગ્ય વસ્તુઓ જ કરીશ. હું ઇશ્વર મને જે સ્વપ્નો આપે તે અશક્ય દેખાતાં હોય તોપણ તેના પ્રત્યાઘાત આપીશ.”

ખરા પશ્ચાતાપ દ્વારા પવિત્રતા આવે છે અને પશ્ચાતાપ એ દ્વિદળી પ્રક્રિયા છે : (1) તે નકારાત્મકતાને, કરવાની લાલચને તથા આપણા ઉત્તમ હોવા કરતાં ઓછા હોવાને “ના” કહે છે. (2) તે સકારાત્મકતાને - સારાં ને, તંદુરસ્તને - “હા” કહે છે. તે મારા તથા તમારા માટે ઇશ્વરનાં જે સ્વપ્ન છે તેને “હા” કહે છે.

“હા” કહીને “ના!” કહો

સંતુષ્ટ હોવા માટે આપણને આરોગ્યપ્રદ પોષણની જરૂર પડે છે. આપણે આપણા મન તથા આત્માને જેના વડે પોષણ આપીએ છીએ તેના વિશે પસંદગી કરવાની આવડતવાળા હોવા જરૂરી છીએ. આજની દુનિયામાં, જ્યારે આપણે “જંક ફૂડ” વિચારોથી ઘેરાયેલાં છીએ ત્યારે આ સહેલું નથી. આના વડે હું આપણા પર દરરોજ બોમ્બમારો કરતા નકારાત્મક અભિગમો, નકારાત્મક પ્રતિક્રિયાઓ તથા નકારાત્મક પ્રત્યાઘાતો એમ કહેવા માગું છું. આપણી જાતને આ નકારાત્મકતાઓ સામે રક્ષવાની તથા ખંતપૂર્વક સકારાત્મકતા, સારા-પવિત્ર વિચારો, પવિત્ર સ્વપ્નો તથા પવિત્ર ક્રિયાઓ ઇચ્છવી જરૂરી છે.

આવી નકારાત્મક વિચારસરણીવાળી દુનિયામાં આપણે સતતપણે નકારાત્મક વાઇબ્રેશન્સથી ઘેરાયેલા છીએ. તમે જે સૌથી સકારાત્મક વ્યક્તિને મળો તેના પણ નકારાત્મક

અભિગમો હોય છે. કોઈ પણ વ્યક્તિ 100 ટકા સકારાત્મક નથી. આપણે જે દુનિયામાં રહીએ છીએ તેના વડે આપણે નકારાત્મકતા તરફ ભાવનાત્મક રીતે ટેવાઇ ગયા છીએ. આપણે આ સંમોહિત કરતી નકારાત્મક સાંકળને કેવી રીતે તોડીએ ? આપણે આપણી જાતને નકારાત્મક વિચારસરણીની જેલમાંથી કેવી રીતે મુક્ત કરીએ ? આપણે નકારાત્મકતાને, જે આપણી ખુશી આપણી પાસેથી છીનવી લે તે લાલચને. કેવી રીતે "ના" કહીએ ?

"હા" કહીને "ના!" કહો. સકારાત્મકતા રોપીને નકારાત્મકતાને દૂર કરો :

- એક સંપૂર્ણ ખેતર, એક નફાકારક ખેતર, એક પવિત્ર ખેતર એ નથી જ્યાં નકામા છોડ ઊગતા ન હોય. તેને બદલે, એ એવું ખેતર છે જેમાં મકાઇ કે અનાનસ જેવા ફળો આપનાર પાક વવાયો હોય.

- કાગળનો એક સંપૂર્ણ ટુકડો એ કાગળનો એવો ટુકડો નથી જેના પર કોઈ નિશાન કે કોઈ લીસોટો ન હોય. ના. એક સંપૂર્ણ કાગળ એ છે જે નોંધો, વિચારો, સંદર્ભો તથા આઇડીયાઝ, એક કવિતા, એક રૂપરેખા અથવા આંકડાઓ કે જે કોઈક રચનાત્મક શક્યતાઓને ભેગી કરે તે છે.

- બે વ્યક્તિઓ વચ્ચેની સંપૂર્ણ વાતચિત એ પ્રકારનો સંબંધ નથી જેમાં કોઈ લડાઇ, કોઈ દલીલો, કોઈ વાંકા શબ્દો ન હોય. જ્યારે બંને વ્યક્તિઓ માનપૂર્વક તથા પરસ્પર સ્વાભિમાન સાથે તેમને કેવું લાગે છે તે એક બીજાને ખરેખર કહી શકે અને ખૂલ્લા થઈ શકે ત્યારે સંપૂર્ણ આદાન-પ્રદાન થાય છે. મૌન નહીં, પરંતુ સકારાત્મક, રચનાત્મક, આદરપૂર્ણ વાતચીત એ આદાન-પ્રદાનમાં રહેલી પવિત્રતા છે.

આથી આપણે એવો દાવો ન કરી શકીએ કે આપણે "ડોન્ટસ"ની સૂચિ બનાવીને તથા તેમના તરફ વફાદાર થવાનો પ્રયત્ન કરીને પવિત્રતા પાછળ ઝંખીએ છીએ. પવિત્રતા પાછળ ભૂખ્યા તરસ્યા થવું તેનો અર્થ તેના કરતાં ઘણો વધારે થાય છે ! તેનો અર્થ જે ફળો ધારણ કરે અને ઇશ્વર માટે કંઈક સુંદર કરે તેવા સકારાત્મક પ્રકારની જીંદગી જીવવાની ઇચ્છા કરવી તેવો થાય છે. ભજનિક કહે છે કે પવિત્ર માણસ "પાણીનાં ઝરણાંઓ વડે વવાયેલ વૃક્ષ જેવો છે, જે તેનાં ફળો તેના સમુદ્ર પુત્રમાં લણે છે , અને તેના પાંદડાં સુકાતાં નથી. તે જે કાંઈ પણ કરે છે તે બધામાં તે સમૃદ્ધ થાય છે."

તમારામાંના ઘણાએ અદ્ભૂત ફિલ્મ ધ કરાટે કીડ જોઈ હશે. તમને ફિલ્મના ક્લાઇમેક્સમાં હીરો સામે લડ્યો તે મજબૂત બાળક યાદ છે ?

જ્યારે મને ખબર પડી કે બીલી ઝાબકા, જેણે આ ભયંકર રીતે અપ્રમાણિક બાળકની ભૂમિકા ભજવી તે એક ખ્રિસ્તી અને એક ઘણો જ સરસ યુવાન છે, ત્યારનાં મારાં આશ્ચર્યની કલ્પના કરો.

હું તેને મળ્યો અને પૂછ્યું, "બીલી, તું ધ કરાટે કીડ માં આટલો નીચ કેવી રીતે થઈ શક્યો ?"

"તે માત્ર અભિનય હતો," તેણે સમજાવ્યું. "હું પહેલાં ખ્રિસ્તી છું અને પછી એક અભિનેતા. હકીકતમાં, એક અભિનેતા તરીકે મારી કારકીર્દી ખરેખર ક્યાંય જઈ નહોતી રહી. હું એવું વિચારવા લાગ્યો હતો કે કદાચ ઇશ્વર મને અભિનેતા બનાવવા માંગતા જ નહોતા. તેમણે મને

તેમની એટલો નજીક બોલાવ્યો છે કે મેં વિચાર્યું કે તે કદાચ હું યુથ મિનિસ્ટ્રીમાં જાઉં તેમ તે ઇચ્છે છે. મને બાળકો તથા કેમ્પીંગ કરવું ખૂબ ગમે છે. મને એક લીમોસીનમાં હોવા કરતાં પર્વતમાં હોવું વધારે ગમે !

• • •

પ વિત્ર ?
તે છે : સકારાત્મક,
વિશ્વાસુ લોકો,
જેઓ સક્રિયપણે
ઇશ્વરે આપેલ
સ્વપ્નને આગળ વધારે છે !

• • •

"પરંતુ એક ઉનાળામાં મારા ચર્ચના સાથીઓનાં જુથ સાથે કેમ્પના પ્રવાસમાં મેં મારા મિત્રોને કહ્યું કે હું ફિલ્મમાં કામ કરવા ઇચ્છતો હતો. મેં સમજાવ્યું કે તે મારે માટે ન હતું; તે ઇશ્વર માટે હતું. પરંતુ મને ખાતરી ન હતી કે તે ઇશ્વર ખરેખર જે ઇચ્છતા હતા તે જ હતું."

જ્યારે હું ઘેર પાછો ફર્યો, ત્યારે મેં જોયું કે મને ધ કરાટે કીડ ની ભૂમિકા માટે પસંદ કરવામાં આવ્યો હતો. હું કોલમ્બીયા સ્ટુડીયોની સામે પહોંચી ગયો. સામાન્ય રીતે આવા ઇન્ટરવ્યુની પહેલાં હું પ્રાર્થના કરું છું કે, "હે ઇશ્વર, જો કોઈ પાપ થવાનું હોય તો હું આ કરવા નથી ઇચ્છતો. જો સેટ પર કોઈ ભ્રષ્ટાચાર થવાનો હોય તોપણ હું આ કરવા નથી ઇચ્છતો."

પરંતુ આ વખતે મેં પ્રાર્થના કરી, "હે ઇશ્વર હું તમારા 'વર્ડ'ને મીનીસ્ટર કરવા માગું છું અને લોકો સુધી પહોંચવા તથા તમે તેમને પ્રેમ કરો છો તેમ કહેવા ઇચ્છું છું."

જ્યારે મેં મારાં સ્વપ્નો છોડી દીધાં અને કહ્યું, "હું મારાં સ્વપ્નો વિશે પરવા નથી કરતો; હું માત્ર તમારાં સ્વપ્નોની પરવા કરું છું. તેજ સમયે તેમણે મને તક આપી !"

"ફિલ્મ સફળ છે અને હવે હું બીલી ઝાબ્કા વિશે જાહેરાતનો પ્રયત્ન કરતો ફરતો નથી, હું ઇશ્વરનો પ્રેમ દર્શાવવાનો પ્રયાસ કરતો ફરું છું. લોકોને ઉપદેશ આપતો નથી. તેમને નથી કહેતો

કે તેઓ નર્કમાં છે, પરંતુ માત્ર ખ્રિસ્તી હોઈને, માત્ર ઇશ્વરને ચાહીને તેમના તરફ પ્રેમ દર્શાવું છું."

હા , બીલી "પવિત્ર" માણસ છે. હું કહેવા માગું છું કે શબ્દના આ અર્થમાં : તેણે તેનું અધ:પતન કરે તેવી લાલચોને 'ના' કહી છે. જેમાં જેમની જીવનશૈલી તેને માટે અપ્રિય હતી તેમના તરફથી પોતાની જાતને દૂર રાખવાની લાલચનો પણ સમાવેશ થાય છે. જ્યારે બીલીએ "હા" કહી ત્યારે તે ઇસુ માટે જીવવાનો હતો, જેમાં ફિલ્મના સેટ પર તે બીજાઓનો સાક્ષી રહેવાનો હતો, ત્યારે તે ફળો ધારણ કરવા સક્ષમ બન્યો; તેની પાસે જેઓ તેને તેની ફિલ્મ કારકીર્દિથી ઓળખે છે તેવા લાખો લોકો માટે એક પ્રકાશ બનવાની તક છે.

સકારાત્મક વિધાનોમાંથી પવિત્રતા આવે છે :

- "હું ઇશ્વરનું બાળક છું !"
- "હું ઇશ્વરનો વિચાર છું, અને માત્ર ઇશ્વર પાસે જ સારા વિચારો છે."
- "હું તે કરવા માગું છું ! હું તે કરી શકું છું ! હું તે કરીશ !"
- "હું તક લેવાનો છું !"

જ્યારે તમે "હા!" કહો છો ત્યારે તમે ઇશ્વરનાં વચનોમાં જીવતા તથા વિશ્વાસ કરતા હશો. જ્યારે તમે અશક્ય બાબત કરવાનો પ્રયત્ન કરો છો, ત્યારે તમે જોશો કે તમે ઉત્તેજના ! ઉત્સાહ ! ઊર્જા ! યુવાની ! આનંદથી છલકાઇ ગયા છો !

પવિત્રતા એ કોઈ સુંદર શક્યતા પરિપૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો તે છે. જીતો કે હારો - એ પ્રયત્ન તમારા સ્વાભિમાનમાં વધારો કરશે. સફળ થાવ કે નિષ્ફળ જાવ - તમને આની ખાતરી થશે - તમે તમારા પોતાના બળે જીવી શકશો અને શરમાવું નહીં પડે, જેનો અર્થ થાય છે કે તમે પ્રયત્ન કર્યો તેનો તમે ગર્વ લઈ શકશો.

એ જ તો આનંદ છે ! તે જ ઊંડો સંતોષ છે ? એજ મહાન વળતર છે !

હર્શી : ફૂડ કોર્પોરેશનના બોર્ડના ચેરમેન બીલ ડિયરડેન મારા પ્રિય મિત્ર છે. ૧૯૩૦માં બીલ એક માત્ર નાનો છોકરો હતો - એક અનાથ. પરંતુ તે હર્શી કંપનીના સ્થાપક મીલ્ટન હર્શી એ શરૂ કરેલી અનાથો માટેની એક શાળામાં જવા ભાગ્યશાળી બન્યો.

મિ. હર્શીને તેમનાં પોતાનાં બાળકો ન હતાં અને તેને પોતાને મોટા થવામાં ભયંકર સમયમાંથી પસાર થવું પડ્યું હતું. તેમની પાસે માત્ર ચોથા ધોરણ સુધીનું જ શિક્ષણ હતું. તેઓ વેપાર સાહસમાં ત્રણ વખત નિષ્ફળ ગયા, પરંતુ તેમનામાં પ્રયત્ન કરતા રહેવાની હિંમત હતી, તેમણે ચોથી વાર વેપારની શરૂઆત કરી - કેરામલ કંપની - ત્યારે તેઓ ઘણા જ સફળ થયા.

તેમણે તેમને કેરામલ બીઝનેસ દસ લાખ ડોલર્સમાં વેંચી દીધો અને એક ચોકલેટ કંપની શરૂ કરી. તેની પત્નીને ક્યારેય બાળકો નહીં થાય તે જાણીને તેમણે અનાથો માટેની એક શાળા શરૂ કરવાનો નિર્ણય લીધો.

આ શાળામાં બીલ ડિયરડેને પોતાનું મોટાભાગનું શિક્ષણ મેળવ્યું. તેણે તે કંપનીમાં કામ કરવાનું ચાલુ રાખ્યું અને છેવટે બોર્ડના ચેરમેન બન્યા. તેણે મને કહ્યું કે મિ. હર્શીએ આ કંપની એવી રીતે ગોઠવી છે કે તેના 51 ટકાની માલિકી શાળાની છે. આથી કંપની જે પુષ્કળ પૈસા બનાવે છે તે

પાછા શાળામાં જાય છે.

મેં બીલને પૂછ્યું, “ફીલાડેલ્ફીયાની શેરીના એક અનાથ બાળકમાંથી અમેરિકાની સૌથી આદરપાત્ર કોર્પોરેશનના બોર્ડના ચેરમેન અને ટોચના કોર્પોરેટ ચીફ કેવી રીતે બની શક્યા ?”

તેણે જવાબ આપ્યો, “ઇશ્વર પાસે મારા જીવનમાં હંમેશાં એક મહત્વનું બિંદુ હતું. હું માનું છું કે તેમના પ્રેમ તથા દિશા નિર્દેશન દ્વારા બધું જ શક્ય છે. તેમણે મને આખા માર્ગે મદદ કરી - મને માર્ગદર્શન આપ્યું, મને દોર્યો - અને મને લાગે છે કે જો બધા તેમનામાં માનવા ઇચ્છતા હશે તો તે દરેક માટે તેમ કરશે.”

મિ. હર્શી ને તેમનાં જીવન વડે કંઈક સારું કરવાની તીવ્રતમ ઇચ્છા હતી. એવું જ બીલ ડિયરડેનનું છે અને આથી ખરી પવિત્રતાની સકારાત્મક સાંકળ ચાલતી રહે છે.

જો તમે મીનેસોટામાં રહો છો તે તમે જો સેન્સર કોણ છે તે કદાચ જાણો છો. મીનેસોટામાં નથી રહેતા તે મને માટે આ માહિતી, કે, ‘જો’ મીનેસોટા વાઇકીંગ ફૂટબોલ ટીમ માટે મહત્વની રમત રમ્યો હતો. જો પણ હર્શી શાળાનો સ્નાતક છે. જ્યારે તે ટીમમાં હતો ત્યારે મારો મિત્ર બન્યો અને મને ક્રિસ્ટલ કેથેડ્રલમાં તેનાં સુંદર બાળકને બાપ્ટીસ્ટ બનાવવાનો આનંદ મળ્યો.

જો, જેના પિતા તે ઘણો નાનો હતો, ત્યારે ગુજરી ગયા હતા, તેને હર્શી શાળામાં જવાની તક આપવામાં આવી. તેણે આ ઑફર સ્વીકારી અને ત્યાં પ્રચંડ પ્રેમ તથા ટેકો મેળવ્યાં. પછીથી તેને વાઇકીંગ્સ વડે પસંદ કરવામાં આવ્યો અને તેને ફૂટબોલમાં પ્રચંડ સફળતા મળી. તેની સફળતાના પરિણામે તેને છ વર્ષના ગાળામાં લગભગ પંદરસો વક્તવ્યો આપવાનું કહેવામાં આવ્યું.

જો સેન્સરે પોતાની જાતને ગતિ આપી છે અને તે કરી શકે તેટલા બાળકો તથા યુવાનોને મદદ કરવામાં પોતાની જાતને સમર્પિત કરી દીધી છે. તેણે મને એક વખત કહ્યું તે મુજબ, “વ્યાવસાયિક રમતવીરો પાસે સૌથી મોટી તક છે કારણ કે બાળકો વ્યાવસાયિક રમતવીરોને ખૂબ જ નજરમાં રાખે છે. માતા તથા પિતા તેમને નશીલી દવાઓ ન લેવાનું કહી શકે છે પરંતુ તેમના શબ્દોની ઝાઝી અસર નહીં થાય. પરંતુ જો એક વ્યાવસાયિક રમતવીર તેમને નશીલી દવાઓ ન લેવાનું કહેશે તો તેઓ તે સલાહને માનશે; તે તેમની અંદર ઊતરી જશે. હું અન્ય લોકો માટે સેવક છું. હું માનું છું કે તે “હું મારા જીવનમાં કરી શકું.” તેવી સૌથી મહત્વની વસ્તુ છે.”

બીલ ડીયરડેન, જો સેન્સર. કોને ખબર છેલ્લી બે પેઢીમાંથી બીજા કેટલા યુવાનો મીલ્ટન હર્શીની તેનાં જીવનમાં કંઈક સારું કરવાની ભૂખ તથા તરસને લીધે બદલાયા છે ?

આ પવિત્રતા છે ! ખુશી-સુખ કેવી રીતે શોધવું તેની આ રીત છે ! પરંતુ જો પવિત્રતા આટલી મહાન છે તો કેમ બધા તેના તરફ નથી વળતા ? કઈ વસ્તુ લોકોને રોકી રાખે છે ? શા માટે લોકો ઇશ્વરને “ના” કહે છે ? ત્રણ શક્ય કારણો છો:

(1) પહેલું, લોકો ઇશ્વરને “ના” કહે છે, કારણ કે તેઓ તેનાથી વધુ સારું કંઈ જાણતા નથી . હજી એવા પુષ્કળ લોકો છે, જેઓ એ માન્યતાને વળગી રહ્યા છે કે જો તમે ખરેખર તે ધર્મ પાળો, ખરેખર, ધર્માંતરણ કરો, ખરેખર બચાવી લેવાવ અને એક ખ્રિસ્તી બની જાવ, તો તમે કદાચ ઉંડણમાં સરકી જશો અને થોડા મુશ્કેલ અથવા ચક્રમ અથવા તરંગી થઈ જાવ. બીજા એવા પણ છે જેઓ ધાર્મિક દંભીઓ અથવા ધર્માંધો - અથવા તેનાથી પણ ખરાબ-આનંદહીન, નકારાત્મક ખ્રિસ્તીઓનો સંપર્ક થવાને કારણે પાછા વળી ગયા છે. આથી આવા લોકો જ્યારે તેઓ તેમનું

આખું જીવન ઇસુને સમર્પિત કરી દે છે ત્યારે તેઓને કેવું સુખી જીવન મળે છે, એ સમજ્યા વગર ધર્મ તરફથી દૂર ચાલ્યા જાય છે.

ડવીડ મૂડી કહેતા કે, "લોકો પાસે તેમને નિર્માલ્વ બનાવવા માટે પૂરતો ધર્મ છે, પરંતુ તેને માણવા માટે પૂરતો નથી અને મોટેભાગે આવું છે કારણ કે ખ્રિસ્તી જીવન ખરેખર કોના જેવું છે તેનો તેમને ખ્યાલ નથી. નિખાલસપણે, હું એમને દોષ નથી આપતો જેમની પાસે કેટલાક ખ્રિસ્તીઓએ આપેલ ઇશ્વરની નકારાત્મક સાક્ષીની છાપ છે. એમાં આશ્ચર્ય નથી કે તેઓ તેમને પાછાવાળી દે છે ! તેઓ માત્ર વધુ સારું કંઈ જાણતા નથી."

(2) શા માટે કેટલાક લોકો ઇશ્વરને "ના" કહે છે તેનું બીજું કારણ :

તેઓ નથી જાણતા કે તેઓ ઇશ્વરને "હા" કહી શકે છે. સ્વમાનનો અભાવ તેમને રોકી રાખે છે. તેમની વિચારસરણી છે કે : "ઇશ્વર સંપૂર્ણ છે અને મને ખાતરી છે કે હું તેવો નથી; આથી મને નથી લાગતું કે મારે તેમની સાથે જોડાવું જોઈએ." આ લોકોને જે ખ્યાલ નથી આવતો તે એ છે કે ઇશ્વર આપણને સંપૂર્ણ બનવાનું નથી કહેતા; તેઓ આપણને માત્ર ઇચ્છુક બનવાનું કહે છે ! તેઓ આપણે પાપહીન હોઈએ તેવી અપેક્ષા નથી રાખતા, છતાં આપણે એવું કહીએ એવી અપેક્ષા રાખે છે કે, "હે ઇશ્વર, હું પ્રયત્ન કરવા ઇચ્છું છું." સંપૂર્ણપણે કંઈ જ ન કરવા કરતાં સંપૂર્ણપણે કંઈક રચનાત્મક કરવું તે વધુ સારું છે !

(3) કેટલાક લોકો ઇશ્વરને "ના" કહે છે તેનું ત્રીજું કારણ છે, તેમને લાગે છે.

કે તેઓ હજી બરાબર તૈયાર નથી. તેમની પાસે એવા પ્રોજેક્ટ્સ છે. જે હજી શરૂ નથી થયા, જે અડધા જ પૂરા થયા છે. ફોન કરવાના છે, જવાબ ન અપાયેલા પત્રો લખવાના છે. જ્યારે તેમનું બધું કામ પૂરું થશે અને જ્યારે કંઈક વિચારવાની તક મળશે, ત્યારે કદાચ તેઓ તૈયાર થશે અને જ્યારે કંઈક વિચારવાની તક મળશે, ત્યારે કદાચ તેઓ ઇશ્વર તરફ વળશે. પરંતુ અત્યારે તો તેઓ ઘણા જ વ્યસ્ત છે.

મુશ્કેલી એ છે કે કદાચ "પછીથી" જેવું કાંઈ હોય જ નહીં, હમણાં જ કરી નાખો ! ઇશ્વરને રાહ ન જોવડાવો. જો આજે તમારા મનમાંથી એક સકારાત્મક, પ્રેરણાત્મક વિચાર પસાર થાય છે તેવું લાગે, તો તેને જવાબ આપવાની એક માત્ર રીત છે : "હા, ઇશ્વર."

તે હમણાં જ કહો. તે તેમને નુકસાન કરવાનું નથી. અત્યારે જ આ પુસ્તક તમારા ખોળામાં મુકી દો અને કહો, "હા, ઇશ્વર." તે સ્વાભાવિક ન લાગે ત્યાં સુધી તેને મોટેથી બોલ્યા કરો. "હા, ભગવાન !, હા, ભગવાન ! હા, ભગવાન !"

વધારે પડતા નાટકીય અથવા વધારે પડતા ભાવનાત્મક દેખાવાથી ડરો નહીં. કોઈ નકારાત્મક ડરને તમને અટકાવવા ન દો. એ મજબૂતાઈથી, સકારાત્મકતાથી કહો : "હા, ભગવાન !" હું ભાખું છું કે એક કલાકની અંદર તમારી અંદર એક સકારાત્મક વિચાર આવશે. તમારી અંદર એક સકારાત્મક મૂડ આગળ વધશે. જ્યારે તે બનતું હોય ત્યારે "ના" ન કહેશો. ફરી કહો, "હા, ઇશ્વર."

કદાચ તમને તમારું જીવન ક્રાઇસ્ટ તરફ વાળવાનું આમંત્રણ આવશે. જો તમે હજી સુધી ક્યારેય તમારું જીવન ઇસુ ખ્રિસ્તને સમર્પિત નથી કર્યું તો તેમને તમારા તારણહાર તથા તમારા માલિક તરીકે, તમારા અંગત, જીવંત મિત્ર તરીકે સ્વીકારો. હું તમને તેમ કરવા આમંત્રણ

આપું છું ! જો તમે તમારું જીવન ઇસુને સમર્પિત નથી કર્યું તો આજેજ આ સકારાત્મક પગલું ભરો. આમ કરવું તે તમને એક વધુ ખરાબ નહીં, વધુ સારી વ્યક્તિમાં બદલી નાખશે.

"જેઓ પવિત્રતા માટે ભૂખ્યા, તરસ્યા છે તેઓ આશીર્વાદ પામેલા છે, આથી તેમને સંતોષવામાં આવશે."

શું તમે સંતુષ્ટ છો ? શું તમે સુખી છો ? શું જીવન તમે જેવું હોવાની આશા રાખી હતી તેવું છે ? તે થઈ શકે - તે થશે જ - જો તમે ઇશ્વરે તમને જે સ્વપ્ન આપ્યુ છે તેને "હા" કહેશો તો.

- તે શરૂ કરો ! તમે તે કરી શકશો !
- તે શરૂ કરો ! તે બની શકે છે !
- તે શરૂ કરો ! કોઈકને તેના વડે મદદ મળી શકે છે !
- તે શરૂ કરો ! તમે ગરીબાઈમાંથી સમૃદ્ધિ તરફ ઉપર ચડી શકો છો !
- તે શરૂ કરો ! જો તમે સમૃદ્ધ થાવ, તો તમે ગરીબને મદદ કરી શકો !
- તે શરૂ કરો ! કોઈક દિવસ, કોઈક તમારી પાસે આવશે ને કહેશે, "આભાર !".

એ સંતોષ છે. એ ત્યારે આવે છે જ્યારે તમને ખબર પડે કે તમે ઇચ્છવા યોગ્ય છો, કે તમે એક મુલ્યવાન વ્યક્તિ છો, કે તમે એક ફાળો આપ્યો છે, એક તફાવત ઊભો કર્યો છે.

ભૂખ અને તરસનો અર્થ છે : "તે શરૂ કરો !"

"તેમને સંતોષવામાં આવશે." નો અર્થ છે કે તેમને એવી ખાતરી મળશે કે તેમણે કોઈકને મદદ કરી છે, તેમણે એક તફાવત ઊભો કર્યો છે, તેમના જીવનને કંઈક માટે - કંઈક મહાન માટે કંઈક કર્યું છે !

---

* હ્યુજ ઓબ્રીઆન યુથ ફાઉન્ડેશન વિશે માહિતી માટે લખો : 10880, વીલશાયર બુલેવાર્ડ, રૂમ 2121, લોસએન્જલસ, સીએ. 90024.

* વાકો, ટેક્ષાસ; વર્ડ બુબ, 1982

પોઝીટીવ એટીટ્યુડ - *5*

“અન્યો મારી તરફ જેવું વર્તન કરે તેવું હું ઇચ્છું છું, તેવું વર્તન હું અન્યો તરફ કરીશ.”

• • •

દયાળુ લોકો
આશીર્વાદ પામેલા છે,
આથી તેઓ
કૃપા પ્રાપ્ત કરશે.

આ ખુશ રહો અભિગમમાં સુખ માટેનું એક ખાતરીબંધ સૂચન છે.

આ તાજગીપૂર્ણ ખુશ રહો અભિગમ મુજબ જીવતાં શીખવાનો પ્રયત્ન કરો : "મારી સાથે જે બને છે તેજ સૌથી મહત્વનું છે તેવું નથી; મારી સાથે જે બને છે તેની હું કેવી પ્રતિક્રિયા આપું છું તે મહત્વનું છે." આ બાબતની ખાતરી રાખો : જો તમારો એવો અભિગમ હોય કે હંમેશ માટે બધી જ પીડા, દુ:ખ તથા વ્યથામાંથી તમને દૂર રખાય, તો તમે એ બાબત સકારાત્મક હોવા જોઈએ કે કોઈક દિવસ તમને હતાશ કરી નાખતા ભ્રમનિરસનના ઝટકા આપવામાં આવશે. આપણા જીવનના કોઈક તબક્કે આપણને બધાંને દુ:ખ, અવગણના વિરહ વગેરેનો સામનો કરવો જ પડે છે. એવી અપેક્ષા રાખવી કે આપણે કોઈક રીતે વિશેષાધિકાર ધરાવનારા છીએ અને દુ:ખ તથા કઠણાઈઓથી પર રહેવા જોઈએ તો તે બાબત બિનવાસ્તવિક છે.

કેટલાકને એવું પણ લાગે કે, "કારણ કે હું ખ્રિસ્તી છું, આથી મને કોઈ પીડા તથા તકલીફોનો અનુભવ ન થવો જોઈએ. કારણ કે હું ઇશ્વરથી ડરીને ચાલનાર તથા સારી વ્યક્તિ છું. તેથી મને કોઈ અવગણના કે મશ્કરીનો અનુભવ ન થવો જોઈએ." જો આપણું વલણ આવું હોય તો આપણે વિપરિતતા તરફ સ્વદયા સાથે પ્રતિક્રિયા કરીશું. "આ યોગ્ય નથી." એ આપણી તત્કાલ નકારાત્મક પ્રતિક્રિયા હશે. પરંતુ જીવન હંમેશાં ન્યાયી નથી હોતું તે આપણાં જેટલું જલ્દી શીખી લઈએ તેટલી વહેલી આપણે ભાવનાત્મક પુખ્તતા પ્રાપ્ત કરશું.

આપણા બધાના ભાગે ભોગવવાનું આવે છે અને જ્યારે આપણે ભયંકર અનુભવ કરીએ ત્યારે આપણો બધા પાસે બે પસંદગીઓ હોય છે. આપણે ખુશ - રહો અભિગમ પસંદ કરી શકીએ અથવા તો આપણે નાખુશ થવાનો અભિગમ લઈ શકીએ.

નાખુશ થવાનો અભિગમ એ ક્રોધ તથા વેરનો માર્ગ છે : "બદલો !" "હું હિસાબ સરભર કરી લઈશ !" આ નકારાત્મક વલણ એ દુ:ખ તથા નાખુશી માટેનું ચોક્કસ પ્રીસ્ક્રીપ્શન છે. જે લોકોને યુદ્ધો લડવાનું વળગણ છે તેઓમાં આનંદ પ્રેરી ન શકાય. તેમની વેરવૃત્તિવાળી, કિન્નાખોર વર્તણુક દ્વારા પેદા થતી હતાશાનો કડવો સ્વાદ હોવો તે તેમનો એક માત્ર સંતોષ છે.

કદાચ આપણને ક્યારેય પણ ખબર પડે તેના કરતાં વધુ વખત જેઓ નાખુશ વલણ પસંદ કરે તેમની નાખુશી તેમનાં શારીરિક આરોગ્યની નાદુરસ્તી વડે અનેકગણી થઈ જાય છે - ઉચ્ચ રક્ચચાપ, હૃદયની તકલીફ, સ્ટ્રોક્સ અને કેન્સર પણ તણાવમાંથી પેદા થાય છે. આ તેમના દુર્ભાગ્યપૂર્ણ સંજોગો તરફ નાખુશ થવાના અભિગમની તેમની પસંદગીનું પરિણામ છે.

પરંતુ જેમ આપણે જીંદગીમાંથી પસાર થતા જઈએ તેમ આપણે પસંદ કરી શકીએ તેવો એક વૈકલ્પિક અભિગમ છે. પોઝીટીવ એટીટ્યુડ, જે એક ખુશ રહો અભિગમ પુરવાર થવાનો છે તે એક એવો વિકલ્પ છે જે દરેક વ્યક્તિ માટે ખૂલ્લો છે. તે દયા તથા માફીનો માર્ગ છે - આપણા પર આવી પડે તેવા જે કાંઈ પણ નકારાત્મક અનુભવો તરફ સકારાત્મક તથા આશાસ્પદ રીતે પ્રતિક્રિયા આપવાનું પસંદ કરવું.

મારી પાસે તમારે માટે સારા સમાચાર છે : ઇશ્વર કોઈ પણ કરુણાન્તીકાને પહોંચી વળવા માટે પર્યાપ્ત પ્રમાણમાં દયાનુ વચન આપે છે.

ઇસુએ પાંચમા બીએટીટ્યુડ્સમાં વચન આપ્યું છે કે : "દયાળુ લોકો આશીર્વાદ પામેલા છે, આથી તેઓ કૃપા પ્રાપ્ત કરશે." આ બીએટીટ્યુડ્સમાં ત્રણ બાબતો છે - પ્રથમ, એક વચન ;

બીજું, એક શક્તિ નો સિદ્ધાંત જેની વૈશ્વિક એપ્લીકેશન છે અને ત્રીજું, સુખી જીવન માટેનું પ્રીસ્ક્રીપ્શન

વચન

મારી ધર્મસભામાં ઘણા લોકો આ બીએટીટ્યુડ્સમાંના ઇશ્વરનાં વચનનાં સત્યની જાહેરાત કરશે. તેમનો પુરાવો એ છે કે જ્યારે એક અણધારી મુશ્કેલી આવી પડે છે ત્યારે તેમણે કોઈ પણ રીતે ખુશ રહેવાની ક્ષમતા મેળવી છે. હવે, એ માનવ સ્વભાવ નથી. કુદરતી વૃત્તિ ગુસ્સે, કડવા તથા તરંગી થઈ જવાની છે - એમ કહેવાની છે કે "ઇશ્વર છે જ નહીં." જ્યારે એક વ્યક્તિ કરુણાન્તિકા તરફ સકારાત્મક રીતે પ્રતિક્રિયા કરે, તો તે ચમત્કાર છે. સામ 23 આ ભવ્ય પંક્તિ સાથે પૂરું કરે છે. "મારા જીવનના બધા દિવસોએ ચોક્કસપણે સારપ તથા દયા મને અનુસરશે." તે ઇશ્વરની એમ કહેવાની રીત છે કે જીવન ઘણી વાર સારપથી ભરાઈ જશે, પરંતુ એમ પણ કે જ્યારે ઇશ્વરની સારપને જોઈ ન શકાય, ત્યારે તેની કૃપાનો અનુભવ કરી શકાય છે ! આંસુ, હૃદયભંગ, પુષ્કળ ખોટ તથા ભયંકર દુ:ખની વચ્ચે, અચાનક એક સૌમ્ય ચુંબન જેવી મીઠી લાગણી તમારાં ઘવાયેલ હૃદયને સ્પર્શશે. આ અનુભવને કૃપા કહે છે. તે ઇશ્વરના પ્રેમની અભિવ્યક્તિ તરીકે આવે છે.

આખા બાઇબલમાં ઇશ્વરવચન આપે છે કે તે આપણા તરફ કૃપાળુ રહેશે :

- "તેમની કૃપા તેમના પર છે જેમને તેમનો ડર (વિશ્વાસ) છે (લ્યુક 1:5૦)
- "ઇશ્વર, જે કૃપામાં સમૃદ્ધ છે, જેના વડે તે આપણને પ્રેમ કરે છે તે મહાન પ્રેમમાંથી... આપણને ક્રાઇસ્ટ સાથે જીવતા બનાવે છે." (એફ 2:46)"
- "તેણે આપણને આપણા વડે પવિત્રતાપૂર્વક થયેલાં કાર્યોને કારણે નહીં, પરંતુ તેની પોતાની કૃપાના ગુણને કારણે બચાવ્યાં છે." (ટીટસ 3:5)

વચન છે જ ! તે તમારે માટે છે ! કેવા અદ્ભૂત સમાચાર ! કેવી અદ્ભૂત ખાતરી ! આપણો માર્ગ ભલે ગમે ત્યાં દોરી જાય, ભલે ગમે તેવું દુ:ખ આવી પડે, ભલે આપણે ગમે તે કરીએ, ઇશ્વર આપણને માફી આપવા માટે તેમની કૃપા સાથે ત્યાં હશે, આપણને ટટ્ટાર રાખવા માટે, અને આપણને મુશ્કેલ સમયમાંથી બહાર કાઢવા માટે. પરંતુ આ બીએટીટ્યુડ્સનો માત્ર અડધો ભાગ છે : "... આથી તેઓ કૃપા પ્રાપ્ત કરશે." બાકીનો અડધો છે, "દયાળુ છે તેઓ આશીર્વાદ પામેલા છે..."



જ્યારે ઇશ્વરની સારપને

જોઈ ન શકાય...
તેની કૃપાનો અનુભવ
કરી શકાય !



પ્રશ્ન એ છે કે : શું પહેલું આવે છે ? શું ઇશ્વર આપણા પર કૃપાળુ બને તે પહેલાં આપણે કૃપાળુ બનવું જરૂરી છે ? કે પછી આપણે અન્યો તરફ કૃપાળુ થઈ શકીએ તે પહેલાં ઇશ્વરે આપણા તરફ દયાળુ થવું જરૂરી છે ? જ્યારે ઇસુએ કહ્યું કે “દયાળુ લોકો આશીર્વાદ પામેલા છે, આથી તેઓ કૃપા પ્રાપ્ત કરશે.” ત્યારે તેઓ શું કહેવા માંગતા હતા ?

હું માનું છું કે ઇસુનો અર્થ હતો :

- ઇશ્વર આપણા તરફ દયાળુ હશે.
- પછી આપણે અન્યો તરફ દયાળુ થશું.
- પછી વિવિધ પ્રકારના સ્ત્રોતોમાંથી કૃપા આવશે.

તો પછી, પ્રથમ પગલું ઇશ્વરની કૃપા સ્વીકારવાનું છે. આપણે બીએટીટ્યુડ્સનાં વચનનો સ્વીકાર કરવો તેટલું જ કરવાની જરૂર છે. તે ઇશ્વરનું વચન છે કે જો આપણે લોકો સાથે કૃપાળુ વર્તન કરશું તો ઇશ્વર આપણા માટે કૃપાળુ બનશે.

મેં પાંત્રીસ વર્ષ પહેલાં નીચેની વાર્તા પહેલી વાર સાંભળી. વર્ષો પછી એક પરિવર્તન દેખાયું અને મારા મિત્ર ટોની ઓર્લાન્ડો વડે તેનાં ગીત “ટાઇ અ યલો રીબન અરાઉન્ડ ધ ઓલ્ડ ઓક ટ્રી”માં તેને પ્રખ્યાત બનાવાયું. મને કહેવામાં આવ્યું છે કે તે એક સાચી વાર્તા છે, અને હું તે માનું છું, કારણ કે હું દયાની શક્તિમાં માનું છું.

ન્યુજર્સીમાં ત્રણ કિશોરો એક બસમાં ચડ્યા. તે બસમાં એક જીર્ણ વસ્ત્ર પરિધાનવાળો, શાંત માણસ એકલો અને શાંત બેઠો હતો. જ્યારે બસે પહેલું સ્ટોપ કર્યું ત્યારે આ માણસ સિવાય બાકીના બધા ઊતરી ગયા, તે અતડો અને એકલો રહ્યો. જ્યારે બાળકો બસમાં પાછાં આવ્યા, ત્યારે તેમનામાંના એક તેને કંઈક સરસ કહ્યું અને તે શરમાઈને હસ્યો.

પછીનાં બસ સ્ટોપે, જેવા બધા ઊતરી ગયા, કે છેલ્લો કિશોર પાછો વળ્યો અને તે માણસને કહ્યું, “ચાલો, અમારી સાથે ઊતરી જાવ. છેવટે તમારા પગ છૂટા કરો.”

આથી તે ઉતર્યો. કિશોરોએ તેને તેમની સાથે જમવા આમંત્રણ આપ્યું. તેઓમાંથી એકે કહ્યું, “અમે તડકામાં રજાઓ ગાળવા ફલોરીડા જઈએ છીએ. કહે છે કે ફલોરીડામાં બધું સરસ છે.”

તેણે કહ્યું, "હા, સાચી વાત છે."

"તમે ત્યાં ગયા છો ?"

તેણે કહ્યું, "હા, હું ત્યાં જ રહેતો હતો."

એકે કહ્યું, "શું તમારે હજી ઘર તથા પરિવાર છે ?"

તે અચકાયો. "મને-મને ખબર નથી." છેવટે તેણે કહ્યું.

"તમને નથી ખબર, તમે શું કહેવા માંગો છો ?" કિશોરોએ આગ્રહ રાખ્યો. તેમની ઉષ્મા તથા પ્રમાણિકતાથી જીતાઈ ગયેલા તેણે તેમની સાથે વાત કરી :

"ઘણાં વર્ષો અગાઉ, મને ફેડરલ જેલની સજા થઈ હતી. મારે સુંદર પત્ની અને અદ્ભૂત બાળકો હતાં." મેં તેણીને કહ્યું, "પ્રિયે, તું મને પત્રો ન લખતી. હું પણ તને નહીં લખું. બાળકોને ખબર ન પડવી જોઈએ કે તેમના ડેડી જેલમાં છે. જો તું ઇચ્છે તો આગળ વધ જે અને બીજો માણસ શોધી લેજે - કોઈક એવો જે એ છોકરાઓને સારો પિતા બને." "મને નથી ખબર કે તેણીએ તેમ કર્યું કે નહીં. મેં તે મુજબ પત્રો ન લખ્યા. ગયા અઠવાડિયે, જ્યારે મને ખાતરી થઈ કે હું મુક્ત થાઉં છું ત્યારે મેં અમારાં જૂનાં સરનામે પત્ર લખ્યો. તે જેક્સનવીલેની બરાબર બહાર છે. મેં તેણીને કહ્યું છે." "જો તું હજી ત્યાં રહેતી હોય, અને જો તું મને પાછો લે તેવી કોઈ શક્યતા હોય - તો તું મને આ રીતે જણાવી શકે છે. હું ગામમાંથી પસાર થતી બસમાં હોઈશ. હું ઇચ્છું છું કે તું એક સફેદ કપડાંનો ટુકડો ગામની બરાબર બહારનાં જૂનાં ઓક વૃક્ષ પર ટીંગાડી દે."

જ્યારે તેઓ પાછા બસમાં ચડયા ત્યારે તેઓ જેક્સનવીલેથી લગભગ દસ માઇલ દૂર હતા. બધા કિશોરો બસની તે માણસની બાજુએ બેસી ગયા અને તેમના ચહેરા બારી પર દબાવીને બેસી ગયા. જેવા તેઓ જેક્સનવીલેના બરાબર બહારના વિસ્તારમાં પહોંચ્યાં કે ત્યાં એક મોટું ઓક વૃક્ષ હતું. કિશોરો ચિચીયારી પાડી ઉઠ્યા અને તેમની સીટમાંથી કૂદકો મારીને ઊભા થઈ ગયા. તેઓ એકબીજાને ભેટ્યા અને બસની વચ્ચે નૃત્ય કરવા લાગ્યા. તેઓ માત્ર એટલું જ બોલ્યા, "પેલું જુઓ ! પેલું જુઓ !"

એક પણ સફેદ કપડું તે વૃક્ષને બાંધેલું ન હતું. તેને બદલે, એક સફેદ ઓછાડ, એક સફેદ ડ્રેસ, એક નાના છોકરાનું સફેદ પેન્ટ તથા સફેદ ઓશીકાંના કવરો ! આખું વૃક્ષ સફેદ કપડાંના ડઝનબંધ ટુકડાઓથી છવાયેલું હતું !

ઇશ્વર આપણી સાથે આ રીતે વર્તે છે. તે ઇશ્વર તરફથી વચન છે કે તે ભૂતકાળ ભૂલી જશે અને આપણે વીંટોવાળી દીધેલ રેકોર્ડ ભૂંસી નાંખશે. આ વચન છે કે તે આપણા પુસ્તકનાં કાળાં પાનાં ફેંકી દેશે અને આપણને એક પ્રકારે મોટો આવકાર મળશે, જેવો ઉડાઉ દિકરાને તેના પિતા તરફથી મળ્યો હતો. જેણે કહ્યું, "મારો જે પુત્ર ખોવાઇ ગયો હતો તે મળી ગયો છે અને પાછો ઘેર આવી ગયો છે." (લ્યુક 15:24, માય પેરાફ્રેઝ). તે આ બીએટીટ્યુડ્સનું છે.

શક્તિનો સિદ્ધાંત

બાઇબલમાં એક વચન છે - કે ઇશ્વર આપણા તરફ કૃપાળુ રહેશે. તે એક શક્તિનો

સિદ્ધાંત પણ શીખવે છે જે બાઇબલમાં જુદી જુદી રીતે કહેવાયેલો વારંવાર જોવા મળે છે :

- "જો તમે માણસોના ઉલ્લંઘનો ને માફ નહીં કરો, તો તમારા પિતા પણ તમારાં ઉલ્લંઘનોને માફ નહીં કરે." (મેટ 6:15).
- "તમે જે માપ આપશો તે માપ તમે મેળવશો." (મેટ 7:2)
- "બીજાની ભૂખ શમાવો, ક્યારેક તમને તેનો બદલો મળશે." (એકલેસ 11:1)
- "માણસ જેવું વાવશે તેવું લણશે." (ગાલ 6:7)

થોડુંક આપો, તમે થોડુંક પાછુ મેળવશો. ઘણું આપો, તમે ઘણું પાછું મેળવશો. આ પ્રમાણસર પાછું વાળવાનો નિયમ છે . જે ઇસુ આ પંક્તિ - આ બીએટીટ્યુડ્‌માં શીખવે છે. જો તમે નિંદાત્મક છો તો લોકો તમારી નિંદા કરે તેવી જ આશા રાખી શકો. જો તમે લોકો વિશે પંચાત કરશો. તો તે જ લોકો તમારા વિશે પંચાત કરશે તેવી ખાતરી રાખશો. તે આપણી દુનિયા તથા આપણાં શરીરો પર નિયંત્રણ રાખતા ભૌતિક નિયમો જેટલો જ વાસ્તવિક તથા ટાળી ન શકાય તેવો જીવનનો નિયમ છે.

એક વખત જ્યારે મને કંઠનળીનો સોજો થયો હતો ત્યારે હું ગળાંના ડૉક્ટર પાસે ગયો. તેણે સૌપ્રથમ થોડું ગોઝ લીધું, તેને મારી જીભની આસપાસ વિંટાળ્યું, મારી જીભને ખેંચી શકાય તેટલી બહાર ખેંચી, અને મારા ગળાંના છેક પાછળના ભાગમાં એક ચપટું સાધન ચોંટાડ્યું. અનિવાર્યપણે, મેં મોઢું બંધ કર્યું. તેણે તે ફરી કર્યું, મેં મોઢું બંધ કર્યું.

મેં કહ્યું, "પતી ગયું ?"

મારી નિરાશા વચ્ચે તેણે કહ્યું, "ના, મારે તે ફરી કરવું પડશે. હું વોકલ કોર્ડસ જોઈ નથી શકતો." ફરી એક વાર તેણે ગોઝના બીજા ચોખ્ખા ટુકડા વડે મારી જીભ તૈયાર કરી.

મેં કહ્યું, "આ વખતે હું સકારાત્મક વિચારો કરીશ અને મોઢું બંધ નહીં કરી દઉં." તેમણે કહ્યું, "ડૉ. શુલર, એટલાથી કામ નહીં થાય."

"કામ નહીં આવે ?" હું આઘાત પામી ગયો. એ પ્રથમ વખત જ કોઈએ મને કહ્યું હતું કે સકારાત્મક વિચારો કામ નહીં આવે.

ડૉક્ટરે ઝડપથી ઉમેર્યું, "ડૉ.શુલર, મોઢું બંધ કરવું તે એક આપોઆપ થતી પ્રતિક્રિયા છે. જુઓ, હું તમને દેખાડું. તમારી પલાઠીવાળો." મેં પલાઠી વાળી. તેણે મારાં ગોઠળ પર માર્યું. મારા પગ ઉલળ્યા.

તેણે કહ્યું, "આ એક પ્રતિક્રિયા છે. મોઢું બંધ કરી દેવું તે પણ પ્રતિક્રિયા છે. સકારાત્મક વિચારો આવી પ્રતિક્રિયાઓ પર નિયંત્રણ ન કરી શકે, કારણ કે પ્રતિક્રિયાઓ કરોડરજ્જુમાંથી આવે છે. તે મગજમાંથી પસાર નથી થતી."

હું તમને કંઈક કહીશ. જીવનમાં એવો એક સિદ્ધાંત છે જેને તમે જૈવિક પ્રતિક્રિયાઓ સાથે સરખામણી કરી શકો. જો તમે એક ચોક્કસ રીતે ક્રિયા કરો, તો તમને એક ચોક્કસ પ્રતિક્રિયા મળશે; તેની એક નિશ્ચિતપણે થતી પ્રતિક્રિયા થશે જ.

આ જીવનનો પાયાનો નિયમ છે : જો લોકો તમારી સાથે સરસ વર્તન કરે તેવું ઇચ્છતા

હો તો તમે તેમની સાથે સરસ વર્તન કરો. દરેક ક્રિયા માટે, એક પ્રતિક્રિયા હોય છે. દરેક સકારાત્મક ક્રિયા માટે એક સકારાત્મક ક્રિયા હોય છે. દરેક નકારાત્મક ક્રિયા માટે, એક નકારાત્મક પ્રતિક્રિયા હોય છે.

જો તમે ખરેખર ઘણી ખુશી મેળવવા માંગતા હો, તો આ બીએટીટ્યુડ્સ તરફ નજર કરો, અને પછી તે મુજબ જીવો. તે ખરેખર કામ કરે છે . કાંઈ પણ આપી દેવું અશક્ય છે. તમે જે કાંઈ પણ આપી દેશો તે હંમેશાં તમારી પાસે જ પાછું આવશે.

એક સાદી વસ્તુ વડે હું આ ઉદાહરણ સમજાવીશ. એક બીજ. બીજ ફેંકી દેવાનું અશક્ય છે. જો તમે તેને જમીન પર ફેંકી દેશો તો કે અંકુરિત થશે અને ઊગી નીકળશે.

તમારામાંના ઘણા જાણે છે તેમ, હું ઇઓવાનાં એક ખેતર પર જનમ્યો હતો. મારા પરિવારના ખેતરને અડીને એક નદી હતી, જે મને રોમાંચિત કરતી હતી કારણ કે મને માછલી પકડવાનું ઘણું જ ગમતું હતું. મને એક વખત યાદ છે જ્યારે શહેરનો એક છોકરો અમારા રસ્તાની સામે તરફ રહેતા પડોશીને ત્યાં થોડાં અઠવાડિયાં માટે આવ્યો હતો. આ શહેરનો છોકરો અમારા પડોશીનો ભત્રીજો હતો. તેના કાકાએ તેને આવકાર્યો પરંતુ તેને ચેતવણી આપી કે તેણે તેમને કામમાં મદદ કરવી પડશે.

એક દિવસ તે બાળકના કાકાએ તેના ભત્રીજાને કેન ભરીને દાણા વાવવા માટે આપ્યા. તેમણે સમજાવ્યું. “માત્ર એક નાનું કાણું કરજે, તેમાં બે એક દાણા મુકજે અને પછી તેના પર પાછી માટી વાળી દેજે. આવી જ રીતે વાડની નજીક, જ્યાં સુધી છેડા સુધી ન પહોંચી જાય ત્યાં સુધી કરતો જજે.”

એ શહેરી છોકરાને સોંપાયેલા કામથી અજાણ એવા મેં તેને મારી સાથે માછલી પકડવામાં જોડાવાનું આમંત્રણ આપ્યું. તેણે જવાબ આપ્યો, “જહોન કાકાએ કહ્યું છે કે મારે આ બીજ વાવવાના છે. તેમણે કહ્યું છે કે મારે એક નાનું કાણું કરવું, તેમાં ત્રણ દાણા મુકવા અને દાટી દેવું.”

મેં કહ્યું, “ઓહ, એ તો ઘણું ખરાબ; હું ઇચ્છું છું કે તું મારી સાથે માછલી પકડી શકે. ક્યારેય માછલી પકડી છે ?”

“ના, મને તારી સાથે માછલી પકડવાનું ગમશે, પરંતુ મારે આ દાણા પૂરાં કરવાના છે.” આખા ભરેલા કેનના દેખાવ પરથી એવું દેખાતું હતું કે તેણે હમણાં જ કામ શરૂ કર્યું હતું. બરાબર તેની સામે એક વૃક્ષનું થડ હતું. ઓચિંતો તેને એક વિચાર આવ્યો ! તેણે એક કાણું કર્યું, તેમાં બધા દાણા ભરી દીધા અને તેમને માટીથી પૂરી દીધું, અને તે બોલ્યો, “જહોનકાકાને ક્યારેય ખબર નહીં પડે.” તે તેનાં કામમાંથી પાછો વળ્યો અને કહ્યું, “હવે માછલી પકડવા જઈએ !”

અમે ખૂબ મજા કરી અને અમે સારી સંખ્યામાં માછલી પકડી. અમે પકડેલી બધી માછલી સાથે અમે જહોન કાકા પાસે દોડી ગયા.

તેણે કહ્યું, “હું જોઉં છું કે તમે માછલી પકડતા હતા... તેં બધા દાણા વાવી દીધા ?”

તેના ભત્રીજાએ જવાબ આપ્યો, “હા, ચોક્કસ, જહોનકાકા.”

“બહુ સરસ. એ સાંભળીને આનંદ થયો, અને છતાં તને માછલી પકડવાનો સમય મળ્યો

?”

“ઉં... હા.”

“મને આશ્ચર્ય થાય છે કે તું તેમને આટલા ઝડપથી વાવી શક્યો.” તેણે જવાબ આપ્યો, “હું ઝડપથી કામ કરું છું.”

જહોન કાકાએ તેના આ શબ્દો સ્વીકારી લીધા તેમ લાગ્યું. થોડા જ વખતમાં છોકરાનો ઘેર પાછા જવાનો સમય આવ્યો. મહિનાઓ પસાર થઈ ગયા. ઉનાળો નજીક આવી રહ્યો હતો. તે છોકરો શાળા શરૂ થવા પહેલાં છેલ્લી મુલાકાત માટે પાછો આવ્યો.

જહોનકાકાએ તેને કહ્યું, “તારે તેં વાવેલા દાણા જોવા છે ?” તેઓ ફાર્મહાઉસની પાછળ ગયા. લગભગ પચાસ ફૂટ સુધી અંકુરોની વ્યવસ્થિત હરોળ હતી. ઓચિંતુ એક વૃક્ષનું થડ હતું જે અનિયંત્રિત વેલાઓથી ઢંકાઈ ગયું હતું !

તમે કુદરતને મૂર્ખ ન બનાવી શકો અને તમે ઇશ્વર સાથે રમત ન કરી શકો. તમે કુદરતના નિયમો સાથે ચેડાં ન કરી શકો અને આ એક કુદરતી નિયમ છે : જો તમે લોકો સાથે સારી રીતે વર્તશો, તો કદાચ તમારી સાથે સારું વર્તન કરવામાં આવશે. તમે અન્યો તરફ જેટલા વધારે માયાળુ થશો, તેનાથી તમને જીવનમાં વધારે માયાળુતા મળી શકે છે. આ પ્રમાણ મુજબ પાછું મળવાનો નિયમ છે, અને તેને નિવારવાની કોઈ રીત નથી.

નિર્દેશ

આનંદપૂર્ણ જીવન માટેનો નિર્દેશ ઘણો સાદો છે. જો તમે સુખી થવા ઇચ્છતા હોવ તો, લોકો સાથે યોગ્ય વર્તન કરો. જો તમે કોઈક અન્યનો બોજ ઉઠાવી લેશો તો, એ પ્રક્રિયામાં તમે સુખનું રહસ્ય મેળવશો.

બધા જ સુખી થવા ઇચ્છે છે. મેં આજની દુનિયામાં જોયું છે કે એવા લોકો છે કે જેઓ સ્વાર્થ સાથે સુખ સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે, આથી આ લોકોનો પૃથ્વી પરનાં નર્કમાં અંત આવે છે. બીજા લોકો છે કે જેઓ ક્રાઇસ્ટના નિયમને અનુસરીને, કોઈક બીજાને મદદ કરીને આનંદ મેળવવાનો પ્રયત્ન કરે છે. જો તમે ઇશ્વરના નિયમો મુજબ જીવો અને જેમની ઉપર બોજ છે તેવા લોકોને શોધવાનું પસંદ કરો, તો કદાચ તમે તેમને મદદ કરી શકો. પરંતુ જો તમે તમારી આસપાસ રહેલાઓની જરૂરિયાતને અવગણીને, તમારું પોતાનું સુખ શોધો, તો તમે બધું ગુમાવશો.

એક માણસની વાત છે, જેને એક રાત્રે સ્વપ્નું આવ્યું. તેને સ્વપ્નું આવ્યું કે તે મૃત્યુ પામ્યો અને પોતાને તરત જ એક મોટા રૂમમાં પડેલો જોયો. તે રૂમમાં બધા પ્રકારની સ્વાદિષ્ટ વાનગીઓથી ભરેલું એક વિશાળ ટેબલ હતું. તે ટેબલની આસપાર ખુરશીઓ પર લોકો બેઠા હતા, જેઓ દેખીતી રીતે ભૂખ્યાં હતાં. પરંતુ ખુરશીઓ ટેબલની ધારથી પાંચ ફૂટ દૂર હતી અને દેખીતી રીતે જ લોકો ખુરશીમાંથી બહાર નહોતા આવી શકતા. વધુમાં, તેમના હાથ ટેબલ પર પડેલાં ખોરાક સુધી પહોંચવા જેટલા લાંબા ન હતા.

સ્વપ્નામાં પાંચ ફૂટ લાંબો એક જ મોટો ચમચો હતો. બધા જ તે ચમચો લઈ લેવાના

પ્રયાસમાં લડતા, ઝઘડતા, એકબીજાને ધક્કા મારતા હતા. છેવટે, એક ધૃણાસ્પદ દૃશ્યમાં, એક કદાવર માણસે ચમચો લઈ લીધો. તે ટેબલ સુધી પહોંચ્યો, થોડું ખાવાનું ઉપાડ્યું અને તેને પોતાનાં મોઢાંમાં મુકવા માટે ફેરવ્યો અને જોયું કે ચમચો એટલો બધો લાંબો હતો કે તેને પકડીને મોઢાં સુધી પહોંચાડાય તેમજ ન હતો. ખાવાનું પડી ગયું. તરત જ બીજા કોઈક ચમચો ઝડપથી લીધો. ફરી તે વ્યક્તિ પણ ખાવાનું ઉપાડવા જેટલે દૂર ગઈ, પરંતુ તે પણ પોતાને ખવરાવી ન શક્યો. હાથો વધારે પડતો લાંબો હતો.

સ્વપ્નામાં, જે માણસ આ જોતો હતો તેણે તેના માર્ગદર્શકને કહ્યું, “ખાવાનું હોવું અને તેને ખાઈ ન શકવું - આ નર્ક છે.”

માર્ગદર્શકે જવાબ આપ્યો, “તમને તમે ક્યાં છો તેમ લાગે છે ? આ નર્ક જ છે. પરંતુ આ તમારે માટેનું સ્થાન નથી. મારી સાથે આવો.”

અને તેઓ બીજા રૂમમાં ગયા. આ રૂમમાં પણ બરાબર પેલા રૂમ જેવું જ ખોરાકથી ભરેલું લાંબુ ટેબલ હતું. બધા ખૂરશીઓ પર બેઠેલા હતા, અને કોઈક કારણસર તેઓ પણ તેમની ખુરશીમાંથી બહાર નહોતા નકીળી શકતા તેમ લાગતું હતું.



ઈશ્વર તમારી સંભાળ લેશે
જેથી તમે અન્યોની
સંભાળ લઈ શકો.



પેલા લોકોની જેમ જ તેઓ ટેબલ પરના ખોરાકને પહોંચી નહોતા શકતા. છતાં તેમના ચહેરાઓ પર સંતુષ્ટ, ખુશનુમા દેખાવ હતો. માત્ર ત્યારે જ મુલાકાતીએ તેનું કારણ જોયું. બરાબર પહેલાંની જેમજ, માત્ર એક જ ચમચો હતો. તેને પણ પાંચ ફૂટ લાંબો હાથો હતો. છતાં કોઈ તેને માટે લડતું ન હતું. હકીકતમાં, જેણે હાથો પકડ્યો હતો તેવા એક માણસે તે લાંબો કર્યો, ખાવાનું ઉપાડ્યું અને તે બીજા કોઈકના મોઢાંમાં મૂક્યું, જેણે તે ખાધું અને તે સંતુષ્ટ હતો.

પછી તે માણસે હાથાથી ચમચો પકડ્યો, ટેબલ પરનાં ખાવાનાં સુધી પહોંચ્યો, અને જેણે તેને હમણાં જ કંઈક ખાવાનું આપ્યું હતું તે માણસનાં મોઢામાં તેણે ખાવાનું મુક્યું અને માર્ગદર્શકે કહ્યું, “આ સ્વર્ગ છે.”

"જેઓ દયાળુ છે તેઓ આશીર્વાદ પામેલા છે, આથી તેઓ કૃપા પ્રાપ્ત કરશે."

બાઇબલની બીજી પંક્તિ તેને બીજી રીતે કહે છે, "એક બીજાના બોજ ઉપાડો, અને આમ ઇશ્વરનો નિયમ પરિપૂર્ણ કરો." (ગાલ 6:2)

પસ્તાવો અને ઇર્ષ્યા, ક્રોધ અને ધિક્કાર અને ખરાબ ઇચ્છા ના વિચારો હોવા અને સુખી થવું તે અશક્ય છે. તમે આવાં નકારાત્મક લાગણીનાં બીજ વાવીને સ્મિત અને હાસ્યનો પાક ઊગાડવાની અપેક્ષા રાખી ન શકો. કોઈ એક જ સમયે કડવું અને સુખી બંને ન થઈ શકે. તે એટલું બધું, માનવામાં ન આવે તેવું સાદું છે.

તો પછી આ નિર્દેશનું રહસ્ય સંભાળ લેવી તે છે. સંભાળ લેવી તે વહન કરવું છે.

મને ખાતરી છે કે તમે કોલકત્તાના મધર ટેરેસા વિશે સાંભળ્યું છે. તેમનો ગુડ હાઉસ કીપીંગ મેગેઝિનનાં સૌથી પ્રશંસાપાત્ર - મહિલાઓની સુચિમાં વારંવાર સમાવેશ થતો હતો. તેઓ આપણી દુનિયામાં વસેલી સૌથી સુંદર વ્યક્તિઓ પૈકીનાં એક હતાં.

તમે કદાચ જાણો છો કે મધર ટેરેસા એક અદ્ભૂત વ્યક્તિ હતાં. પરંતુ હું તમને તેમના વિશે વધારે કહીશ. મધર ટેરેસા યુગોસ્લાવીયાના એક ખેડૂત પરિવારનું બાળક હતાં. તેમને નિયમિતપણે ચર્ચમાં લઈ જવાતાં જ્યાં તેમણે ઇસુ ખ્રિસ્તને જોયા. એક કિશોરી તરીકે પૂર્ણ સમય માટે ચર્ચનાં કામમાં જોડાવાનું આહ્વાન થતું હોય તેમ લાગ્યું, અને તેઓ કેથોલિક સીસ્ટર બની ગયાં. એક દિવસ એક મીશનરી તેમનાં ઘરની ધર્મસભામાં ભારતનાં લોકો સુધી ક્રાઇસ્ટને લઈ જવાની મોટી જરૂરિયાત વિશે બોલ્યા. આથી તેમણે જવાનું પસંદ કર્યું અને તેણીને કલકત્તામાં શિક્ષકની પદવી પર સ્વીકારવામાં આવ્યાં.

કલકત્તાની કોન્વેન્ટમાં, ટેરેસાને સુંદર ક્વાર્ટર્સમાં મજા આવી. તેને સુંદર બગીચાઓથી ઘેરાયેલું સુંદર રહેઠાણ મળ્યું હતું. તેણી એક ખૂબ જ સુંદર અને આકર્ષક વર્ગખંડમાં ભણાવતાં હતાં. પરંતુ એક દિવસ તેમને શહેરના સૌથી ગંદા વિસ્તારમાં જવું પડ્યું. જ્યારે તેઓ કલક્તાના પાછલા ભાગોમાંથી શેરીઓમાં એકલાં ચાલ્યાં ત્યારે તેમણે કંઈક એવું જોયું જે અગાઉ ક્યારેય જોયું ન હતું. તેણે માણસોને મૃત્યુ પામતાં જોયા એ કોઈ તેમના તરફ ધ્યાન નહોતું આવતું. જ્યારે તેમણે પૂછપરછ કરી તો ખબર પડી કે આ તો સામાન્ય હતું. કોઈને મૃત્યુ પામનાર માટે સમય ન હતો; બીમારો માટે જવાનું કોઈ સ્થળ ન હતું. આ યુવાન સાધ્વી આ ભયંકર પરિસ્થિતિથી ડઘાઈ ગઈ. તેણીને લાગ્યું કે ઇસુ ખ્રિસ્ત તેને કહેતા હતા કે, "હું તને ગરીબોમાં પણ સૌથી ગરીબની સેવા કરવા બોલાવવાનો છું. હું તને જીવતા લોકોની નહીં, મૃત્યુ પામતા લોકોની સંભાળ લેવા બોલાવું છું."

આ એવું મજબૂત આહ્વાન હતું કે તેણીએ ચર્ચને પોતાને પ્રતિજ્ઞામાંથી મુક્ત કરવા વિનંતી કરી. બે વર્ષ લાગ્યાં પરંતુ છેવટે તેમને છૂટાં કરવામાં આવ્યાં. હવે સાધ્વી ન હોવાથી તેણીને કોન્વેન્ટની બહાર અને કલકત્તાની શેરીઓમાં મોકલાયાં. ખીસ્સામાં માત્ર થોડાક રૂપિયા સાથે અને ચર્ચ તરફથી કોઈ ભોજન કે કપડાંના વચન વગર તેઓ શેરીઓમાં ચાલવા લાગ્યાં. તેઓ હવે પોતાના પર જ હતાં અને તેમણે પ્રાર્થના કરી, "હે ઇશ્વર, મને એવા કોઈક પાસે દોરી જા, જે એકલો જ મૃત્યુ પામતો હોય."

બે ઘર દૂર તેણે મુખ્ય માર્ગની ગટરમાં પડેલી એક વૃદ્ધાને જોઈ. ગટરમાં દોડતા ઉંદરડા

તેનાં જીવતાં શરીરને ખાઈ રહ્યા હતા. તેણીએ તે સ્ત્રીને ઉપાડી અને તેને નજીકની હોસ્પિટલ સુધી શબ્દસ: ઘસડી ગયાં. તેણીને દાખલ કરવાની ના પાડવામાં આવી. તેણીએ સમજાવ્યું કે, "પરંતુ આ સ્ત્રી મૃત્યુ પામી રહી છે." તેણીને કહેવામાં આવ્યું. "કલકત્તાની શેરીઓમાં બધો વખત લોકો મૃત્યુ પામતાં હોય છે. અમે તેને દાખલ કરી શકીએ નહીં." તેમણે જ્યાં સુધી તે સ્ત્રીને અંદર ન લીધી ત્યાં સુધી ટેરેસાએ ત્યાંથી જવાનો ઇન્કાર કર્યો. તેણે કહ્યું, "જો સ્વર્ગમાં ઇશ્વર છે, અને જેને આપણે ચાહીએ છીએ તે ક્રાઇસ્ટ છે. તો કોઈ એકલું મૃત્યુ પામવું જોઈએ."

ત્યાર પછી ટૂંક સમયમાં ટેરેસા શહેરની સરકાર પાસે ગઈ અને એક ખાલી જગ્યા માગી, "એક જગ્યા, જ્યાં હું મૃત્યુ પામતા લોકો માટે એક ઘર ચણી શકું." સત્તાધારીઓએ તેમને કહ્યું, "અમારી પાસે કાલીમાતાનું આ ખાલી હિન્દુ મંદિર છે, જો તે તમને માફક આવે તો." તેણી કહ્યું, "સુંદર. તે ઇશ્વર માટે સુંદર રહેશે. હું મારા જીવનમાં માત્ર એટલું જ કરવા માગું છું. - ઇશ્વર માટે કશુંક સુંદર કરવા માગું છું."

અન્ય બે સીસ્ટર્સે ટેરેસાના પ્રોજેક્ટ વિશે સાંભળ્યું અને તેમણે શેરીઓમાંથી મૃત્યુ પામી રહેલાંઓને આ હિન્દુ મંદિરમાં ઘસડી લાવવામાં મદદ કરી. દવા વગર, પૈસા વગર, એક સંસ્થા વગર, પીઠબળ વગર, તેમણે જે કરી શક્યાં તે કર્યું, અને તેમની તે જગ્યાએ કોઈ એક પ્રેમાળ સ્પર્શ અને "અમે તમને ચાહીએ છીએ." શાંતિપૂર્વક ઇશ્વર પાસે જાવ એવા પ્રેમાળ શબ્દ વગર કોઈ મૃત્યુ ન પામ્યુ. તેઓ એકલવાયા મૃત્યુ ન પામ્યા.

ટેરેસા - અથવા તેઓ જે નામે જાણીતાં હતાં તે મધર ટેરેસા - કદાચ આ પૃથ્વી પર જીવતા શ્રધ્ધેય સંતની સૌથી નજીક કહી શકાય તેવી વ્યક્તિ હતાં. તેમણે તેમનું પોતાનું સીસ્ટર્સ ઑફ ચેરીટી કહેવાતું સીસ્ટરહુડ બનાવ્યું. તે હવે પોન્ટીફીકેક થયું છે એટલે કે તેને હવે સીધી પોપની નીચેની સંસ્થા તરીકે ઓળખવામાં આવે છે, જેઓ જ્યારે તેઓ આ વિચિત્ર પૂર્વ-નન શું કરતી હતી તે જોવા માટે કલકત્તા આવ્યા ત્યારે એટલા પ્રભાવિત થયા હતા કે તેમણે તેણીને પોતાની અંગત, કિંમતી સફેદ લીમોસીન ભેટમાં આપી હતી. તેણીએ આ મોટી કિંમતની કાર તરફ એક નજર નાખી અને કહ્યું, "ઓહ, થેન્ક યુ."

સૌથી પહેલું કામ તેમણે તેને વેંચી નાખવાનું કર્યું. તેના પૈસા તેણીના મૃત્યુ પામતા લોકો માટેનાં ઘર માટે ગયા. ૧૯85 સુધીમાં તેની કોલોનીમાં તેની પાસે લગભગ દસ હજારથી વધારે મૃત્યુ પામતા રક્તપીતીયાઓ હતા. તેમની કોલોનીઓ અઠ્યાવીસ શહેરોમાં, સીલોનમાં, લંડન, રોમ, વેનેઝુએલા તથા ઓસ્ટ્રેલિયામાં રહેતા ભારતીય લોકોમાં પ્રસરેલી છે. તેણીએ તથા મીશનરી ઑફ ચેરીટીના બધા સભ્યોએ સંપૂર્ણ ગરીબાઈની પ્રતિજ્ઞા લીધી. તેઓ જેની માલિકી ધરાવતાં તે એક માત્ર વસ્તુ હતી સૌથી સસ્તાં સુતરાઉ કપડાં અને સેન્ડલ્સ. સંપૂર્ણ શરણાગતિ !

માલ્કમ મુગેરીજ, જેણે બ્રીટીશ બ્રોડકાસ્ટીંગ કંપની પર મધર ટેરેસાનો ઇન્ટરવ્યુ લીધો અને પછીથી કલકત્તામાં તેમની મુલાકાત લીધી, તેણે કહ્યું, "મેં તમારા અને હવે જે તમારી ટીમમાં છે તેવી સેંકડો સીસ્ટર્સમાં જે વસ્તુ નોંધી તે છે કે તમે બધાં ખૂબ જ ખુશ દેખાવ છો. શું આ માત્ર દેખાવ છે ?" તેણી કહ્યું, "ના, જરા પણ નહીં. કોઈ વસ્તુ તમને જ્યારે તમે ખરાબ રીતે ઘવાયેલ લોકો પાસે દયા સાથે પહોંચો ત્યારે તમને જે ખુશી મળે છે તેનાથી વધારે ખુશ કરી શકે નહીં."

"દયાળુ લોકો આશીર્વાદ પામેલા છે આથી તેઓ કૃપા પ્રાપ્ત કરશે." સેવાએ તેનો પોતાનું ઇનામ છે. આનંદપૂર્ણ જીવન માટેનો નિર્દેશ છે : "સારા રહો, દયાળુ રહો, નિ:સ્વાર્થ રહો. બીજા

સાથે એવું કરો જે તેઓ તમારી સાથે કરે તેમ ઇચ્છતા હો."

જો તમે સકારાત્મક વસ્તુઓ બને તેમ ઇચ્છતા હોવ તો તમે સકારાત્મક હોવા જોઈએ. જો તમે લોકો સાથે મૈત્રીપૂર્ણ રહેવા અને લોકો તમારા તરફ મૈત્રીપૂર્ણ રહે તેવું ઇચ્છતા હો તો તેમની સાથે મૈત્રીપૂર્ણ રહો. જો તમે અનિચ્છનીય લોકોથી ઘેરાયેલા છો તો, તેમને સારા લોકોમાં બદલી નાખો.

તમે કેવી રીતે તેમને સારા લોકોમાં બદલશો ? તેમનામાંનું શ્રેષ્ઠ બહાર લાવો ! તેમનામાંનું શ્રેષ્ઠ કેવી રીતે બહાર લાવશો ? તેમની અંદર જે શ્રેષ્ઠ પડેલું છે તેના પર ધ્યાન આપો ! જ્યાં સુધી તેઓ માનવાનું શરૂ નહીં કરે કે તેઓ સુંદર લોકો છે, ત્યાં સુધી તેઓ તમને સુંદર તરીકે સ્વીકારે નહીં.

હું મને મળવા આવેલી તે યુવા પત્નીને ક્યારેય નહીં ભૂલું. તેણીએ ફરિયાદ કરી. "મારા પતિ ક્યારેય મારાં વખાણ નથી કરતા. તે માત્ર ટીપ્પણી જ કરે છે ! હું ગમે તે કરું, ગમે તેટલું કામ કરું તેનું કંઈ નહીં, તે મને માત્ર હું કેવી રીતે વધુ સારું કરી શકું તે જ કહે છે !"

મેં સૂચન કર્યું, "તને ખબર છે કે જેઓ ખૂબ જ ટીપ્પણી કરતા હોય તેવા લોકો મોટેભાગે નીચાં આત્મભાનથી પીડાતા હોય છે. એ શક્ય છે કે તારા પતિને એવા પ્રકારની મુશ્કેલી હોય ?"

તેણીએ એક ક્ષણ વિચાર્યું. "હા, મને લાગે છે કે તે શક્ય છે." મેં જવાબ આપ્યો, "ઠીક છે, તો પછી મને એમ લાગે છે કે તેને તેના આ નબળા આત્મભાનમાં તથા તેની નિંદાત્મક ટીપ્પણીઓમાં તેને મદદ કરવાનો માર્ગ છે, તું તેના વખાણ કરવાનું શરૂ કર !"

"ઓહ, મેં ક્યારેય એ વિશે વિચાર્યું ન હતું ! પરંતુ તમે સાચા છો ! મને છેલ્લે મેં ક્યારે તેનાં વખાણ કર્યાં હતાં તે યાદ નથી, હું તેમના તરફથી પ્રશંસાની રાહ જોવામાં એટલી વ્યસ્ત હતી કે મેં તેમને માટેની પ્રશંસાની સંપૂર્ણ અવગણના કરી છે."

જો તમે તમારી દુનિયા બદલવા માંગતા હો તો તમારી જાતને બદલો. તમે તમને પોતાને કેવી રીતે બદલશો ? તમે આ પ્રકારના સકારાત્મક વિચારક કેવી રીતે બનશો ? મને માત્ર એક જ રીત ખબર છે. શિક્ષણ - એક જીવન ક્રાઇસ્ટ - છે જે આ કરે છે. ડર, ક્રોધ, કડવાશ તથા દુ:ખથી ભરેલાં હ્રદયોમાં ઇશ્વર આવી શકે છે અને પોતાની દયાથી તેઓ તે લાગણીઓ મુક્ત કરી શકે છે. આ વસ્તુ તમારી સાથે પણ બની શકે છે. એવું બને છે જ્યારે તમે ઇસુ ખ્રિસ્તને મળો અને તેમને તમારા જીવન પર કબજો લઈ લેવા કહો.

જો તમે લોકો સાથે દયાવાન રીતે વર્તવા ઇચ્છો છો, તો તમારે તમને પોતાને દયાળુની જેમ ટ્રીટ કરવાથી શરૂઆત કરવી જોઈએ. ક્રાઇસ્ટ તમને તમે જેવા છો તેવા તરીકે જ સ્વીકારે છે તે જાણીને તમારી જાતને સ્વીકારો ! જોકે, જો તમારામાં આત્મબળ તથા સ્વયોગ્યતાની ઉંડી આંતરિક ભાવનાની ઉણપ છે, તો તમને અન્ય લોકો સાથે સતતપણે સમસ્યાઓ થશે. તમે તેમની સાથે દયાપૂર્વક વર્તન નહીં કરો. તમે નિષ્ઠુર બનશો. તમે નિંદાત્મક હશો અથવા તમે પંચાત કરશો. તમે તમારા જીવનનાં સૌથી મહત્વનાં પાસાંઓની ઘોર ખોદી નહીં નાખો ત્યાં સુધી તમે ફટકા મારશો અને તમે જોશો કે તે તમારી આસપાસ પડી ભાંગ્યા છે.

• • •

સ્વાર્થ જીવનને
બોજમાં બદલી નાખે છે.
નિ:સ્વાર્થપણું બોજને
જીવનમાં બદલી નાખે છે !

• • •

આના વિશે વિચારો. એવું શું છે જે આપણને લોકોને દયાપૂર્વક સંભાળતાં અટકાવે છે ? તે છે રોષ, ઇર્ષા અથવા એવા લાગણી કે કોઈક તમારે માટે ભયજનક છે. જો તમે રોષ, ઇર્ષા અથવા "શિકાર થઈ જવાને" સંભાળી ન શકો તો તમારાં મન, હૃદય તથા આત્મામાં છેક ઉંડાણમાં તમારે તમારી હકારાત્મક સ્વ છબીની ઉણપ સાથે વ્યવહાર કરવાની જરૂર છે. તમારી નકારાત્મક પ્રતિક્રિયા એ છૂપા ઘાવનું પરિણામ છે જેનો ઉપચાર કરવો જરૂરી છે.

છૂપા ઘાવ માટેનો ઉપચાર

આ ખુશ-રહો અભિગમ સાથે તમને કોઈ મુશ્કેલી છે ? તમને દયાવાન થવામાં મુશ્કેલી છે ? શું તમે તમારી જાત માટે તેમજ અન્યો માટે નિંદાત્મક છો ? જો તેમ છે, તો તમારે તમારા છૂપા ઘાવોને ઓળખવા, છૂટા પાડવા તથા રૂઝવવાની જરૂર છે. તમે એકલા નથી તે સમજવું તે આ ઉપચાર તરફનું પ્રથમ પગલું છે. દરેક વ્યક્તિને એક અથવા બીજા સમયે ઘાવ પડ્યા છે. ઇસુ, ઇશ્વરના પુત્રને પણ ઘાવ પડ્યા હતા. થોભો અને તેમને ગણો; તે છ હતા :

1. ઘૂંટી - જ્યાં ખીલ્લા ખોડવામાં આવ્યા.
2. હાથની હથેળીઓ જેમને ખીલા વડે છેદવામાં આવી.
3. લલાટ, જે કાંટાળા મુગટથી લોહી લુહાણ થઈ ગયું હતું.
4. પડખું જેને ભાલા વડે છોલી નખાયું હતું.
5. પીઠ, જેના પર કોરડા વીંઝીયા હતા. તે ક્રાઇસ્ટના પાંચ ઘા છે. પરંતુ છઠ્ઠો ઘા છૂપો ઘા હતો.

6. તેમનાં હૃદયનો ઘા, જેને તેના પોતાના શિષ્યો પૈકીના એકનાં ચુંબન વડે ત્યાં મુકાયો હતો. આ છૂપો ઘા તેમના માટે સૌથી વધુ પીડાદાયક હતો.

આપણને બધાંને ઘા પડ્યા છે, નહીં ? આપણે કદાચ આપણા ઘાવને એક સ્મિત પાછળ છૂપાવી દઈએ અને ટટ્ટાર રહીએ. પરંતુ જો આપણે ખરેખર આપણાં જીવન તપાસીએ, આપણી જાતને ખૂલ્લી કરીએ તો આપણે જોશું કે દરેક વ્યક્તિનું એક છૂપું દર્દ, એક તેની પોતાની યાતના, એક અંગત દુ:ખ - એક ખૂબ જ અલગ રખાયેલ, અપ્રગટ, આચ્છાદિત ઘા હોય છે.

સમાજ આપણા પર છૂપા ઘા લાદે છે. તમારામાંના કેટલાક વંશીય અથવા એથનિક પૂર્વગ્રહો અથવા જાતિયતા અથવા અવસ્થા જેવા પીડાદાયક ભેદભાવના અન્ય પ્રકારના શિકાર થયા છો. કારણ કે તમે એક ચોક્કસ વંશ, જાતિ કે ઉંમરના છો આથી તમારા તરફ હસવામાં આવે, અવગણવામાં આવે તમારાં સ્વપ્નો પરિપૂર્ણ કરવાની છૂટ ન આપવામાં આવે તેની વ્યથા જાણો છો.

કેટલીક વખત આપણી સૌથી નજીકનાં માણસો આપણા પર સૌથી ઉંડા, સૌથી પીડાદાયક ઘા પાડે છે. જો હું તમારા પિતા અથવા માતા, જીવનસાથી, બાળક, પ્રેમી, નોકરી અપનાર અથવા મિત્ર એ તમારી સાથે જે કર્યું છે તેની કુમળી યાદોને સ્પર્શીશ તો તમારામાંના કેટલાક અત્યારે જ રડવા લાગશે.

અન્ય છૂપા ઘા આપણે આપણા પોતાના પર લાદીએ છીએ : આપણે સંજોગો તરફ વધારે પડતી નકારાત્મકતાથી પ્રતિક્રિયા આપીએ છીએ. આપણે તેમને જરા વધારે પડતી ગંભીરતાથી લઈએ છીએ તેથી આપણે આપણી જાતને યાતના આપીએ છીએ. આપણે બીજા લોકોની ક્રિયાઓમાંથી વધારે પડતો અર્થ તપાસીએ છીએ અને તેમની આપણા તરફની પ્રતિક્રિયા તરફ અતિશયોક્તિ કરીએ છીએ.

આજે તમે જે છૂપી યાતનાઓ તમારી સાથે લઈને ચાલો છો - એ અંગત પીડાઓ જેના વિશે તમે વાત ન કરી શકો - તે ક્યાં શસ્ત્રો હતાં જેણે તેમને તમારા હૃદય પર લાદયા ? ઇસુના ઘાવ તરફ જુઓ. બાહ્ય ઘા ખીલાઓ, કાંટાળા તાજ, ભાલો, કોરડા વડે વીંઝવામાં આવ્યા હતા. પરંતુ તેનો છૂપો ઘા એક ચુંબનને કારણે હતો.

જે શસ્ત્રોએ તમને ઘાયલ કર્યા છે તે કદાચ એક ચુંબન જેટલાં જ સામાન્ય છે. તે શબ્દો છે, નજરો છે, શરીરના હાવભાવ છે. કોઈકે પોતાની પીઠ તમારી સામે ફેરવી લીધી છે, તમારા પ્રેમ અને મૈત્રીની ક્રિયાનો બદલો નથી વાળ્યો, અને તે પીડા આપે છે. તમને મૌન સાથે આવકારવામાં આવ્યા છે; કદાચ તે એક ઉપેક્ષા હોય. તમારી પાસેથી પસાર થઈ જવાયું છે. તમને ક્યારેય આમંત્રણ નથી અપાયું. તમારો નિષ્ઠુર અસ્વીકાર કરાયો છે. શબ્દો, નજરો, ક્રિયાઓ - આ એ ભયાનક શસ્ત્રો છે, જે માનવ હૃદયમાં છૂપા ઘા કરે છે.

હવે પ્રશ્ન એ છે કે, આ છૂપા ઘા સાથે આપણે શું કરીએ છીએ ? આપણે તેને કેવી રીતે સંભાળીએ છીએ ?

સૌપ્રથમ, **તેમને પંપાળો નહીં.** એવા ઘણા લોકો છે જેમને તેમની છૂપી યાતનાઓને પંપાળવામાં મજા આવે છે. તેમને તેમની માતાએ તેમની સાથે કેવું વર્તન કર્યું હતું, તેમના પિતાએ કેવું વર્તન કર્યું, તેમના પ્રથમ પતિ અથવા પ્રથમ પત્નીએ કેવું વર્તન કર્યું હતું તે હજી યાદ છે. ત્રીસ

વર્ષ પછી તેઓ હજી તેમના ઘા ને વળગી રહ્યા છે. આ જ્ઞાનતંતુને લગતી, નકારાત્મક પ્રતિક્રિયા છે.

તેમને શાપ ન આપો . તમારા ઘા ને તમને કડવી વ્યક્તિ બનાવવાની છૂટ ન આપો. ઇશ્વર તરફ અથવા જેણે તમને આટલી ઊંડી વેદના આપી છે. તે વ્યક્તિ તરફ ગુસ્સાને છૂટ ન આપો. તમારાં જીવન પર નિયંત્રણ રાખો. તમારી પીડાઓને શાપ ન આપો, અને તેમનું વર્ણન ન કરો . તેમને ભૂલી જવાનો પ્રયત્ન કરો. યાદ રાખો, જો તમે બધો વખત તમારાં દુ:ખના રોદણા રડ્યા કરો તો તમે તેમને ક્યારેય ભૂલી ન શકો. ત્રીસ વર્ષથી અહીં ચર્ચના સ્ટાફમાં રહેલ મહાન વ્યક્તિઓ પૈકીના એક મીનીસ્ટર હતા જેમનું નામ ડૉ. હેન્રી પોપેન છે. ડૉ. હેન્રી પોપેન ચીનમાં મીશનરી હતા અને જ્યારે સામ્યવાદીઓએ સત્તા સંભાળી લીધી ત્યારે ઘણા મહિનાઓ સુધી તેમને ચીનનાં એક નાનાં ગામમાં કેદી તરીકે રખાયા હતા. તેમને એકલ કેદમાં રખાયા હતા અને તેમની સાથે અગાધ ઉંડાણ ભર્યું વર્તન કરવામાં આવ્યું. એ અનુભવ કરુણ હતો. તે ભયાનક હતો. તે શર્મનાક હતો. તેઓ ચમત્કારથી ભાગી છૂટી શક્યા; મોટાભાગના અન્ય મીશનરીઓની સ્થળ પર જ હત્યા કરાઈ હતી. જ્યારે તેઓ બહાર આવ્યા ત્યારે તેઓ ભાવનાત્મક રીતે ઘવાયેલ માણસ હતા. પરંતુ તેમને એક ડૉક્ટર દ્વારા તે ઘા નો ઉપચાર મળ્યો, જેમણે કહ્યું, “આના વિશે હવે વાત ન કરશો. માત્ર તેને ભૂલી જાવ. ડૉ. પોપેનના કિસ્સામાં, સલાહના આ શબ્દો બરાબર એજ હતા જેમની તેમને જરૂર હતી. તેમની યાદો એટલી કદરૂપી હતી કે ફરી ફરીને તેને વહેંચતા રહેવી તેણે તેમને તેમના જીવનનો ભાગ બનાવી દીધી હોત.”

ઘા ને પંપાળો નહીં. ઘા ને બદદૂવા ન આપો. યાતના આપતા અનુભવને વાગોળ્યા ન કરો. તમે તમારા છૂપા ઘા સાથે શું કરો છો ? તેમને ડૂબાડી દો. તેમને ઉમદા સેવાનાં જીવનમાં વહાવી દો.

મારી મીનીસ્ટ્રીનાં શરૂઆતનાં વર્ષોમાં એક સમય મને યાદ આવે છે, જ્યારે મને કોઈકની સાથે એક ખરેખરી અંગત સમસ્યા થઈ હતી. કેટલીક વાર તેમને એટલી ખરાબ રીતે પીડા અપાતી કે તેમને કેવી રીતે સંભાળવી તે મને ખબર ન પડતી. આવા સમયે મારી પત્ની પાસે હંમેશ એક ઉકેલ રહેતો. તે કહેતી, “મને લાગે છે કે તમારે બહાર જવું જોઈએ અને રોઝી ગ્રેને મળવું જોઈએ.” અથવા “મને લાગે છે કે તમારે મારીની મુલાકાત લેવી જોઈએ; તેના પતિને મૃત્યુ પામ્યે વર્ષ થઈ ગયું છે.”

આથી હું બહાર હોસ્પિટલોમાં જતો અને લોકોને મળતો. હું એક પેસ્ટર તરીકે મારી જાતને જેઓ પીડા આપતાં હતાં તે લોકોનાં હૃદયમાં વહાવી દેતો હતો અને આ પ્રક્રિયામાં મારો નાનો છૂપા ઘા મરણ પામ્યો.

તમે તમારા છૂપા ઘા ને કેવી રીતે સંભાળો છો ? તેમને પંપાળો નહીં. તેમને શાપ ન આપો. તેમને વાગોળ્યા ન કરો. તેમને ડૂબાડી દો અને છેવટે, તેમને પાછા વાળો. નકાર ને હકારમાં ફેરવો. જ્યારે તમે તમારા ઘા ને વધુ સંવેદનશીલ, જાગૃત, વિચારશીલ, દયાળુ, ઉદાર વ્યક્તિમાં ફેરવવાની છૂટા આપો ત્યારે તમે તે કરો છો.

જો તમારા ઘા કંઈક એવા છે જેને તમે કોઈકની ટીકા કર્યા વગર અથવા તેમની ચીરફાડ કર્યા વગર કોઈની સાથે વહેંચી ન શકો તો તમારે મૌન રહીને ભોગવવું જોઈએ. જો એવું હોય તો, ઇશ્વરમાં વિશ્વાસ રાખો. તેમને તમારા છૂપા ઘા ને રૂઝવવા દો.

તેણી હવે આપણી સાથે નથી - અમારી વ્હાલી શુગ. તેનું નામ બેર્નીસ શુગ હતું પરંતુ

મારાં બાળકો તેને માત્ર "શુગ" કહેતાં. મારી પત્નીના તથા મારા એમ બંને પરિવારો મીડવેસ્ટમાં રહેતા હોવાથી મારાં બાળકો તેમનાં દાદા- દાદી-નાના-નાની સાથે વધુ સમય નહોતાં ગાળી શકતાં.

અમે જ્યારે ચર્ચમાં શુગને મળ્યાં ત્યારે તે વિધવા હતી. તેનાં પોતાના પૌત્ર-પૌત્રીઓ ઉત્તર કેલીફોર્નીયામાં રહેતા હતાં, આથી તેણી તેને મન થાય તેટલી વાર તેમને મળી શકતી ન હતી. તો પછી એ અનિવાર્ય હતું કે શુગ અમારી કેલીફોર્નીયાની દાદી બની જાય. તે પ્રેમ તથા ખસખસના રોલ્સ અમારા તથા અમારા બાળકો પર ઉદાર હાથે વહેંચતી. મારી પત્નીને જ્યારે અમારાં છેલ્લાં બે બાળકો આવ્યાં ત્યારે તે અમારા બાળકો સાથે રહી. તે અમારી સાથે જમતી, અમારાં બાળકોની સંભાળ લેતી, છતાં તેના છૂપા ઘા કેટલા ઉંડા હતા તે અમને કોઈ ને ખબર ન પડી.

એક દિવસ શુગ મારી પાસે આવી અને કહ્યું, "બોબ, મેં આજે ચર્ચ બુલેટીનમાં વાંચ્યું કે તમે આવતા રવિવારે એક મહેમાન વક્તા બોલાવવાના છો. મેં જોયું કે તમારા મહેમાન તરીકે કામીકાઝ પાયલોટ આવવાના છે."

ઓહ ! મને ત્યારે યાદ આવ્યું કે શુગનો પુત્ર વિશ્વયુદ્ધ-2માં એક કામીકાઝ પાયલોટના હાથે માર્યો ગયો હતો. "એ સાચું છે, શુગ. આ ચોક્કસ પાયલટને એક કામીકાઝ તરીકે તાલીમ આપવામાં આવી હતી અને જો વિશ્વયુદ્ધ જ્યારે પૂરું થયું ત્યારે તે પૂરું ન થયું હોત તો તે કામીકાઝ તરીકે જ મૃત્યુ પામ્યો હોત. પરંતુ તેને કેવી રીતે ઇસુ મળ્યા તે કહેવા માટે તેની પાસે અદ્ભૂત વાત છે."

"હોઈ શકે, પરંતુ મને લાગે છે કે તેમ છતાં તે રવિવારે હું ચર્ચમાં નહીં હોઉં. મને નથી લાગતું કે હું તે સંભાળી શકું."

"હું સમજું છું." મેં જવાબ આપ્યો. "મને નથી લાગતું કે એક રવિવાર ગુમાવીશ તો તને નુકસાન થશે."

પછીના રવિવારે તે જાપાનીઝ પાયલોટે પોતાની વાત કરી. તેની કાળી આંખોમાંથી ઇસુ માટેનો તેનો પ્રેમ તથા આભાર દેખાતા હતા. તમે તેણે જે મેળવ્યો હતો તે પ્રેમ તથા રાહત અનુભવી શકો. લોકો તેની વાતથી હલી ગયા હતા અને જ્યારે સર્વિસ પૂરી થઈ ગઈ ત્યારે, મારા સાથી પાસ્ટર તેની સાથે દાદર ઊતરીને ચર્ચના પાછળના ભાગમાં ગયા.

તેઓ છેલ્લા પગથીયે પહોંચ્યાં ત્યાં ઓચિંતી એક વૃદ્ધ સ્ત્રી બહાર આવી. તેણી કામીકાઝ પાયલોટના માર્ગમાં મક્કમપણે ઊભી રહી અને તેનો બહાર જવાનો માર્ગ અવરોધ્યો. તેણે સીધું તેની સામે જોયું અને કહ્યું, "મારો પુત્ર એક કામીકાઝ વડે વિશ્વયુદ્ધમાં હણાયો હતો !"

તે શુગ હતી. તે આગળ બોલી ત્યારે અમારા બધાના શ્વાસ રોકાઈ ગયા. "ઇશ્વરે તને તારાં પાપોની માફી આપી છે, અને આજે રાત્રે તેણે મને મારાં પાપો માફ કર્યાં છે."

તેણી આ નાનકડા જાપાનીઝ પાયલોટને વળગી પડી અને રડી પડી અને આટલા બધાં વર્ષોથી તેની અંદર સંગ્રહાયેલ બધી જ કડવાશ તથા ક્રોધને તેણે મુક્ત કર્યાં.

જ્યારે એક સાથી પાયલોટે એક વ્હાલા પુત્રની હત્યા કરી હતી ત્યારે એક કામીકાઝ પાયલોટને માફી ? અશક્ય ! હા, તે આપણે માટે અશક્ય છે પરંતુ ઇશ્વર માટે અશક્ય નથી !

છેવટે તો, માફી વિશે ઇસુ ખ્રિસ્ત કરતાં વધુ સારો શિક્ષક કોણ છે ? જ્યારે તેને

ક્રુરતાપૂર્વક કોરડા મારીને, કાંટાળા તાજથી વીંધીને, તેના મિત્ર વડે વિશ્વાસઘાત કરાઈને, તેના શિષ્યો વડે એકલા મુકી દેવાઈને ક્રોસ પર લટકાવાયા, ત્યારે તેમને મૃત્યુ પામતા જોનાર લોકોને તેમણે શું કહ્યું ?

તેમણે કહ્યું, “તેમને માફ કરો ; કારણ કે તેઓ શું કરે છે તે તેઓ નથી જાણતા.” (લ્યુક 23:34)

માફીની બાબતમાં ઇસુ તજજ્ઞ છે. તેમને તમને માફી આપવા દો અને તમારા છૂપા ઘા ને રૂઝવવા દો.

જો તમે દયાળુ છો તો લોકો તમને દયાપૂર્વક સંભાળશે. જો તમે દયાળુ છો તે ઇશ્વર તમને જે તમને ખાઈ જશે અને તમારો નાશ કરશે તેવી વેરવૃત્તિના અભિગમથી મુક્તિ આપશે. જ્યારે તમે ક્રાઇસ્ટનાં ઉદાહરણને અનુસરશો ત્યારે તમારાં અતિઆશ્ચર્ય વચ્ચે જોશો કે ઇશ્વર પદાર્પણ કરશે અને એક ઇસ્ટરની સવાર સાથે, તમને પણ આશીર્વાદ આપશે !

પોઝીટીવ એટીટ્યુડ - *6*

મારે મારામાંથી શ્રદ્ધાને મુક્તપણે વહેવા દેવી જોઈએ

• • •

શુધ્ધ હૃદય વાળા લોકો
આશીર્વાદ પામેલા છે
આથી તેઓ ઇશ્વરને મળશે.

શું તમે ઇશ્વરને વધુ સારી રીતે **જાણવા ઇચ્છો** છો ? શું તમે શંકા સાથે સંઘર્ષ કરી રહ્યા છો ? શું તમે ક્યારેય ઇચ્છચુ છે કે તમારામાં વધારે શ્રદ્ધા હોય ?

જો તેમ છે, તો તમે એકલા નથી.

હું એ જાણવા માટે પૂરતા લાંબા સમયથી મીનીસ્ટ્રીમાં છું કે જે લોકો તેમની આખી જીંદગી ખ્રિસ્તી રહ્યા છે તેમણે પણ એક અથવા બીજા સમયે શંકા સાથે મથવું પડે છે. જ્યારે ઇશ્વર ગેરહાજર અથવા દૂર હોવાનું લાગે ત્યારે ઘણા સમર્પિત ખ્રિસ્તીઓ પણ “શુષ્ક” સમયમાંથી પસાર થાય છે. ચર્ચની અંદર અને બહાર એવા અગણિત લોકો છે - કેટલાક, જેઓ અજ્ઞેયવાદી અથવા નાસ્તિક હોવાનો દાવો કરે છે તેઓ પણ - જેઓ **ખરેખર** ઇશ્વરમાં માનવા ઇચ્છે છે, પરંતુ જેમને મજબૂત શ્રદ્ધા વિકસાવવામાં કોઈક રીતે મુશ્કેલી પડે છે. જો વધારે શ્રદ્ધા મેળવવી, શંકાને જીતવી, એક ખરી, અંગત, જીવનને બદલી નાખતી રીતે ઇશ્વરને જાણવા, એ તમારો સંઘર્ષ છે તો આ ખુશ - રહો અભિગમ તમારે માટે છે : શુધ્ધ હૃદયના લોકો આશીર્વાદ પામેલા છે, આથી તેઓ ઇશ્વરને મળશે.” એમ ઇસુએ કહ્યું છે.

પરંતુ “શુધ્ધ હૃદયના” બનવા માટે શું કરવું જોઈએ ? હું ચાર તબક્કાઓ સૂચવવા ઇચ્છીશ, જે ખરેખર મદદ કરી શકે :

1. દક્ષ બનવું.
2. ચોખ્ખા બનવું.
3. છોડી દેવું.
4. ઉપાડી લેવું.

દક્ષ બનવું !

જો તમે આખી દુનિયામાંથી સૌથી ચતુર બુદ્ધિશાળીઓને એકઠા કરી શકો, તો તેમને એક સવાલ પૂછો, “તમારામાંના કેટલા ઇશ્વરમાં માને છે ?” કેટલાક હાથ ઉપર ઉઠશે. બીજી તરફ, જો તમે એમ પૂછશો કે, “તમારામાંના કેટલા ઇશ્વરમાં નથી માનતા ?” તો ઘણા હાથ ઉપર ઉઠશે.

જો તમે દુનિયાનાં સૌથી ચતુર સૌથી શિક્ષિત દિમાગોનો આસ્તિકો તથા નાસ્તિકોમાં ભાગ પાડો તો દરેક જૂથમાં ઘણા ઓછા લોકો હશે. આવું છે કારણ કે ઇશ્વરમાં શ્રદ્ધાએ બુદ્ધિની બાબત નથી. શ્રદ્ધાએ અજ્ઞાનનું પરિણામ છે તેના કરતાં જરા પણ વધારે બુદ્ધિનું પરિણામ નથી.

શ્રદ્ધાએ બુદ્ધિની બાબત નથી. તે સ્ફુરણાની બાબત છે. વિજ્ઞાને પણ તાજેતરમાં કુદરતી, સ્વભાવજન્ય સ્ફુરણાની શક્તિને બહાલી આપી છે. દક્ષિણ આફ્રિકાના સુગરી પક્ષીના વિદ્વાન અને વિદ્યાર્થી એવા ડૉ. મોરાઇસ વડે તાજેતરમાં કરાયેલ એક પ્રયોગ એ એક નોંધપાત્ર ઉદાહરણ છે. આ રસપ્રદ નાનકડું પક્ષી સળીઓ વડે તેનો માળો બનાવે છે અંદર રેશમ જેવું ઘાસ પાથરે છે અને જે અન્ય કોઈ પક્ષી નથી કરતું તેવું કરે છે - તે તેના માળાનાં તળીયે એક છીદ્ર બનાવે છે જેને તે તેનું પ્રવેશદ્વાર બનાવે છે.

ડૉ. મોરાઇસ સુગરીની પાંચમી પેઢીને, પાછી દક્ષિણ આફ્રિકા લાવ્યા અને તેમને તેમનાં કુદરતી રહેઠાણમાં મુક્ત કર્યાં. પક્ષીઓ એ સળીઓ શોધી, તેમના માળાઓમાં તરત જ રેશમી ઘાસ પાથર્યું અને પછી તેના તળીયે છિદ્ર બનાવ્યાં અદ્ભુત !

નૃવંશશાસ્ત્ર તથા પ્રકૃતિ વિજ્ઞાનમાં રહસ્યો છે, એવાં રહસ્યો જેને સ્વયંસ્ફુરિત તરીકે જ માત્ર વર્ણવી શકાય. આ સ્ફૂરણાઓ શક્તિશાળી છે; તેઓ માખીઓનાં ઝૂંડને, વ્હેલોનાં ટોળાંને, સાલ્મોનની સ્કૂલ્સને, બતકોનાં ઝૂંડને હજારો માઇલથી લઈ આવી શકે છે. આ સ્ફૂરણાઓ પણ ટકાઉ છે; પ્રાણીઓ, કે જેઓ તેમની ચોક્કસ પ્રકારની સ્વયંસ્ફૂરણાવાળી વર્તણુક સાથે જન્મે છે તે જ્યાં સુધી તેમનાં વતનનાં રહેઠાણમાં તેમની પ્રજાતિ હોય ત્યાં સુધી તે ટકી રહે છે.

કોઈકે કહ્યું છે, "જ્યારે ઇશ્વર એક સત્ય ક્યારેય છોડી ન દેવાય અથવા ભૂંસી ન નંખાય તેની ખાતરી રાખવા માંગે છે ત્યારે, તે તેને સ્ફૂરણામાં મૂકી દેશે." જ્યારે ઇશ્વર એ ખાતરી કરવા માંગતા હતા કે ધર્મ માટેની જરૂરિયાત ક્યારેય મૃત્યુ ન પામે, ત્યારે તેમણે તેને માણસની છાતીની અંદર મૂકી દીધો. આથી જ સમગ્ર ઇતિહાસમાં માનવજાત ઇશ્વરમાં શ્રદ્ધા રાખવા તરફ તણાઈ ગઈ છે. ઓસ્ટ્રેલિયાના આદિવાસીઓ તથા ન્યુ ગુએનાના હેડહંટર્સ પણ એક અથવા અનેક ઇશ્વરમાં માને છે. તેઓ તેમના પોતાનાથી મહાન એવા કંઈકને જાણવા તથા પૂજા કરવાની સ્વયંસ્ફૂરણા માત્ર તેમના આત્માની અંદર અનુભવે છે.

સ્વયંસ્ફૂરણા અન્ય કઈ રીતે તમે ટંટાખોર નાસ્તિક મેડેલીન મુરી ઓહેરના પુત્ર, બીલ મુરી વિશે સમજાવી શકો ? તે અજ્ઞેયવાદમાં ઉછર્યો તથા શિક્ષણ પામ્યો હતો, અને તેણે વર્ષો સુધી તેની માતા સાથે કામ કર્યું હતું, પરંતુ છતાં તેને એક જીવન પરિવર્તન કરી નાખનાર અનુભવ થયો જેણે તેને ઇશ્વરમાં શ્રદ્ધા રાખનારમાં બદલી નાખ્યો.

જો તમે શ્રદ્ધાના વિષય વિશે મથામણ અનુભવો છો, તો દક્ષ બનો ! એ સમજો કે ઇશ્વરે દરેક તંદુરસ્ત માણસની સ્ફૂરણાની અંદર શ્રદ્ધા રોપી છે. જેવી રીતે એક તંદુરસ્ત પક્ષી સહજ રીતે વૃક્ષ પર જાય છે, જેવી રીતે એક તંદુરસ્ત માછલી પાણીમાં તરે છે, તેવી જ રીતે એક તંદુરસ્ત માનવ ધાર્મિક હોવા તરફ ઢળેલો છે. જોકે, જેવી રીતે પ્રાણીઓને તેમનાં કુદરતી રહેઠાણમાંથી ખસેડી લેવામાં આવે ત્યારે તેઓ તેમના સહજ ગુણધર્મોમાંથી કેટલાક ગુમાવે છે તેવી જ રીતે માણસ જ્યારે સકારાત્મક, શ્રદ્ધાનું ઉત્પાદન કરતાં વાતાવરણથી ઘણો લાંબો સમય દૂર રહે છે ત્યારે તે પ્રેમાળ ઇશ્વરમાં માનવાની તેની સહજ ક્ષમતા ગુમાવે છે. આથી જ આપણી જાતને સકારાત્મક, શ્રદ્ધા રાખનાર, તંદુરસ્ત લોકોથી સંભાળપૂર્વક ઘેરાયેલી રાખવી તે આટલું મહત્વનું છે.

ધર્મ એ તંદુરસ્તીની નિશાની છે. નાસ્તિકતા એ નાદુરસ્તી દર્શાવે છે. અનાસ્થા અસામાન્ય છે; આસ્થા સામાન્ય છે. કારણ કે સામાન્ય માણસ આનંદપૂર્વક શ્રદ્ધા તથા આસ્થાને સ્વીકારશે, પરંતુ તરંગી શંકા કરનારને જ્યાં સુધી તેની જે નકારાત્મક યાદો, જે તેને ઇશ્વરને જોવાની તેની સહજ ક્ષમતામાંથી તેને અટકાવે છે તથા અવરોધે છે, તેમાંથી તેને સાજો કરવામાં ન આવે ત્યાં સુધી આસ્થા રાખી ન શકે અને રાખશે પણ નહીં.

ડૉ. જેરાલ્ડ જામ્પોલ્સ્કી, એક નામાંકિત મનોચિકિત્સક અને મારા પ્રિય મિત્ર, પચીસ વર્ષ સુધી એક ખૂબ જ મજબૂત અજ્ઞેયવાદી હતા. પછી એક દિવસ, કોઈ ચેતવણી આપ્યા વગર, તેમનું જીવન સંપૂર્ણપણે બદલાઈ ગયું, અને તેઓ ઇશ્વરમાં આસ્થા ધરાવનાર બની ગયા. એક વાર

જ્યારે અમે સાથે હતા ત્યારે મેં તેમને પૂછયું, “ડૉ. જામ્પોલ્સ્કી, તમારું ધર્માંતરણ થયું તે પહેલાંના વર્ષોમાં, તમે ચર્ચમાં જનાર લોકો વિશે શું વિચારતા હતા ?”

તેમણે કહ્યું, “પચીસ વર્ષ સુધી મને લાગતું હતું કે જે લોકો ચર્ચમાં જતા હતા, પ્રાર્થના કરતા હતા અને ઇશ્વરમાં શ્રદ્ધા રાખતા હતા તેઓ સામાન્ય ન હતા. મને લાગતું હતું કે તેઓ ખરેખર એક પ્રકારના બીમાર હતા. હવે મને લાગે છે કે હું સંપૂર્ણપણે ખોટો હતો. તેઓ સામાન્ય હતા; હું ન હતો.”

સાફ કરો !

જો વધુ શ્રદ્ધા વિકસાવવા તરફનું પ્રથમ પગલું દક્ષ બનવું તે છે - એ ખ્યાલ આવવો કે શ્રદ્ધા સહજ, સામાન્ય તથા તંદુરસ્ત છે - તો બીજું પગલું તમારા જીવનની કોઈ પણ નકારાત્મક ભાવના, જે કદાચ તમારી શ્રદ્ધાને અવરોધતી હોય અને તમને ઇશ્વરને “મળવા”થી રોકતી હોય, તેને સાફ કરી નાખવી તે છે.

એવો સમય હતો જ્યારે મારાં બાળકો નાનાં હતાં અને હું મારાં ચર્ચને વિકસાવવા માટેના થોડા ત્રાસદાયક સમયમાંથી પસાર થઈ રહ્યો હતો. મારા પર પ્રચંડ બોજ તથા દબાણો હતાં અને ભલે હું એક પાસ્ટર, પતિ તથા પિતા હોવાની ચેષ્ટામાંથી પસાર થઈ રહ્યો હતો. છતાં મારું હૃદય ખરેખર આમાંથી એકેયમાં ન હતું. તે નિરાશા, હતાશા અને ડરથી અવરુદ્ધ થઈ ગયું હતું.

આ સમય દરમિયાન ઘણી વાર, હું ઑફિસેથી ઘેર આવતો, ખુરશીમાં બેસતો, છાપું ઉપાડતો અને એક પછી એક કોલમ, ખરેખર મેં તેમાંથી શું વાંચ્યું તેના વિશેની જાગૃતિ વગર વાંચતો.

મારો નાનકડો દિકરો મારી પાસે આવતો અને વાતો કરતો, અને હું જવાબ આપતો. “હા, બોબી.” પરંતુ હું ખરેખર તેને સાંભળતો જ નહીં.

એક દિવસ હું તથા મારી પત્ની બગીચામાં લટાર મારતાં હતાં. મેં કહ્યું, “પ્રિયે, ગુલાબો પૂરબહારમાં ખીલ્યાં છે. મારાં આશ્ચર્ય વચ્ચે તેણે મને કહ્યું, તે ત્રણ મહિનાથી ખીલી રહ્યાં છે.”

જ્યાં સુધી મેં ઇશ્વરને મને મારી ચિંતાઓ તથા વ્યગ્રતાઓમાંથી મુક્ત કરવાનો પોકાર ન કર્યો ત્યાં સુધી હું તેમની હાજરી અનુભવી ન શક્યો. મારાં મગજમાં આંગળી ઘોંચતા હોય તે રીતે, તેઓ મને સ્પર્શ્યા અને મને લાગ્યું કે ડર અને નિરાશા મારી અંદરથી સરી ગયાં અને હજી આગળ અવરોધો પડેલા હોવા છતાં, તેના સ્થાને શાંતિ, આનંદ અને આશા વહી આવ્યાં.

જ્યારે ઇશ્વરે મને સ્પર્શ કર્યો ત્યારે મારા કાન ખૂલી ગયા. ફરી એક વાર મારો પરિવાર મને શું કહેતો હતો તે હું સાંભળી શક્યો. મારી આંખો ખૂલી ગઈ હતી. હું ફરી એક વાર ઇશ્વરે રચેલ સૌંદર્યને જોઈ શકતો હતો. હું જેનો સામનો કરી રહ્યો હતો તેવી, પ્રતિકાર ન થઈ શકે તેવી, સમસ્યાઓ માટેના શક્ય ઉકેલો પણ જોઈ શકતો હતો.

ચિંતા, વ્યગ્રતા, દબાણો, હતાશાઓ - આ બધા આપણી આસપાસની વાસ્તવિક દુનિયા તરફ આપણને અંધ બનવાનું કારણ બની શકે. જ્યારે આપણે આગળ એક પગલું ભરીએ,

ત્યારે તમે જોઈ શકો કે કોઈ ભાવનાત્મક અવરોધ માટે આપણને ઇશ્વરની હાજરીથી સભાન હોવાથી દૂર રાખવાનું કેટલું સરળ છે.

"શુધ્ધ હૃદયવાળા લોકો આશીર્વાદ પામેલા છે, આથી તેઓ ઇશ્વરને મળી શકશે." હું માનું છું કે ઇસુ શીખવે છે કે જો આપણામાં ભાવનાત્મક તથા આધ્યાત્મિક તંદુરસ્તી છે તો આપણે ઇશ્વરને "મળી" શકશું અને તેનામાં આસ્થા રાખી શકશું.

પ્રિય ડૉ. શુલર :

મારે તમને એ કહેવા માટે લખવું જોઈએ કે જ્યારે તમે ઘાસનાં એ બીજ વિશે વાત કરી કે જે એક વાઝમાંથી ઊડી પડીને એક ફૂટપાથ પરની તડમાં અગવડભરી રીતે અને માણસના બુટ નીચે કચડાવા માટે ભરાઈ પડ્યું હતું, તે મારું જીવન, મારું શરૂઆતનું બાળપણ હતું.

મારાં માતાપિતા સાધન સંપન્ન હતાં. પૈસો અને પ્રસિધ્ધી તેમના ઇશ્વર હતા. પરંતુ હું ક્યારેય તેમના પ્રેમ પર વિશ્વાસ કરી શકું તેમ ન હતો. પરિણામે, હું ક્યારેય પ્રેમાળ પિતા (ઇસુ)માં આસ્થા રાખી શક્યો નહીં. જોકે, મને ખ્યાલ આવ્યો કે ખ્રિસ્તીઓ સુખી હતા. હું ન હતો. હું જાણતો હતો કે મારું વ્યક્તિત્વ ઢંગધડા વગરની તથા અસંબદ્ધ હતું.

એક દિવસ, જેમાં તમે કહ્યું કે ઇશ્વરને પ્રથમ સ્થાને, પછી અન્યોને બીજા સ્થાને અને પોતાની જાતને ત્રીજા સ્થાને મૂકો, તે તમારો ઉપદેશ સાંભળ્યા પછી, મેં મારી પાસે જે કાંઈ પણ હતું તે બધું જ ઇશ્વરને આપી દીધું. મેં તેમને મારા પૈસા, મારો સમય, મારી જાત આપી દીધાં. મેં કહ્યું, "હે ઇશ્વર, જો તમે મને મદદ કરો, તો હું તમારો બનવા ઇચ્છું છું."

પછીનો ગુરુવાર માઉન્ડી ગુરૂવાર હતો. મેં એક નાનાં ચર્ચ પર લખેલું વાંચ્યું, "આજે પ્રભુ ભોજન સમારંભ છે." હું અંદર ગયો. મેં પ્રભુભોજન લીધું અને ત્યારે મેં ઇશ્વરને મને એક માનસિક રીતે તંદુરસ્ત વ્યક્તિ બનાવવાનું કહ્યું જેથી હું એક આસ્થાવાન બની શકું. તે ક્ષણે તે બધું બન્યું. હું બાળપણથી જે બધી દુષ્ટતાઓ વેંઢારી રહ્યો હતો તે મેં સાફ થઈ જતી અનુભવી. હું કેટલો ખુશ અને મુક્ત થયો હતો તે હું તમને કહી શકતો નથી.

પછી આ પત્રના લેખકે આ ખૂબ જ સમજશક્તિવાળું તથા વિશ્લેષણની દૃષ્ટિએ ગહન લખાણ ઉમેર્યું છે. "તા.ક. એક ભાવનાત્મક રીતે વ્યથિત વ્યક્તિ માટે ઇશ્વરમાં વિશ્વાસ કરવો તે એક પ્રચંડ સિધ્ધિ છે !"



"આશા માંથી
વિશ્વાસ જન્મે છે.
વિશ્વાસની હાજરીમાં

પ્રેમ એક શક્યતા બને છે !
પ્રેમની હાજરીમાં,
ચમત્કારો બને છે !"



તે કેટલી સાચી છે ! જે વ્યક્તિને ભાવનાત્મક મુશ્કેલીઓ હોય તેને માટે ઇશ્વરમાં તંદુરસ્ત આસ્થા ધરાવનાર બનવું તે એક મુશ્કેલ કાર્ય છે અને આથી હું તમને પૂછું છું :

- શું એ શક્ય છે કે તમારાં અર્ધચેતનમાં ક્યાંક તમારા પિતા અથવા તમારી માતા તરફ દુશ્મનાવટ છુપાયેલી છે ?
- શું એ શક્ય છે કે તમારાં અર્ધચેતનની અંદર તમારા પરિવાર, મિત્રો, વ્યાપાર સહયોગીઓ અથવા કંપનીઓ તરફ કોઈ નકારાત્મક લાગણી હોય ?
- શું તમને ક્યારેય કોઈક વડે નુકસાન કરાયું છે જે ક્યારેય તમારી માફી માંગવા પાછું ન આવ્યું હોય ?
- શું તમારું એવું કોઈ રહસ્ય છે જે તમે કોઈ પણ જીવતા માણસ સાથે ક્યારેય ન વહેંચ્યું હોય. તમે કંઈક કર્યું હોય, કરી રહ્યા હોવ અથવા કરવા વિશે વિચારી રહ્યા હોવ, તે કાં તો ગેરકાનુની છે અથવા અનૈતિક છે ?
- શું તમે દુ:ખ તથા હૃદયશૂળ ભોગવ્યાં છે અને તમારી પ્રાર્થનાઓ જવાબ મળ્યા વગરની રહી છે ?
- તમને અન્યોથી લઘુતા લાગે છે, અને તમને તમારી જાતને પ્રેમ કરવામાં મુશ્કેલી છે ?

એવા અગણિત પ્રશ્નો છે જે હું પૂછી શકું. મને કહેવા દો કે આમાંના કોઈ પણ પ્રશ્ન માટે તમારો જવાબ "હા" છે તો તમે તમારી નકારાત્મક લાગણીમાંથી સંપૂર્ણપણે મુક્ત નથી થયા અને જ્યાં સુધી તમારી અંદર નકારાત્મક લાગણીઓ છે, તો ધ્યાનપૂર્વક સાંભળો : તમારી શંકા પર વિશ્વાસ ન કરો . શંકા એ એક અર્ધચેતન રક્ષા મિકેનીઝમ છે જે એક અસુરક્ષિત, ગુનાહીત અથવા વ્યથિત મગજ વડે આપણને ઇશ્વરમાં શ્રદ્ધા રાખવાથી દૂર રાખવા માટે ફેબ્રીકેટ થયેલ છે, જે કદાચ આપણી પાસે એવી માંગણી કરે જેને પૂરી કરવા આપણે તૈયાર નથી.

નકારાત્મક લાગણીઓ શ્રદ્ધાને અવરોધે છે કારણ કે તે આપણને આપણી ઇશ્વર માટેની જરૂરિયાતનો સામનો કરતા રોકે છે. તે એવી મેદસ્વી વ્યક્તિ જેવું છે, જે વજનકાંટા પર પગ જ ન મૂકે, અથવા ઘણાં ચડી ગયેલ બીલ વાળી વ્યક્તિ જે તેની ટપાલ પેટીમાં નજર જ ન કરે. જ્યારે આપણને મદદની સૌથી વધારે જરૂર હોય, ત્યારે નકારાત્મક લાગણીઓ આપણને જે સૌથી વધુ મદદ કરી શકે તેમ હોય તેના તરફ વળવાથી રોકે છે; તે આપણને આપણા જીવન માટેનાં ઇશ્વરનાં

આયોજનોમાં માનવાથી તથા જોવાથી અવરોધે છે.

હવે તમે જાણો છો કે ઇસુ શા માટે આટલા શક્તિશાળી આસ્તિક હતા ! ઇસુએ ઇશ્વરને જાણ્યા. ઇસુ ખ્રિસ્તમાં કોઈ ભાવનાત્મક અવરોધો ન હતા ! તેમની કોઈ સ્વાર્થી મહત્વાકાંક્ષાઓ, કોઈ લોભ, કોઈ ઇર્ષા, કોઈ ધિક્કાર, કોઈ સ્વ-દયા, કોઈ સ્વાર્થી દુ:ખો ન હતાં. ભાવનાત્મક રીતે, તેઓ સતતપણે સકારાત્મક હતા. તેઓ હૃદયથી શુધ્ધ હતા.

આથી જો તમારાં વ્યક્તિત્વમાં કોઈ મન દુ:ખ, કોઈ દુશ્મનાવટ, કોઈ દોષિતપણું, કોઈ ડર અથવા ચિંતા હોય, તો તેને શોધી કાઢો. તેનાથી મુક્તિ મેળવો. તમારી શ્રદ્ધા કેટલી વધશે તેનું તમને આશ્ચર્ય થશે. તમને ધાર્મિક હોવાનું શ્વાસોચ્છવાસ જેટલું સ્વાભાવિક તથા સામાન્ય લાગશે.

મેં એક વખત લીઓનાર્દો દ વીન્સી વિશે સાંભળેલી વાત મને ખૂબ જ ગમે છે. દંતકથા મુજબ, કેટલાક છોકરાંઓ આ પ્રખ્યાત કલાકારની મુલાકાત લેવા ગયા હતા. તેમાંના એક કેન્વાસની થપ્પી પર ટકોરા માર્યા. આ વસ્તુએ કલાકારને વ્યથિત કર્યા કારણ કે તેઓ ખૂબ જ શાંતિપૂર્વક તથા સંવેદનશીલતાથી કામ કરતા હતા. તેઓ ગુસ્સે થઈ ગયા, તેમની પીંછી ફેંકી દીધી અને તે છોકરાને કઠોર વચનો કહ્યાં, જે સ્ટુડીયોમાંથી રડતો રડતો દોડી ગયો.

હવે ફરી કલાકાર એકલા જ હતા, અને તેમણે તેમનું કામ ચાલુ રાખવાનો પ્રયત્ન કર્યો. તેઓ ઇસુનો ચહેરો ચિતરવાનો પ્રયત્ન કરતા હતા, પરંતુ તેઓ તેમ ન કરી શક્યા. તેમની રચનાત્મકતા અટકી ગઈ હતી.

લીઓનાર્ડો દ વીન્સીએ તેમની પીંછી મૂકી દીધી. તેઓ બહાર ગયા અને પેલો નાનો છોકરો ન મળ્યો ત્યાં સુધી ગલી ગુંચીમાં ભટક્યા. તેમણે કહ્યું, “દિકરા, હું દિલગીર છું; મારે આટલી કઠોર રીતે બોલવું જોઈતું ન હતું. જેવી રીતે ભગવાન માફ કરે છે, તું પણ મને માફ કરી દે. મેં તારા કરતાં પણ કંઈક ખરાબ કર્યું છે. તેં માત્ર કેન્વાસ પર ટકોરા જ માયાર્ હતા. પરંતુ મેં મારા ક્રોધ વડે મારા જીવનમાં ઇશ્વરનો પ્રવાહ અવરોધ્યો છે. શું તું પાછો મારી સાથે આવીશ ?”

તેઓ તે છોકરાને તેમની સાથે સ્ટુડીયોમાં પાછો લઈ ગયા. કલાકારની પીંછીમાંથી એકદમ સ્વાભાવિક રીતે ઇસુનો ચહેરો બહાર આવતાં તેમણે સ્મિત કર્યું. ત્યારથી તે ચહેરો લાખો માટે પ્રેરણા રહ્યો છે.

જો તમારી અંદર કોઈ નકારાત્મક લાગણી છે જે તમને તમારા ઇશ્વર સાથેના સંબંધોમાં આડી આવે છે, તો તેને સાફ કરો ! “શુધ્ધ હૃદયના લોકો આશીવાર્દ પામેલા છે, આથી તેઓ ઇશ્વરને જોઈ શકશે.” અહીં તમને મદદ માટે થોડી કસરતો આપી છે :

1. તમારા ભૂતકાળમાં રહેલી કોઈ છૂપી વેદના વિશે વિચારો અને તમારી વેદનાનું કારણ બની હોય તે વ્યક્તિ માટે એક માફીની પ્રાર્થના કરો. સી.એસ. લુઇસે કહ્યું છે : “જ્યાં સુધી આપણે અમલ કરવો ન પડે ત્યાં સુધી આપણે બધા સંમત થઈએ છીએ કે માફી એ એક સુંદર વિચાર છે !”

2. તમને જેની ઇષાર્ છે તેવી કોઈ વ્યક્તિ વિશે વિચારો અને તે વ્યક્તિની સતત આબાદી વિશે પ્રાર્થના કરો.

3. તમે જેને વેદના આપી છે, છેતર્યા છે, અપમાન કર્યું છે, ઉદ્ધતાઈ કરી છે, ઉપેક્ષા કરી છે

અથવા ટીકા કરી છે તેવા કોઈક વિશે વિચારો. તેને ફોન કરો, તે વ્યક્તિને તમારી સાથે જમવાનું આમંત્રણ આપો. તમારા બિનખ્રિસ્તી વલણની તેમની પાસે કબુલાત કરો અને માફી માંગો.

4. કોઈ અવગણાયેલ કારણ, પ્રોજેક્ટ અથવા વ્યક્તિ વિશે વિચારો. ઉદારતાના પ્રકાશ વડે તમારી જાતને આશ્ચર્ય આપો ! ખરેખર પુષ્કળ આપો - તમારી જાતનું તથા તમારા સારાંશનું.

5. ઇશ્વરને એક સંપૂર્ણ પ્રમાણિક પ્રાર્થના કરો. તમે ઇશ્વર પર શંકા કરો છો ? તો તેમને તેમ કહો. તે હજી પણ તમને પ્રેમ કરશે, તમે તેમનામાં ન માનતા હો તોપણ ! ઇશ્વરે પાપીઓને પ્રેમ કરવામાં વિશિષ્ટતા મેળવી છે !

કદાચ તમે એરફોર્સના એ યુવાનની વાત વાંચી હશે જે તેના શરીરમાં સંપૂર્ણપણે લોહી બદલી નાખ્યું હોવાને કારણે આજે જીવતો છે. તેને હીપેટાઇટીસ હતો અને તેનું લીવર લગભગ નકામું થઈ ગયું હતું.

ડૉક્ટરે લોહીનો એક એક કોષ આ માણસનાં શરીરમાંથી ખેંચી લીધો અને તેને સ્થાને સલાઇનનું દ્રાવણ મૂકી દીધું. તેમણે તેનાં શરીરનું તાપમાન પંચ્ચાસી ડીગ્રી જેટલું નીચું લાવી દીધું. લગભગ આઠથી દસ મિનિટ માટે, બધા જ વ્યવહારુ હેતુઓ માટે, તે શારીરિક રીતે મૃત હતો. પછી ડૉક્ટરોએ આ સલાઇન દ્રાવણ બહાર વહાવી દીધું અને તેની નસો તથા ધમનીઓને નવાં તંદુરસ્ત લોહી વડે ભરી દીધી. એક તબીબી ચમત્કાર થયો હતો - એક માનવ જીવન બચાવી લેવાયું હતું. આશ્ચર્યજનક !

ઇસુ કહે છે કે જો તમે ઇશ્વરને જોવા ઇચ્છતા હો તો તમારે ફરી જન્મ લેવો પડે. આ કહેવાની બીજી રીત એ છે કે તમને એક આધ્યાત્મિક “બ્લડ ટ્રાન્સફ્યુઝન”ની જરૂર છે. જૂનું નકારાત્મક લોહી બહાર ખેંચી લેવાય છે. પછી ઇસુ ખ્રિસ્તનો નવો આત્મા, નવાં લોહીની જેમ, આખી જ્ઞાનતંતુની તથા લાગણીની સીસ્ટમમાંથી વહે છે, અને તમે એક નવી વ્યક્તિ બની જાવ છો !

“જો કોઈ પણ માણસમાં ઇશ્વર છે, તો તે નવું પ્રાણી છે.” પવિત્ર આત્મા દ્વારા તમે તમારા દરેક કોષમાં નવું આધ્યાત્મિક લોહી મેળવો છો. જો ડૉક્ટરો એક હવાઇદળના માણસને નવી જીંદગી આપી શક્યા. તો ઇશ્વર તમારાં મનની અંદર શું કરી શકે તેની કલ્પના કરો !

શું તમે ઇશ્વર સાથે એક જીવન બદલી નાખનાર અનુભવ કરવા ઇચ્છો છો ? સફાઈ કરો - ઇશ્વરની કૃપા દ્વારા તમારી ભૂલો ધોઈ નાખો. ઇસુની માફીને સ્વીકારો. તેમને નકારાત્મક, ભાવનાત્મક અવરોધો સાફ કરવા દો !

પરિત્યાગ કરો !

શું તમે ઇશ્વર સાથે એક જીવન બદલી નાખનાર અનુભવ કરવા ઇચ્છો છો ? જો તેમ છે તો દક્ષ બનો ! ધાર્મિક હોવું તે સહજ તથા સામાન્ય છે તે સમજો. સ્વચ્છ થાવ ! ઇશ્વરની કૃપા દ્વારા તમારી ભૂલો તથા નકારાત્મક લાગણીઓ ધોઈ નાંખો અને ત્રીજું પગલું છે : પરિત્યાગ કરો -

જે તમને રોકી રાખતું હોય તેવાં કોઈનો પણ. કદાચ તમારા જીવનમાં એવું કંઈક હોય જે ઇશ્વરની મદદથી તમારે તજી દેવું પડે. જો તે કંઈક એવું છે જે ખરી શ્રદ્ધાના જન્મને અટકાવે છે. તો કદાચ તમારે તેને છોડી દેવું પડે. જો તે જીવન અને ખરાબ આદત વચ્ચેની પસંદગી છે - તો જીવનને પસંદ કરો.

ઘણાં વર્ષો પહેલાં મેં એક હોલીવુડ અભિનેતા - ગ્લેનફોર્ડની લગ્નવિધિમાં કામ કર્યું હતું. વિધિ શરૂ થવા માટે રાહ જોતાં, અમે તેના ઘરનાં પાછલા રૂમમાં વાતો કરી. તેના રૂમમાં ગ્લેનફોર્ડ; તેનો અણવર બીલ હોલ્ડન; ફ્રાન્ક સીનાત્રા; જીમી સ્ટેવાર્ટ તથા જહોન વેને એકઠા થયા હતા.

“તું જાણે છે, તારે ધુમ્રપાન છોડી દેવું જોઈએ, ફ્રાન્સીસ” જહોન વેને સીનાત્રાને કહ્યું, જેણે માત્ર સ્મિત આપ્યું.

તે જવાબ આપી શકે તે પહેલાં જીમી સ્ટેવોર્ટે વેનેને પૂછયું, “તેં ક્યારે ધુમ્રપાન છોડી દીધું, ડચુક ?”

હું તેનો જવાબ ક્યારેય નહીં ભૂલું : “જ્યારે મેં નક્કી કર્યું કે ધુમ્રપાન કરવા કરતાં જીવવું વધુ મહત્વનું છે.”

જ્યારે કોઈક વસ્તુ આપણે માટે જે મુલ્યવાન છે - જેમ કે જીવન - તેને માટે ભયજનક બની જાય ત્યારે આપણે તે છોડવાનું સામર્થ્ય મેળવીએ છીએ.

ટેક્ષાસના ક્લાસમાં વિશ્વ પ્રસિદ્ધ ફીટનેસ સેન્ટરના સ્થાપક અને બેસ્ટ સેલર લેખક એવા ડૉ. કેનેથ કુપર, હેલ્થ એન્ડ ફીટનેસ પર પ્રમાણભૂત વ્યક્તિ છે, એ વ્યક્તિ જેણે સૌપ્રથમ અરોબીક્સ ને એક ઘરઘરાઉ શબ્દ બનાવ્યો. મારા મતે, યુનાઇટેડ સ્ટેટ અને આખી દુનિયામાં જે શારીરિક તંદુરસ્તી ચળવળ ચાલે છે તેમાં ફાળો આપવા માટે ડૉ. કૂપર કોઈ પણ એક જ વ્યક્તિ કરતાં વધારે જવાબદાર છે. થોડાં વર્ષો અગાઉ મેં ધ અવર ઓફ પાવર માટે તેમનો ઇન્ટરવ્યુ લીધો અને મારા રાષ્ટ્રીય શ્રોતાગણ સામે નકારાત્મક આદતો તથા તેમને કેવી રીતે છોડવી તે બાબત નીચે મુજબના સંવાદો થયા :

કે.સી. : આદર્શ વજન કરતાં કુલ એક અબજ પાઉન્ડ વધારે વજન સાથે ઓછામાં ઓછા પચાસ મિલિયન અમેરિકનો મેદસ્વી છે. હું આશા રાખું છું કે આ પ્રકારના આંકડાઓ વડે આપણે પૃથ્વીને ડૂબાડી ન દઈએ. જ્યારે તેમણે થોડાં વર્ષો અગાઉ યાન્કી સ્ટેડીયમનું રીનોવેશન કર્યું ત્યારે એક મેદસ્વી સમાજનો ઇશારો થયો હતો. તેમને પહેલાંની ક્ષમતા કરતાં નવહજાર સીટો ઓછી કરવી પડી હતી. કારણ કે તેઓ સ્ટેડીયમનું સમગ્ર પરિમાણ બદલી ન શક્યા, પરંતુ તેમણે દરેક બેઠકની પહોળાઈ ઓગણીસથી બાવીસ ઈંચ જેટલી વધારવી પડી - અમેરિકાના આધુનિક પોસ્ટેરીયર્સને સમાવવા માટે. અમેરિકામાં પુષ્કળ મેદસ્વિતા છે.”

આર.એસ. : “તો, શું તમે એમ કહો છો કે આપણે કસરત કરવાની તથા ખાવાનું પ્રમાણ ઓછું કરવાની જરૂર છે ?”

કે.સી. : “એકદમ બરાબર, આપણા દેશમાં મેદસ્વિતા નિરંકુશ છે અને મેદસ્વિતા તેની સાથે ઉચ્ચ રક્તચાપથી લઈને મધુપ્રમેહથી લઈને હૃદયરોગ અને હતાશા પણ લઈ આવે છે.”

આર.એસ. : (મને લાગ્યું કે મારે મારું પોતાનું પણ થોડુંક ચલાવવું પડશે.) “જાણો છો,

થોડાં વર્ષો અગાઉ મેં મારા ખોરાકમાંથી સફેદ બ્રેડ, કુકીઝ તથા ખાંડ ઓછાં કર્યાં. હું ડેઝર્ટમાં માત્ર તાજાં ફળો જ લઉં છું."

કે.સી. : "બોબ, તમે તમારે માટે ઘણું સારું કરો છો તેમાં પ્રશ્ન નથી. અમે કોલેસ્ટેરોલ નિયંત્રણની, મિઠાઈ ઓછી કરવાની તથા કુદરતી ખોરાક, જેમ કે તાજાં શાકભાજી, ફળો તથા ચરબી વગરનાં માંસની ભલામણ કરીએ છીએ. અમેરિકન લોકો તરીકે આપણે તેમ કરવાની જરૂર છે. અમારાં એરોબિક્સ કેન્દ્રમાં અમે લોકોને પહેલાં તેમના ડૉક્ટર સાથે વાત કરવાને, અને તેમનાં લોહીની તપાસ કરાવીને તેમનું કોલેસ્ટેરોલનું સ્તર, તેમનું ટ્રાઇગ્લીસરાઇડ કેટલું છે તે તેમની સવારની બ્લડ સ્યુગર કેટલી છે તેનું વિશ્લેષણ કરાવી લેવા પ્રોત્સાહન આપીએ છીએ. તેના પરથી તેમને તેમના ખોરાકમાં ફેરફાર કરવા માટે અને તેમના રીપોર્ટના આંકડાઓ સુધારવા માટે શું કરવું જોઈએ તેનું ચોક્કસ માર્ગદર્શન આપી શકાય છે."

આર.એસ. : "તમારી તમાકુ અને ધુમ્રપાન માટે પણ મજબૂત માન્યતા છે ?"

કે.સી. : "એકદમ ચોક્કસપણે ! આજે અમેરિકામાં આરોગ્ય વિશે કોઈ સૌથી વિનાશક બાબત હોય તો તે છે સીગારેટ. સીગારેટનું એક કરતાં વધારે પેકેટ પીવો તો તમે એક ધુમ્રપાન ન કરનાર કરતાં અથવા અગાઉ સીગારેટ પીનાર કરતાં હાર્ટએટેકથી મૃત્યુ પામો તેવી ત્રણ ગણી વધુ શક્યતા છે. પરંતુ ઉત્તેજિત કરનાર બાબત એ છે કે જો એક ધુમ્રપાન કરનાર વ્યક્તિ છ મહિના જેટલા ટુંકા ગાળામાં ધુમ્રપાન કરવાનું અટકાવી દે તો તે હૃદય રોગ માટે પાછા ઓછા જોખમની શ્રેણીમાં આવી જાય છે. આથી હું દૃઢપણે માનું છું કે પાછલાં પંદરથી વીસ વર્ષમાં આપણા લોકોનાં આરોગ્યમાં આવેલ નાટ્યાત્મક સુધારો એ હકીકતને કારણે છે કે 1૯64થી અત્યાર સુધીમાં ત્રીસ મિલિયન લોકોએ સીગારેટ પીવાનું છોડી દીધું છે."

આર.એસ. : "કહેવાય છે તેમ, સીગરેટ્સ 'કોફીન પર ઠોકવાના ખીલા' છે ?"

કે.સી. : "ખરેખર તેમ જ છે અને આ પણ યાદ રાખો, તાજેતરનો અભ્યાસ દર્શાવે છે કે તમે પીવો તે દરેક સીગારેટ દીઠ ફેફસાનું કેન્સર થવાની શક્યતા પણ તેટલા જ ગણી વધી જાય છે. ઉ.ત. જો તમે એક દિવસમાં પાંચ સીગારેટ પીવો તો તમારી ફેફસાંના કેન્સરથી મરવાની શક્યતા પાંચ ગણી વધી જાય છે. જો તમે એક દિવસની ત્રીસ સીગારેટ પીવો તો તમારી ફેફસાંનાં કેન્સરથી મરવાની શક્યતા એક ધુમ્રપાન ન કરનાર વ્યક્તિ કરતાં ત્રીસ ગણી વધી જાય છે. આ આંકડા ઉપર ને ઉપર જઈ રહ્યા છે."

આર.એસ. : "પરંતુ લોકો ધુમ્રપાન છોડી કેવી રીતે શકે ? તેઓ કેવી રીતે વજન ઘટાડી શકે ?"

કે.સી. : "હું સૌ પ્રથમ ભલામણ કરીશ કે તેઓ એક કસરત કરવાનો કાર્યક્રમ શરૂ કરે. તે કોઈક કારણસર તેમનામાં અગાઉ ન હતી તેવી શિસ્ત લાવે છે. ઇશ્વર દ્વારા બધું જ શક્ય છે. કેટલાક તેમની પોતાની મેળે સફળ થશે, પરંતુ અન્ય ઘણા ત્યારે જ સફળ થશે જ્યારે તેઓ ઇશ્વરની મદદ માંગશે."

"શુધ્ધ હૃદયવાળા લોકો આશીર્વાદ પામેલા છે." જે પણ વસ્તુ તમને ઇશ્વર સાથેના સ્પષ્ટ સંબંધોથી અટકાવતી કે અવરોધતી હોય તેમ લાગે, તે છોડી દેવામાં જ ડહાપણ છે.

હું તમને એ વાતની સાક્ષી આપું છું કે જ્યારે પણ મેં જે વસ્તુને ખૂબ જ ઇચ્છી હોય તે

મેં છોડી છે તે સમયે મને હું ઇશ્વરની સૌથી નજીક હોઉં તેવો અનુભવ થયો છે. મારો અનુભવ આપણા માલિકના શબ્દોને સાબિત કરે છે; જેણે કહ્યું હતું, "જો કોઈ માણસ મારા પછી આવે, તે તેને પોતાની જાતને નકારવા દો અને તેનો ક્રોસ ઉપાડીને મારી પાછળ આવવા દો."

તાજેતરમાં, મારા ડૉક્ટરની ઉત્સાહિત કરતી અનુમતિ સાથે, હું ઉપવાસ પર ગયો. છ દિવસ સુધી મેં કોઈ નક્કર ખોરાક ન લીધો. આ સમય દરમિયાન, કોઈક વાર મને ભૂખ લાગતી, પરંતુ મને ઇસુ ખ્રિસ્તની વિશિષ્ટ રીતે નજીક ગયો હોવાનું પણ અનુભવાયું.

મેં જ્યારે મારી આવકના દસ ટકા ઇશ્વરને આપી દેવાનું પ્રથમ વાર શરૂ કર્યું તે મને યાદ આવે છે. એ મુશ્કેલ હતું. મારે કંઈક છોડી દેવું પડતું હતું, પરંતુ મને ઇશ્વરની વધારે નજીક હોવાનું અનુભવાયું.

વર્ષો પહેલાં, હું ધુમ્રપાન કરતો હતો. તમારે એ સમજવું જોઈએ કે હું જે સમાજમાં ઉછર્યો ત્યાં ધુમ્રપાન સામે કોઈ સાંસ્કૃતિક પૂર્વગ્રહો ન હતા. મારાં બાળપણનાં ચર્ચમાં બધા જ સારા ડચ ઉપદેશકો સીગાર અથવા પાઇપ પીતા હતા. જોકે, મારા ગળે ઉતર્યું કે મારે માટે ધુમ્રપાન કરવું યોગ્ય ન હતું, અને મેં તે આદત છોડી દીધી. તે મુશ્કેલ હતું. પરંતુ એક વાર મેં છોડી દીધું પછી મને ઘણું સારું લાગ્યું.

ઉપવાસ અને આવકનો દસમો ભાગ આપી દેવો અને ધુમ્રપાન છોડવું તે બધું ઇશ્વરની મદદથી કંઈક મુશ્કેલ બાબત કરવાના તથા તેને સફળ બનાવવાના સિદ્ધાંતનો એક ભાગ હતું. તે એક શ્રદ્ધા વડે ચાલવાનું સાહસ હતું. જેણે ઇશ્વરને તેમને પોતાને મારી પાસે સાબિત કરવાની એક તક આપી અને તેમણે તે કર્યું !

હવે, એ સમજો કે હું તમને તમે "ઇશ્વરને જોઈ શકો" તે પહેલાં ધુમ્રપાન છોડવું પડશે અથવા વજન ઉતારવું પડશે તેમ નથી કહેતો. પરંતુ હું સૂચવું છું કે "શુધ્ધ હૃદયવાળા" થવું તેનો અર્થ એવો થઈ શકે કે : તમારે તમને ખૂબ જ પસંદ છે તેવું કંઈક છોડવું પડી શકે. તે પૈસા હોઈ શકે. તે ધુમ્રપાન હોઈ શકે. તે વધારે પડતું ખાવાની ટેવ હોઈ શકે. તે દારૂ અથવા અન્ય આદત પાડતો નશો હોઈ શકે. તે લગ્નેતર જાતીય સંબંધો હોઈ શકે. કઈ વસ્તુ તમને ઇશ્વર સાથે ગાઢ સંબંધોથી અટકાવે છે તે હું નથી જાણતો. હું તે જાણવા પણ નથી માંગતો; એ તમારી તથા તેમની વચ્ચેની વાત છે. પરંતુ તેને એક આધ્યાત્મિક સાહસ બનાવો, અને તમને ઇશ્વરનો અનુભવ થશે. ઘણા લોકો ઇશ્વર સાથે શિંગડા ભરાવવાથી ડરતા હોય છે તેથી તેમની શ્રદ્ધાનું સ્તર નીચું હોય છે. પ્રયત્ન કરો !

શરૂ કરવું !

ડૉ. કૂપરે વધુ સારાં આરોગ્યના માર્ગ પરનાં પ્રથમ પગલાં તરીકે એક કસરત કાર્યક્રમ શરૂ કરવાનું સૂચન કર્યું. આપણી આધ્યાત્મિક ચાલ માટે પણ એજ સિદ્ધાંત લાગુ પડે છે. હૃદયથી શુધ્ધ થવા માટે આપણે કંઈક ઉપાડી લેવાની, શરૂ કરવાની જરૂર છે !

- એક સ્વપ્ન
- એક પ્રોજેક્ટ

- કંઈક ભવ્ય કરવા માટે ઇશ્વરની હાકલ.

છેવટે "વિશુધ્ધ હૃદય"નો અર્થ શું છે ? શું તેનો અર્થ એવો છે કે આપણે પાપરહીત છીએ ? અલબત્ત ના. જો તેનો અર્થ એવો હોત, તો ઇસુ આપણને બધાં એવું કામ સોંપતા હોત, જે નિષ્ફળ જવાનું જ હોત. હું પણ પાપમુક્ત નથી. તમે પણ પાપમુક્ત નથી. આપણામાંથી કોઈ સમગ્રપણે પાપમુક્ત નથી.

જો ઇસુને આપણે પાપરહિત હોઈએ તેવી જરૂર નથી, તો તે જ્યારે એમ કહે છે કે, "શુધ્ધ હૃદયવાળા લોકો આશીર્વાદ પામેલા છે." ત્યારે તેઓ શું અર્થ કરે છે !

અગાઉનાં પ્રકરણમાં મેં ઉલ્લેખ કર્યો છે તેમ, એક શુદ્ધ ખેતર એ નથી જેને માત્ર એટલા માટે ખેડવામાં આવે કે તેમાંથી નિંદામણ નીકળી જાય. ના, એક શુદ્ધ ખેતર એ છે જે ઉત્પાદક હોય - જ્યાં મકાઈ, અનાનસ અથવા સંતરાં ઊગાડાતાં હોય.

આ જ વસ્તુ આપણાં જીવન માટે પણ સાચી છે. આપણે ઇશ્વરમાં શ્રદ્ધા રાખી શકીએ, આપણે તેમને જોઈ શકીએ, આપણે આપણા જીવન માટે તેમની દૃષ્ટિને પકડી શકીએ, આપણે આપણા જીવનમાં ત્યારે તેમના આત્માને ફરતો અનુભવી શકીએ, જ્યારે આપણે :

- દક્ષ બનીએ
- સાફ સફાઈ કરીએ
- પરિત્યાગ કરીએ અને છેવટે
- ઇશ્વર માટે કંઈક મહાન કરવાની તેમની હાકલને ઉપાડી લઈએ.

એક ઉપયોગમાં લઈ શકાય તેવો ઉદ્દેશ છે જે હું તમને આપી શકું - આજે આપણી દુનિયામાં ક્રાઇસ્ટને લાવવાનો ઉદ્દેશ. ઇશ્વર જીવે છે, અને ક્રાઇસ્ટ જીવે છે અને એવા લાખો લોકો છે જેઓ તેમને મેળવે છે. જો તમે તેમને મેળવ્યા ન હોય તો તમારા જીવનમાં હજી સૌથી મોટો અનુભવ આવી રહ્યો છે ! હું તમને તમારા ઉદ્દેશ તરીકે ઇસુ ખ્રિસ્ત ઑફર કરું છું.



તમે કશાક વગર
જીવી શકો.
જો તમારી પાસે જીવવા
માટે કોઈક હોય તો !



એક “ઉદ્દેશ” ઉપાડો, અને “વસ્તુઓ” છોડી દેવાનું સહેલું છે.

એક સસ્તાં નાનાં ઘરમાં રહેતું એક યુવાન દંપતિ સુખી છે. શા માટે ? કારણ કે તેમની પાસે એક ઉદ્દેશ છે - લગ્નનો નવો પ્રેમ.

એક કલાકાર જરીપુરાણા કાતરીયામાં, પૂરતા ખોરાક વગર, કંગાળ વસ્ત્રોમાં રહે છે. પરંતુ તે સુખી છે ! શા માટે ? કારણ કે તેની પાસે જીવવા માટે એક ઉદ્દેશ છે... તેની કળા. તેને ઘણી બધી ભૌતિક વસ્તુઓની જરૂર નથી.

એક સંશોધન વૈજ્ઞાનિક, જે તેના વર્ગખંડમાં બેગી પેન્ટ પહેરીને, દાઢી કર્યા વગર અને ટાઈ વગર આવે છે તેને મોંઘા સૂટમાં રસ નથી. તે એક ઉદ્દેશમાં ખોવાયેલા છે - સંશોધન તથા અભ્યાસના.

જો તમારી પાસે જીવવા માટે કંઈક હોય તો તમે ઘણી બધી વસ્તુઓ વગર ચલાવી લઈ શકો છો. ઇસુએ કહ્યું છે, “પ્રથમ તેનું રાજ્ય તથા તેની પવિત્રતા મેળવવા ઇચ્છો, અને આ બધી વસ્તુઓ તમારામાં ઉમેરાઈ જશે.” (મેટ 6:33)

શું તમે ઇશ્વર સાથે એક સાચો અનુભવ કરવા ઇચ્છો છો ? દક્ષ બનો. સાફ સફાઈ કરો, પરિત્યાગ કરો અને ઇસુ ખ્રિસ્તનો ક્રોસ ઉપાડી લો. ઇશ્વર તમને એક ઉદ્દેશ આપે છે - ક્રાઇસ્ટનો ઉદ્દેશ. ઇસુને તમારી જરૂર છે.

ક્રાઇસ્ટ પાસે આજે તેમનું કામ કરવા માટે
આપણા હાથ સિવાય બીજા હાથ નથી.
તેની પાસે માણસને માર્ગ પર દોરવા માટે
આપણા પગ સિવાય બીજા પગ નથી.
તેમની પાસે તેઓ કેવી રીતે મૃત્યુ પામ્યા તે માણસોને કહેવા માટે
આપણી જીભ સિવાય બીજી જીભ નથી.
તેમની પાસે માણસોને તેમની તરફ લઈ જવા માટે
આપણી મદદ સિવાય અન્ય મદદ નથી.

તે આટલું સરળ છે. શું તમે તમારું હૃદય તેમને આપ્યું છે ? બની શકે કે તમે ખ્રિસ્તી છો અને તમે ક્રાઇસ્ટને સ્વીકાર્યા છે પરંતુ ઇશ્વર તમારે માટે પૂરતા વાસ્તવિક નથી. બની શકે કે તમારાં હૃદયમાં કંઈક છે જેને સાફ કરવાની જરૂર છે. બની શકે કે તમારે કંઈકનો ત્યાગ કરવાનો હોય અથવા કંઈક ઉપાડી લેવાનું હોય.

મેં તમને આગલાં પ્રકરણમાં મધર ટેરેસા વિશે કહ્યું. મધર ટેરેસા તેમનાં ખિસ્સામાં માત્ર થોડાક રૂપિયા સાથે કોન્વેન્ટના સૌથી દરિદ્ર વિભાગમાં ગયાં. તેને એક જીવતી હોવા છતાં જેને ઉંદરડા કરડી રહ્યા હતા તેવી એક સ્ત્રી મળી, જેને તેઓ હોસ્પિટલમાં ઘસડી ગયા. આ રીતે તેમણે

તેમનું જીવન કાર્ય શરૂ કર્યું. ત્યારથી જ તેઓ ગરીબમાં પણ ગરીબ છે તેને મદદ કરવા સમર્પિત હતાં. જેઓ તેમને મળ્યા છે તેઓ કહે છે કે તેમનો ચહેરો ઓજસ્વી અને ઇશ્વરીય ગુણોથી ભરેલો હતો. તેમાં કોઈ આશ્ચર્ય નથી... તેમને સાંભળો ! તેઓ લખે છે : "આનંદ. આનંદ એ પ્રાર્થના છે. આનંદ શક્તિ છે. આનંદ પ્રેમ છે. ઇશ્વર આનંદી દાતાને પ્રેમ કરે છે. જેઓ આનંદ આપે છે તે સૌથી વધારે આપે છે. ઇશ્વર તરફ મારો આભાર પ્રદર્શિત કરવાનો શ્રેષ્ઠ માર્ગ મારી સમસ્યાઓને પણ, આનંદ સાથે સ્વીકારવાનો છે. એક આનંદપૂર્ણ હૃદય એ પ્રેમથી પ્રજવલિત હૃદયનું સામાન્ય પરિણામ છે. કોઈ પણ વસ્તુને તમને દુ:ખથી એટલા ભરી દેવા ન દો. જેથી તમે એક ક્ષણ માટે પણ ક્રાઇસ્ટના ઉદયના આનંદને ભૂલી જાવ."

"આપણે બધાં જ્યાં ઇશ્વર છે તે સ્વર્ગને ઇચ્છીએ છીએ. પરંતુ આપણા બધામાં અત્યારે જ, આ ક્ષણે જ સ્વર્ગમાં ઇશ્વર સાથે હોવાની શક્તિ છે. પરંતુ ઇશ્વર સાથે તેનાં ઘરમાં હોવાનો હવે અર્થ છે તેઓ કરે છે તેમ જેઓ પ્રેમાળ નથી તેમને પ્રેમ કરવો, તેઓ કરે છે તેમ મદદ વગરનાને મદદ કરવી, તેઓ આપે છે તેમ જરૂરિયાત વાળાઓને આપવું, તેઓ કરે છે તેવી રીતે એકલવાયાની સેવા કરવી, તેઓ કરે છે તેમ જેઓ નાશ પામી રહ્યા છે તેમને બચાવવા. આ મારા ક્રાઇસ્ટ છે. આ મારી જીવવાની રીત છે."

ઇશ્વર ખૂબ જ વાસ્તવિક છે. જો તમે ઇસુને તમારાં હૃદયમાં ઉતારો તો તે તમારે માટે પણ વાસ્તવિક બનશે. મધર ટેરેસાનાં "ઇશ્વર માટે કંઈક સુંદર કરો" લક્ષ્યને અપનાવો. હવે જે પીડાય છે તેવા કોઈકને મદદ કરવા તમારી આસપાસ નજર કરો. ભગવાનને ખાતર એમ કરો.

જો તમે ઇશ્વર સાથે જીવન બદલી નાખનાર અનુભવ કરવા, એક શક્તિશાળી શ્રદ્ધા પામવા ઇચ્છતા હો, તો તમે તે આ રીતે મેળવી શકો. ઇશ્વરને તમારા જીવનનો ભાર લઈ લેવાનું, અર્ધચેતન પાપોને માફી આપવાનું કહો. પછી તેમને તમારા જીવનને વહન કરવાનું તથા તમે ઇશ્વર માટેના કંઈક સુંદરનો ભાગ કેવી રીતે બની શકો તે દર્શાવવાનું કહો ! કારણ કે સારાં કાર્યો સાથે ભળેલી શ્રદ્ધા ઇશ્વરને તમારી અંદર જીવંત કરે છે.

ફાઉન્ટન પેન તરફ નજર કરો. શબ્દો-વાતચિત-બનાવવા માટે તેની અંદર શાહી વહે છે. જો તમે આજે તમારી જાતને તેને સોંપી દો, તો તે તમારા દ્વારા વહેશે. તે તમારાં હૃદયને યોગ્ય બનાવી શકશે. તે તમારા જીવનમાંથી કચરો સાફ કરી શકશે અને એક પવિત્ર સ્વપ્ન તેને સ્થાને મૂકી શકશે ! અને તમને ખ્યાલ આવશે કે સળગતી ઇચ્છા, ખાઈ જતું સ્વપ્ન, નિયતિની દૃઢ ભાવના - હા, આ બધા આંતરિક ભાવો - એ તમારા આત્મામાં વહેતું ઇશ્વરનું જ જીવન છે ! તમારી અંદર ઇશ્વરનું હોવું એ તમારું સ્વપ્ન છે !

આ એક નિર્ણય છે ! એક શ્રદ્ધાવાન બનવું ! અને નક્કી કરો કે શ્રદ્ધાને મુક્તપણે વહેવા દેવા માટે એક સકારાત્મક માનસિક અભિગમ - એક ખુશ - રહો અભિગમ જરૂરી છે.

પોઝીટીવ એટીટ્યુડ - *7*

“હું પુલ બાંધનાર બનીશ.”

• • •

શાંતિ સ્થાપનારાઓ
આશીર્વાદ પામેલા છે,
આથી તેમને ઇશ્વરનાં
બાળકો કહેવાશે.

તમને કેવી રીતે યાદ કરાય તે તમને ગમશે ?

તમે કેવા પ્રકારની આબરૂની ઝંખના કરો છો ? તમને કેવા પ્રકારની છબીની ઇચ્છા છે ? તમે તમારી કબર પરના પથ્થર પર કેવા શબ્દો કોતરાય તેમ ઇચ્છો છો ?

શું તમને પરવા છે ? ઘણા કહેશે. "લોકો શું કહેશે તેની મને પરવા નથી." બીજા પણ એમ કહી શકે, "મને લાગે છે કે આવા પ્રશ્નો પૂછવા તે ભયજનક છે. આ પ્રક્રિયામાં હું વધારે પડતો સ્વકેન્દ્રિત બની જઈ શકું છું."

પરંતુ ધ્યાન પર લો : જો આપણો હેતુ સાચા અર્થમાં સુંદર માનવી બનવાનો હોય, તો આ પ્રશ્નો ઘણા જ સકારાત્મક તથા પ્રેરણાત્મક બની શકે છે. કારણ કે હું માનું છું કે ઇસુ આ સાતમા બીએટીટ્યુડ્સમાં કહે છે તેમાં એક વાત એ છે કે જ્યારે આપણે સાચા કારણ માટે આપણી આબરૂ વિશે પરવા કરીએ છીએ - જ્યારે આપણે એવું જીવન જીવવા ઝંખીએ છીએ જેનાથી આપણે "ઇશ્વર બાળકો" તરીકે જાણીતા થઈએ - ત્યારે ખુશી આવે છે.

"શાંતિના સ્થાપકો આશીર્વાદ પામેલા છે, આથી તેમને ઇશ્વરનાં બાળકો કહેવામાં આવશે. "

હવે એક પવિત્ર વાક્ય છે જે આશાનો સમાવેશ જ્વલંત રાખે છે અને એક "કેવી રીતે"નો પણ.

આશા

આ સાતમા બીએટીટ્યુડ્સમાં એ આશા છે કે આપણે એવી આબરૂ મેળવી શકીએ જે આપણા સ્વમાન, સ્વાભિમાન તથા સ્વ-લાયકાત માટેની જરૂરિયાત પુરી કરી શકે. સ્વાભિમાનનો અર્ક શું છે ? એ જાણીતું છે કે મેં મારાથી શક્ય તેટલું શ્રેષ્ઠ કર્યું છે અને મને ઇશ્વરનાં બાળક તરીકે ઓળખવામાં તથા માન આપવામાં આવે છે !

લોકો મારા વિશે શું વિચારે છે ? આ માનવીય પ્રશ્નને આપણે કેવી રીતે સંભાળીએ છીએ તે અતિશય મહત્વનું છે. આથી આપણાંમાના ઘણા તેના વિશે "લોકપ્રિય" હોવાની રીતે વિચારે છે :

- યુવાનો જ્યારે તેઓ લોકપ્રિય થવા મથતા હોય ત્યારે "ટોળાંની સાથે ભળી જઈને" આ પ્રશ્નને સંભાળે છે.
- પુખ્ત લોકો ભૌતિક ઇનામો એકઠાં કરીને લોકપ્રિય હોવાનો પ્રયત્ન કરે છે, જેમ કે યોગ્ય ક્લબ સાથે જોડાવું, "કીપીંગ અપ વીધ ધ જોનેસીસ." તેઓ જે કપડાંમાં સામાજિક મોભો પડશે તેમ માનતાં હોય તેવું વસ્ત્ર પરિધાન કરવું - અને અન્ય ઘણાં બધાં અને ગુંચવણભર્યા નામોવાળાં સામાજિક પ્રગટીકરણો દ્વારા.

પરંતુ અહીં હું ખરેખર લોકપ્રિયતા વિશે નથી વિચારતો - અથવા ઓછામાં ઓછું એ પ્રકારની લોકપ્રિયતા વિશે તો નહીં જ. સિવાય કે તમે તેને જાળવી શકો, એક આદરપાત્ર આબરૂને

એવા પ્રકારની લોકપ્રિયતા નહીં હોય જે તમારામાં સ્વાભિમાનની સ્વસ્થ તથા આરોગ્યપ્રદ લાગણી જન્માવી શકે. જે યુવાન નશીલી દવાઓનું સેવન કરવાની લાલચ રોકે છે, તે વિજયી હોવાનું અનુભવે છે. તે એક વિજેતા છે ! તે સૌથી મજબૂત છે ! તેને પોતાની જાત વિશે સારું લાગે છે અને આવી વ્યક્તિ છેવટે એક સકારાત્મક આબરૂ ઘડશે.

લક્ષ્ય માત્ર લોકપ્રિય થવાનું નથી - પરંતુ એક સુંદર માનવ ઇશ્વરનાં બાળક તરીકે લોકપ્રિય રીતે ઓળખાવાનું છે.

- આપણો અભિગમ ન હોવો જોઈએ કે : “મને લોકો શું કહેશે તેની પરવા નથી.”
- આપણો અભિગમ ન હોવો જોઈએ કે : “હું કોઈ પણ કિંમતે લોકપ્રિય થવા ઇચ્છું છું.”
- આપણો અભિગમ - આપણો ખુશ - રહો અભિગમ - હોવો જોઈએ કે : “હું એવી રીતે જીવવા મથીશ કે હું ઇશ્વરનાં એક સુંદર બાળક તરીકે નામના ઘડીશ.”

“કેવી રીતે”

આપણે ઇશ્વરનાં સુંદર બાળક તરીકેની આબરૂ કેવી રીતે ઘડીએ ? સાતમો બીએટીટ્યુડ્સ આપણને એક રીતે કહે છે. “શાંતિના સ્થાપકો આશીર્વાદ પામેલા છે, આથી તેમને ઇશ્વરનાં બાળકો કહેવાશે.”

મિનિસ્ટર તરીકે મારા ધર્મોપદેશક મંડળમાં પ્રવેશની સવારે, મેં મારા સ્વાર્પણ માટે મારું બાઇબલ ઉઘાડ્યું. તેનો આ ફકરો ખૂલ્યો : “તમને અણબનાવ - તકરારના સમારકામ કરનાર, જે માર્ગમાં વસવાનું છે તેના પુન: સ્થાપક તરીકે બોલાવવામાં આવશે.” (ઇસા 58:12 કે જેવી) અને મેં બાઇબલની આ પંક્તિને, હું જોઉં તે કોઈ પણ વિખવાદનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવા માટેનો પ્રયત્ન કરવા માટેના મારા માલિક તરફથી મળેલ દિશા નિર્દેશ ગણી લીધી. શાંતિ સ્થાપવી તે મારી મિનિસ્ટ્રીના મહત્વનાં લક્ષ્યો પૈકીનું એક છે.

હું માનું છું કે આપણને બધાંને શાંતિ સ્થાપક બનવાનો પ્રયત્ન કરવા માટે બોલાવાયા છે અને એક શાંતિ સ્થાપક હોવું તે અતિશય બદલો આપનાર છે. જ્યાં તણાવ તથા વિખવાદ તથા લડાઈ છે ત્યાં શાંતિ લાવવામાં મદદ કરવી તે સંતોષ, સ્વાભિમાન, સ્વ લાયકાતની તંદુરસ્ત લાગણી લાવે છે.

છતાં, એક શાંતિ સ્થાપક બનવું તે ભયજનક પણ છે. વચેટીયાની ભૂમિકા ભજવવી તે ઘણું મોંઘુ પડી જઈ શકે છે. મારાં ચર્ચમાં થોડા પોલીસ અમલદારો છે. તેમણે મને ઘણી વાર કહ્યું છે કે ઘરમાં થતા ઝઘડા એ સૌથી મુશ્કેલ હોય છે - એવા જેમાં પતિ-પત્ની લડતાં હોય. આવી પરિસ્થિતિમાં જે વચ્ચે પડે તેને ગોળી મારી દેવાય તે અસામાન્ય નથી !

શાંતિ સ્થાપવી તે અઘરી ભૂમિકા છે અને છતાં તે સંપૂર્ણપણે આવશ્યક છે. રાજદૂત મેક્ષ કામ્પેલમેન, જે તાજેતરની શસ્ત્ર વાટાઘાટમાં સાધનરૂપ રહ્યા. તેણે એક વખત આ વિષય પર સેનેટર હુબર્ટ હમ્ફ્રેને ટાંક્યા હતા : “પક્ષો વચ્ચે વાટાઘાટ કરવી તે લપસણા ખડકો પર ચાલીને નદી પાર કરવા જેવું છે... તે જોખમી છે પરંતુ સામે પાર જવા માટેનો તે એક માત્ર માર્ગ છે.”

એક શાંતિ સ્થાપક હોવું તે જોખમી છે. તે લપસણું છે. તમે પડી જાવ અને તમારી ડોક ભાંગી શકે છે. તમે ડૂબી જઈ શકો છો. પરંતુ સામે પાર જવાનો તે એકમાત્ર માર્ગ છે. વચેટીયાની ભૂમિકા ભજવવી જોખમી છે, પરંતુ જો અણબનાવોનું સમારકામ કરવું હશે તો તે જરૂરી પણ છે.

અણબનાવો ?

આપણે આપણી બધી તરફ અણબનાવો - તકરાર જોઈએ છીએ. પરિવારોમાં, શ્રમિકો અને વ્યવસ્થાપકો વચ્ચે. રાષ્ટ્રો વચ્ચે રાજકીયપક્ષો વચ્ચે.

લોકોએ મને કહ્યું છે, "શુલર, તમે કેમ ક્યારેય વિવાદી રાજકીય મુદ્દાઓ પર મત નથી આપતા ?"

હું ચોક્કસપણે એમ નથી માનતો કે રાજકીય મત ધરાવવો તે ખોટું છે ! પરંતુ મને હંમેશાં લાગ્યું છે કે રાજકીય પરિસ્થિતિઓમાં મારી વિશિષ્ટ ભૂમિકા એક તકરાર નિવારક તથા માર્ગ સ્થાપક બનવાનો પ્રયત્ન કરવાની છે. હું લોકોને ભેગા થવામાં મદદ કરવાનો તથા તેમના વિખવાદો ઉકેલવાનો પ્રયત્ન કરું છું.

અલબત્ત, વિખવાદો ઉકેલવાની ઘણી રીતો હોય છે. મને એક સ્વીડીશ દંપતિ હેલ્ગા અને હેન્રીની વાત ગમે છે. તેઓ સાંઇઠ વર્ષ સુધી દંપતિ રહ્યાં અને તેમના લગ્ન જીવનનાં એકે એક દિવસે તેઓ કૂતરા બીલાડાની જેમ ઝઘડ્યાં. છેવટે તેમની સાંઇઠમી વર્ષગાંઠ આવી. હેલ્ગા અને હેન્રીએ ભયંકર ઝઘડા સાથે તેમની સવારની શરૂઆત કરી. તેમણે આખો દિવસ દલીલો કરી.

દિવસને અંતે હેલ્ગાએ તેના પતિને કહ્યું, "હેન્રી, આજે રાત્રે મને લાગે છે કે જ્યારે આપણે પ્રાર્થના કરીએ, ત્યારે આપણે શાંતિ માટે પ્રાર્થના કરીએ તો સારું. આપણે સાંઇઠ વર્ષથી એક બીજા સાથે લડીએ છીએ. ઇશ્વર આપણને શાંતિ આપે. આથી આજે રાત્રે મને લાગે છે કે હું પ્રાર્થના કરીશ કે ઇશ્વર તને બોલાવી લે અને હું મારી બહેન ઓલ્ગા સાથે રહેવા ચાલી જઈશ."

દેખીતી રીતે, ઝઘડાની પરિસ્થિતિને સંભાળવા માટે હું આવી રીતની ભલામણ નહીં કરું. મોટાભાગના ઝઘડાઓ એક અથવા બીજી રીતે ઉકલી જશે, પરંતુ આપણે આશા રાખીએ અને પ્રાર્થના કરીએ કે તેમને સકારાત્મક રીતે અને રચનાત્મક રીતે ઉકેલી શકાય.

જ્યારે ઇશ્વર એક ભંગાણ જુએ છે ત્યારે એક પુલ બનાવે છે અને તે આપણને શાંતિસ્થાપક બનીને આ પ્રક્રિયામાં મદદ કરવા બોલાવે છે.

મારા મિત્ર હુબર્ટ હમ્ફ્રી એક શાંતિ સ્થાપક હતા. તેઓ ભંગાણનાં સમારકામ કરતા હતા. તેમણે મને સતતપણે પ્રેરણા આપી છે, તેઓ ખૂબ જ બીમાર હતા તેવાં તેમનાં જીવનનાં અંતિમ સપ્તાહોમાં પણ.

આથી જ જ્યારે તેમના પરિવારે મને બોલાવ્યો અને મને મીનેઆપોલીસ આવીને તેમને છેલ્લા આનંદોદ્ગારો માટે પાછા વોશીંગ્ટન જવા માટે પ્રોત્સાહિત કરવા કહ્યું ત્યારે હું તરત જ સેનેટર હમ્ફ્રીની બાજુએ પહોંચી ગયો.

અમે થોડીક વાતો કરી, પછી ઇશ્વરે મને એક વિચાર સુઝાડ્યો. મેં કહ્યું, "હુબર્ટ, જ્યારે

તમે જીવનમાં ખરેખર નિરાશ અને હતાશ હતા ત્યારે તમે પાછા કેવી રીતે ઊભા થયા ?"

હું આશા રાખતો હતો કે વિજયી અનુભવોને યાદ કરવાની આ પ્રક્રિયામાં તેઓ તેમની યાદદાસ્તમાંથી લાગણીઓને પુન:ર્જિવીત કરશે તથા ફરી પકડશે, અને કે આ વસ્તુ તેમને પાછા ઊભા થવામાં મદદ કરશે.

તેમણે કેટલાક અનુભવો યાદ કરવાનું શરૂ કર્યું. થોડી વાર પછી મેં કહ્યું, "જ્યારે તમે રાષ્ટ્રપતિ પદ માટે રીચાર્ડ નીકસન વડે સાંકડી હાર પામ્યા તે તમારે માટે ખરેખર મુશ્કેલ બન્યું હશે."

તેમણે કહ્યું, "એ કદાચ મારો સૌથી કઠણ સમય હતો."

"તમે તેમાંથી ભાવનાત્મક રીતે કેવી રીતે બહાર આવ્યા ?"

હું તેમની અંદર યાદોને પાછી ફરતી તથા તેમને તાજા કરતી જોઈ શક્યો. પછી જ્યારે તેમની આંખોમાં તીખારો ઝબક્યો ત્યારે મેં કહ્યું, "હુબર્ટ, તમે વોશીંગ્ટન પાછા ક્યારે જાવ છો ?"

મેં તેમને અસાવધ, તેમને તેના વિશે પુરતો વિચાર કરવાનો સમય મળે તે પહેલાં પકડ્યા હતા. તેમણે કહ્યું, "હા, કદાચ મારે વધુ એક વખત ત્યાં જવું જોઈએ."

મ્યુરીલ હમ્ફ્રી હસ્યાં અને કહ્યું, "અદ્ભૂત. હું રાષ્ટ્રપતિને ફોન કરીશ."

મેં તેમની સાથે પ્રાર્થના કરી, તેઓ મને કાર સુધી મૂકવા આવ્યા અને હું પાછો એરપોર્ટ ગયો અને ઘેર પાછો ફર્યો. બીજી સવારે મેં સમાચાર સાંભળ્યા કે એરફોર્સ વન રાષ્ટ્રપતિ કાર્ટર સાથે, મીનેસોટાના મીનેઆપોલીસ હુબર્ટ હમ્ફ્રીને લેવા અને તેમને પાછા વોશીંગ્ટન લઈ જવા રોકાયું હતું.

પછીથી તેમણે મારો આભાર માનવા મને ફોન કરેલો. મેં કહ્યું, "હુબર્ટ, મને નથી લાગતું કે આજે એવો બીજો કોઈ અમેરિકન હોય જેને તમારા કરતાં વધારે પ્રશંસા મળતી હોય." તેમણે કહ્યું, "એ સાચું હોઈ શકે છે."

"વક્રતા એ છે કે તે મારાથી વીસ માઇલ દૂર એક માણસ લગભગ સંપૂર્ણ જેલમાં બેઠો છે. તેનું નામ છે રીચાર્ડ નીકસન, હવે તમને માન આપવામાં આવે છે. પરંતુ વોટરગેટ કૌભાંડને કારણે તે વિપરિત ભાગ્ય ભોગવી રહ્યો છે. તમારો મત શું છે ? શું તેણે આખું જીવન આ રીતે જ રહેવું જોઈએ ? શું તેને માફી મળવી જોઈએ ? શું કોઈ ઉપચાર હોઈ શકે ?"

અમે તેની ચર્ચા કરી અને મેં કહ્યું, "મને નથી લાગતું કે પુષ્કળ મદદ વગર નીકસન ફરી તે કરી શકે : (1) તેને એક આબરૂદાર જાહેર સમારંભમાં આમંત્રણ આપવું જોઈએ. (2) તેને કોઈ એવી વ્યક્તિ વડે બહાર આવવાનું આમંત્રણ અપાવું જોઈએ જેને આખું અમેરિકા માન આપતું હોય. (3) તેને કોઈક એવા વડે આમંત્રણ અપાવું જોઈએ જે રાજકીય કાર્યાલય માટે કામ ન કરતું હોય, કારણ કે વિરોધપક્ષ ખરેખર આને તેની સામે ઉપયોગ કરશે."

સેનેટર હમ્ફ્રી અચકાયા. પછી તેમણે કહ્યું, "એવું લાગે છે કે તે માણસ હું છું. હું ચોક્કસ ઑફિસ માટે કામ નથી કરતો."

તેણે જરા વાર વિચાર્યું અને કહ્યું, "હા, હું એવી જાણ થવા દઈશ કે તે મારી અંતિમ વિધીમાં આવી શકે છે. મને લાગે છે તે એક સમારોહ હશે અને તે એક લીબરલ ડેમોક્રેટ વડે

પ્રયોજાશે, તેથી મને નથી લાગતું કે તેઓ તેમાં દોષ જોઈ શકે.”

બરાબર તેમ જ બન્યું. જ્યારે કેપીટલ રોટુન્ડાની નીચે સેનેટર હમ્ફ્રી તેમનાં કોફીનમાં સૂતા હતા ત્યારે, ત્યાં મ્યુરીલ હમ્ફ્રી બેઠાં હતાં અને મ્યુરીલની બરાબર બાજુમાં બેઠા હતા રીચાર્ડ નીકસન.

કોઈકે કહ્યું, “તેઓ હમફ્રીની દફનવીધીમાં નીકસનને કેવી રીતે આમંત્રણ આપી શકે ?” અમારી બાજુમાં બેઠેલી બીજી વ્યક્તિએ જવાબ આપ્યો, “જો તમે હુબર્ટ હમ્ફ્રીને જાણતા હોત તો તમે આ પ્રશ્ન ન પૂછ્યો હોત.”

“તમને ભંગાણના સમારકર્તા અને તેમાં વસવા માટેના માર્ગના પુન: સ્થાપક કહેવાશે.”

પુલ બનાવો

જ્યારે ઇશ્વર ભંગાણ પડેલું જુએ છે, ત્યારે તેઓ પુલ બનાવે છે.

વર્ષોથી આ મને આગળ વધારનાર જુસ્સો રહ્યો છે અને આ ચાલકબળની પાછળના જુસ્સાને ઘણી વાર શક્યતા વિચારસરણી કહેવાય છે. મારા તાજેતરનાં પુસ્તક “ધ પાવર ઑફ બીઈંગ ડેબ્ટ ફ્રી” * ના ચોથાં પ્રકરણમાં હું તેને આ રીતે મુકું છું : “એક વિચારને ક્યારેય નકારો નહીં કારણ તે વિખવાદ સર્જશે. તમારે તમારું મન અથવા વસ્તુઓ કરવાની રીત બદલવી પડે તે કારણે ક્યારેય એક વિચારને નકારો નહીં. કોઈ વિચાર સમસ્યા સર્જશે તેથી અથવા તે જોખમી અથવા ભયજનક છે તે કારણથી તેને ક્યારેય નકારો નહીં.”

જો એક વિચાર જે લોકો યાતનામાં છે તેમને મદદ કરી શકે તેમ હોય તો શક્યતા વિચારસરણી તેને “હા!” કહે છે. જો તે વિચાર માનવ પરિવારમાં શાંતિ, સમૃદ્ધિ અને ગર્વ માટે ફાળો આપવાની સંભાવના ધરાવતો હોય તો તે “હા!” કહે છે.

મને ફરી “ધ પાવર ઑફ બીઈંગ ડેબ્ટ ફ્રી”માંથી ટાંકવા દો : દુનિયામાં કોઈ વિચાર, ભલે તે ગમે તેટલો અવાસ્તવિક લાગતો હોય તોપણ, તે પ્રમાણિક દરખાસ્તનો અવિચારી નકાર થવો ન જોઈએ જેમાં માનવ સમાજને ગરીબાઈ દૂર કરી શકે તેવી સમૃધ્ધી તરફ લઈ જવાનું, યુદ્ધને દૂર કરી શકે તેવી શાંતિ સ્થાપવાનું તથા માનવ શરમ દૂર કરી શકે તેવો ગર્વ અપાવવાનું વચન હોય.

મને ખરેખર લાગે છે કે ઇશ્વરે આપણને ભંગાણના સમારકામ કરવા માટે તથા રહેવા માટે નવા માર્ગ બનાવવા માટે જ બોલાવ્યા છે. જ્યાં એક સંબંધ ઘસાઈ ગયો છે, છૂટો પડી ગયો છે, ત્યાં આપણને સુમેળ કરવા - જ્યા ફાટફૂટ કે અણબનાવ છે ત્યાં આનંદનો અતિરેક સર્જવા બોલાવાયા છે. જ્યાં એક ઘાની નિશાની છે ત્યાં તારો બનાવવા, જ્યાં માત્ર દુ:ખ છે ત્યાં રૂઝવવા બોલાવાયા છે.

• • •

જ્યારે ઇશ્વર ભંગાણ
થયેલું જુએ છે...
તે એક પુલ બાંધે છે !
જ્યારે તે એક ચાઠું
પડેલું જુએ છે...
તે એક તારક સર્જે છે !



આપણે શાંતિ માટેની શક્તિ ક્યાંથી મેળવી છીએ ?

તમે એ પ્રકારનો આગળ વધવાનો જુસ્સો, એ પ્રકારનો અભિગમ મેળવી શકો તેવું એક માત્ર સ્થળ છે, ઇશ્વર પાસેથી. આથી જ મને એ નથી સમજાતું કે શાંતિ માટેની દરખાસ્તો કોઈ કેવી રીતે દૈવી હસ્તક્ષેપ વગર ક્યારેય પણ સંભાળી શકે. કારણ કે જ્યારે બીજા બધા નિષ્ફળ જાય ત્યારે ઇશ્વર પૂરું પાડી શકે છે. શાંતિ માટેની શક્તિ ત્યારે આવશે જ્યારે આપણે ઇશ્વર સાથે ફરી એક થઈએ.

મારા હાથમાં એક સુંદર પુસ્તક છે - એક બહુ જુજ પુસ્તક. તેનું નામ છે. એઇટી : એન અમેરિકન સુવેનીયર અને તે એક કલાકાર એરિક સ્લોન વડે લખાઈ છે, જેના વિશે એક વખત રીડર્સ ડાયજેસ્ટે કહેલું, “કોઈ માણસ આપણી ગઈકાલની યાદોને આથાની વધુ કડવી મીઠી પીંછી વડે તાજી ન કરી શકે.”

હું જ્યારે ન્યુયોર્ક શહેરમાં એક ટેલિવિઝન કાર્યક્રમ કરી રહ્યો હતો ત્યારે હું એરિક સ્લોનને એક અઠવાડિયું મળેલો. મારી બે એપોઇન્ટમેન્ટ વચ્ચે એક કલાક હતો અને મેં મારા ડ્રાઇવરને પૂછ્યું, “આર્મન્ડ હેમર ગેલેરીઝ કેટલી દૂર છે ?”

તેણે કહ્યું, “દૂર નથી.” આથી અમે ગેલેરી પર અટક્યાં. તેના એક ભાગમાં એરીક સ્લોનનો વનમેન શો હતો. દિવાલો આકાશ અને ઉપરથી બંધ એવા અમેરિકન પુલોનાં સુંદર ચિત્રોથી ભરેલી હતી.

એક ગ્રાહક એક સુંદર ચિત્ર તરફ જોઈ રહ્યો હતો. તેણે મારી તરફ જોયું અને તેની પત્નીને ધીમેકથી કંઈ કહ્યું. તેઓ શું કહેતાં હતાં તે હું જાણતો હતો આથી હું ત્યાં ગયો અને તેમને “હેલો” કહ્યું. તેમણે કહ્યું, “ડૉ.શુલર, અમે તમને દર અઠવાડિયે જોઈએ છીએ.” પછી તેઓ દિવાલ પરનાં ચિત્ર તરફ ફર્યાં. “આ ચિત્ર ભવ્ય નથી ?”

"હા !"

તેમણે કહ્યું, "ગઈ કાલે રાત્રે ઉદ્ઘાટન વખતે તમે અહીં ન હતા તે ઘણું ખરાબ થયું કારણ કે એરિક સ્લોન ખુદ અહીં હતા."

બરાબર ત્યારે જ દરવાજો ઉઘડ્યો. એ કેટલો જોગાનુજોગ હતો. હું વાત કરતો હતો તે દંપતિએ કહ્યું. "તે આવી રહ્યા છે."

મેં એક માણસને ચાલી આવતો જોયો - એકદમ ટટ્ટાર, રૂપેરી વાળવાળો. મેં તેનાં ગાલનાં ખજનો, અને આંખમાં ચમકારો, એક સુંદર બ્લુ બો ટાઈ, સફેદ શર્ટ અને ડબલ બ્રેસ્ટ ઉનનો ઓવરકોટ જોયાં.

તેણે તે ગ્રાહકનું અભિવાદન કર્યું, જે તેને મારી તરફ દોરી લાવ્યો. મિ. સ્લોન નજીક આવ્યા અને તેમણે કહ્યું, "ડૉ. શુલર, તમે ટેલિવિઝન પર દેખાવ છો તેવા જ લાગો છો ?"

તે એક મિત્ર બની ગયો. તેણે કહ્યું, "ડૉ. શુલર, મને શા માટે તમારી મિનિસ્ટ્રી ગમે છે તે હું તમને કહું." પછી મને આ વાત કહી :

"મને જ્યારે મારા પિતા પાસેથી દસ લાખ ડોલર્સ વારસામાં મળ્યા ત્યારે હું ઘણો યુવાન હતો. મેં તે બધા જ કેટલા ઝડપથી ખર્ચી નાખ્યા તે તમને માન્યામાં નહીં આવે ! એક રવિવારની સવારે હું ઉઠયો અને મને ખ્યાલ આવ્યો કે મારી પાસે એક ડોલર પણ બચ્યો ન હતો. હું ભયંકર હતાશ થઈ ગયો. મારો વારસો ચાલ્યો ગયો હતો, મારા પિતા ગુજરી ગયા હતા અને મારી પાસે કશું જ ન હતું. હું ખાસ ધાર્મિક ન હતો છતાં - હું એક નાનાં ચર્ચમાં ગયો અને મેં મિનિસ્ટરને કહેતાં સાંભળ્યા. "ઇશ્વરની દિર્ઘદૃષ્ટિ, એ તમારો વારસો છે."

તે મારા વિશે નહોતા જાણતા. પરંતુ તેમણે આગળ કહ્યું, "તમે ગમે તેટલા દેવાળીયા થઈ ગયા હો, ઇશ્વર પૂરું પાડશે. પરંતુ તમારે તેમનો વિશ્વાસ કરવો પડશે અને તમારું આખું જીવન તેમના તરફ વાળવું પડશે."

"તે સમયે હું માત્ર એક નામનો ચિત્રકાર હતો. પરંતુ મેં મારી પીંછી ઉપાડી અને મારા ઇઝલની નીચે લખ્યું, ઇશ્વરની દિર્ઘદૃષ્ટિએ મારો વારસો છે . એક વાર મેં તે લખાણ મારા ઇઝલ પર મૂક્યું ત્યારથી મારું આખું જીવન બદલાઈ ગયું."

"હું આજે છું તેના કરતાં વધારે સફળ ન થઈ શક્યો હોત." મેં કહ્યું, "શું કોઈક રવિવારે તમને ધ અવર ઑફ પાવર માં મારા મહેમાન બનવાનું ગમશે ?"

તેણે ઉત્સાહપૂર્વક જવાબ આપ્યો, "મને ખૂબ ગમશે."

હું નીકળ્યો તે પહેલાં એરિકે એક પુસ્તક લીધું. "ડૉ. શુલર, આ મારી આત્મકથા છે. મોટાભાગની નકલો હજી ઇટાલીથી આવતી બોટ પર છે - એ એક માત્ર સ્થળ છે જ્યાં તેનું છાપકામ કરવા માટે મને વિશ્વાસ હતો."

તેણે ઉમેર્યું, "મારી પાસે માત્ર છ નકલો જ છે, પરંતુ હું એક તમને આપવા ઇચ્છું છું." અને આમ એરિક સ્લોને તેમનાં એક પુસ્તક પર તારીખ નાખીને મારે માટે, મારી શુલર લાયબ્રેરી માટે સહી કરી, અને એક પુલ બાંધ્યો.

આ વસ્તુ સોમવારે બની. જ્યારે ત્રણ દિવસ પછી મેં સાંભળ્યું કે એરિક સ્લોન ન્યુયોર્કની એક શેરીમાં મૃત્યુ પામ્યો, ત્યારે મને લાગેલા આઘાતની કલ્પના કરો ! આથી મારી પાસે કદાચ તેની આત્મકથાની એક માત્ર સહી કરેલી નકલ છે.

એરિક સ્લોન. આ આત્મકથામાં તેણે એક કબર પરનાં લખાણને ફરી છાપ્યું છે, જે કદાચ પોતાની કબર માટેની તેની પસંદગી હોત. તેના પર આ શબ્દો કોતરેલા હતા, "ઇશ્વર જાણે છે કે મેં પ્રયત્ન કર્યો હતો."

તમે તમારી કબર પર કયું લખાણ ઇચ્છો છો ? તમે કેવી રીતે યાદ કરાવા ઇચ્છો છો ?

"ઇશ્વરની દિર્ઘદૃષ્ટિ એ મારો વારસો છે." એરિક સોલ્નેએ આવો દાવો કર્યો અને એ જ વારસો તમારી અને મારી રાહ જોઈ રહ્યો છે. આપણે માત્ર તેને માટે દાવો જ કરવાનો છે.

શાંતિ સ્થાપનારાઓ કોણ છે ?

શું તમે દેવાળીયા થઈ ગયા હોવાનું અનુભવો છો ? આપણા દેશમાં - આપણી દુનિયામાં - સત્તા માટે ? શાંતિ માટે દેવાળીયા ? ઇશ્વરની દિર્ઘદૃષ્ટિ એ આપણો વારસો છે.

તમે કેવી રીતે યાદ કરાવા ઇચ્છો છો ? ઇશ્વરનાં બાળક તરીકે ? એક શાંતિ દૂત તરીકે ?

શાંતિ દૂતો, તેઓ કોણ છે ? શું તેઓ માત્ર રાજકારણીઓ તથા દુનિયાના નેતાઓ છે ? કે પછી તેઓ પણ મારા તમારા જેવા લોકો છે ?

દરેક વ્યક્તિ શાંતિદૂત હોઈ શકે છે. જે માતા તેનાં બાળકો વચ્ચે રમકડાં માટે થતા ઝઘડા ઉકેલી શકે તે શાંતિદૂત છે. જે વિદ્યાર્થીની તેની ડોર્મેટરીમાં વાદવિવાદ શાંત કરી શકે તે શાંતિદૂત છે. જે અમ્પાયર વિહ્વળ મેનેજરો તરફથી થતા શાબ્દિક હુમલાની વચ્ચે સ્વસ્થ રહે છે તે પણ શાંતિદૂત છે.

આપણે ગમે તે હોઈએ અને કાંઈ પણ કરતા હોઈએ - આપણામાંના દરેક એક શાંતિદૂત બની શકે.

જ્યારે એસ. ટ્રુટ કેથી ધ અવર ઓફ પાવર પર મારા મહેમાન હતા તે સમય હું ક્યારેય નહીં ભૂલી શકું. મિ.કેથી ચીક-ફીલ-એ નામની અતિ સફળ ફાસ્ટફૂડની ચેઇન રેસ્ટોરન્ટના સ્થાપક તથા પ્રમુખ છે. તે કાર્યક્રમમાં તેમણે પોતે આ સફળ વ્યવસાય કેવી રીતે શરૂ કર્યો તેની વાત કરી :

"ચીક-ફીલ-એ ના શરૂઆતના તબક્કામાં અમે અમારાં ઉત્પાદનની જાહેરાત કરવા માટે વ્યાકુળ હતા. એક દિવસ મને એક વિચાર આવ્યો. ગામમાં વર્તમાનપત્રોમાં સ્પર્ધા હતી અને આ છાપાંઓના સંપાદકો એક બીજા સાથે શેરીમાં એક તરફ ચાલતા પણ નહીં ! બધા તેમની જાગીર વિશે જાણતા હતા, તેથી મેં બે સંપાદકોને મને મળવા આમંત્રણ આપ્યું. મેં એક આખા પાનાંની જાહેરખબર માટેની ચર્ચા કરવા તેઓ આવશે કે નહીં તેમ તે દરેકને વ્યક્તિગત રીતે પૂછ્યું. તેમાંથી એકેયને મેં બીજાને બોલાવ્યો છે તે ખબર ન હતી. જેઓ ત્યાં આવી ગયા અને એકબીજાને આમને-સામને જોયા ત્યારે તેમને ખબર પડી કે કંઈક રંધાઈ રહ્યું છે."

મેં કહ્યું, “જો તમે મારે માટે એક વસ્તુ કરશો તો હું તમને બંનેને આખા પાનાંની જાહેર ખબર આપીશ. તમારે માત્ર એટલું જ કરવાનું છે કે પેલી કેબીનમાં બેસીને બંનેએ સાથે ચિકન સેન્ડવીચ ખાવાની છે. જ્યારે તમે ખાઈ લો ત્યારે હસ્તધૂનન કરજો, પછી આપણે શીર્ષક ઉમેરશું કે અમે ઘણી બાબતોમાં અસંમત છીએ, પરંતુ એક બાબત પર અમે બંને સંમત છીએ : અમે અત્યાર સુધી ખાધેલી ચીકન સેન્ડવીચમાં આ શ્રેષ્ઠ છે !”

“શાંતિદૂતો આશીર્વાદ પામેલા છે.” એસ ટ્રુટ કેથીની રમુજી કથામાં, અલબત્ત, પેલા બે સંપાદકો માત્ર શાંતિ વાર્તાકારો હતા ! આજે આપણે જે થવા વિશે શીખવા ઇચ્છીએ છીએ તે સાચા શાંતિ સ્થાપનારા ઓ છે; હું કેલીફોર્નિયાની સ્કાવવેલીમાં મળેલો તે યુવાનો જેવા.

તે સુંદર બરફાચ્છાદિત પર્વતના રીસોર્ટમાં હું વોશીંગ્ટન ડીસીની ઉચ્ચ સ્તરીય મિટિંગોમાં તથા આખી દુનિયામાં ક્યાંય પણ નથી મળ્યો તેવા શાંતિ દૂતોનાં સૌથી મોટાં સંગઠનને મળ્યો, તે આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ વડે બનેલ વિશ્વશાંતિ પરની સમીટ મિટિંગ ન હતી. આ સેંકડો યુવાનો હતા, જેઓ બારમાં વાર્ષિક નેશનલ હેન્ડીકેપ સ્કી ચેમ્પિયનશીપમાં સ્પર્ધા કરવા માટે એકઠા થયા હતા. તેમણે સ્પર્ધાના સ્થળ તરીકે સ્કાવવેલી પસંદ કરી હતી કારણ કે તે 1૯૬૦ની આંતરરાષ્ટ્રીય શિયાળુ ઓલમ્પિકનું યજમાન સ્થળ હતું.

મેં હેન્ડીકેપ્ડ નેશનલ્સના પ્રવાસનો સમાવેશ કરવા માટે મારા અઠવાડિયાનું બહુ કાળજીપૂર્વક આયોજન કર્યું હતું કારણ કે મારી પુત્રી કેરોલ તેમની સાથે સ્કીઈંગ કરવાની હતી. મેં અગાઉનાં એક પ્રકરણમાં ઉલ્લેખ કર્યો છે તેમ થોડાં વર્ષો પહેલાં કેરોલે એક મોટર સાઇકલ અકસ્માતમાં તેનો એક પગ ગુમાવ્યો હતો. ત્યાર પછી તરતમાં જ, તેણી હેન્ડીકેપ્ડ સ્કી કાર્યક્રમ વિશે માહિતગાર થઈ અને તેમાં જોડાવાનું તેણે નક્કી કર્યું. તેણે અમેરિકામાં બાર પ્રાદેશિક સ્પર્ધાઓ માટે કઠોર તાલીમ લીધી. બધા સ્પર્ધકોએ રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેતાં પહેલાં પ્રાદેશિકમાં પ્રમાણિત થવું જ પડે છે.

હું આ સ્પર્ધામાં હાજર રહેવા માટે ખાસ ઉત્તેજિત હતો. કારણ કે મેં આ અગાઉ ક્યારેય કેરોલને સ્કી કરતી જોઈ ન હતી. તેણે ગુરૂવારે તેની પ્રથમ સ્કી સ્પર્ધામાં ભાગ લેવાનો હતો અને મારે બુધવારે લુઈસવીલેના સધર્ન બાપ્ટીસ્ટ કન્વેન્શનમાં વક્તવ્ય આપવાનું હતું. આથી મેં ગુરૂવારની પ્રથમ સ્પર્ધામાં સમયસર સ્કાવવેલી પહોંચી જવા માટે લુઈસવીલેથી પ્લેન પકડવાનું આયોજન કર્યું. જોકે, જ્યારે હવામાન શાસ્ત્રીઓએ એક વાવાઝોડું આવી રહ્યું હોવાનું જાહેર કર્યું ત્યારે તેમણે પ્રથમ સ્પર્ધા બુધવારે રાખી દીધી અને મેં તે ગુમાવી, હું ખાસ કરીને એટલા માટે ભયંકર નિરાશ થયો, કારણ કે કેરોલ ડાઉનહીલમાં જુનિયર ડીવીઝન માટે પ્રથમ ઇનામ-સુવર્ણ પદક જીતી હતી.

શુક્રવારે, બીજી રેસ શરૂ થવાની હતી અને મારી પત્ની અને હું તેને માટે ત્યાં હતાં. મેં મારી જીંદગીમાં આટલા બધાં એક પગવાળાં લોકોને એકી સાથે એક સ્થળે જોયાં ન હતાં ! ત્યાં બે હાથ અને એક પગ એમ ત્રણ અંગછેદન વાળાં લોકો પણ હતાં અને ત્યાં અંધજનો માટે પણ રેસ હતી. બધા સ્પર્ધકો જે માર્ગ પર જાય છે તે ઓલીમ્પિયન સ્કી જેટલો જ લાંબો છે. સ્પર્ધકો વિકલાંગ છે માટે કોઈ પક્ષપાત દર્શાવતો નથી. સુડતાલીસ ઝાંપાઓ છે જેમાંથી તેમણે તે એક માઇલ લાંબી, તીવ્ર ઢોળાવવાળી ટેકરી પરથી નીચે આવવાનું હોય છે.

શુક્રવારે અંધજનો સ્કી કરનાર પહેલા હતા. મેં આ અગાઉ આવી રેસ જોઈ ન હતી.

સ્પર્ધકોએ એક દેખતી વ્યક્તિની આગેવાનીમાં ટેકરી ઉતરવાની હોય છે જે નિર્દોશોની બુમ પાડે છે, જેમ કે, “જમણીબાજુ વળો. હવે ડાબી તરફ સીધા, આગળ જલ્દી, જલ્દી, જમણી બાજુ !” આ રીતે તેઓ સ્કી તથા રેસ કરે છે. આ અદ્ભૂત નજારો છે.

ત્યાર પછી થ્રી ટ્રેકર્સ આવ્યા. કેરોલ થ્રી ટ્રેકર છે. થ્રી ટ્રેકર સ્કી કાંખઘોડી વગર, તેમના સાજા પગ પર સ્કી સાથે કરાય છે. તેમને આઉટ ટીગર્સ - નાની સ્કીવાળા થાંભલા - ની સહાય અપાય છે. એવા સ્કી કરનારાઓ પણ હોય છે જેમના પગ ઘુંટણથી નીચેથી કપાયા હોય, જેમનાં ઘુંટણ બરાબર કામ કરતાં હોય અને તેઓ તેમની કાંખઘોડી સાથે સામાન્ય બે પગપાળા લોકોની જેમ જ સ્કી કરે છે. આવો એક સ્કીઅર માર્ગ પરથી સ્કી કરતો હતો. પછીથી કેરોલે અમને કહ્યું, “ગઇકાલે એક મજાની વાત બની. જ્યારે એક પગવાળા પુરુષો નીચે તરફ આવી રહ્યા હતા ત્યારે તેમાંનો એક માણસ પડી ગયો અને તેનો પગ સ્કીમાંથી નહીં, તેના ઘુંટણથી છૂટો પડી ગયો. તે પગ અને સ્કી ટેકરી પરથી આખો રસ્તો નીચે આવ્યા અને અંતિમ-પૂર્ણ થવાની - લાઈન વળોટી ગયાં ! નિર્ણાયકોને ખબર ન પડી કે તેમણે તે પગને ઇનામ આપવું જોઈએ કે ઉપર ટેકરી પર રહી ગયેલાં શરીરને !” આ લોકોમાં અદ્ભૂત રમૂજવૃત્તિ હોય છે ! તેઓ મહાન શાંતિદૂતો છે.

તમારી પોતાની સાથે - શાંતિ સ્થાપો

હું સ્કાવવેલીમાં જેમને મળ્યો તે યુવાનોને શા માટે શાંતિદૂતો કહું છું ?

જ્યારે હું નાનો હતો ત્યારે એડોલ્ફ હીટલર યુરોપમાં પ્રવેશવાનું શરૂ કરી રહ્યો હતો અને લોકો યુદ્ધની શક્યતા વિશે વાત કરવાનું શરૂ કરી રહ્યા હતા. મારા સાદા અભણ પિતાને હું પૂછ્યા કરતો કે, “ડેડ, યુદ્ધનું કારણ શું હોય છે ?” તે યાદ છે.

હું તેમનો જવાબ ક્યારેય ભૂલ્યો નથી, તેમણે કહ્યું, “કોઈક વ્યક્તિ બીજા કોઈક તરફ પાગલ થઈ જાય છે. તે તેઓ પોતે હોઈ શકે - અથવા ઇશ્વર પણ હોઈ શકે. તેઓ તે બીજા પર ચીડ ઉતારે છે. પછી લડાઈ શરૂ થાય છે. તેમના મિત્રો તેમાં જોડાય છે, અને તમને ખબર પણ પડે તે પહેલાં બધા લડતા હોય છે.”

આ વાતમાં પુષ્કળ ડહાપણ છે. વર્ષો પછી, જ્યારે મને મારા પિતાને જેનો ક્યારેય લાભ ન હોતો મળ્યો તેવી, માનસ શાસ્ત્ર અને અન્ય શાખાઓનો અભ્યાસ કરવાની તક મળી ત્યારે મેં જોયું કે તેઓ કેટલા સાચા હતા. મોટાભાગનાં યુદ્ધો એટલે જ શરૂ થાય છે કારણ કે કોઈક બીજા કોઈક તરફ પાગલ થઈ જાય છે, અને મોટેભાગે આ ક્રોધિત લોકો એ છે જેણે પોતાની જાતને અથવા તેમની સ્થિતિને સ્વીકારી નથી હોતી. જ્યારે તમે તમારી જાત સાથે જીવી ન શકો, ત્યારે તમે તમારા આંતરિક તણાવને અન્યો પર ઉતારો છો !

હું જેમને સ્કાવવેલીમાં મળ્યો તે રમતવીરો શાંતિદૂતો છે કારણ કે તેમણે તેમની પોતાની સાથે તથા ઇશ્વર સાથે શાંતિ સ્થાપી છે. હું એવા લોકોની વાત કરું છું જેમણે તેમના પગ, હાથ, દૃષ્ટિ, હલન-ચલન ગુમાવ્યાં છે. તેમને દુનિયા તરફ ગુસ્સે તથા કડવા થવાનો બધો જ હક્ક છે, પરંતુ તેઓ તેમ કરતા નથી. તેઓ અરીસામાં જુએ છે, તેઓ પોતે શું છે તે જુએ છે, અને તેઓને સ્વીકારે છે. તેઓ ઇશ્વર અથવા કોઈને દોષ નથી દેતા. તેઓ દોષને દૃઢ નથી કરતા; તેઓ સમસ્યા

દૂર કરે છે.

હું જેફ કેઈથથી વધારે કોઈ લોકો વિશે નથી વિચારી શકતો જેણે તેમની સમસ્યા દૂર કરવામાં તથા તેમની દુનિયાને દૃઢ કરવામાં મને આનાથી વધારે પ્રેરણા આપી હોય. તમે કદાચ આ યુવાનને જોયો હોય, જેણે કેન્સરમાં તેનો પગ ગુમાવ્યો. જ્યારે તેણે અમેરિકન કેન્સર સોસાયટી માટે આખા યુનાઇટેડ સ્ટેટમાં તેની ઐતિહાસિક દોડ પૂરી કરી ત્યારે મીડીયાએ તેની આ વિલક્ષણ સિદ્ધિને કવર કરી હતી. તેને માટે તેને લગભગ બસો ચાલીસ દિવસો, બુટની છત્રીસ જોડ અને ત્રણ કૃત્રિમ પગની જરૂર પડી, પરંતુ તેણે તે કર્યું !

જ્યારે જેફની આખા દેશ માટેની દોડનું મેસેચ્યુએટ્સના બોસ્ટનના ફેનેલ હોલમાં ઉદ્‌ઘાટન થયું ત્યારે હું તેની સાથે હતો. સવારના નાસ્તાની પ્રાર્થના વખતે અમે બંને એ વક્તવ્ય આપ્યું. ટેડ્ડી કેનેડી જુનીયર, જે પોતે પણ અંગવિચ્છેદન વાળા છે, તેઓ પણ અન્ય વક્તા હતા. હું જેફના સંદેશ વડે ઘણો જ પ્રભાવિત થયો. તેણે કહ્યું, "કોઈક લોકો પર્વત ડગાવવા માંગે છે. મેં પહેલાં જ તે કરી લીધું છે. હવે હું દેશને હચમચાવવા માગું છું - લોકોને એ માનવા માટે પ્રેરિત કરવા માગું છું કે તેઓ પણ તેમની સમસ્યાઓમાંથી બહાર આવી શકે છે !" એ છે સાચા અર્થમાં શાંતિદૂત હોવું તે, કારણ કે અન્યોને તેમની સમસ્યામાંથી બહાર આવવાની પ્રેરણા આપવાની પ્રક્રિયામાં તે એક ઘવાયેલ આત્માનાં ગહન ઉંડાણમાં ચાલી રહેલ યુદ્ધને શાંત કરે છે !

પરંતુ જેફ વડે જેમને મદદ મળી તે માત્ર કેન્સરના શિકાર જ ન હતા. તે સીંગસીંગમાં પણ રોકાયો અને કેદીઓની મુલાકાત લીધી. આ કૃત્રિમ પગ વાળા રૂપાળા યુવાને કોટડીએ કોટડીએ ઊભા રહીને તેમની બધાંને સાથે વાત કરી અને અઠંગ, સૌથી વધારે સુરક્ષા વાળા કેદાઓ તેનાથી એટલા પ્રભાવિત થયા કે તેમણે જેલની અંદર જ ફાળો ઊભો કરવા માટેનો ભોજન સમારંભ રાખ્યો, જેમાં મળનાર બધાં નાણાં અમેરિકન કેન્સર સોસાયટીને જવાનાં હતાં.

હું જેફ વિશે હજી વધુ ને વધુ કહી શકું તેમ છું. તે પોતાની દુનિયાને વધુ સારાં માટે બદલી રહ્યો છે. તે સમસ્યાઓ દૂર કરી રહ્યો છે. તે એક સાચો શાંતિદૂત છે.

પ્રેમ ભંગાણનું સમારકામ કરે છે

શાંતિ સ્થાપનારાઓ, પોતાની જાત સાથે શાંતિ જાળવે છે અને આથી તે અન્યો સાથે પણ શાંતિપૂર્વક રહી શકે છે. પરંતુ મેં અગાઉ કહ્યું તેમ, શાંતિ સ્થાપવી તે હંમેશાં સરળ નથી હોતું. એવા સમય હોય છે કે જ્યારે આપણા આંતરિક વિખવાદો તથા અસુરક્ષાઓ આપણને "ભંગાણના સમારકામકર્તા બનવાથી તથા માર્ગનું પુન:સ્થાપન" કરવાથી અટકાવે છે.

તો પછી આપણને શું મદદ કરે છે ? પ્રેમને પુન:સ્થાપિત કરતી શક્તિ.

બર્લ ઇવ્સ, પ્રખ્યાત ગાયક, એક સુખી માણસ હતો - એક શાંતિ સ્થાપક. તેનું રહસ્ય ? તેની પાસે પ્રેમથી ભરેલું વિશાળ હૃદય હતું. ખરેખર તો, તે એક વખત વિકલાંગો માટેની રાષ્ટ્રપતિની કમિટિમાં હતો. છતાં એક સમયે, તેને વિકલાંગ લોકો પડકારજનક તથા સમજવા માટે અઘરાં જણાયાં. ત્યારે તેની સાથે કંઈક ઘણું જ રસપ્રદ બન્યું જેણે તેનો અભિગમ સંપૂર્ણપણે બદલી નાખ્યો. એક રાત્રે તેનાં સાન્તા બાર્બરાનાં ઘેર રાત્રીભોજ વખતે બર્લે મને તે આ રીતે સમજાવ્યું :

"મેં ઘણાં ઘણાં વર્ષો સુધી વોશીંગ્ટનમાં વિકલાંગો સાથે કામ કર્યું હોવા છતાં, જો મને કોઈ સેરેબ્રલ પાલ્સીનો શિકાર અથવા અંધ વ્યક્તિ સામેથી ચાલી આવતી દેખાય તો - મને એક કબૂલ કરતાં ધિક્કાર છૂટે છે કે - હું તેને ટાળીશ. વિકલાંગો સાથે મોઢા-મોઢ મળવાની વાત મને ડરાવતી હતી. ગાવું અને મનોરંજન કરવું તે ઠીક છે, પરંતુ જ્યારે સામ સામે થવાનું થાય ત્યારે હું બાજુમાં સરકી જવાની વ્યવસ્થા કરી લેતો."

"પરંતુ એક દિવસ, જ્યારે હું સાન્તા બાર્બરામાં હતો અને ડોક્સ તરફ જઈ રહ્યો હતો ત્યારે, મેં થોડે દૂર બાળકોનું એક જૂથ તેમના શિક્ષક સાથે જતું જોયું. મેં કંઈ ધ્યાન ન આપ્યું. હું ચાલ્યો જતો હતો, જ્યારે એકાએક એક નાનો છોકરો શિક્ષકથી છૂટો પડીને મારા તરફ દોડ્યો. તેણે મને ઘુંટણ પાસેથી પકડી લીધો અને મને ભેટવા લાગ્યો. અહીં આ નાનો બાળક હતો, જે દેખીતી રીતે સ્નાયુઓના રોગથી પીડાતો હતો, અને અમે આમને સામને હતા. હું વાંકો વળ્યો અને મેં તે બાળકની આરપાર જોયું, મેં તેની આંખો અને તેનો આત્મા જોયો અને ત્યાં મને પ્રેમનો ભેટો થયો - મારા માટેનો પ્રેમ. તેની મારા પર ઘણી અસર પડી. હું રસ્તાની બીજી બાજુ ચાલ્યો ન ગયો."

એ શું હતું જે બર્લ ઇવ્સને વિકલાંગો સાથે શાંતિ સ્થાપતાં અટકાવતું હતું ? તે તેમનાથી ડરતો હતો અને જેરાલ્ડ જામ્પોલ્સ્કીએ કહ્યું છે તેમ, "પ્રેમનો વિરોધી શબ્દ ધિક્કાર નથી. પ્રેમનો વિરોધી શબ્દ છે ડર." આથી શાંતિનો વિરોધી શબ્દ માત્ર ઝઘડા કરતાં વધુ ઊંડો છે - શાંતિનો વિરોધીર્થ છે અસુરક્ષા.

બર્લ ઇવ્સને ડર હતો કે તે આ વિકલાંગ બાળકોને અથવા તેની તેમને માટેની લાગણીને સંભાળી નહીં શકે, અને આથી તે શાંતિસ્થાપક થવાથી દૂર રહ્યો હતો. છતાં, તે બાળકના પ્રેમ દ્વારા તેણે જોયું કે ડરવા જેવું કશું જ ન હતું.

જો આપણે આ દુનિયામાં શાંતિ સર્જવી હોય, તો આપણે મુદ્દો ખરેખર શું છે તે સમજવું જોઈએ. તે પ્રેમ વિરુધ્ધ ધિક્કાર નથી અથવા યુદ્ધ વિરુધ્ધ શાંતિ નથી. તે પ્રેમ વિરુધ્ધ ડર તથા અસુરક્ષા છે.



"ઇશ્વર તમને પ્રેમ કરે છે
અને તેવી જ
રીતે હું પણ !"
... શાંતિ સ્થાપવા
માટેનો એક નિર્દેશ.

• • •

વિલાર્ડ સ્કોટ, NBC ટુડે માટેના હવામાનશાસ્ત્રી તથા હાસ્ય લેખક, મૂળ રોલાન્ડ મેકડોનાલ્ડ અને જોકર બોન્ઝો, એ સુખ શબ્દની બોલતી ચાલતી વ્યાખ્યા છે. તે કહે છે, "હું જ્યારે જોકર હતો, ત્યારે મેં જોયું કે બધા જોકરને પ્રેમ કરે છે, પછી ભલે તે જોકર કોઈ પણ હોય. જો તમે એક જોકર છો તો તમે ડેમોક્રેટીક છો કે રીપબ્લીકન, તમે કેથોલિક છો કે પ્રોટેસ્ટન્ટ છો કે પછી યહુદી, તેનાથી કોઈ ફરક નથી પડતો. મને એ સમજાયું કે એક જોકર હોવા વિશેની એક બાબત એ છે કે તમારા પર કોઈ લેબલ હોતું નથી. આ જોકર શું છે, તે શેના વિશે વિચારે છે અથવા તે શેની સાથે જોડાયેલો છે તેના વિશેના કોઈ પૂર્વ નિર્ધારિત વિચારો નથી હોતા."

"મેં જોયું કે હું માત્ર સકારાત્મક વિચારો - ખરેખર તો પ્રેમ - પહોંચાડવાનો પ્રયત્ન કરીને ટેલિવિઝન પર એક મિનિસ્ટ્રી શરૂ કરી શકું. હું એક સધર્ન બાપ્ટીસ્ટ ચર્ચમાં ઉછર્યો છું અને મને અમારા વૃદ્ધ ધર્મોપદેશક યાદ છે. ડૉ. કેમ્પબેલ. તેમના વિશે મને સૌથી વધારે ગમતી વાત એ હતી કે તેમનામાંથી પ્રેમ પ્રસરતો હતો. કેટલીક વાર તેમના ઉપદેશો સારા હતા. કેટલીક વાર તે સૌથી સારા ન પણ હતા. પરંતુ જ્યારે પણ તમારે કોઈક તમારી કાળજી લે તેવી જરૂર હોય ત્યારે તમે તેમને હંમેશાં ધ્યાનમાં રાખી શકો. જ્યારે પણ કોઈક મૃત્યુ પામતું અથવા બીમાર પડતું, તો ડૉ. કેમ્પબેલ હંમેશાં ત્યાં હોય જ."

"અને મને યાદ છે કે જ્યારે હું ચાર કે પાંચ વર્ષનો નાનો બાળક હતો ત્યારે ચર્ચનો સમય પૂરો થયા પછી બધાં બાળકો ચર્ચમાંથી બહાર આવતાં. ડૉ.કોમ્પબેલની ઊંચાઈ છ ફૂટ પાંચ ઈંચ હતી - એક વિશાળ કદ - અને તેઓ પ્રીન્સ આલ્બર્ટનો કટઅવે પહેરતા. તેઓ અમને નાનાં બાળકોને તેમના હાથમાં ઉપાડતા ભેટતા અને અમને પ્રેમ કરતા. હું માનું છું કે આ પ્રકારના અંગત પ્રેમ તથા અંગત કાળજી તથા માનની મારા જીવન પર પ્રચંડ અસર પડી હતી - જેવી રીતે અલબત્ત, મારા માતા-પિતાએ કર્યું હતું, જેમણે મને પ્રેમ તથા વ્હાલ આપ્યાં હતાં અને હું ક્યારેય પણ માંગી શકું તે બધી જ વસ્તુઓ મને આપી હતી. હું ચોક્કસપણે માનું છું કે આપણી સમસ્યાઓ ભલે ગમે તે હોય, આપણે બધા જ એકબીજાને પ્રેમ તો કરી જ શકીએ. આપણે એકબીજાની જીંદગીઓ વહેંચી શકીએ. આપણે સકારાત્મક રહીને આપણી દુનિયાને વધુ સારી બનાવી શકીએ, જે કરવાનો હું પ્રયત્ન કરી રહ્યો છું."

શાંતિનું ગીત

તમે કહેશો કે, "તે આંતરરાષ્ટ્રીય સ્તરે કામ નથી કરતું." પરંતુ હું તમને રોલાન્ડ હાયસની સત્યકથા કહીશ.

તમારામાંના કેટલાક યુવાનોને ખ્યાલ નહીં આવે કે તેમનો અવાજ નિ:શંક રીતે વીસમી સદીના સૌથી મહાન અવાજો પૈકીનો એક હતો; તે એક ગજબનો ગાયક હતો અને તેની સામે દુનિયાની બધી જ વિપરિતતાઓ હતી. તેણે એક વખત કહ્યું, "મારી માતા એ વ્યક્તિ છે જેણે મને

સકારાત્મક રીતે વિચારતાં શીખવ્યું, અને મારી બધી જ સફળતા તેને આભારી છે.”

રોલાન્ડ હાયસ ટેનેસીનાં પંદર એકરમાં ફેલાયેલાં કપાસનાં ખેતરનાં માલિક કાળા પરિવારનાં ત્રણ સંતાનો પૈકનો એક હતો. જ્યારે રોલાન્ડ પાંચ વર્ષનો હતો ત્યારે તેના પિતા એક વૃક્ષને પાડવા જતાં તેની ડાળ નીચે કચડાઈને મૃત્યુ પામ્યા. માતાએ તેમના જમીનના નાના ટુકડા પર તેના ત્રણ પુત્રોને ઉછેરવા તથા તાલીમ આપવા માટે પોતાના શ્રેષ્ઠ પ્રયાસો કર્યા. એક દિવસ તેણે છોકરાઓને ભેગા કયાર્ અને કહ્યું, “છોકરાઓ, હવે તમારે શિક્ષણ મેળવવું જોઈએ. મારું એક આયોજન છે. આપણે વેગન લઈને ચાતાનૂગા જઈશું, હું નોકરી લઈશ અને તમને શિક્ષણ મળે તે જોઈશ.”

બીજે દિવસે તેમણે તેમનો એક ઘોડો તેમનાં વેગનને જોડ્યો અને રોલાન્ડની માતા તેમાં સવાર થઈ. તે ત્રણ બાળકો ખૂલ્લા પગે ટેનેસીના ચાતાનૂગા સુધીના બાંસઠ માઇલ ચાલ્યા.

જ્યારે તે પરિવાર ચાતાનૂગામાં રહેતો હતો ત્યારે તેઓ ચર્ચમાં ગાતાં હતાં અને એક દિવસ ત્યાંના ડાયરેક્ટરે તેમને માટે એ દિવસોના બે મહાન ગાયકો કારુસો તથા મેલ્બાનાં રેકોર્ડીંગ વગાડયાં. રોલાન્ડ હેયસ એ સંગીતથી એટલો હલી ગયો કે તેણે કહ્યું, “હું માનું છું કે ઇશ્વરે મને આખી દુનિયામાં શાંતિ અને ભાઈચારાનો સંદેશ ગાવા માટે બોલાવ્યો છે.” એ પ્રેરણા સાથે તેણે એક નોકરી મેળવી અને પછી તેણે ફીસ્ક યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો.

જ્યારે તે તેના કોલેજના કોન્સર્ટ ગાયકો સાથે થોડાં વર્ષો પછી બોસ્ટનમાં પ્રવાસ કરી રહ્યો હતો ત્યારે રોલાન્ડને એક ઓચિંતી અનુભૂતિ થઈ, જે તે કહે છે કે ઇશ્વર તરફથી હતી - કોલેજ છોડી દેવી અને બોસ્ટનમાં સ્થિર થવા પ્રયત્ન કરવો. તેની યાદદાસ્તમાં સતત તેની માતાના શબ્દો પડઘાયા કરતા હતા, “રોલાન્ડ, જો તું એમ માને કે તું તે કરી શકે, અને જો તું તારું જીવન ઇશ્વરને સમર્પિત કરી દે, તો તું તે કરી જ શકે.” તેણે એક હોટેલના મજુરની નોકરી લીધી, અઠવાડિયાંના સાત ડોલર્સ કમાયો, અને તેણે તેની માતાને બોસ્ટન બોલાવી લીધી, અને એક નાનું એપાર્ટમેન્ટ લીધું જેનું ભાડું તેના આખા અઠવાડિયાંની કમાણી જેટલું થતું હતું. તેણે ફર્નિચર તરીકે સંતરાંની પેટીઓનો ઉપયોગ કર્યો.

રોલાન્ડ સમજી ગયો કે તેને કોઈ જગ્યા-સ્થાન નહીં મળે, સિવાય કે તેની પોતાની મેળે નામ કમાય. આથી તેણે સાવેસાવ પોતાના પર જ સૌથી મોટાં અને સૌથી શ્રેષ્ઠ સ્થળે, બોસ્ટનનાં મુખ્ય ઓડીટોરીયમમાં - કોન્સર્ટ આપવાનું નક્કી કર્યું.

વર્ષો પછી તેણે કહ્યું તેમ, “જ્યાં સુધી મેં પોતે મારી ડોક ન લંબાવી અને મારી જાતને મદદ કરવાનો પ્રયત્ન ન કર્યો. ત્યાં સુધી મેં જોયું કે કોઈએ ક્યારેય મારે માટે કંઈ જ ન કર્યું.” તેણે તેને સ્પોન્સર કરે તેવા લોકો શોધવાનો પ્રયત્ન કર્યો. પરંતુ કોઈ તેમ કરવા તૈયાર ન હતું કારણ કે તે કોઈ ન હતો. તેણે વિચાર્યા કર્યું, વિચાર્યા કર્યું, અને તેણે પ્રાર્થના કરી.

ઓચિંતો એક વિચાર ઝબક્યો. તેણે પોતાની જાતનો ભવિષ્યના મહાન કોન્સર્ટ કલાકારો પૈકીના એક રોલાન્ડ હેયસ તરીકે પરિચય આપતો એક પત્ર બોસ્ટનના સૌથી શ્રીમંત લોકોને લખ્યો, તેમને ફલાણી, ફલાણી તારીખે તેની પ્રથમ જાહેર અમેરિકન કોન્સર્ટમાં આમંત્રણ આપ્યું અને ટીકીટ રાખી 1.5૦ ડોલર્સ.

અશક્ય હતું તે બન્યું : રોલાન્ડ હેયસે એકલે હાથે ઓડીટોરીયમની એક એક સીટ વેંચી

નાખી. કોન્સર્ટ અતિશય સફળ રહી. તેણે અંગત રીતે રોકડા બે હજાર ડોલર્સ બનાવ્યા. તે ઉપરાંત, કેલીફોર્નિયાના સાન્તામોનીકાની કોઈ વ્યક્તિએ તેને એક કોન્સર્ટ આપવા માટે પશ્ચિમ કિનારે આવવા આમંત્રણ આપ્યું. તેણે આભાર સાથે સ્વીકાર કર્યો.

સાન્તા મોનીકાનાં પરફોર્મન્સ પછી એક સંગીતનો વિવેચક આ યુવાન ગાયકને મળ્યો અને કહ્યું, “મિ.હેયસ, જ્યારે તમે ગાયું ત્યારે, બધા મહાન કલાકારો કરે છે તેમ, તમે મને હચમચાવી નાખ્યો. પરંતુ તમારામાં કંઈક વધારે છે. પરંતુ શું તે હું બરાબર આંગળી મૂકીને કહી શકતો નથી.”

તે રાત્રે તેની હોટેલના રૂમ પર રોલાન્ડ તે માણસની ટીપ્પણી પર ડઘાઈ ગયો હતો. તેનામાં એવું શું હતું જે અન્યોમાં ન હતું ? તે તેનું લોહી હોઈ શકે ? તેને તેઓ કપાસ ચૂંટતા ત્યારે તેના વૃદ્ધ કાકાએ કહ્યું હતું તે યાદ આવ્યું, “રોલાન્ડ, હું અને તારા પિતા, મુખીઓના વંશમાંથી આફ્રિકાથી અહીં આવ્યા તું તે ક્યારેય ભૂલતો નહીં. તમારી નસોમાં મુખીઓનું લોહી વહે છે.” (એક શાંતિ સ્થાપક થવાની હિંમત કરવા માટે એક મજબુત આત્મ-છબી, સ્વાભિમાનની જરૂર પડે છે.)

તે રાત્રે રોલાન્ડે સાન્તા મોનીકામાં પ્રાર્થના કરી ત્યારે તેને એક સ્ફૂરણા થઈ કે તે યુનાઇટેડ સ્ટેટ્સ છોડી દેશે અને તે જે આદિવાસી જાતીમાંથી આવ્યો હતો તેને શોધવાનો તથા કઈ વસ્તુ તેને અદ્વિતિય બનાવતી હતી તે શોધવાનો પ્રયત્ન કરશે. તેણે બોસ્ટન કોન્સર્ટમાંથી મળેલા તેના છેલ્લા પૈસા તેના આફ્રિકા જવાના માર્ગે, ઈંગ્લેન્ડમાં લંડન જવા માટે ખર્ચી નાખ્યા. જોકે, ઈંગ્લેન્ડમાં તેના પૈસા સરકી ગયા.

રોયલ ચેપલના પાસ્ટરના એક મિત્રએ પૂછ્યું, “રોલાન્ડ, તને રવિવારે મારા પાસ્ટર મિત્ર માટે ગાવાનું ગમશે ?”

રોલાન્ડે તરત જ સ્વીકારી લીધું. તે રવિવારે રોયલ ચેપલમાં તેણે આ આધ્યાત્મિક ગીત, “એન્ડ હી નેવર સ્પોક અ મમ્બલીંગ વર્ડ” ગાયું.

ત્રણ દિવસ પછી રોલાન્ડને એક મિત્રનો ફોન આવ્યો, જેણે પૂછ્યું, “તેં સમાચાર સાંભળ્યા ?”

“ના. શું ?”

“તેં રવિવારે રોયલ ચેપલમાં ગાયું, અને તને ખબર છે ત્યાં કોણ હતું ?” રોલાન્ડ મૌન રહ્યો. “ઈંગ્લેન્ડના રાજા અને રાણી ! અને તેમણે બકીંગહામ પેલેસમાં એક કમાન્ડ પરફોર્મન્સની વિનંતી કરી છે.”

રોલાન્ડને તેના કાન પર વિશ્વાસ ન આવ્યો. બે દિવસ પછી તેણે રાજા તથા રાણી માટે ગાયું અને શ્રોતાઓમાં કારુઓ અને મેલ્બા બંને હતા, જેમનાં રોકોર્ડીંગે તેને સૌપ્રથમ એક ગાયક તરીકેની કારકીર્દિ આગળ વધારવા માટે પ્રેરણા આપી હતી.

રોલાન્ડ હેયસ રાતોરાત સફળ બની ગયો. ૧૯24નું તે વર્ષ તેને માટે આશ્ચર્યજનક રહ્યું. તેને બર્લીનમાં બીથોવન કોન્સર્ટ હોલ માટે પણ બુક કરવામાં આવ્યો. આ કોન્સર્ટ તેને યુરોપ ખંડમાં નિ:શંકપણે એક કોન્સર્ટ સોલોઇસ્ટ તરીકે સ્થાપિત કરી દેવાની હતી. જર્મનીના માર્ગે, રોલાન્ડ પ્રાગમાં રોકાયો. તેને અમેરિકન એલચીની ઑફિસમાં બોલાવવામાં આવ્યો. કોન્સોલે કહ્યું, “મિ.

હેયસ. મારી પાસે તમારે માટે ખરાબ સમાચાર છે. તમારે તમારી જર્મનીની કોન્સર્ટ બંધ રાખવાની છે. ફ્રેન્ચ લોકોએ રીનલેન્ડ પર કબજો કરી લીધો છે અને તેઓ અમેરિકાથી લાવેલા નીગ્રોનાં બનેલાં સૈન્ય વડે તેના પર કબજો રાખી રહ્યા છે. જર્મનો અતિશય ક્રોધિત છે. આ સમયે કોઈ કાળી ત્વચા વાળી વ્યક્તિ જર્મનીમાં ગાઈ શકે તેમ નથી.”

“મિ. કોન્સુલ, મને આ કહેવા માટે આભાર.” રોલાન્ડે કહ્યું. “હું ચોક્કસ તેના વિશે પ્રાર્થના કરીશ.” દિવસો પસાર થતા ગયા અને તે કોન્સર્ટ બંધ રાખવા માટે પોતાની જાતને તૈયાર ન કરી શક્યો.

કોન્સર્ટની રાત્રે રોલાન્ડ અને તેનો કાળો સાથીદાર સંભાળપૂર્વક ઓડીટોરીયમનો માર્ગ લીધો અને પાછલા બારણેથી અંદર સરકી ગયા. એક વખત અંદર પહોંચી ગયા પછી, તેમણે પડદાની પાછળથી ડોકું કાઢીને જોયું કે હોલ માણસોથી ખીચોખીચ થઈ ગયો હતો. હવે રોલાન્ડને ખ્યાલ આવ્યો કે તે એક આંતરરાષ્ટ્રીય રીતે વિવાદાસ્પદ કિસ્સો બની ગયો હતો.

જ્યારે પડદો ઉઘડ્યો ત્યારે રોલાન્ડ હેયસ બેબી ગ્રાન્ડ પીયાનોના વળાંકમાં ઊભો હતો અને તેનો સાથીદાર તેની બાજુમાં પીયાનો સામે બેઠો હતો. તેણે મુંગામુંગા હાથ જોડયા. ઉપર જોયું અને ઇશ્વરને ખાનગીમાં પ્રાર્થના કરી : “હે ઇશ્વર, મને સર્વશક્તિમાનને સંભળાય તેવાં સંગીતનું સાધન બનાવો.”

તે પ્રાર્થના કરતો ઊભો હતો ત્યારે તેણે સીસકારા, પગ પછાડવાના અવાજો અને પછી મ્યાંઉ-મ્યાંઉ, હૂ-હૂ એવા અવાજો સાંભળ્યા. કોઈકે બૂમ મારી, “અમેરિકાથી આવેલા કાળા માણસ વિશેનાં ગીતોનાં વાવેતર વડે બીથોવન કોન્સર્ટહોલને લાંછન ન લગાડો.” ઓડીટોરીયમ જાણે ધિક્કારથી ભરાઈ રહ્યું હતું. તેના સાથીદારે કહ્યું, “મિ. હેયસ, આપણે અહીંથી ચાલ્યા જઈએ તે જ સારું છે.”

વસ્તુઓ સ્ટેજ પર ફેંકાવા લાગી, જેનાથી તે એકલ ગાયક સ્હેજથી જ બચ્યો. પછીથી રોલાન્ડ હોયસે તે ઘટનાને યાદ કરીને કહ્યું, “હું ત્યાં મારા હાથ જોડીને માત્ર ઊભો રહ્યો અને પ્રાર્થના કરી. હે ઇશ્વર, હું શું કરીશ ?”

તેનાં મગજમાં એક વિચાર સ્ફૂર્યો. તેણે શ્રોતાઓ તરફથી નજર ખસેડ્યા વગર તેના સાથીદારને કહ્યું, “આપણે બીથોવનનાં ‘ધીસ ઇઝ માય પ્લેસ’થી શરૂ કરીએ.” સાથીદારે આ ઇશ્વરપ્રેરિત પ્રથમ નંબરના ગીત માટેનું સંગીત ઉપાડ્યું અને ધીમેથી, હળવાશથી તેની આંગળીઓ પીયાનો પર ફરવા લાગી. કોન્સર્ટમાં જનાર જર્મનોએ તેમના વ્હાલા બીથોવનનું સંગીત સાંભળ્યું એટલે હોલમાં એક આશ્ચર્યજનક ગણગણાટ પ્રસરી ગયો.

રોલાન્ડ હેયસે તેનું મોઢું ઉઘાડીને “ધીસ ઇઝ માય પ્લેસ” ગાવાનું શરૂ કર્યું. તેનો સમર્થ અવાજ ઓડીટોરીયમમાં ફેલાઈ ગયો અને શ્રોતાઓ શાંત થઈ ગયા. તેણે પૂરું કર્યું ત્યાં સુધીમાં સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિતતા થઈ ગઈ હતી. તેણે કેટલાંક શાસ્ત્રીય ગીતો ગાયાં અને તેની કોન્સર્ટ નીગ્રો સ્પીરીચ્યુઅલ, પ્લાન્ટેશન ગીતોથી પૂરી કરી. કોન્સર્ટ બંધ થઈ ત્યારે, શ્રોતાઓમાંથી કેટલાક સભ્યો કૂદીને સ્ટેજ પર ચડી ગયા અને રોલાન્ડને પોતાના ખભા પર બેસાડી દીધો અને તેને આખા ઓડીટોરીયમમાં ફેરવ્યો. તે આખા ખંડનો હીરો બની ગયો હતો અને તે ફ્રાન્સ અને જર્મની વચ્ચેનાં વિખવાદને શમાવવાની પ્રેરણા બન્યો હતો.

શાંતિનો રાજકુંવર

“શાંતિના સ્થાપકો પર ઇશ્વરનાં આશીર્વાદ છે, આથી તેમને ઇશ્વરનાં બાળકો કહેવાશે.”

શાંતિના સ્થાપકો કોણ છે ? એ જરૂરી નથી કે તે એ લોકો છે જેઓ બધો વખત શાંતિની વાર્તા કર્યા કરે છે . શાંતિ સ્થાપકો એ છે જેઓ કશુંક કરે છે, કંઈક સર્જે છે. કશાક - માટે (અંતર ઘટાડવા માટે) પૂલ બનાવે છે.

બની શકે કે શાંતિસ્થાપકો તમારા અને મારા જેવા લોકો છે જેઓ આપણી પોતાની રીતે, ઇશ્વરને માનવહૃદયમાં ઉતારવાનો પ્રયત્ન કરે છે.

શું તમે તમારા પરિવારમાં શાંતિ ઇચ્છો છો ? તમે તમારા સમુદાયમાં શાંતિ ઇચ્છો છો ? શું તમે અન્ય જાતિઓ તથા અન્ય સંસ્કૃતિઓ સાથે શાંતિ ઇચ્છો છો ? જ્યાં સુધી તમારાં હૃદય તથા તમારા આત્મામાં યુદ્ધ ચાલી રહ્યું છે ત્યાં સુધી ક્યાંય શાંતિ હશે નહીં.

તો તમારી પોતાની જાત સાથે તમે કેવી રીતે શાંતિ સ્થાપશો ? તમે અત્યાર સુધીના સૌથી મોટા શાંતિના દૂત ઇસુ ખ્રિસ્તને મળીને તમારી જાત સાથે શાંતિ સ્થાપી શકશો. તેમને “શાંતિના રાજકુમાર” કહેવાતા હતા. તેઓ જીવ્યા, તેઓ આપણે જેને ગુડફ્રાઇડે કહીએ છીએ તે શુક્રવારે મૃત્યુ પામ્યા, અને ફરી ઇસ્ટર પર ઊભા થયા. તેઓ આજે પણ જીવતા છે. તેઓ મારા સૌથી નજીકના અંગત મિત્ર છે.

“શાંતિ સ્થાપનારાઓ પર ઇશ્વરના આશીવાર્દ છે, આથી તેમને ઇશ્વરનાં સંતાનો કહેવાશે.” એક વખત તમે તમારું જીવન સંવારી લો, એક વખત તમે ઇસુ ખ્રિસ્તને મિત્ર બનવા દો એટલે તમે શાંતિદૂત બની શકો. જ્યારે ઇસુ તમારા મિત્ર છે ત્યારે તમારી એક આંતરીક સકારાત્મક આત્મ-છબી છે. તમે એક શક્યતા વિચારક બની જાવ છો અને તમે કહેવા લાગો છો, “હું બધું જ કરી શકું છું, કારણ કે હું કોઈક છું, હું ઇસુ ખ્રિસ્તનો મિત્ર છું.”

એ જીવવાની મહાન રીત છે અને આથી જ મોટાભાગના ખ્રિસ્તીઓ વિશ્રાંત લોકો છે. તેઓ વ્યગ્ર નથી અને તેઓ ભાવનાત્મક કચરાનું પોટલું ઉપાડીને નથી ફરતા, જે પોતાને વ્યગ્રતા, ડર, તણાવ અથવા અસુરક્ષીત તરીકે પ્રદર્શિત કરે. તેઓ એવા ગુસ્સે થયેલ લોકો નથી જેમને એવું લાગે છે કે તેઓ દુનિયાના અન્યાયનો શિકાર છે.

મેં થોડાં વર્ષો અગાઉ ચીનનો પ્રવાસ કર્યો અને મારા પુત્રએ જેમને તે મિશનનો ભાગ બનવાનું આમંત્રણ અપાયું હતું તે લોકોના પ્રવાસની આગેવાની લીધી હતી. શાંઘાઈમાં એક રાત્રે મેં મારા પુત્રનાં બારણા પર ટકોરા માર્યા. એ કદાચ મોડું હતું પરંતુ બોબ તેના રૂમમાં ન હતો. કોઈકે કહ્યું, “તે ચાલવા માટે બહાર ગયો છે.”

હું તેને શોધવા માટે તરત જ બહાર ગયો. મેં એક નજીકના પુલ પર એકઠું થયેલું મોટું ટોળું જોયું. હું સાવધાનીપૂર્વક ચાઇનીઝ લોકોનાં તે વિશાળ જૂથ પાસે ગયો અને જોયું, તેમની બરાબર વચ્ચે એક છ ફૂટ ચાર ઈંચ ઊંચો અમેરિકન હતો. તે મારો પુત્ર હતો. બોબ એ મોટાં ટોળાંના નેતાઓમાંથી બે સાથે વાત કરતો હતો. હું જોઈ શક્યો કે તે ઉત્તેજિત થઈને આ બે વ્યક્તિ સાથે ક્રાઇસ્ટની વાત કરતો હતો.

દખલ કર્યાનું લાગવાના ડરથી હું છાનોમાનો હોટેલ પર આવી ગયો. તે રાત્રે મોડેથી તેણે

મને શું થયું હતું તે કહ્યું. તે પુલ પર ઊભો હતો, (વધુ મહત્વનું એ છે કે તે પુલ બનાવવા જઈ રહ્યો હતો) અને બે તેજસ્વી વિદ્યાર્થીઓ તેની પાસે આવ્યા. તેઓ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ હતા અને અંગ્રેજી બોલતા હતા.

"તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો અને અહીં શું કરો છો ?" વિદ્યાર્થીઓએ મારા પુત્રને પૂછ્યું.

બોબે કહ્યું, "હું એક ખ્રિસ્તી છું. શું તમે ક્યારેય ઇસુ ખ્રિસ્ત વિશે સાંભળ્યું છે ?"

તેમણે કહ્યું, "ખ્રિસ્તી શું છે ? ઇસુ ખ્રિસ્ત કોણ છે ?"

તે તેમને કેટલાંક આધ્યાત્મિક સત્યો તરફ દોરી ગયો. તેણે સમજાવ્યું કે ખ્રિસ્તી ધર્મ શીખવે છે કે ઇશ્વર આપણે બધા સુંદર વ્યક્તિઓ બનીએ તેવું ઇચ્છે છે. એ જીવનનો નિયમ છે કે આપણા બધાનાં પોતાનાં પાપો, આપણાં આંતરિક તણાવો હોય છે. આપણને બધાંને આત્મોદ્ધારની જરૂર છે અને પછી તેણે કહ્યું, "ઇસુ આપણને બચાવવા આવ્યા હતા."

તેમણે તેમને પૂછ્યું કે શું તેઓને ઇસુને પોતાના મિત્ર બનાવવાનું ગમશે ? તેનાં આશ્ચર્ય વચ્ચે તેમણે કહ્યું, "હા."

આથી બોબે તેમની સાથે પ્રાર્થના કરી. ત્યાં, શાંઘાઈના પુલ પર, બોબ અને યુવાન ચાઇનીઝ વિદ્યાર્થીઓએ સાથે પ્રાર્થના કરી. બોબે તેમને બાઇબલ વિશે કહ્યું અને પછીથી તેમની વિનંતી પર તેમને બાઇબલ મોકલી આપ્યાં અને તેમની સાથે પત્ર વ્યવહાર ચાલુ રાખ્યો. બોબ વિશિષ્ટ પ્રકારે શાંતિની સ્થાપના કરી રહ્યો હતો.

હા, આપણે બધા જ્યાં પણ હોઈએ ત્યાં, શાંતિ સ્થાપક બની શકીએ છીએ. તમારી અંદર, તમારા ઘરમાં અથવા તમારા વ્યાપાર ધંધાનાં સ્થળે તણાવ હોઈ શકે છે. પરંતુ તમે જે મેળવ્યું છે તે બધું આપી દો તો તમે આ તણાવને ઉકેલી શકો છો.

તણાવના પ્રશ્નને સંભાળવો તે અન્ય કોઈ પણ પ્રશ્નને સંભાળવા કરતાં અલગ નથી. તમે જે રીતે અન્ય સમસ્યાઓ ઉકેલો છો લગભગ તેવી જ રીતે શાંતિ સ્થાપી શકો. જે લોકો જેની પાછળ પડે છે તેમાં છેવટે જીત મેળવે છે તે એવા લોકો છે, જેઓ તેમણે જે મેળવ્યું છે તે બધું જ આપી દે છે.

મને મેં ક્યારેય જોઈ હોય તેવી એક પ્રેરણાત્મક બાબત તમારી સાથે વહેંચવા દો. આ ઘટના સ્કાવવેલીના ઢોળાવ પર બની. વિકલાંગ સ્કીઅરનું નામ કીમ કાઉલ ફીલ્ડ હતું. તે લગભગ અઢાર વર્ષની અને અંધ હતી. કીમને જાયન્ટ સ્લાલોમથી નીચે દોરી જવાતી હતી. તે ચુમ્માળીસ દરવાજાઓમાંથી પસાર થઈ ગઈ અને તેને ફીનીશ લાઈનની એકદમ સીધીની રેખામાં ઊભી કરી દેવાઈ. તેની પાછળ ઊભેલા તેના માર્ગદર્શકે કહ્યું, "કીમ, એકદમ સીધી આગળ; આગળ વધ !"

કીમે સ્કી ખૂંપાવી અને જ્યારે તે એક ખીલા સાથે અથડાઈ ત્યારે તે બરફની ઉપર ઊડી રહી હતી. તેના હાથમાંથી લાકડીઓ ઊડી ગઈ, ને પેટભર ચત્તીપાટ પડી ગઈ. તે જાણતી હતી કે તેણે તેનાં શરીરને ફીનીશ લાઈનની પાર લઈ જવું પડશે અથવા ગેરલાયક ઠરવું પડશે. તેને વાગ્યું હોય તેમ લાગતું હતું પરંતુ તે અટકી નહીં. તેણે તેની લાકડીઓ શોધી. જ્યારે તે તેને ન શોધી શકી તો તેણે સ્નો પર ઘસડવાનું શરૂ કર્યું, જ્યાં સુધી તે ફીનીશ લાઈન ઓળંગી ન ગઈ ત્યાં સુધી સીધી

લાઈનમાં આગળ વધી.

"કીમ, તું કરી શકી !" નિર્ણાયક બુમ પાડી ઉઠ્યા, પરંતુ તેણે તેમને ન સાંભળ્યા. તેણે પોતાનાં પેટભેર બરફ પર વધારે પાંચ-દસ-પંદર ફૂટ સુધી ઘસડાવાનું ચાલુ રાખ્યું.

નિર્ણાયકે બુમો પાડયા કરી. "તેં પૂરું કર્યું છે, કીમ, તું અટકી શકે છે !" તેણે હજી પણ ન સાંભળ્યું. છેવટે એક બીજો અવાજ, પછી બીજો, પછી જોનારા એમે બધાએ બૂમ પાડી, "તેં પૂરું કર્યું છે, કીમ !"

કીમ હજી પણ પોતાનાં પેટભર જ અટકી ગઈ. પછી તેણે તાળીઓનો ગડગડાટ સાંભળ્યો. તે કૂદીને પગ પર ઊભી થઈ ગઈ અને આનંદથી નાચી ઉઠી. તમે પણ આ કરી શકો ! જો તમે તમારા પોતાનામાં અને ઇશ્વર શ્રદ્ધા રાખવાનું પસંદ કરો તો તમે શાંતિદૂત બની શકો.

---

* કાઉટહોર્ડ વીથ પાઉલ ડેવીડ ડન (નાશવીલે : થોમસ નેલ્સનના પબ્લીશર 1957).

પોઝીટીવ એટીટ્યુડ - *8*

“હું ખુશ રહેવાનું પસંદ કરી શકું - કોઈ પણ રીતે *!*”

• • •

**પવિત્રતાને ખાતર
જેમના પર ત્રાસ ગુજારાય છે
તેઓ પર ઇશ્વરનાં
આશીર્વાદ છે,
આથી સ્વર્ગનું રાજ્ય
તેમનું છે.**

છેલ્લો ખુશ રહો અભિગમ. અંતિમ બોધ.

ઇસુ તેનો સૌથી અઘરો ઉપદેશ અંતિમ માટે બચાવી રાખે છે. માત્ર જેઓ અગાઉના વર્ગોમાંથી પસાર થયા છે તેઓ જ આ અંતિમ બોધ : "પવિત્રતાને ખાતર જેમના પર સિતમ ગુજારાય છે તેઓ પર ઇશ્વરના આશીર્વાદ છે."માં પ્રવેશ માટે લાયક ઠર્યા છે.

સુખી કેવી રીતે થવું

ખુશ રહો અભિગમ-1 હતો કે : **"મારે મદદની જરૂર છે - હું એકલો કરી શકું તેમ નથી !"** સાચા અર્થમાં સુખી થવા માટે હું જે ક્ષેત્રોમાં નબળો છું તે સ્વીકારતાં અને રચનાત્મક મદદ તથા સલાહને સ્વીકારતાં શીખવું જોઈએ.

ખુશ રહો અભિગમ-2 : **"મને ખરેખર દુ:ખ થાય છે - પરંતુ હું વળતો પ્રહાર કરીશ !"** નિષ્ફળતા અથવા ખોટની સામે, મારો અભિગમ એવો હોવો જોઈએ કે હું મારા અનુભવમાંથી વિકસીશ અને આગળ વધીશ.

ખુશ રહો અભિગમ-3 : **"હું શાંત, સ્વસ્થ અને સુધારાત્મક રહેવાનો છું."** હું છેવટે ખરો સંતોષ મેળવું તે પહેલાં સારા અને ખરાબ સમય દરમિયાન મારે એક સ્થિર, અડગ અને જેને શીખવી શકાય તેવો અભિગમ જાળવવો જોઈએ.

ખુશ રહો અભિગમ-4 : **"હું ખરેખર યોગ્ય વસ્તુ કરવા ઇચ્છું છું !"** મારું વલણ પ્રમાણિકતા પ્રાપ્ત કરવાનું, જાળવવાનું તથા તેના વડે જીવવાનું હોવું જોઈએ, કારણ કે પ્રમાણિકતા અને પવિત્રતા સારા મિત્રો અને મહાન લોકોને આકર્ષે છે, જેઓ મને મદદ કરશે. અહમ્‌ના સમજપૂર્વકના તથા સુરક્ષિત નિયંત્રણનું આ તર્કબદ્ધ રહસ્ય છે.

ખુશ રહો અભિગમ-5 : **"હું અન્યો સાથે એવું વર્તન કરવા માગું છું જેવું તેઓ મારી સાથે કરે તેમ હું ઇચ્છું છું."** પ્રમાણ મુજબનાં વળતરનો નિયમ મનમાં રાખીને, હું પોઝીટીવ એટીટ્યુડ રાખીશ. આથી જ્યારે મને ગાળો આપવામાં આવશે અને ગેરવર્તન કરવામાં આવશે ત્યારે, હું દયાળુ અને માફી આપનાર બનવાનું પસંદ કરીશ. એ જાણીને કે તે એજ રીતે મને પાછું મળશે અને હું ઇશ્વરના આશીર્વાદ પામીશ.

ખુશ રહો અભિગમ-6 : **"હું મારી અંદરથી શ્રદ્ધાને મુક્તપણે વહેવા દઈશ."** હું ઉતાવળમાં ખોટા પાટે ચડી જઈ શકું છું તે જાણવા માટે પુરતા નમ્ર રહીને, મારે મારા હેતુઓ, પદ્ધતિઓ, રીતભાતોનું બારીકાઈપૂર્વક સતત નિરિક્ષણ કરવું જોઈએ. આથી મારે બધો વખત મારા પોતાના તરફ એક સકારાત્મક, આત્મ નિરિક્ષણ કરતો અભિગમ જાળવવો જોઈએ. અન્યથા, હું પાટા પરથી ઉતરી જઈશ અને સૌથી ઉત્તમ માર્ગ પર જવાનું ચૂકી જઈશ.

ખુશ રહો અભિગમ-7 : **"હું પુલ બાંધનાર બનવાનો છું."** સાચા અર્થમાં ખુશ રહેવા માટે એવો અભિગમ જાળવવો જોઈએ કે એક દુશ્મન એક મુલ્યવાન મિત્ર બની શકે. મારે બધા લોકો સાથે બને તેટલાં માન, સંવાદિતા અને શાંતિમાં જીવવા મથવું જોઈએ. પરંતુ તેનો અર્થ પ્રથમ મારી પોતાની શાંતિ સાથે સ્થાપવી તેવો થાય છે !

આ આપણને અંતિમ ખુશ રહો અભિગમ-8 પર લઈ આવે છે. "હું કોઈ પણ રીતે ખુશ થવાનું પસંદ કરી શકું !" જો આ બધા પોઝીટીવ એટીટ્યુડ્સનો મારી શ્રેષ્ઠ ક્ષમતા મુજબ અમલ કર્યા પછી પણ, જો મને માનવ સંબંધો - અંગત, સામાજિક અથવા વ્યવસાયિક સંબંધોમાં હજી હું ગેરવર્તનનો શિકાર છું તેવું લાગે તો, હું એમ માનવાનું પસંદ કરીશ કે ઇશ્વર તેની રીતે અને તેના સમયે બધું બરાબર કરી દેશે. હું એ જાણીને ઇશ્વરના આશીર્વાદ પામીશ. મારા શાંતિપૂર્વક, ધૈર્યપૂર્વક તથા સકારાત્મક રીતે ઉઠાવાયેલાં દુ:ખો, પીડાઓ ભવ્યતાઓમાં બદલી શકાય છે.

લાકડીઓ તથા પથ્થરો તમારાં હાડકાં તોડી શકે છે પરંતુ શબ્દો પણ પીડા આપે છે !

જુલમ એ એવી વસ્તુ છે જેનો આપણે બધાએ સામનો કર્યો છે અથવા કરશું. કેટલાક લોકો માટે ખાસ કરીને ચોક્કસ દેશોમાં - જુલમ શારીરિક યાતનાનું સ્વરૂપ લે છે. વર્ષોપરાંત આ યાતના આંગળીના નખ નીચે લાકડાંની પટ્ટી ઘુસાડવાથી લઈને સીગરેટના ડામ તથા વિજળીનો શોક આપવા સુધીની હોય છે. આજે આતંકવાદ આગળ વધવા સાથે, આ વિષય પીડાદાયક રીતે સુસંગત બની જાય છે.

અને જુલમના ઘણા ચહેરાઓ હોય છે ! એ સાચું છે કે મુક્ત દેશોમાં રહેનારા આપણે આપણી માન્યતાઓ, શ્રદ્ધાઓ માટે સતતપણે શારીરિક જુલમના ભયનાં પડછાયામાં નથી. પરંતુ એક અથવા બીજા સમયે આપણે બધા કોઈક પ્રકારની કનડગત, ઉપેક્ષા, અવગણના અથવા ભેદભાવના સામનાની અપેક્ષા રાખી શકીએ છીએ. વ્યક્તિનાં સ્વાભિમાન પર હૂમલો કરે તેવો ભાવનાત્મક અત્યાચાર વિનાશક હોઈ શકે છે ! ગણતરીપૂર્વકનું અપમાન, યોજનાપૂર્વકનું ઉતારી પાડવું એ એવાં શસ્ત્રો છે જે ધાર્મિક લોકો વડે તેમના પોતાના જ પ્રકારના લોકો સામે વાપરવામાં આવે છે.

હા, જીવનનાં જુદાં જુદાં સ્તરોએ અત્યાચારો થાય છે અને વિવિધ પ્રકારના સ્ત્રોતમાંથી ત્રાટકે છે. આપણા ટેકેદારો સમજણ ન પડે તેવી રીતે આપણાથી મોઢું ફેરવી લે છે (જુડાસ ક્રાઇસ્ટનો ખજાનચી હતો.)

સમાજ ઉપેક્ષા કરી શકે છે અને આપણા તરફ તેની પીઠ ફેરવી લે છે.

જ્યારે આપણે આપણી અપેક્ષાઓ મુજબ જીવવામાં નિષ્ફળ જઈએ છીએ ત્યારે ઘણી વાર આપણી જાત પર જુલમ કરીએ છીએ. પસ્તાવો, ગુનાની ભાવના, સંતાપ આપણા આત્માને યાતના આપી શકે છે. અત્યાચારનો આત્મશ્લાઘા કરતાં વધુ પ્રવર્તમાન, પ્રસરણ પામેલ અન્ય કોઈ પ્રકાર છે ?

જુલમ ગુમાવનાર અને જીતનાર પણ પર હુમલો કરે છે ! સફળ લોકોના પણ દુશ્મનો, જેઓ તેનાથી ઈર્ષા કરતા હોય તેવા અને જેઓ "અત્યાચાર કરશે" તેવા લોકો હોય છે. શ્રેષ્ઠતાના પણ આજે ટીકાકારો હોય છે. સકારાત્મક વિચારકો પર હંમેશાં અત્યાચારો થયા છે. તેમણે નોર્મન વિન્સેન્ટ પેલે માટે કહ્યું હતું. "પેલે આઘાતજનક છે, પરંતુ પાઉલ અસરકારક છે." હોશિયાર, સુંદર, પરંતુ ખૂબ જ બિનખ્રિસ્તી! નકારાત્મક વિચારકો સકારાત્મક વિચારકો પર અત્યાચાર કરે છે.

શ્રીમંતો પર પણ શંકાશીલ, તરંગી, "જેની પાસે નથી" તેવા લોકો વડે જુલમ કરાય છે. જેઓ ધારી લે છે કે જેઓ સંપત્તિવાન છે તેઓ કોઈ પણ રીતે તરકટી અથવા ધૂતારા જ હોવા જોઈએ. અતિ સફળ લોકોને મોટેભાગે શંકા સાથે જોવાય છે. સમાજમાં એ સ્તરે અત્યાચાર ખૂબ જ પ્રવર્તમાન છે.

સાથીદારોનું દબાણ એક ખૂબ જ શક્તિશાળી જુલમ હોઈ શકે છે. સત્ય એ છે કે : "કોઈ સામાજિક એકમ, કોઈ વંશીય અથવા ધાર્મિક સમુદાય અને કોઈ વયજૂથ ક્યારેક નિર્લજ્જ અને વધારે વખત જુલમના છૂપા ઘા થી મુક્ત નથી. યુવાન લોકો ઘણી વાર તેમના સહપાઠીઓ તરફથી જુલ્મી મેણાંઓના ડર હેઠળ નશીલાં દ્રવ્યો તથા અનૈતિક વર્તણૂક તરફ દોરાઈ જાય છે. પ્રાથમિક, માધ્યમિક શાળા અથવા કોલેજમાં સામાજિક દબાણ મોટેભાગે તેમના પર લગાવાય છે જેઓ ઊંચા આદર્શો સાથે જીવે છે. સરળ અને સીધા લોકો તરફ ઉપહાસ થવાની તથા તિરસ્કાર થવાની આશા રાખી શકાય. અપમાનજનક ઉપનામો, તીખી મશ્કરી તથા અર્થ વગરનાં લેબલ્સ ભાવનાત્મક ત્રાસનાં શસ્ત્રો બને છે."

શું તમને તમારા પર જુલમ થયાનું અનુભવાય છે ? તો આનંદમાં રહો ! તમે કોઈ પણ રીતે ખુશ રહેવાનું પસંદ કરી શકો છે. અન્યાય, અપમાન, ઇજા, ભેદભાવ અથવા જુલમના નિર્દોષ શિકાર હો તો પણ, તમે ખુશ રહી શકો.

જ્યારે તમે અત્યાચારનો સામનો કરતા હો ત્યારે તમે કેવી રીતે ખુશ રહી શકો ? આ ખુશ રહો અભિગમ ખરેખર વહેવારુ છે ? શું તે શક્ય છે ? હા. હું એવા થોડાક લોકોને જાણું છું જેઓ ભયંકર યાતનામાંથી પસાર થયા છે અને તેઓ તે આગમાંથી ઉઝરડા પડ્યા વગર નહીં પરંતુ વધુ મજબૂત થઈને ઉભર્યા છે.

મારી સાથે આવો અને તેમણે તે કેવી રીતે કર્યું તે અને તમે પણ કેવી તમારાં ચાઠાંને બ્યુટી સ્પોટમાં બદલી શકો તે જોશો. આ લોકો, જેમણે આ અંતિમ ખુશ રહો અભિગમમાં નિપુણતા મેળવી છે તેઓ નીચેનાં કારણોસર વિજેતા બની શક્યા છે :

1. **સકારાત્મક રહ્યા !** તેમણે પોઝીટીવ એટીટ્યુડ લીધો - તેમણે તેમના નબળા સંજોગો છતાં ખુશ રહેવાનું પસંદ કર્યું.
2. **તેઓ તૈયાર હતા !** તેમણે આધ્યાત્મિક તથા ભાવનાત્મક સપોર્ટ સિસ્ટમ વડે તેમની જાતને સુસજ્જ રાખી હતી જે અદૃશ્ય ઢાલ બની.
3. **જે સાચું છે તે કરવામાં દૃઢ.** તેઓએ પોતાની માન્યતા મુજબ કરવાનું ચાલુ રાખવાનું ચાલુ રાખ્યું, અને અન્યોને તેમનાં કરતાં સારા ન થવા દીધા.
4. **જેમણે તેમને પીડા આપી તેમને માફ કર્યા.** જેમણે અત્યાચાર કર્યા તેમને તેમણે માફ કરી દીધા.
5. **ઇશ્વરનો વિશ્વાસ કરવામાં વળગી રહ્યા,** જ્યારે તે ઘણો દૂર હોય તેમ લાગતું હતું ! તેમણે મનમાં રાખ્યું કે ઇશ્વર જ શાસક છે અને કે તેનો શબ્દ અંતિમ હશે અને તે સારા માટે હશે.
6. **સમજણ તથા સામર્થ્ય માટે પ્રાર્થના કરી !** તેમણે જેઓ પીડાય છે તેમને

ઇશ્વર જે મદદ કરે છે તે સ્વીકારી. તેઓ સમજ્યા કે તેઓ એકલા જ નથી જેમના પર અત્યાચાર કરાયા છે અને આથી તેઓ અત્યાચારના ડર તથા શહિદ થયા હોવાના લક્ષણોના શિકાર બનવાની લાલચને ખાળી શક્યા.

7. જરૂરી **તબક્કાઓ** માંથી વિજેતાની જેમ પસાર થયા, જેમાંથી આપણે દુ:ખદ ઘટનાનો સામનો કરીએ ત્યારે આપણે બધાએ પસાર થવું પડે છે !

સકારાત્મક રહો

ડૉ. વિકટર ફ્રાન્કલ એક પ્રખ્યાત મનોચિકિત્સક અને પ્રખ્યાત પુસ્તક મેન્સ સર્ચ ફોર મીનીંગ ના લેખક છે, તેઓ આ ખુશ રહો અભિગમનું જીવતું જાગતું ઉદાહરણ છે.

ડૉ. ફ્રાન્કલ, જેઓ યહુદી છે, તેમને દ્વિતીય વિશ્વયુદ્ધમાં નાઝીઓ વડે જેલમાં પુરી દેવાયા હતા. તેમની પત્ની, તેમનાં બાળકો તથા તેમનાં માતા- પિતા બધાં જ આ કત્લેઆમમાં મારી નખાયાં હતાં.

ગેસ્ટાપોએ વિકટરને પકડ્યા અને તેની પાસે કપડાં ઉતરાવ્યા. તે ત્યાં સંપૂર્ણ નગ્નાવસ્થામાં ઊભા રહ્યા. પરંતુ તેમણે જોયું કે હજી તેમનાં શરીર પર તેમનો લગ્નનો પટ્ટો હતો. તેમણે તે પણ તેમનાથી દૂર કર્યો ત્યારે તેમણે પોતાની જાતને કહ્યું, “તમે મારી પત્નીને છીનવી લઈ શકો, મારાં બાળકોને છીનવી લઈ શકો, મારાં કપડાં ઉતારાવી શકો તથા મારી સ્વતંત્રતા લઈ શકો, પરંતુ એક વસ્તુ એવી છે જે કોઈ વ્યક્તિ ક્યારેય મારી પાસેથી ન છીનવી શકે - અને તે છે મારી સાથે જે થાય છે તેની હું કેવી રીતે પ્રતિક્રિયા આપીશ તે પસંદ કરવાની મારી સ્વતંત્રતા !”

વર્ષો પછી તેઓ જેને **“લોગોથેરાપી”** તરીકે વિકસાવવાના હતા તેવા આઇડીયાનો તે જન્મ હતો. તે થેરાપીનો એક પ્રકાર છે જેણે એવા હજારો લોકોને જીવન તેમને જે આપે છે તેની સાથે વ્યવહાર કરવામાં મદદ કરી છે અને તે સકારાત્મક પ્રતિક્રિયાનો મૂળભૂત બોધપાઠ શક્યતા વિચારસરણીનાં વળાંકમાં મુખ્ય વસ્તુ બની રહે છે. મારી ફીલોસોફી ડૉ. ફ્રાન્કલનાં વ્યાખ્યાનો, લખાણો તથા તેમની સાથેની ખાનગી મીટીંગો વડે આકાર પામી છે તથા પ્રભાવિત થઈ છે.

આપણે કોઈ પણ પરિસ્થિતિમાં આપણા અભિગમો પસંદ કરવા, પરિસ્થિતિ ભલે ગમે તેવી નકારાત્મક હોય તોપણ પોઝીટીવ એટીટ્યુડ જાળવવા મુક્ત છીએ. કેવો જીવન બદલી નાખતો વિચાર ! બીજા મનોચિકિત્સક, ડૉ. સ્માઇલી બ્લેન્ટને એક વખત એક હતાશ દર્દીને સાંભળ્યો હતો તેની વાત કરી. કેટલીક બેઠકો પછી તેણે આ પીડિત આત્માની વાતમાં હસ્તક્ષેપ કર્યો : “જો... તો... એ તમારી સમસ્યા છે !” તેણે સમજાવ્યું, “તમે વારંવાર કહ્યા કરો છો, “જો મેં આમ કર્યું હોત... જો મેં આમ ન કર્યું હોત...” તમારે માટેનું મારું પ્રીસ્ક્રીપ્શન એ છે કે તમારાં જીવનમાંથી એ શબ્દો કાઢી નાખો ! તેની જગ્યાએ “આવતે વખતે” શબ્દ મૂકો. કરેલી ભૂલો અથવા પાપોની વાસ્તવિકતાને નકારો નહીં, પરંતુ પોતાની જાતને માફ કરતાં શીખો. તમે ત્રાસદાયક યાદોનો એક પોઝીટીવ એટીટ્યુડ, “આવતે વખતે બધું જૂદું બનશે.” એવા વિચાર વડે સામનો કરીને તમે તે કરી શકો. સ્વપિડનના ભોગ બનેલા માટે મહાન સલાહ !

તો પછી આ એક ખુશ-રહો અભિગમ છે, જેનો આપણે બધા ઉપયોગ કરી શકીએ

છીએ : જેમના પર પવિત્રતા માટે અત્યાચાર કરાયો છે તેમના પર ઇશ્વરના આશીર્વાદ છે. આથી સ્વર્ગનું રાજ્ય તેમનું છે. જ્યારે માણસો તમને ઉઘાડા પાડે અને તમારા પર જુલમ કરે અને તમારી સામે ખોટા ખોટા બધા જ પ્રકારની ગંદકી ઉછાળે ત્યારે તમે ઇશ્વરના આશીર્વાદ પામેલા છો. આનંદ માણો અને ખુશ રહો - કારણ કે સ્વર્ગમાં તમને મહાન બદલો મળશે - (મેટ 5:10 11).

ઇસુ પણ ઘણું ખરું એવું જ કહેતા જેવું વિકટર ફ્રેન્કલે કહ્યું છે : "તમે તમારા અત્યાચાર તરફ એક સકારાત્મક વલણ લેવાનું પસંદ કરી શકો છો અને જો તમે આ કરી શકો; તો છેવટે તમે જીતશો. અત્યાચાર સાથે વ્યવહાર કરવાનો આ બોધપાઠ દરેક ખ્રિસ્તીએ શીખવો જોઈએ, કારણ કે દરેક વ્યક્તિએ એવા સમયનો સામનો કરવાનો છે જ્યારે તેણે પોતે જે માને છે તેને માટે ઊભા થવાનું છે અને અવગણના અથવા હાંસીપાત્ર બનવાનું જોખમ ઉઠાવવાનું છે. જો આપણે આ પાઠ સારી રીતે શીખી લઈએ તો આપણે અવગણના સહન કરી શકશું અને આ પ્રક્રિયામાં આપણું સ્વાભિમાન ઉપર જશે ."

તે એક ખુશ રહો અભિગમ છે ! જો આપણામાં સકારાત્મક અભિગમ નહીં હોય તો, અવગણના આપણાં ગૌરવનો નાશ કરશે અને મજબૂત સ્વમાન વગર ખુશ રહેવું અશક્ય છે !"

તૈયાર રહો

જો આપણે એમ ધારતા હોઈએ કે આપણે મુક્ત દેશમાં રહીએ છીએ માત્ર એટલે જ આપણે ક્યારેય અત્યાચારનો સામનો કરવો નહીં પડે, તો આપણે ભયંકર ભૂલ કરીએ છીએ. એવી મજબૂત શક્યતા છે કે આપણે બધા જ જીવનમાં એક અથવા બીજા સમયે કોઈ પ્રકારના જુલમનો સામનો કરશું અને કટોકટી આવી પડે તે પહેલાં , આંતરિક સાધનો વડે, આપણે આપણી જાતને આધ્યાત્મિક બાહુઓમાં મૂકી દેવી તે અતિશય મહત્વનું છે.

આપણામાંના મોટાભાગના લોકો પાસે ઘરમાં કે ઓફિસમાં કટોકટી સમય માટેનાં સાધનો છે જેમ કે એક ફર્સ્ટ એઇડ કીટ, એક મોટી ટોર્ચ, કદાચ એક અગ્ની શામક, છેવટે એક ટેલિફોન તો ખરો જ જેના વડે આપણા તત્કાલ સેવાને ફોન કરી શકીએ. આપણે કટોકટી ઊભી થાય તે પહેલાં જ તેને માટે તૈયાર થઈ જઈએ છીએ, કારણ કે આપણે ક્યારેય નથી જાણતા કે તે ક્યારે આવશે અને તે આપણને શું કરશે.

જેવી રીતે આપણે ભૌતિક સાધનો વડે તૈયાર થવાની જરૂર છે, તેવી જ રીતે આપણે જુલમનો સમય આવે તે પહેલાં આધ્યાત્મિક રીતે તૈયાર રહેવાની જરૂર છે. આપણે દરરોજ અથવા ઓછામાં ઓછા દર અઠવાડિયે - આપણો સમય સકારાત્મક પ્રાર્થનાઓ, બાઈબલના સકારાત્ક અભ્યાસ તથા સકારાત્મક રીતે વિચારતાં ચર્ચમાં નિયમિત પૂજામાં વિતાવીને તે કરીએ છીએ. આપણે આપણાં અર્ધચેતન મનને બાઇબલની સકારાત્મક પંક્તિઓ, સકારાત્મક સ્ત્રોતો તથા જેમણે તેમની શ્રદ્ધાને અતુટ રાખીને તેમની મુશ્કેલીઓ સફળતાથી પાર કરી છે, એવા લોકોનાં ઉદાહરણો લઈને તરબતર કરીએ છીએ.

આપણે કસોટીમાંથી પાસ થઈએ અને શિસ્તની શાળામાંથી સ્નાતક બનીએ તથા એક ધર્મનિરપેક્ષ તથા પાપથી ભરેલા સમાજમાં જીવવાનું શરૂ કરીએ, તે પહેલાં આપણે આ અંતિમ

પરીક્ષા પાસ કરવી પડશે : આપણે અવગણના, મશ્કરી તથા જુલમ માટે આધ્યાત્મિક તેમજ મનોવૈજ્ઞાનિક રીતે તૈયાર રહેવું પડશે. માત્ર જેઓ એ શીખ્યા છે કે તેમની સાથે ગમે ત્યારે જુલમ થઈ શકે છે અને જેઓ મુશ્કેલ અને ભયાનક સમયમાં સકારાત્મક વલણ જાળવવા તૈયાર છે તેઓ જ દુનિયામાં ઇસુ ખ્રિસ્તના મુખ્ય દૂત પુરવાર થશે.

આથી આ બાકીનાં પ્રકરણનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો. તે અણધારી મુશ્કેલીઓ માટેની ફર્સ્ટ એઇડ કીટ છે. તેમાં તેમને બાઇબલની સકારાત્મક પંક્તિઓ, સકારાત્મક સ્ત્રોતો તથા એવા લોકોની વાતો જાણવા મળશે જેમણે ભયંકર પ્રતાડનાની સામે વિજય મેળવ્યો છે.

જે સાચું છે તે કરવામાં દૃઢ

આજે, આપણા વિવિધ સંસ્કૃતિ વાળા સમાજમાં સામાજિક અને નૈતિક દબાણો ખ્રિસ્તીઓને અગાઉ ક્યારેય નહોતા ડરાવ્યા તેટલા ડરાવે છે ! આપણી આસપાસની બિન-ધાર્મિક વ્યક્તિઓ "જેવા બનવા"ની લાલચ ભયંકર ડરામણી બની શકે છે ! એક ધર્મનિરપેક્ષ સમાજની મુલ્ય પદ્ધતિ અપનાવવાની લાલચ પ્રપંચી અત્યાચારનો જીવલેણ રીતે ગંભીર પ્રકારની બની શકે છે. મારા ખ્રિસ્તી વાચકોને : એક ચેતવણી ! તમારા સિદ્ધાંતો સાથે તડજોડ કરે તેને છોડી દો, તમે શબ્દસ: તમારો આત્મા ગુમાવશો; તમે હવે પહેલાં હતા તેવી વ્યક્તિ નહીં રહો : તમે તમારી વિશિષ્ટ, સ્વતંત્ર વ્યક્તિ તરીકેની ઓળખ ગુમાવી બેસશો.

કારણ કે જ્યારે તમે બીજા બધા જેવા બનવાનાં દબાણ સામે મશ્કરીપાત્ર બનવાના ડરને કારણે, નમતું મૂકો છો ત્યારે તમે તમારી જાતને સંપૂર્ણ સામુહિક સમાજમાં શોષાઈ જવાની છૂટ આપી છે. ગાડરીયા પ્રવાહની જેમ ચાલ્યા કરો અને તમે માનવજાતિનાં ટોળાંનો એક સામાન્ય ભાગ બની જશો. તમે કશું જ નહીં હો ! એક તરછોડાયેલા ! હા, એક ક્ષુદ્રવ્યક્તિ ! જથ્થામાં શોષાઈ ગયેલ પાણીનું ટીપું ! કારણ કે તમારામાંનો થોડોક ભાગ તમે જ્યારે પોષેલા આદર્શને તાબે થાવ, એક ઉમદા મુલ્યને છોડી દો અથવા એક નૈતિક સિદ્ધાંતને કાઢી નાખો તે દરેક વખતે મૃત્યુ પામે છે.

તો પછી, આપણે સામાજિક અત્યાચારની સામે કેવી રીતે ઊભા રહીશું ? એક વખત એક રાજનીતિજ્ઞ હતો જેણે પોતાનાથી બનતું શ્રેષ્ઠ કાર્ય કર્યું. પરંતુ માણસ હોવાથી, તેણે ભૂલો કરી અને તેની ટીકા થઈ અને ખબરપત્રીએ છાપાંમાં તેની ભૂલોને વારંવાર દોહરાવ્યા કરી. એ એટલો વ્યથિત થઈ ગયો કે તે તેના એક પ્રિય મિત્ર, એક ખેડૂતને મળવા ગામડે ચાલ્યો ગયો. "હું શું કરવાનો છું ?" રાજકારણી રડી ઉઠ્યો. "મેં સખત પ્રયત્ન કર્યો છે. વધુ લોકો માટે વધુ સારું કરવાનો મેં કર્યો છે તેનાથી સખત પ્રયત્ન બીજા કોઈએ નથી કર્યો - અને જુઓ તેઓ મારી કેવી ટીકા કરે છે !"

પરંતુ તે વૃદ્ધ ખેડૂત ભાગ્યે જ તેના અત્યાચાર થયેલ રાજકારણી મિત્રની ફરિયાદ સાંભળી શક્યો કારણ કે તેનો શિકારી કૂતરો પુનમના ચંદ્ર સામે જોઈને ભસતો હતો. ખેડૂતે કૂતરાને ધમકાવ્યો પરંતુ તેણે ભસવાનું ચાલુ રાખ્યું. આખરે ખેડૂતે રાજકારણીને કહ્યું, "તારે તારા અયોગ્ય ટીકાકારોને કેવી રીતે સંભાળવા જોઈએ તે જાણવું છે ? આવી રીતે, પેલા કૂતરાને સાંભળ. હવે ચંદ્ર સામે જો અને યાદ રાખ કે લોકો તારી સામે બરાડ્યા કરશે - તેઓ તારું પગલું દાબશે અને

તેઓ તારી ટીકા કરશે. પરંતુ બોધપાઠ આ છે : કૂતરો ભસ્યા કરે છે, પરંતુ ચંદ્ર ઝળહળ્યા કરે છે !"



જો તમે વિચારતા હો
કે તમે સંપૂર્ણ નિષ્ફળ છો,
તો આ યાદ રાખો :
તમારી સૌથી મહાન સફળતા...
હંમેશાં માટે
ઇશ્વરનું રહસ્ય રહેશે !



લોકોને તમારી આલોચના કરવા દો. પરંતુ તમે જે કરતા આવ્યા છો તે સારું કામ કરવાનું છોડશો નહીં.

જોન ઑફ આર્ક, માર્ટીન લ્યુથર કીંગ, સ્ટીફન પોલ વગેરે મહાન વ્યક્તિઓ વિશે વિચારો. આ નામો આપણને છેવટનાં અંતિમ ખુશ રહો અભિગમ વિશે યાદ અપાવે છે. કારણ કે આ લોકો પર ખરેખર આશીર્વાદ ઉતર્યા હતા. અત્યાચારની સામે પણ તેઓ આશીર્વાદ પામેલા હતા, કારણ કે તેઓ જે માનતા હતા તેને તેઓ દૃઢતાપૂર્વક વળગી રહ્યા. તેઓ જે સાચું છે તે કરવામાં મચ્યા રહ્યા.

આ મહાન પુરુષો તથા સ્ત્રીઓ અત્યાચારની સામે કેવી રીતે ઝળહળતા રહી શક્યા ? તેમને સૌથી કિંમતી ભેટ આપવામાં આવી હતી - એ ખાતરી કે ભલે ગમે તે થાય - મૃત્યુ પણ - આપણી અને ઇશ્વરના પ્રેમની વચ્ચે કંઈ જ આવી શકે નહીં. "નહીં મૃત્યુ, નહીં જીવન, નહીં દેવદૂતો, ન સિદ્ધાંતવાદ, ન વર્તમાનની વસ્તુઓ, નહીં આવનારી વસ્તુઓ, નહીં સત્તા, નહીં ઊંચાઈ, નહીં ઉંડાણ, કે સર્વ સર્જનોમાંથી બીજું કાંઈ પણ, આપણને ઇસુ ખ્રિસ્ત માટેના ઇશ્વરનાં પ્રેમથી અલગ કરી શકશે નહીં... જે અમને પ્રેમ કરે છે તેના કારણે અમે વિજેતા કરતાં પણ વધારે છીએ." (રોમ, 8:3૯,38)

આપણે માટે આનો અર્થ શું છે ? એક વિજેતા બનવાથી ઉપર શું છે ? જીતવા કરતાં વધુ સારું શું છે ? શા માટે તે તમારા વિરોધીને તમારી તરફ બદલી નાખે છે ? તે એક વિપરિતતાને

એક સહયોગમાં બદલી નાખે છે. તે એક દુશ્મનને મિત્રમાં બદલી નાખે છે. તે એક વિજેતા કરતાં પણ વધારે બનવું તે છે !

ઇસુએ આ કર્યું. જ્યારે રોમન સહસ્ત્રપતિ વડે તેમના પર અત્યાચાર કરાયો ત્યારે તેમણે વળતો પ્રહાર ન કર્યો, ન તેમણે તેને ડરાવ્યા. તેને બદલે તેમણે તેને માફ કરીને પ્રેમ પ્રદર્શિત કરીને જીતી લીધો. જ્યારે ઇસુ મૃત્યુ પામ્યા ત્યારે પણ તે સહસ્ત્રપતિએ કહ્યું, "આ સાચા અર્થમાં ઇશ્વરનો પુત્ર હતો." (મેટ, 27:54).

વિજય મેળવવા કરતાં પણ વધુ ઉત્તમ કંઈક છે, કંઈક વધારે બદલો આપનાર છે. એક વિજેતા કરતાં વધારે બનવાનું શક્ય છે. કદાચ તે જોવા માટે તમે જીવતા ન હો, પરંતુ તમે એમ માનો તે વધારે સારું છે કે જ્યારે તમે જુલમની સામે સકારાત્મક વલણ જાળવી રાખો છો અને જે સાચું છે તે કરવામાં મચ્યા રહો છો ત્યારે તમને ઇશ્વરના આશીર્વાદ પ્રાપ્ત થશે.

જેણે તેમને પીડા આપી છે તેમને માફ કરો

તમે કહેશો, "સહેલું નથી." તમે સાચા છો. જેણે તમને પીડા પહોંચાડી છે તેને માફ કરવા તે સૌથી મુશ્કેલ કાર્યો પૈકીનું એક છે. ફરી એક વાર આપણા પર જુલમ કરનાર તરફ સકારાત્મક રીતે વ્યવહાર કરવા માટે આપણે ઇસુ તરફથી બોધપાઠ મેળવશું.

જ્યારે તેમને ક્રોસ પર ચડાવાયા, જ્યારે તેમનું ગૌરવ છીનવી લેવાયું ત્યારે ઇસુ બરાડી ઉઠ્યા, "હે ઇશ્વર, તેમને માફ કરો, તેઓ નથી જાણતા કે તેઓ શું કરી રહ્યા છે."

કેટલીક વાર માનવીય રીતે માફ કરી દેવાનું અશક્ય હોય છે. જ્યારે એવું બને ત્યારે આપણે દૈવી હસ્તક્ષેપની માંગણી કરવી જોઈએ. આપણે ઇશ્વરને તેમને માફ કરી દેવાનું કહીએ અને આપણાં હૃદયમાં એવું પરિવર્તન આપવા કહીએ જેથી છેવટે આપણે આપણી પીડાને તેમની દૃષ્ટિથી જોઈ શકીએ.

ઘણી બધી વખત જે લોકો એ પોતાના શબ્દો અથવા ક્રિયાઓ દ્વારા અન્યોને પીડા આપી હોય તેઓ એ વિશે સભાન જ નથી હોતા કે તેમણે કોઈને ઇજા પહોંચાડી છે. "તેઓ શું કરે છે તે તેઓ નથી જાણતા."

અન્ય સમયે, તેઓ તેમની ક્રિયાઓ માટે જવાબદાર તરીકે ઊભા રહેવા સક્ષમ નથી હોતા. તેઓ ખૂબ ગુંચવાયેલા, ખૂબ મૂંઝાયેલા, ખૂબ ખારીલા અથવા એટલા અસુરક્ષિત હોવાના અર્થમાં "તેઓ નથી જાણતા કે તેઓ શું કરી રહ્યા છે." હોય છે કે તેઓ માત્ર તેમની અંત: સ્ફૂરણા મુજબ કાર્ય કરી નાખે છે. તેઓ અન્યના વિચારો કે અન્યનાં જીવન વિશે વિચારી જ શકતા નથી.

શું તમને પીડા પહોંચાડાઈ છે ? શું તમે હજી તેની પીડા અંદરથી ભોગવી રહ્યા છો ? શું તે ભૂલવું અને માફ કરવું અશક્ય છે ? તો ઇસુએ કરેલી પ્રાર્થના કરવાનું શરૂ કરો : "હે ઇશ્વર, તેમને માફ કરો, કારણ કે તેઓ નથી જાણતા કે તેઓ શું કરી રહ્યા છે."

ઇશ્વરનો વિશ્વાસ કરવાને વળગી રહો

ઇશ્વર સહિત આપણી આસપાસના બધા પર પ્રહાર કરવાની લાલચ થવી સ્વાભાવિક છે અને જ્યારે આપણી અવગણના કે ઠઠ્ઠા-મશ્કરી થતી હોય ત્યારે ઇશ્વર પર વિશ્વાસ રાખ્યા કરવાનું મુશ્કેલ છે. પરંતુ જો આપણે અત્યાચાર સામે વિજેતા બનવું હોય તો તેનામાં વિશ્વાસ જાળવી રાખવો તે અત્યાવશ્યક છે.

"ધ બુક ઓફ જોબ"ને સાહિત્યના વિદ્યાર્થીઓ વડે અત્યાર સુધીમાં લખાયેલ સૌથી મહાન મહાકાવ્ય પૈકીની એક તરીકે કહેવાઈ છે. પરંતુ તે માત્ર સાહિત્યના એક સુંદર કાર્ય કરતાં પણ ઘણું વધારે છે. જોબ એ એક વિશ્વાસના વિજ્યોત્સવની કથા છે - કારણ કે ચોક્કસપણે જોબ કરતાં વધારે અત્યાચારનો સામનો કોઈએ નથી કર્યો. "જ્યારે તેણે મને અજમાવી જોયો છે, ત્યારે હું ખરું સોનું બનીને બહાર આવીશ." (જોબ 23:10).

"તે મને રહેંસી નાખે તો પણ, હું તેનામાં વિશ્વાસ રાખીશ." (જોબ 13:15 કેજેવી).

જોબે અત્યાચારનો સામનો કર્યા પછી કરેલાં આ બંને વિધાનો એ હકીકતો પુરાવો છે કે તેણે તેના પર થયેલા જુલમને સફળતાપૂર્વક સહ્યા. જોબ એવી શ્રદ્ધાનું ઉદાહરણ પૂરું પાડે છે જે તેની પકડ નહીં ગુમાવે, એવી આસ્થા જે તમને ક્યારેય છોડી નથી જતી.

ચાલો આપણે જોબ પર થયેલ જુલમો તપાસીએ. તે અતિ શ્રીમંત હતો. તેની પાસે ત્રણ હજાર ઉંટ હતાં. જે આજે કોઈ પાસે સેંકડો રોલ્સ-રોયસ હોય તેવું ગણાય.

તેને સાત પુત્રો અને ત્રણ પુત્રી હતી. તેની ખ્યાતિ આખી દુનિયામાં ફેલાયેલી હતી. તે એવા હતા જેને તમે અતિ ધનાઢ્ય તથા અતિ સફળ કહી શકો. ઓગણચાલીસ વર્ષની ઉંમરે તેમણે આ કર્યું હતું અને તે બધાથી પણ ઉપર, તેની એક ધાર્મિક વ્યક્તિ તરીકેની પ્રતિષ્ઠા હતી.

જોબનાં પુસ્તક મુજબ, એક દિવસ શેતાન ઇશ્વર પાસે આવ્યો અને કહ્યું, "તો, તમે માનો છો કે જોબ એક સારો માણસ છે ? તો મને કહેવા દો કે જ્યારે તમે આટલા બધા સંપન્ન હો ત્યારે શ્રદ્ધા રાખવી સરળ છે. એક માત્ર સત્ય એ છે કે જોબ એક સ્મિત સભર, ખુશ-ખુશાલ શ્રદ્ધા ધરાવે છે કારણ કે તેને માટે જીંદગી સરળ છે. તે ધનવાન છે. પરંતુ જો તે ગરીબ તથા પીડિત હોત તો હું જોવત કે જોબમાં ખરેખર કયા પ્રકારની શ્રદ્ધા છે."

આ મહાકાવ્યમાં ઇશ્વર સંમતિ આપે છે કે શયતાન જોબને અજમાવી શકે છે. સૌપ્રથમ તે આર્થિક રીતે ધોવાઈ જાય છે. તે તેની તમામ સંપત્તિ ગુમાવે છે. પછી તેનું ઘર તૂટી પડે છે અને તેનાં બધાં બાળકો માર્યા જાય છે. પછી એક વાર સંપત્તિ ચાલી ગઈ એટલે તેના બધા તકવાદી મિત્રો પણ ચાલ્યા ગયા. તેણે તેના પૈસા, તેનો પરિવાર અને તેની સત્તા બધું જ ગુમાવી દીધું; હવે સમાજ પણ તેની સામે જોતો નથી. છેવટે એક દિવસ તે નગ્નાવસ્થામાં રાખ પર બેસે છે અને કહે છે, "હું મારી માતાના ગર્ભમાંથી નગ્ન જ આવ્યો હતો અને નગ્નાવસ્થામાં જ પાછો ફરીશ; ઇશ્વરે આપ્યું અને ઇશ્વરે જ પાછું લઈ લીધું; ઇશ્વરનું નામ આશીર્વાદ પામેલું રહે." (જોબ 1:21)

પછી તે આ પ્રેરણાત્મક પ્રતિજ્ઞા ઉમેરે છે : "જ્યારે મને અજમાવ્યો છે ત્યારે હું સોના જેવો ખરો ઉતરીશ." (જોબ 23:10) આ એજ શ્રદ્ધા છે જે મેં શક્યતા વિચારક શ્રેણીમાં વર્ણવી છે. "જ્યારે પર્વતનો સામનો થશે, ત્યારે હું છોડી નહીં જાઉં ! જ્યાં સુધી હું ઉપર ચડી ન જાઉં,

માર્ગ શોધી ન લઉં, તેમાંથી બોગદું, શોધી ન લઉં અથવા માત્ર ત્યાં રહું અને ઇશ્વરની મદદથી તે પર્વતને સોનાની ખાણમાં બદલી ન નાખું."

આ એક પ્રકારની શ્રદ્ધા છે જે આપણે એક સ્તોત્રમાં ગાઈએ છીએ.

ઓહ, શ્રદ્ધા સંકોચાઈ નહીં જાય,
ભલે દરેક દુશ્મન વડે દબાણ અપાય-
તે કગાર પર પણ ડગમગી નહીં જાય
કોઈ પણ દુન્યવી વચન નથી;
એ શ્રદ્ધા જે તેજ તથા સ્પષ્ટતાથી ઝળહળે છે,
જ્યારે મુશ્કેલીઓ તૂટી પડે;
એ શ્રદ્ધા જે સૌથી મુશ્કેલ સમયમાં
કોઈ શંકા ને જાણતી નથી.

– વીલીયમ બાથર્સ્ટ

જોબની શ્રદ્ધા આવી હતી : "ભલે ઇશ્વર મને રહેંસી નાખે, હું તેનામાં શ્રદ્ધા રાખીશ."

આ શ્રદ્ધા ચોંકાવનારી છે ! અદ્ભૂત ! ભવ્ય ! અને તે તેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવા જેટલું ઉત્તેજક છે કારણ કે તે આપણને અત્યાચારને લગતા ત્રણ પ્રશ્નોની બરાબર સામે મૂકી દે છે.

પહેલો છે, "માણસો અત્યાચારની કેવી રીતે પ્રતિક્રિયા આપે છે ?"

બીજો પ્રશ્ન છે, "જોબે જે ટકાવી રાખ્યો તે વિશ્વાસનો પ્રકાર કેવો છે ?"

અને અંતિમ પ્રશ્ન છે, "શું એવો જ સકારાત્મક માનસિક વિશ્વાસ પ્રાપ્ત કરવાનું તમારા માટે શક્ય છે ?"

પહેલો પ્રશ્ન ધ્યાન પર લો : "માણસો અત્યાચારની કેવી પ્રતિક્રિયા આપે છે ?" તેનો જવાબ ત્રિગુણ છે.

અ. સૌથી સામાન્ય નકારાત્મક પ્રતિક્રિયા છોડી દેવું અને હાર સ્વીકારી લેવી તે છે. જેઓ આ રીતે પ્રતિક્રિયા આપે તેવા લોકોને હું **ચિતાભસ્મ** કહું છું.

બ. બીજી સામાન્ય પ્રતિક્રિયા એટલી જ નકારાત્મક છે. **પાપીઓ** ની વાત લો. પાપી કોણ છે ? એક પાપી એ છે જે ઇરાદાપૂર્વક બધી આસ્થાને છોડી દેવાનું નક્કી કરે છે. એક પાપી એ છે જે પસંદ કરીને નકારાત્મક પ્રતિક્રિયા કરે છે. છેવટનું પાપ... તે શું છે ? તે છે અશ્રદ્ધાળુ થવાનું, શ્રદ્ધા ન રાખવાનું પસંદ કરવું.

ક. **ચિતાભસ્મ - બળીને ભસ્મ થઈ ગયેલા** લોકોમાં એક પ્રતિક્રિયા જોવા મળી છે. પાપીઓમાં બીજા નંબરની પ્રતિક્રિયા જોવા મળે છે - તેઓ **બળી ઉઠેલા** લોકો છે; તેઅ ઇશ્વર તથા અન્ય બધા તરફ ગુસ્સે થઈ જાય છે. છેવટે સેન્ડર્સ (મોકલનારાઓ) આવે છે. તેઓ સળગી નથી જતા. તેમને સળગાવી નથી શકાતા, તેઓ પ્રજવળી ઉઠે છે, તેઓ સોનાની જેમ ઝળહળે છે !

જ્યારે જોબની કસોટી કરવામાં આવી તથા જ્યારે તેને અજમાવી જોવાયો ત્યારે તેની

સાથે આવું થયું હતું. તે ખરેખર પ્રેરણાત્મક વિશ્વાસની સોનેરી જ્યોતથી ઝળહળી ઉઠ્યો હતો.

સેન્ડર્સ, મોકલનારાઓ. તેઓ તેજસ્વીતાપૂર્વક પ્રજવળે છે અને અંધકારમાં એક પ્રકાશ મોકલે છે જે કહે છે. "દુનિયા, મને જુઓ ! મારી કસોટી થશે ! અજમાવાશે ! અત્યાચાર કરાશે ! પરંતુ તે છતાં હું ઇશ્વરમાં શ્રદ્ધા રાખીશ." તેઓ દુનિયાને એવો સંદેશો મોકલે છે કે ઇશ્વર જ્યારે મૌન હોય ત્યારે પણ તમે તેમાં આસ્થા રાખી શકો છો. આશ્ચર્ય પમાડનાર બાબત આ છે : યાતના જેટલી વધારે ભયંકર, મોકલનારનો બધા સાથે શેર કરાતો સંદેશ તેટલો વધારે તેજસ્વી.

મેં પેસિફિક મહાસાગર પરથી પસાર થતી વખતે નિહાળેલ એક દૃશ્ય વડે આ સિદ્ધાંત સૌથી સારી રીતે સમજાવી શકાશે. હું માનતો હતો કે મેં દરેક પ્રકારની હોડી તથા વહાણનો ગમન માર્ગ જોયો હતો. મેં લક્ઝરી ક્રુઝ લાઇનર્સનો ગમન માર્ગ - લીસોટા જોયા છે અને મેં કેનેડાનાં એક શાંત ઝરણાં પર એક કેનોના સુંદર નાના જળ લીસોટા પણ જોયા છે. મેં વહેલી સવારે પહાડી તળાવમાં મારા બાળકો વડે મોટર બોટની પાછળ બાંધેલી સ્કી વડે પડાતા કાચ જેવા લીસોટાઓ પણ જોયા છે.

લાંબા કે ટૂંકા, સાંકડા કે પહોળા, પાછળ રહી જતા લીસોટાઓ જોવાનું મને હંમેશાં રોમાંચક લાગ્યું છે. પરંતુ સમુદ્ર પરથી વિમાનમાં પસાર થતાં મેં એવો જળલીસોટો જોયો જેવો મેં અગાઉ ક્યારેય નથી જોયો. મેં એક વ્યાપારી જેટની બારીમાંથી તે જોયો. પહેલાં તો મેં વિચાર્યું કે પાણી પરની નિશાનીઓ છૂપાયેલી ખડકોની હારમાળા છે. પરંતુ મારા સાથીદારે કહ્યું, "તે એક જહાજની પાછળ થતા લીસોટા જેવું દેખાય છે, પરંતુ એ રેખાઓ એવા લીસોટા કરતાં એક બીજા કરતાં ઘણી છૂટી છે!"

અમારું જેટ આગળ ઉડતું ગયું તેમ, તે રેખાઓ એક બીજાની નજીક આવતી જતી હતી, બરાબર જેવી રીતે એક જહાજ પાછળનો લીસોટો દેખાય અને છેવટે અમને આ જળ લીસોટા પાડતું જહાજ દેખાયું. આ રાક્ષસી જળલીસોટા કોણે બનાવ્યા હતા ? શું તે એક વિમાન લઈ જનાર જહાજ હતું ? ના, તે એક પાણીની અંદર ખૂબ પાતળી, નાની, કાળી, ટૂંકી લાઈન હતી જેનું પેરીસ્કોપ સપાટી પર દેખાતું હતું.

મેં કહ્યું, "સબમરીન !"

મારા સાથીદારે કહ્યું, "હા, તેજ છે."

તે હમણાં જ સપાટી પર આવી હતી અને ઉંડાણ ખેડ્યા પછી ઉપર આવેલ સબમરીન નોંધપાત્ર લીસોટાઓ છોડે છે.



યાતના તરફની
ત્રણ પ્રતિક્રિયાઓ :

1. કેટલાક ચિતાભસ્મ જેવા છે...
તેઓ ભસ્મ થઈ જાય છે !
2. કેટલાક પાપ કરનારા છે...
તેઓ જલી ઉઠે છે !
3. કેટલાક સંદેશ આપનાર હોય છે...
તેઓ માત્ર વધારે
તેજસ્વી રીતે સળગે છે !



હું આજે તમને કહું છું : જે લોકો યાતનાનાં ઉંડા પાણીમાંથી પસાર થાય છે તેઓ જો વિશ્વાસ રાખવાનું તથા માફ કરી દેવાનું પસંદ કરે (એ પસંદગીની બાબત છે) તો તેઓ એક પહોળો લીસોટો - જોઈ શકાય તેવો માર્ગ છોડે છે. તેમની યાતનાઓ છતાં, તેઓ દુનિયાને આશાનો એક વિશાળ સંદેશ મોકલે છે.

તમે યાતના ભોગવો ત્યારે જે પ્રતિક્રિયાઓ પસંદ કરી શકો તે કઈ છે ? તમે સળગી ઉઠો, સળગાવી દેવાવ અથવા તેજસ્વી રીતે પ્રજવળો ! તમે એક **ચિતાભસ્મ,** એક **પાપી** અથવા એક **સંદેશ આપનાર** બની શકો. કોઈ પણ રીતે - તમારી પ્રતિક્રિયા ઇશ્વરમાં વિશ્વાસ કરવાની હોવી જોઈએ.

જ્યારે યાતના ભયંકર હોય ત્યારે વિશ્વાસ અને માફી આપવી તેજ તમારા વિકલ્પો હોઈ શકે. અન્ય બધી જ શક્ય પસંદગીઓ નકારાત્મક છે. ચિતાભસ્મ જેવા ન બનશો. પાપી ન બનશો. સંદેશ આપનાર બનશો !

મેં પૂછેલો તથા જવાબ આપી દીધેલો પ્રથમ પ્રશ્ન છે : “લોકો યાતનાની પ્રતિક્રિયા કેવી રીતે આપે છે *?* ” બીજો પ્રશ્ન છે . “ખરેખર, આ વિશ્વાસ શું છે *?*” તે ખરેખર ઘણું જ સાદું છે. વિશ્વાસ એ શ્રદ્ધા છે કે ઇશ્વર જીવે છે *!*

મેં આ અગાઉ કહ્યું છે, પરંતુ નીચેના શબ્દોની બાજુમાં એક જર્મન ઘરનાં ભોંયરાંમાં એક સ્ટાર ઑફ ડેવીડનું ઉતાવળીયું લખાણ હતું.

જ્યારે પ્રકાશિત નથી હોતો ત્યારે પણ સૂર્ય છે તેવી મને શ્રદ્ધા છે.

મને અનુભવ ન થતો હોય ત્યારે પણ પ્રેમમાં મને શ્રદ્ધા છે.

મને ઇશ્વર મૌન હોય ત્યારે પણ તેનામાં શ્રદ્ધા છે.

ઇશ્વર જીવે છે. તમે તેને સાંભળી ન શકો કે તેને અનુભવી ન શકો ત્યારે પણ તેને જીવનમાંથી કાઢી ન નાખો.

થોડાં વર્ષો અગાઉ મારી સાથે બનેલ એક આશ્ચર્યજનક ઘટના દ્વારા એક નવી ઊર્જા સાથે આ વિધાનનું સત્ય મારા સુધી આવ્યું. તે અઠવાડિયે, મેં મંગળવારે યુનિવર્સિટી ઑફ બર્કલેમાં વ્યાખ્યાન આપ્યું અને મારે બુધવારે માર્ટીન લ્યુથરના પાંચસોમાં જન્મ દિવસે એરીઝોનામાં લુથરાન્સમાં બોલવાનું હતું. ગુરૂવારે મારે ઇઓવાની નોર્થ વેસ્ટર્ન કોલેજમાં જવાનું હતું અને શુક્રવારે મારે બાલ્ટીમોરનાં જહોન્સ હોપકીન્સમાં બોલવાનું હતું. તમે જોઈ શકો છો તેમ તે એક અતિવ્યસ્ત અઠવાડિયું હતું. બધું કાળજીપૂર્વક સમયબદ્ધ તથા આયોજીત હતું. જો મને એક પણ કનેક્શન ન મળે તો હું ખરેખર મુશ્કેલીમાં આવી પડું.

હું મારું પૂર્વ તરફ જતું પ્લેન પકડવા ફોનીક્ષ પહોંચ્યો ત્યાં સુધી બધું સરળ રહ્યું. હું મોડો ન પડું તે માટે ચેક ઇનની લાઇનમાં પણ હું પહેલો જ હતો. થોડી જ વારમાં મારી પાછળ સામાન સાથે ચેક ઈનની રાહ જોતા ત્રીસથી ચાલીસ માણસોની લાઈન થઈ ગઈ. પ્લેન ત્રીસ મિનિટમાં ઉપડવાનું હતું. છેવટે ચેક- ઈન શરૂ કરવા માટે કર્મચારી આવી. તે પરેશાન લાગતી હતી. સમજતો હોવાનો પ્રયત્ન કરતાં મેં કહ્યું, “લાગે છે કે તમે મુશ્કેલીમાં છો.”

તેણે મારું મોઢું જોવા માટે પણ ઉપર નજર ન કરી. તે માત્ર બબડી. “અરે, મારે ઘણી મુશ્કેલીઓ છે ! મને લાગે છે કે તમે અહીં ડેનવરની ફલાઇટનાં ચેક-ઈન માટે ઊભા છો.”

મેં કહ્યું, “હા.”

તેણે કહ્યું, “મને હમણાં જ કહેવામાં આવ્યું છે કે તે ફલાઇટ રદ કરાઈ છે, અને હું માનું છું કે હવે તમે હું મદદ કરું તેવું ઇચ્છશો, જે મારે કરવી પણ જોઈએ, પરંતુ હું શું કરીશ તે મને જ ખબર નથી !” અને તેણે મારા હાથ પકડી લીધા અને કહ્યું, “મારે માટે નાનકડી પ્રાર્થના કરો; હું મુસીબતમાં છું. હું શું કરીશ તે મને નથી ખબર. મને એક મિનિટ કોમ્પ્યુટર પર વાત કરવા દો.”

તેણે કીબોર્ડ પર ટાઇપ કરવાનું શરૂ કર્યું, પછી તે અટકી અને સ્ક્રીન પર જોવા લાગી. તેના ચહેરા પર નારાજગી અને હતાશા દેખાયાં, ઉતાવળે તેને ફોન ઉપાડ્યો, “બેન ! મદદ કર ! કોમ્પ્યુટર ડેડ થઈ ગયું છે ! તે માત્ર મારી સામે જોયા કરે છે ! કંઈ જ થતું નથી ! તું કહે છે કે લાઈનની સમસ્યા છે ? મને તેની પડી નથી. તેને જીવતું કર, પ્લીઝ !”

મુદ્દો આ છે : જ્યારે ઇશ્વર મૌન હોય છે ત્યારે તમારામાંના કેટલાક ફરિયાદ કરે છે અને તેનાં અસ્તિત્વ વિશે શંકા કરે છે. જોકે, જ્યારે કોમ્પ્યુટર મૌન થઈ જાય ત્યારે તમે તેમાં માનવાનું છોડી દેતા નથી. આ ક્ષણે તમે ઇશ્વર તરફથી કંઈ સાંભળતાં નથી એટલા માટે તેનામાં માનવાનું છોડી ન દો.

જોબ ને જે હતો તે વિશ્વાસ શું છે ? જોબને તેના અત્યાચારની સામે ઇશ્વર મૌન હોવાનું લાગતું હોવા છતાં તે માનતો હતો કે તેનું અસ્તિત્વ છે. પરંતુ આ વિશ્વાસનો એક બીજો ઘટક પણ છે. એક બીજો ઘટક એ છે કે અંતિમ શબ્દ ભગવાનનો જ હશે. તમે અત્યારે જેનો સામનો કરો છો તે હંમેશાં માટે નહીં ટકે. તે માત્ર તમારાં જીવનનો એક તબક્કો છે. તે વાર્તાનો અંત નથી.”

જ્યારે થોડાં વર્ષો અગાઉ ઓરલ રોબર્ટસનો પુત્ર મૃત મળી આવ્યો ત્યારે તેઓ ભયંકર ઘટનામાંથી પસાર થયા. મેં તેમને આ મુજબનો તાર કર્યો, “પ્રિય ઓરલ, સૌ પ્રથમ મને ટાંકવા દો :

“ઇશ્વર આના વિશે આપણે જાણીએ છીએ તેના કરતાં ઘણું વધારે જાણે છે , અને હવે, ઓરલ, હું મારી પોતાની પંક્તિઓ ઉમેરું. અંતિમ શબ્દ ઇશ્વરનો જ હશે અને સારા માટે હશે *!* ”

ઇશ્વરને દોષ ન દો, તેના તરફ કડવાશથી ઠપકો ન આપો. ભલે તેણે તમારી યાતનાની માટે આપી હોય, તે ક્યારેય તેનું કારણ બન્યા નથી. જો તમે એવું યાદ રાખો કે હજી સુધી તો ઇશ્વરે તમારી સાથે સંબંધ તોડી નથી નાખ્યો તો તે તમને તમારી યાતનાને કંઈક સુંદરમાં બદલવામાં મદદ કરી શકશે. અંતિમ શબ્દ ઇશ્વરનો જ હશે તે જાણો અને કે તમે જે યાતનામાંથી પસાર થઈ રહ્યા છો તે અંતિમ શબ્દ નથી. તે એક માર્ગ છે, માર્ગનો છેડો નહીં.

અત્યાચાર સામે શ્રેષ્ઠ શક્ય પ્રતિક્રિયા કઈ છે ? જવાબ છે : વિશ્વાસ એ એક માત્ર સમજી શકાય તેવી પ્રતિક્રિયા છે.

તો વિશ્વાસ શું છે ? એ વિશ્વાસ કે ઇશ્વર મૌન હોય તોપણ જીવે છે. આ એ વિશ્વાસ છે કે ઇશ્વર પાછો તમારા સંપર્કમાં આવશે અને તેમનો અંતિમ શબ્દ સારો હશે.

હવે આપણે ત્રીજા પ્રશ્ન પર આવીએ : “યાતનાના સમયે આપણે કેવી રીતે ઇશ્વરમાં વિશ્વાસ રાખી શકીએ ?”

હું તમને બે સકારાત્મક વિચારો આપીશ. પહેલો સકારાત્મક વિચાર આ છે : જો કોઈ બેંકરે તેના બધા જ પૈસા તેની જ બેંકમાં રાખ્યા હોય તો શું તમે તેનો વિશ્વાસ કરશો ? અલબત્ત હા. તો એજ વાત ઇશ્વર માટે પણ સાચી જ છે. ઇશ્વર પાસે તમારા કરતાં ગુમાવવા માટે ઘણું બધું છે. ખરેખર, માત્ર જોબની જ કસોટી નહોતી થતી, ઇશ્વર પોતે પણ કસોટી પર જ હતા.

જ્યારે પણ તમે યાતનાનો સામનો કરો ત્યારે યાદ રાખો કે તમે કસોટીમાં છો તેવી જ રીતે ઇશ્વર પણ કસોટીમાં જ છે. તેણે પણ સોનાની જેમ બહાર આવવાનું છે. તેનું માન દાવ પર છે. તેનાથી પણ ખરાબ એ છે કે, તમે માત્ર તમારું જીવન અથવા તમારો આત્મા જ ગુમાવવાના છો. પરંતુ ઇશ્વરતો તેનું માન ગુમાવી બેસશે. છેવટે તો વચનો તેણે આપ્યાં છે. તેના શબ્દો તેનાં વચનોથી ભરેલા છે.

મુશ્કેલ સમયે મનમાં રાખવા જેવો એક બીજો સકારાત્મક વિચાર છે કે આપણી શ્રદ્ધાને ચકાસો. જોબના વિશ્વાસને કઈ વસ્તુએ અચળ રાખ્યો ? તે એક આદરપાત્ર વ્યક્તિ હતો. જો તમારું હૃદય સાચું હશે તો તમારી શ્રદ્ધા તેજસ્વી બનશે. જો તમે જાણતા હો કે તમે જે કર્યું છે તે અથવા જે કરી રહ્યા છો તે તમે કરી શકો તે શ્રેષ્ઠ છે, તો તમે તેના પર વિશ્વાસ કરી શકો.



શક્યતા વિચારકો યાતનાઓને તકોમાં

બદલી શકે :
હીલીંગ માટેની,
માફી આપવા માટેની,
કરુણા માટેની !



સમજણ અને સામર્થ્ય માટે પ્રાર્થના કરો

અત્યાચાર થયો છે ? પુષ્કળ વિપરિતતાઓનો સામનો કરો છો ? તો ગુસ્સે ન થાવ. ઇશ્વરની મદદનો ઇનકાર ન કરો. તેનો મદદગાર હાથ પકડી લો અને પ્રાર્થના કરવા માટે ઘૂંટણે પડો. ઇશ્વર તમને જે મદદ આપે છે અને આપતો રહેશે તેને માટે તેનો આભાર માનો. તેને એવા સાથીદારો મોકલવા કહો, જે મદદ કરશે. જેનામાં આસ્થા ઊભી થાય તેવી પારલૌકિક શક્તિની માગણી કરો અને તેનો આનંદ માણો !

કોરી ટેન બૂમ કોણ હતી તે તમારામાંના ઘણા જાણે છે. તમે તેના પરનું ‘ધ હાઇડીંગ પ્લેસ’ પુસ્તક વાંચ્યું છે અથવા તો તેનાં જીવન પરથી બનેલ ફિલ્મ જોઈ છે.

કોરી ટેન બૂમે વિશ્વ યુદ્ધ બીજાં દરમિયાન નેધરલેન્ડમાં ભૂગર્ભ રેલ્વેમાં ભાગ લીધો હતો. ગેસ્ટાપો વડે પાછળ પડાયેલા તથા શોધ ચાલતી હતી તેવા યહૂદીઓના અજાણ્યા સભ્યો તેનાં ઘરમાં છૂપાતા, જ્યાં તેને એક અંતરિયાળ, ખાસ બંધાયેલા રૂમોમાં છૂપાવવામાં આવતા. કોરી, તેની બેન બેટ્સી અને તેના પિતા આજે જીવતા હતાં, પરંતુ જેઓ કોન્સન્ટ્રેશન કેમ્પમાં મરાયા હોત તેવા યહૂદીઓને છુપાવતા હતાં. પરંતુ છેવટે ગેસ્ટાપોઓ ટેન બ્રુમ્સને પકડી પાડ્યા. તેમની જેલની અને આમ મહિનાઓ સુધી અત્યાચારની સજા કરવામાં આવી.

હું કોરીની વાતથી એટલો પ્રભાવિત થયો કે મેં તેને નેધરલેન્ડસમાં લાંબા અંતરનો કોલ કર્યો જ્યાં તેણી રહે છે અને જ્યાં હું તેને પહેલી વાર મળ્યો. તેણી અમારાં ચર્ચમાં આવી અને વક્તવ્ય આપ્યું. તે સમયે તે એંસી વર્ષની હતી. મેં તાજેતરમાં જ તેનો પ્રકાશિત ન થયેલ ઉપદેશ ફરી વાંચ્યો. તે એક વધુ મોટા શ્રોતાગણને લાયક છે, જે મને લાગે છે કે આ પુસ્તક પુરો પાડશે. તો પછી, આ છે તેની વાત :

એક વાર હું એક પેરાશુટીસ્ટને મળી અને મેં તેને પૂછ્યું, “જ્યારે તેં પહેલી વાર પ્લેનમાંથી કૂદકો માર્યો ત્યારે તેં શું વિચારેલું ?”

તેણે કહ્યું, “મેં માત્ર એક જ વસ્તુ વિચારેલી, કે પેરાશૂટ કામ કરે છે ! તે કામ કરે છે !”

“હું તમને કહું છું કે જ્યારે તમે ઇસુની સાથે ચાલો છો ત્યારે કામ પૂરું થાય છે. કેટલાક

લોકોને લાગે છે કે તે કામ નથી આપતું અને મને આશા છે કે આપણે તેમને ધકેલશું કે તેઓ ક્યારેય ઇશ્વરમાં વધારે પડતો વિશ્વાસ ન રાખી શકે." ઇશ્વરે કહ્યું છે, "દુનિયામાં તમને ઉપાધિ આવી શકે છે, પરંતુ આનંદમાં રહો; મેં દુનિયાને જીતી છે." (જહોન 16:33, કેજેવી).

"વર્ષો પહેલાં મારા દાદાએ યહુદીઓ માટે એક પ્રાર્થના સભા શરૂ કરી હતી. દર અઠવાડિયે તેઓ તેમના મિત્રો સાથે મળીને એક જૂની ઘડીયાળ બનાવનારાની દુકાનમાં આવતા. ત્યાં તેઓ જેરુસલામની શાંતિ માટે તથા યહુદીઓના આત્મોદ્ધાર માટે પ્રાર્થના કરતા. એ ક્રિયા એટલી અસામાન્ય હતી કે તેમણે શરૂ કર્યાનું વર્ષ પણ મને યાદ છે - 1844. આજે જ્યારે ખ્રિસ્તીઓ યહુદીઓ માટે પ્રાર્થના કરે છે ત્યારે તે અસામાન્ય નથી."

"એક સો વર્ષ પછી, જે ઘરમાં મારા દાદા યહુદીઓ માટે પ્રાર્થના કરતા, ત્યાં જ તેમના પુત્ર-મારા પિતા-મારા દાદાના પૌત્ર પૌત્રીઓમાંથી ચાર, અને એક પ્રપૌત્રની ધરપકડ કરાઈ, કારણ કે તેમણે બીજાં વિશ્વયુદ્ધ દરમિયાન હોલેન્ડમાં યહુદી લોકોને બચાવ્યા હતા. તેમાંના ચારનું જેલમાં જ મૃત્યુ થયું. હું જીવતી બહાર આવી. હું તે સમજતી નથી, પરંતુ તેનું મહત્વ નથી. આપણે આઘાતો માટે તૈયાર રહેવું જોઈએ."

"હું તમને કહી શકું કે હું જ્યારે કોન્સન્ટ્રેશન કેમ્પમાં હતી ત્યારે મેં ઇસુ મારી સાથે હોવાનું અનુભવ્યું હતું તેવો અનુભવ ક્યારેય કર્યો ન હતો. હવે જેને પૂર્વ જર્મની કહે છે તે બર્લીનમાં આવેલ રેવેન્સ બ્રુક, હોલાન્ડમાંના મારાં ઘરથી ઘણું જ દૂર છે. હું તથા મારી બેન બેટ્સી જ્યાં રહ્યાં હતાં તે બેરેક્સ એક કબ્રસ્તાનની બાજુમાં હતી. દરરોજ લગભગ છસો શરીરોને ત્યાં દફનાવવામાં આવતાં હતાં. હું જ્યારે ધૂમાડો ઉપર ચડતો જોતી ત્યારે મારી જાતને પૂછતી, મારી હત્યાનો સમય ક્યારે આવશે ?" મને ખબર ન હતી કે મને ઇશ્વરના ચમત્કાર વડે મુક્ત કરવામાં આવશે અને ટોળું એક પુરુષોએ એક અઠવાડિયાં અગાઉ જ મારી ઉંમરની બધી સ્ત્રીઓને મારી નાખી હતી.

મેં એક વાર નહીં વારંવાર આંખોમાં મૃત્યુ જોયું છે. જ્યારે તમે લોકોની આંખોમાં મૃત્યુ જૂઓ છો ત્યારે તમે વાસ્તવિક્તામાં જાગી ઉઠો છો. જ્યારે હું જાણતી હતી કે આખી દુનિયાનાં અને મારાં પોતાનાં પાપો માટે ઇસુ ક્રોસ પર મૃત્યુ પામ્યા હતા ત્યારે તેઓ મારી સાથે હતા તે કેવો આનંદ હતો. મને ડર નહોતો લાગતો. હું જાણતી હતી કે જ્યારે તેઓ મને મારી નાખશે ત્યારે હું અનેક મહાલયોવાળાં મારા પિતાનાં ઘરમાં જઈશ. હું જીવતા લોકોની દુનિયામાં જઈશ. કેવો આનંદ ! હું જાણતી હતી કે શ્રેષ્ઠ બનવાનું હજુ બાકી છે. આપણે ઇસુ ખ્રિસ્તમાં અને તેમની હાજરીના વિશ્વાસમાં કેટલા મજબૂત અને સમૃદ્ધ છીએ તે આપણે કેવી રીતે જાણીએ ? ક્રોસ તરફ જોવાથી.

ક્રોસ પર, ક્રોસ પર,
જ્યાં મેં પ્રથમ પ્રકાશ જોયો,
અને મારા હૃદય પરનો બોજ ચાલ્યો ગયો.
શ્રદ્ધાપૂર્વક ત્યાં, મેં મારી દૃષ્ટિ મેળવી,
અને હવે હું હરહંમેશ ખુશ છું. *

"એ ભયાનક કોન્સન્ટ્રેશન કેમ્પમાં કોઈક વખત અમારે નગ્ન ઊભા રહેવું પડતું; તેઓ અમારાં બધાં કપડાં ઉતારી લેતા. સાત વખત મારે તે યાતનામાંથી પસાર થવું પડ્યું. પહેલી વખત તે

બન્યું તે સૌથી ખરાબ હતું. હું તે માંડ માંડ સહન કરી શકી. મને ક્યારેય આટલું દુ:ખ, આટલી ઠંડી આટલી નમ્રતા નહોતી લાગી." મેં બેટ્સીને કહ્યું, "હું આ સહન નહીં કરી શકું." ત્યારે ઓચિંતા જાણે મને ઇસુ ક્રોસ પર ચડેલા દેખાયા. બાઇબલ આપણને કહે છે કે તેમણે તેમનાં વસ્ત્રો લઈ લીધાં હતા. તેઓ ત્યાં નગ્નાવસ્થામાં જ લટકાવાયા હતા. મારી પોતાની યાતનાઓ વડે હું ઇસુની યાતનાનો એક નાનકડો અંશ સમજી શકી, અને હું એટલી આભારવશ હતી કે હું તેમણે જેવું અનુભવ્યું હતું તેવી અનુભવી શકી." "આટલો આશ્ચર્યજનક, આટલો દૈવી પ્રેમ, મારું જીવન, મારો આત્મા, મારું સર્વસ્વ માંગે છે." (જહોન ન્યુટન). આપણે ભૂલવું ન જોઈએ કે આપણે એક ઘા પડેલા કેપ્ટનને અનુસરીએ છીએ. શું આપણને ઘા ન પડવા જોઈએ ?

તેના ક્ષતિરહીત આદેશો હેઠળ, આપણે શેરીમાંથી ચાલ્યાં જઈએ છીએ.
હે ઇશ્વર, આપણે ક્યારે મળ્યાં હતાં તે અમે ભૂલી જઈએ.
તે પહેલાં અમને તારા હાથ-પગ દેખાડી દે.

"કેમ્પમાં ઇસુ અમારી, મારી અને બેટ્સીની સાથે હતા. સવારે અમારે ઘણી વહેલી હાજરી પુરાવવી પડતી. અમારી બેરેકની ચીફ એટલી ક્રૂર હતી કે તે અમને વહેલા વહેલા એક આખો કલાક બહાર મોકલી દેતી. બેટ્સી અને હું એ ચોકઠામાં ન જતાં જ્યાં અમારે હાજરી લેવાય તે દરમિયાન કલાકો સુધી ઊભા રહેવું પડતું; અમે તંબુની આસપાસ ફર્યા કરતાં બધું જ કાળું હતું. જમીનને કોલસા વડે કાળી કરવામાં આવી હતી. કોટડીઓ કાળી રંગવામાં આવી હતી. અમને જે એક માત્ર પ્રકાશ મળતો હતો તે તારાઓ તથા ચંદ્રનો હતો, પરંતુ ઇસુ અમારી સાથે હતા; તે અમારી સાથે વાતો કરતા અને અમારી સાથે ચાલતા. બેટ્સી કંઈક કહેતી, પછી તે કંઈક કહેતા. કેવી રીતે ? મને ખબર નથી, પરંતુ ઇસુ જે કહેતા તે અમે બંને સમજતાં. નર્કની વચ્ચોવચ જરાક અમસ્તું સ્વર્ગ હતું."

"એક વખત બેટ્સીએ મને મધરાતે જગાડી. કોરી, ઇશ્વરે મારી સાથે વાત કરી. જ્યારે આપણને મુક્ત કરવામાં આવે ત્યારે આપણે માત્ર એક જ વસ્તુ કરવાની છે. આપણે આખી દુનિયાને ગોસ્પેલ વિશે કહેવું જોઈએ. આપણને એટલો બધો અનુભવ છે કે તેને કારણે લોકો સાંભળશે. આપણે તેમને કહી શકીએ કે અમને વાસ્તવિક અનુભવ થયો છે કે ઇસુનો પ્રકાશ સૌથી ઘેરા અંધકાર કરતાં પણ વધારે તાકાતવાન છે જ્યારે આપણે અંધકારમાં છે તેવા લોકોને મળીએ ત્યારે આપણે તેમને કહી શકીએ કે જ્યારે તેઓ ઇસુની સાથે જશે ત્યારે તેઓએ બહુ ઉંડા ઉતરવું નહીં પડે. તેના હંમેશાં પકડનારા હાથ હંમેશાં વધારે ઉંડે સુધી પહોંચે છે." એક અઠવાડિયાં પછી, બેટ્સી મૃત્યુ પામી. બે અઠવાડિયાં પછી મને મુક્ત કરવામાં આવી.

"ખ્રિસ્તીઓ, તમે આફતથી ડરો છો ? ડરશો નહીં." પાઉલેર થેસાલોનીઆસ આઈ :4 માં એક વખત કહ્યું હતું તે તમે જાણો છો કે : અમે પોતે જ તમારામાં ગૌરવાન્વિત થઈએ છીએ... તમારા પરના બધા અત્યાચારો તથા આફતો જે તમે સહન કર્યા તેમાં તમારા ધૈર્ય તથા તમારી શ્રદ્ધાને કારણે તમને ઇશ્વરનાં રાજ્યને લાયક ગણવામાં આવી શકે, જે તમે પણ ભોગવો છો તેને માટે (કેજેવી) ? ડરશો નહીં કારણ કે ઇશ્વરે આપણને ડરનો નહીં પરંતુ પ્રેમનો, શક્તિનો અને સ્થિર મગજનો આત્મા આપ્યો છે.

"હું નાની બાળકી હતી ત્યારનો સમય મને યાદ છે. મેં એક વાર મારા પિતાને કહ્યું, ડેડી, મને ડર છે કે હું ક્યારેય ઇસુ માટે શહીદ થવા જેટલી મજબૂત નહીં થાઉં." ડેડીએ જવાબ આપ્યો,

“કોરી, જ્યારે તું ટ્રેનમાં મુસાફરી કરવાનું નક્કી કરે તો હું તને ક્યારે તેને માટેના પૈસા આપું છું ? ત્રણ અઠવાડિયાં પહેલાં ?” “ના, ડેડી, હું નીકળું તે જ દિવસે !” ત્યારે પિતાએ કહ્યું, “ઇશ્વર એવું જ કરે છે. આજે તમારે ઇસુ માટે સહન કરવાની શક્તિ તથા સામર્થ્યની જરૂર નથી, પરંતુ જે ક્ષણે તે તને તેમને માટે સહન કરવાનું માન આપશે, તે તને તેને માટેનું બધું જ સામર્થ્ય પણ આપશે. હું તેમના જવાબથી ખુશ થઈ અને પાછી મારી ઢીંગલીઓ સાથે રમવા ચાલી ગઈ. મેં લખેલાં પુસ્તકોમાં, જ્યારે મારા પર જુલમ થયા અને હું આટલી ભયાનક રીતે સહન કરતી હતી ત્યારે ઇશ્વરે મને કેવી રીતે શક્તિ અને કૃપા આપી તે મેં કહ્યું છે.”

બહુ લાંબો સમય નથી થયો, જ્યારે ચીનમાં પ્રવેશવાનું હજી શક્ય હતું પરંતુ જોખમી પણ હતું ત્યારે એક મિશનરીને કહેવામાં આવ્યું, “તમને ડર લાગે છે ?” તેણીએ જવાબ આપ્યો, “મને એક જ વસ્તુનો ડર લાગે છે કે હું મૃત્યુ પામવા ન ઇચ્છતા ઘઉંનાં દાણા જેવી બની જઈશ.” એ સરસ છે. મને આશા છે કે તમને પણ આવું જ લાગશે. મને ખબર છે કે ઇશ્વર પાસે તમારે માટે બધી જ શક્તિ તથા સામર્થ્ય ઉપલબ્ધ છે. હા, તમારા જેવા યુવા ખ્રિસ્તીઓ માટે પણ.

“શું તમે એમ વિચારો છે કે જ્યારે ઇસુ તમારી સાથે હોય ત્યારે તે કામ નથી આવતું ? તમને ખબર છે તમે શા માટે આ વિચારો છો ? કારણ કે તમે ક્યારેય ઇસુ સાથે કામ કરવાનું નથી વિચાર્યું. પ્રયત્ન કરી જુઓ. તમારી જાત ઇસુને આપી દો. તમારું હૃદય તેમના તરફ ખૂલ્લું કરી દો.” તેમના શબ્દોમાં, “ઊભા રહો, હું તમારા દરવાજે ઊભો છું અને ટકોરા મારું છું. જો કોઈ માણસ મારો અવાજ સાંભળશે અને દ્વાર ખોલશે તો હું અંદર આવીશ.” માં વિશ્વાસ રાખો. (રેવ 3:20 કેજેવી).

“શું તમે આજે સવારે તેમનો અવાજ સાંભળ્યો ?” તમે ક્યારે કહેશો કે, “હા પ્રભુ, તમે અંદર આવો.” તે તમને નીચા પડવા નહીં દે. જો તમારે જોખમી અને મુશ્કેલી સમયમાંથી પસાર થવું જ પડે તો ગભરાશો નહીં, કારણ કે ઇસુ વિજેતા છે; ઇસુ વિજેતા છે અને ઇસુ હંમેશાં વિજેતા રહેશે. તેઓ આપણને વિજેતાથી પણ વધારે બનાવવા ઇચ્છે છે !”

તબક્કાઓમાંથી વિજયપૂર્વક પસાર થાવ

હવે, પીડાદાયક સમયમાં એક સકારાત્મક, ખુશ રહો વલણ રાખવા માટે યાદ રાખો : “આ સમય પણ ચાલ્યો જશે.” અત્યાચાર ક્યારેય શાશ્વત નથી હોતો. જુલમમાંથી બહાર આવવા માટે, ત્રણ તબક્કામાંથી પસાર થવાની તૈયાર રાખો. પ્રથમ તબક્કો છે ટક્કર. આ તબક્કો ત્યારે આવે છે જ્યારે પરિસ્થિતિની ઘૃણાજનક વાસ્તિવકતાની સભાનતા તમને ખરેખર અથડાય છે. તમારી શાંતિ ઓચિંતા વિખવાદ સાથે ટકરાય છે. આ એ તબક્કો છે જ્યારે તમને ખ્યાલ આવે છે કે જે ભયાનક વસ્તુ બની રહી છે તે સ્વપ્ન નથી. તે ખરેખર તમારી સાથે બની જ રહ્યું છે ! બીજો તબક્કો છે પીછેહઠનો . જ્યારે તમે ડર, ગુનાની ભાવના, ધિક્કાર અથવા ગુસ્સા વિશે વાત કરો ત્યારે આ બધી જ ભાવનાઓ ભયાનક વાસ્તવિકતા સ્વીકારવાથી પીછેહઠ કરવાની, સ્થાન છોડી દેવાની, ગુંચળુ વળી જવાની વૃત્તિની અભિવ્યક્તિ છે.

ટક્કર એ પ્રથમ તબક્કો છે. પીછેહઠ કરવી તે બીજો. ત્રીજો તબક્કો છે તડજોડ કરવી. ત્રીજા તબક્કામાં તમે છેવટે જે ગુમાવ્યું છે તેની સાથે કેમ અનુકુળ થવું તે શીખી લો છો. તમે

ક્યાંથી આવ્યા છો, તમારી પાસે જે છે તે તમને કોણે આપ્યું છે તેનો ખ્યાલ આવવો તે આ તબક્કે પહોંચવાની એક માત્ર રીત છે.

"ઇશ્વરે આપ્યું..." તમારી પાસે જે કાંઈ પણ છે તે ભગવાનનું આપેલું જ છે. તમારું જીવન પણ ઇશ્વરદત્ત જ છે. પરંતુ ખ્યાલ રાખજો - તે એક ભેટ તરીકે નથી અપાયું. કારણકે જીવન એ ઇશ્વર તરફથી મળેલી ભેટ નથી; તે એક પવિત્ર વિશ્વાસ છે !

વર્તમાનપત્રોમાં નાનકડા ડેવીડ રોથેનબર્ગની કરુણાન્તિકાની કથા હતી, જેને તેના વ્યથિત પિતા વડે સળગાવી દેવાયો હતો. ડેવીડને તેના માથાં તથા ચહેરા સહિત આખા શરીરે થર્ડ ડીગ્રી બર્ન થયા હતા. તેણે તેના હાથની મોટાભાગની આંગળીઓ ગુમાવી હતી. પરંતુ તે જીવે છે - અને તે એક ચમત્કાર છે !

હું ડેવીડ અને તેની નોંધપાત્ર માતા મારી મારાં પ્રિય મિત્રો છે તેને મારું સન્માન ગણું છું. ડેવીડ કરતાં વધારે જુલમ સહ્યો હોય તેવા બીજા કોઈને હું જાણતો નથી. પરંતુ જ્યારે હું તેને મળ્યો ત્યારે મેં તેની આંખોમાં ચમક જોઈ. હું તેના અવાજમાં રમૂજ સાંભળી શક્યો. ડેવીડે જે શારીરિક ખોડખાંપણો સાથે આખી જીંદગી જીવવાનું છે તેના છતાં, તથા જે ભાવનાત્મક ઉઝરડાઓ તેણે કાયમ સહેવાના છે તેના છતાં, તે હિંમતનું એક ઝળહળતું ઉદાહરણ છે.

અલબત્ત, ઘણું બધું શ્રેય તેની માતાને જાય છે. જ્યારે તેણે મને કહ્યું કે, "ડૉ.શુલર, આગ પછીના ત્રીજા દિવસ સુધી હું ડેવીને ઇશ્વરને સોંપી નહોતી શકી. કારણ કે એ ત્રણ દિવસો હું ડેવીએ જીવવું જોઈએ કે મૃત્યુ પામવું જોઈએ તે વિચાર સાથે લડી રહી હતી. મને નહોતી ખબર કે આવી ગંભીર ઇજાઓ સાથે તેને માટે જીંદગી જીવવી તે યોગ્ય હતું કે નહીં. પરંતુ મેં જ્યારે તે ઇશ્વર પર છોડી દીધું અને જ્યારે મેં ડેવીને ઇશ્વરને સોંપી દીધો ત્યારે મને ખબર પડી કે હું ઇશ્વરની ઇચ્છાને સ્વીકારી શકીશ - તે જે પણ નિર્ણય લેશે તે ડેવી માટે શ્રેષ્ઠ હશે. આજે, અલબત્ત, હું ખૂબ ખુશ છું કે ડેવી જીવે છે, મને લાગે છે આખા દેશમાં લાખો લોકો માટે તે પ્રચંડ પ્રેરણાનો સ્ત્રોત છે. તે હિંમતનું, શ્રદ્ધાનું ઉદાહરણ છે. હકીકતમાં તેણે મને ઇશ્વરમાં વધારે શ્રદ્ધા રાખતી કરી છે. ડેવીને કારણે હું જાણું છું કે ઇશ્વર ક્યારેય આપણને સંભાળી શકીએ તેના કરતાં વધારે નથી આપતો."

મારીએ મને એ પણ કહ્યું કે જ્યારે તેની મિત્ર જુડી કર્ટીસે ઇસુની યાતનાનું વર્ણન કરતા ન્યુ ટેસ્ટામેન્ટના ભાગો ડેવીડને વાંચી સંભળાવ્યા તેનું ડેવીડને કેટલું બધુ મુલ્ય છે. ડેવીડે જુડીને કહ્યું, "તેમણે ઇસુ સાથે એવું કર્યું - અને તેમણે બદલામાં કંઈ જ ખોટું ન કર્યું !" ડેવીડ ઇસુ સાથે સંકળાઈ શક્યો અને આમ તે ઇસુને ચાહે છે.

મારાં ચર્ચે અગાઉ આર્ટ લીંકલેટર અને ડેલા રેસને આપ્યા છે તે 'સ્કાર્સ ઇનટુ સ્ટાર્સ' એવોર્ડ જ્યારે હું ડેવીડને આપી શક્યો ત્યારે હું રોમાંચિત થઈ ઉઠ્યો. અમારી મિનિસ્ટ્રીના ઇતિહાસમાં ત્રીજી વખત મેં એવોર્ડ આપ્યો છે. એવોર્ડ એક ચાંદીની તાસક છે. ડેવીડ માટે તેના ઉપર અમે આ શબ્દો કોતરાવ્યા હતા :

"ધ સ્કાર્સ ઇન ટુ સ્ટાર્સ" એવોર્ડ 4 નવેમ્બર 1984નાં રવિવારે ક્રીસ્ટલ કેથેડ્રલમાં ડેવીડ રોથેનબર્ગને એનાયત કરવામાં આવે છે કારણ કે તમે લાખો લોકોને અકલ્પનીય પીડા તથા યાતનાની સામે બહાદુરીનો, અકલ્પનીય અપમાનની સામે માફીનો અર્થ શીખવીને તથા તમારા જખમનો ઇસુ ખ્રિસ્તનો માલિક તથા તારણહાર તરીકે સ્વીકાર કરીને ઝળહળતા તારલામાં કેવી રીતે બદલી નાખવા તે શીખવીને તમારી કરુણાન્તિકાઓને વિજયી ચમત્કારમાં બદલી નાખો છો."

આ શક્ય છે ! ભલે તમારી યાતના ગમે તેટલી મોટી, ગમે તેટલી ગહન કે ગમે તેટલી કડવી હોય - જ્યારે આપણે આપણી કસોટીઓને ઇસુને સોંપી દઈ ત્યારે તેઓ તેને વિજયમાં બદલી નાખી શકે છે ! તે અશક્ય બાબત કરી શકે છે. તેઓ ચમત્કાર કરી શકે છે અને જો આપણે તેમને કરવા દઈએ તો - તેઓ આપણને ટક્કર અને પીછેહઠના તબક્કાઓમાંથી પસાર કરીને સ્વીકારના રૂઝ લાવતા તબક્કામાં લઈ જાય છે.

મને રીટા નાઇટીંગલ - એક સુંદર યુવાન ઈંગ્લીશ મહિલાનો પ્રથમ પરિચય તેનાં પુસ્તક ફ્રીડ ફોર લાઇફ * થી થયો હતો. તેની વાત પકડી રાખે તેવી, વશ કરી લે તેવી તથા માની ન શકાય તેવી છે.

રીટાની વાત બેંગકોક, થાઇલેન્ડમાં શરૂ થાય છે. તેણી પેરિસ જતાં પ્લેનમાં ચડવાની તૈયારીમાં જ હતી કે ઓચિંતી એક અમલદારે તેને બાજુમાં બોલાવી. તેને ચિંતા ન હતી. તેની પાસે છૂપાવવાનું કશું જ ન હતું - અથવા તેણી તેમ માનતી હતી. તેઓ તેણીને મશીનગન્સ તથા અન્ય શસ્ત્રોથી સજ્જ સૈનિકોથી ચિક્કાર ભરેલા એક રૂમમાં લઈ ગયા. તેમણે તેનો બધો જ સામાન ઠલવી નાખ્યો. હજી પણ તેણી ચિંતિત ન હતી. પછી તેમણે તેણીના બોયફ્રેન્ડે તેણીને હોંગકોંગમાં આપેલ બેગનાં પડ ચીરવા માંડ્યાં અને તેમણે કેટલાંક નાનાં પડીકાંઓ બહાર ખેંચી કાઢ્યાં. તેમણે તેને કહ્યું કે તે હેરોઈન હતું.

તે ક્ષણથી કોઈએ રીટાને કંઈ જ ન કહ્યું. તેણી આઘાત પામી ગઈ હતી અને ડરી ગઈ હતી કારણ કે ઓચિંતું કોઈ જ તેની સાથે અંગ્રેજીમાં વાત નહોતું કરતું; તેની સામે જે કાંઈ પણ બોલવામાં આવતું હતું તેની ભાષા તેણીને માટે પરદેશી હતી. બીજી જે વસ્તુ તેણે જાણી તે એ હતી કે તે એક પોલીસ કોટડીમાં હતી.

રીટા કબૂલ કરે છે કે તેણી સાહસની શોધમાં, જરા જંગલી જેવું જીવન જીવતી હતી, છતાં તેણે સ્વપ્ને પણ કલ્પ્યું ન હતું કે એક દિવસ તે પોતાની જાતને જેલની કોટડીમાં પડેલી જોશે. તેણી હોંગકોંગની એક ગ્લેમર ગર્લ હોવામાંથી, થાઇલેન્ડની એક જેલમાં આવી ગઈ હતી. ગ્લેમર એક વસ્તુ હતી અને નશીલા પદાર્થો બીજી, રીટા ક્યારેય નશીલી દવાઓમાં સંડોવાઈ ન હતી. પેલું હેરોઈન તેણીને માટે આઘાતજનક હતું. તેણે તેને ત્યાં નહોતું મુક્યું, આથી તે ચોક્કસ બીજા કોઈ વડે ત્યાં મુકાયું હતું.

થાઇલેન્ડમાં પોલીસને પોતે નિર્દોષ છે તેમ સમજાવવા પ્રયત્ન કરવો બિલ્કુલ અશક્ય હતો. ન્યાયાલયો પોલીસનું જ માનતાં હતાં. તેણીના કબજામાં હેરોઈન સાથે તે મળી આવી હતી, અને તેમને માત્ર તેટલી જ પડી હતી.

રીટાને વીસ વર્ષની જેલની સજા થઈ. જેલની હાલત ઘણી ખરાબ હતી - નવ બાય પંદર ફૂટની ખોલીમાં ત્રીસ સ્ત્રીઓ પૂરવામાં આવી હતી. તેઓ ઉંદરડા તથા વાંદાવાળી લાંકડાના ફર્શ પર એક બીજા પર પગ રાખીને ઊંઘી જતી. જ્યારે રીટાને ખરેખર શું બન્યું હતું તેની ખબર પડી ત્યારે તેને જે ક્રોધ તથા કડવાશનો અનુભવ થવા લાગ્યો તેની તમે કલ્પના ન કરી શકે. તેણીનો બોયફ્રેન્ડ, જે તેની સંભાળ લે છે તેમ તેણી માનતી હતી, તેણે જ તેનો ઉપયોગ કર્યો હતો. એ સંભાવના કે તેણી હવે પછીનાં વીસ વર્ષ જેલમાં જ વિતાવશે તે વાસ્તવિકતા હતી. તેનો ગુસ્સો થોડા જ વખતમાં આખી દુનિયા તરફ ફેલાઈ ગયો, જે વકીલો તથા રાજદ્વારી અમલદારો તેણીને મદદ કરવાનો પ્રયાસ કરતા હતા તેમના તરફ પણ.

જ્યારે એક સન્નારી તેને મળવા જેલમાં આવી અને તેણીને કહ્યું કે ઇશ્વર તને ચાહે છે, ત્યારે તે ગુસ્સાથી લાલ-પીળી થઈ ગઈ.

“જો ઇશ્વર આટલા પ્રેમાળ છે, તો તે મારી સાથે આવું થવા જ શા માટે દે ! જો તે મને ચાહતા હોત, તો તે અહીં હોત !”

પછી રીટા પાસે બીજા મુલાકાતી આવ્યા. તે રીટાનાં વતનથી આવેલ એક સીત્તેર વર્ષની વૃદ્ધા હતી. રીટા માની ન શકી કે આ મીઠડી નાનકડી વૃદ્ધા છેક ઈંગ્લેન્ડથી તેણી સાથે વાત કરવા માટે જ બેંગકોક આવી હતી.

જ્યારે રીટાએ તેણીના લેંકેશાયર જેવા ઉચ્ચારો સાંભળ્યા તો તેણી રડવા લાગી. રીટા, કે જે છેલ્લા થોડા મહિનાઓમાં મુશ્કેલીઓમાંથી પસાર થઈ હતી, તેને માટે આનું ઘણું મુલ્ય હતું.

તે સન્નારી ગયા પછી રીટાએ ફરી ફરીને પોતાને પૂછ્યું, “શા માટે ?”

તે નાનકડી વૃદ્ધા તેને એક પુસ્તક આપી ગઈ હતી. તેનું નામ હતું, ધ રીઝન વ્હાય. તેમાં રીટાએ ફરી વાર ઇસુના શબ્દો વાંચ્યા. રીટાએ ઇસુની વાત અગાઉ પણ સાંભળી હોવા છતાં, અગાઉ ક્યારેય તેનો અંગત રીતે આટલો અર્થ તેને માટે થયો ન હતો. આ પુસ્તક વાંચતાં વાંચતાં, તેણી ફરી પોતે અગાઉ જે ઇચ્છેલું - ઉત્તેજના, રાત્રી જીવન, કસીનો, એ બધાં વિશે વિચારવા લાગી. તેને તે બધું જ મળ્યું હતું, અને છતાં હજી કાંઈક ખૂટતું હતું.

ઇશ્વરે રીટા નાઇટીંગલની આંખો ખોલવા માટે જેલનો ઉપયોગ કર્યો. તેણીને ઓચિંતું સમજાયું કે ઇસુ તે જે હોવાનો દાવો કરતા હતા તે જ છે, અને આથી તેણે ઇસુને પોતાનાં જીવનમાં આવવા કહ્યું.

જ્યારે તેણીએ પોતાની જાતને ઇસુને સોંપી દીધી ત્યારે આવેલાં લાગણીનાં પુરથી અભિભૂત થયેલી રીટા જેલની એક માત્ર ખાનગી જગ્યા - હોસ્પિટલની ઝૂંપડીની નીચે ભરાઈ ગઈ. આખું મકાન જમીનથી ઊંચું બંધાયું હતું પરંતુ સાપને કારણે કોઈ તેની નીચે જતું ન હતું. ત્યાં, ઝૂંપડીની નીચે સાપો સાથેનાં સ્થળે, રીટાની આંખો શાશ્વત જીવનની વાસ્તવિકતાઓ તરફ ખુલી. ત્યાં, મકાનની નીચેના અંધકારમાં છૂપાયેલી તેણે પ્રાર્થના કરી અને ઇસુ ખ્રિસ્તને પોતાના અંગત મિત્ર - તેના માલિક, તેના ઇશ્વર, તેના તારણહાર તરીકે સ્વીકાર્યા.

પોતાનો અભિગમ સંપૂર્ણપણે બદલાઈ ગયો છે તેનો ખ્યાલ આવવામાં રીટાને ઝાઝો વખત ન લાગ્યો. ઇશ્વરે લાંબા સમય સુધી તેની આસપાસના સંજોગો ન બદલ્યા, પરંતુ તેમણે રીટાને અને તેના તે સંજોગો તરફના વલણને બદલવાનું શરૂ કરી દીધું.

ઓચિંતાની એક દિવસ તેણીને સૂચના આપવામાં આવી કે તેને માફી આપવામાં આવી છે. કોઈ કારણ આપવામાં નહોતું આવ્યું, ઓચિંતી જ આકાશમાંથી માફી આવી પડી. રીટા એ હકીકતને તેનું કારણ ગણાવે છે કે આખી દુનિયાના ખ્રિસ્તીઓ તેણીને માટે પ્રાર્થના કરતા હતા.

તેણીએ સમાચાર મારફતે પોતાને મળેલી માફી વિશે સાંભળ્યું. એ વસ્તુએ આ સમાચારને સત્તાવાર બનાવ્યા. સમાચાર એમ પણ કહેતા હતા કે પરિસ્થિતિ ઘણી જ અદ્વિતીય હતી. આ અગાઉ ક્યારેય એક નશીલા પદાર્થની દાણચોરીના દોષીને થાઇલેન્ડના રાજા વડે શાહી માફી આપવામાં આવી ન હતી.

રીટાને માફીના સમાચાર મળ્યા તેના બીજા દિવસે જેલના દરવાજા ખૂલી ગયા અને તેણી મુક્ત હતી. આજે રીટા એક સુંદર, પુનર્જન્મ પામેલ ખ્રિસ્તી છે. તેણી ચુક કોલ્સન માટે તેની જેલની મિનિસ્ટ્રીમાં ઈંગ્લેન્ડમાં કામ કરે છે.

ધ બીએટીટ્યુડ્સ - ખુશ રહો મનોવૃત્તિ

એક માણસ વડે તે શીખવાઈ હતી.

તે એક માણસ વડે જીવનમાં ઉતારાઈ હતી. અત્યાચાર સાથે કેવી રીતે વ્યવહાર કરવો તેનું તેઓ એક શ્રેષ્ઠ ઉદાહરણ રહ્યા છે.

તેઓ અત્યાચારો વચ્ચે જ જીવ્યા. તેઓ અત્યાચારોમાં જ મૃત્યુ પામ્યા. તેઓ અત્યાચારો પછી પાછા ઊભા થયા. જો તમે ખુશી - વાસ્તવિક, ઊંડી, હંમેશાં માટેની ખુશી - મેળવવા માગતા હો તો જેણે આ ખુશ રહો મનોવૃત્તિઓ લખી અને જે તેને જીવ્યા તે માણસ - ઇસુ ખ્રિસ્ત વિશે વધારે જાણીને આ મનોવૃત્તિ વિશેના તમારા બોધપાઠોને વીટીં દો, મેં તેમનો અત્યાર સુધી જીવેલ સૌથી મહાન શક્યતા વિચારક તરીકે ઉલ્લેખ કર્યો છે.

ઇસુ દુનિયાના સૌથી મહાન અશક્યતાઓ વિશે વિચારનારા રહ્યા હશે. તેમની પાસે તેમને માટે કશું જ જતું ન હતું : ઇસુ એક તુચ્છ લઘુમતીના સભ્ય હતા, એક કબજે કરાયેલ દેશના નાગરિક હતા, રોમનોને લાગે વળગે છે ત્યાં સુધી એક નગણ્ય વ્યક્તિ હતા, સત્તાધારીઓ માટે એક રમુજ અને તેના સાથી યહુદીઓ માટે એક ઉપાધિકારક વ્યક્તિ હતા.

ઇસુ દબાયેલા, ઉપેક્ષિત અને કડવાશ વ્યાપ્ત લોકો વચ્ચે જીવ્યા !

કર કચડી નાખે તેવા હતા.

આઝાદી અજાણી હતી.

જીવતા રહેવાનું અનિશ્ચિત હતું.

ધર્મ અવરોધક, નકારાત્મક તથા આનંદહીન હતો.

છતાં ઇસુએ ક્યારેય રાજકીય રીતે ભડકાવનાર વક્તવ્યો નથી આપ્યા, ક્યારેય એક ગોરીલા દળ ઊભું નથી કર્યું, અને ક્યારેય જેરુસલેમ અથવા રોમ પર કૂચ નથી કરી.

ઇસુ નાઝરેથમાં હતા, એક શહેર જેની આબરૂ સાંસ્કૃતિક રીતે વંચિત તથા નૈતિક રીતે ભ્રષ્ટની છે. "શું નાઝરેથમાંથી કંઈ સારું મળી શકે ?" એ એક સામાન્ય અભિવ્યક્તિ હતી.

ઇસુ ઉચ્ચ શિક્ષિત ન હતા. તેમનું શાળા જીવન જેટલું પણ હોય, સાદું હતું. તેમના લખાણનો એક માત્ર હિસાબ તેમણે રેતીમાં લખેલી એક નોંધ પુરતો જ છે.

ઇસુની કોઈ સંસ્થા નથી. તેમના અનુયાયીઓ તોતડા, ખરબચડા હાથવાળા તથા આંગળીના તૂટેલા નખવાળા માણસો હતા. કટોકટીના સમયમાં ઘણી વખત તેઓ અસ્થિર, અનિશ્ચિત, આધાર ન રાખી શકાય તેવા તથા નિરાશાજનક પુરવાર થયા.

હા, ઇસુએ કૃતઘ્નતા, અવગણના, ગેરસમજ તથા વિશ્વાસઘાત કેવાં હોય તે જાણ્યું.

માનવ વિકાસના બધા જ મનોવૈજ્ઞાનિક નિયમો મુજબ ઇસુ એક પૂર્વધારણા કરનાર, હતાશ, નિંદાખોર, ગુસ્સાવાળા, અંધશ્રદ્ધા વાળા, ઉપાધિખોર, બળવાખોર, મવાલી, લાગણીથી વંચિત, ઉદ્દામ ટંટાખોર ક્રાંતિકારી તરીકે મૃત્યુ પામવા જોઈતા હતા !



ઇશ્વરનું વચન અંતિમ હશે અને તે... સારા માટે હશે !



ઇસુ તેનાં જીવનપર્યંત અપરિણિત, એકલ જીવન જીવ્યા. આથી તેમણે તેમનાં વર્ષો એક પત્ની અથવા બાળકોનાં પ્રોત્સાહન, સગવડ અથવા સાથ વગર વિતાવ્યાં. એક એવો સમાજ જ્યાં બાળકો એ માણસનો સૌથી મોટો ખજાનો ગણાય, ત્યાં તેઓ ક્યારેય એક પણ પુત્ર કે પુત્રીના પિતા બન્યા વગર મૃત્યુ પામ્યા.

તેમનાં મૃત્યુ વિશે વિચારો.

ઇસુ માત્ર તેંત્રીસ વર્ષના હતા ! તેઓ ઘણા જ નાના હતા. તેઓ તેની માતાની પહેલાં મૃત્યુ પામ્યા ! તેમને તેમની નિશાની છોડવા માટે, તેમનાં પુસ્તકો લખવા માટે, તેમનું સામ્રાજ્ય ઊભું કરવા માટે અને દુનિયા જીતવા માટે અડધી સદી પણ આપવામાં ન આવી.

ઓછામાં ઓછું, છેવટે આ બાબત તો તેમને વાંકદેખુ અશક્યતા વિચારક, બંધ હોઠ અને કડવા આંસુએ રડનાર બનાવી શકી હોત :

“આ ન્યાયી નથી !”

“મૃત્યુ પામવા માટે હું ઘણો જ નાનો છું !”

“હે ઇશ્વર, મને વધારે સમય આપ !”

ઇસુ - જ્યારે ઇસુને તેના સ્વર્ગમાં રહેલ પિતાની સૌથી વધારે જરૂર હતી, ત્યારે તે ક્યાં હતા ?

ઇસુ - તેનાં આખાં જીવનમાં તેઓ એક સારા, માયાળુ, પ્રેમાળ અને ખૂબ જ ધાર્મિક હતા. દરેક સાબાથ વખતે તેઓ સીનેગોગમાં હતા. પવિત્ર ગ્રંથો - તેમને વાંચવા કેટલા ગમતા. પ્રાર્થના ? તેમનું જીવન બધી ઋતુઓમાં એક પ્રાર્થના સમાન હતું ! ઇસુ.

તેઓ તેમના સ્વર્ગમાંના પિતાને કેટલું ચાહતા હતા.

તેઓને તેમના સ્વર્ગમાંના પિતા પર કેટલો વિશ્વાસ હતો.

તેમણે તેમના સ્વર્ગમાંના પિતાની કેટલી સેવા કરી.

ઇસુ. જ્યારે તેઓ ક્રોસ પર હતા, જ્યારે તેમને તેમના ઇશ્વરની સૌથી વધારે જરૂર હતી - ત્યારે તેમના ઇશ્વરે તેમને છોડી દીધા તેમ લાગતું હતું.

ઇસુ પર જુલમ કરાયા હતા - તેમને કોરડા ફટકારાયા હતા, તેમને હીણા દેખાડાયા હતા, તેમની અવગણના થઈ હતી, તેમને ક્રોસ પર ચડાવાયા હતા - છતાં ઇસુએ એક પણ વખત કડવાશ દેખાડી ન હતી... જ્યારે તેઓ ક્રોસ પર હતા ત્યારે તેમણે કહ્યું, “તેમને માફ કરો, કારણ કે તેઓ નથી જાણતા કે તેઓ શું કરે છે.”

ઇસુ માટે દરેક સમસ્યા છૂપાવેશમાં એક શક્યતા હતી. બીમારી ઉપચાર માટેની તક હતી.

પાપ માફી આપવાની એક તક હતું.

દુ:ખ એ કરુણા માટેની એક તક હતું.

અંગત નિંદા સારી છાપ છોડવા માટેની અને શક્યતા વિચારકો કેવી રીતે પ્રતિક્રિયા આપે છે તે દુનિયાને દેખાડવાની એક તક હતી.

ઇસુ માટે દરેક વ્યક્તિ અચ્છાદિત, છૂપી શક્યતાઓની સોનાની ખાણ હતી !

પીટર એક આખા બોલો માછીમાર પરંતુ - તે એક મહાન નવાં ચર્ચનો મહાન નેતા બની શક્યો.

મેરી મેગ્ડેલીન ? એક સામાન્ય વેશ્યા. પરંતુ તે એક સંવેદનશીલ, મીઠો જીવ બની શકી. એક દિવસ તેણી તેમનાં શરીરને દફનક્રિયા માટે અભિષેક કરી શકી.

મેથ્યુ ? એક અધમ ભૌતિકવાદી - પરંતુ તેનામાં મહાન લેખક બનવાની સંભાવનાઓ હતી ! ગોસ્પેલ લખવાની પણ !

ઇસુ માટે એ હકીકતનું મહત્વ નથી કે તમે અને હું પાપીઓ છીએ, પરંતુ એનું મહત્વ છે કે આપણે સંત બની શકીએ છીએ. આથી ઇસુએ સૌથી મહાન શક્યતા : ઇશ્વર ની અમાપ દયા ની આગાહી કરી.

ઇસુ માટે આખી દુનિયા ન ઓળખાયેલ, વણખેડાયેલ, ન શોધાયેલ શક્યતાઓ વડે જામ થયેલા ગર્ભધારણ કરેલ, લદાયેલ, ઉભરાતું સ્થળ હતી ! ઇસુ ખરેખર સર્વોચ્ચ શક્યતાઓમાં માનતા હતા !

માણસ ફરી જન્મી શકે છે !

ચારિત્ર્ય બદલાઈ શકે છે !

તમે નવી વ્યક્તિ બની શકો છો !

જીવન સુંદર બની શકે છે !

દરેક સમસ્યાનું એક સમાધાન હોય છે !

દરેક પડછાયાની પાછળ પ્રકાશ હોય છે !

હા ! ઇસુને આ અંતિમ શક્યતામાં અડગ શ્રદ્ધા હતી : ઇશ્વરનું અસ્તિત્વ છે !

મૃત્યુને પેલે પાર જીવન ચાલતું રહે છે !

સ્વર્ગ વાસ્તવિકતા છે !

ઇસુ આ સાબિત કરવા તૈયાર હતા. મૃત્યુ પામીને અને ફરી ઉદય પામીને ! ઇસુ દુનિયા શું બની શકે તેનાથી પ્રભાવિત હતા - ક્યારેય દુનિયા જે હતી તેનાથી હતાશ ન હતા.

તેઓ સાચા અર્થમાં માનતા હતા કે સામાન્ય માણસો અસામાન્ય રીતે શક્તિશાળી બની શકે છે. તેઓ શંકાના એક અંશ પણ વગર માનતા હતા કે સામાન્ય લોકો જો શક્યતા વિચારકો બની શકે તો તેઓ પણ અસામાન્ય વ્યક્તિઓ બની શકે.

આથી, ઇસુએ લઘુતાગ્રંથીવાળા લોકોને આત્મવિશ્વાસ આપવાને પોતાનું ધ્યેય બનાવ્યું હતું. તેમણે ગુનાની ભાવના વાળા, નિષ્ફળતા તરફ ઝૂકેલા, સમસ્યાથી ઘેરાયેલા લોકો માટે તેમની જાતને પ્રેમ કરવાનું તથા પોતાની જાતને ધીક્કારવાનું અટકાવવાનું શક્ય બનાવ્યું.

તેમણે નિરાશ લોકોને આશા, અગવડવાળાને સગવડ અને જેમનાં જીવન તથા હૃદય તેમની ચોતરફ તૂટીને વીખેરાઈ ગયાં હતા, તેવા લોકોને દયા આપી. તેમણે નીચેના બીએટીટ્યુડ્સ દ્વારા સુખી જીવનનાં રહસ્ય તથા પ્રચુર જીવનની તેમને ભેટ આપી :

- “જેમનો આત્મા નબળો છે તેમના પર ઇશ્વરના આશીષ છે, આથી સ્વર્ગનું રાજ્ય તેમનું છે.”
- “જેઓ વિલાપ કરે છે તેમના પર ઇશ્વરના આશીષ છે, આથી તેમને આશ્વાસન આપવામાં આવશે.”
- “જેઓ વિનમ્ર છે તેમના પર ઇશ્વરના આશિષ છે, આથી તેઓ પૃથ્વી પર રાજ કરશે.”
- “જેઓ પવિત્રતા માટે ભૂખ્યા તથા તરસ્યા છે તેમના પર ઇશ્વરના આશિષ છે, આથી તેમને સંતોષવામાં આવશે.”
- “જેઓ દયાવાન છે તેઓ ઇશ્વરના આશિષ પામેલા છે, આથી તેઓ દયા પ્રાપ્ત કરશે.”
- “જેઓ શુધ્ધ હૃદયવાળા છે તેમના પર ઇશ્વરના આશિષ છે, આથી તેઓ ઇશ્વરને મળી શકશે.”
- “જેઓ શાંતિ સ્થાપક છે તેમને ઇશ્વરના આશિષ છે, આથી તેઓ ઇશ્વરનાં બાળકો કહેવાશે.”

- "જેમના પર પવિત્રતા ખાતર અત્યાચાર થયો છે તેમના પર ઇશ્વરના આશિષ છે, આથી સ્વર્ગનું રાજ્ય તેમનું છે."

"જ્યારે માણસો તમારી નીંદા કરે અને તમારા પર જુલમ કરે અને મારી દૃષ્ટિએ ખોટી રીતે તમારા પર દરેક પ્રકારની દુષ્ટતા કરે ત્યારે તમે ઇશ્વરના આશિષ પામેલા છો. આનંદ કરો અને ખુશ રહો, કારણ કે સ્વર્ગમાં તમને તેનો મહાન બદલો મળશે."

જ્યારે ઇસુ તે શબ્દો બોલ્યા ત્યારે શું તેઓ આગળ આવનાર તેમના પોતાના પર થનારા અત્યાચારો વિશે વિચારતા હતા ? હા, ચોક્કસપણે કોઈએ ઇસુ કરતાં વધારે અત્યાચારો સહન નથી કર્યા. ચોક્કસપણે આપણે એક ઘા પડેલા કેપ્ટનને અનુસરીએ છીએ. તેઓ આપણને એવી કોઈ જગ્યાએ નથી દોરી જતા જ્યાં તેઓ પોતે ન ચાલ્યા હોય.

ઇસુએ કોરડા ફટકારવાના, કંટાળા તાજના તથા હાથ અને પગમાં ખીલા ખોડવાના શારીરિક અત્યાચારો સહન કર્યા.

તેઓ સૌથી પીડાદાયક મૃત્યુ પામ્યા - ક્રોસારોહણ. તેમણે ભાવનાત્મક અત્યાચાર પણ સહન કર્યા : તેમના પર રોમનો વડે વ્યંગ કરવામાં આવ્યો. જેમણે તેમના કોરડા ફટકારેલા ખભા ફરતે મશ્કરી કરતો ઝભ્ભો વિંટાળ્યો; ક્રોસના છેડા પરથી તેમના પર પડતી એક નિશાની લગાડી - "યહુદીઓના રાજા." જ્યારે તેમણે પીવા માટે કંઈક માંગ્યું તો તેમણે વીનેગારમાં ઝબોળેલ એક સ્પોન્જ તેમના તરફ ફેંકીને તેમની વધારે હાંસી કરી અને પછી તેમના નિસાસા અને અસ્પષ્ટ બબડાટ તરફ અટ્ટહાસ્ય કર્યું.

તે બધાં ઉપરાંત, તેમણે એકલવાયાપણાનો અત્યાચાર સહન કર્યો. તેઓ તેમની "એકલવાયી ખીણ"માં સાવ એકલા ચાલ્યા. તેમની ધરપકડની આગલી રાત્રે ઇસુએ ગેથ્સેમાનેના બગીચામાં પ્રાર્થના કરી. તેમની સૌથી વધુ જરૂરિયાતના સમયે તેમનો બારમાંથી એક પણ શિષ્ય તેમની સાથે પ્રાર્થના કરવા કે તેમને સાંત્વન આપવા જાગતો ન રહ્યો અને જ્યારે જુડાસ કે જેને તેઓ ચાહતા હતા અને જેને તેમણે તેમના સૌથી અતરંગ મિત્રોનાં વર્તુળમાં સ્વીકાર્યો હતો, તેનાં ચુંબન વડે વિશ્વાસઘાત કરાઈને તેમની ધરપકડ કરવામાં આવી ત્યારે, અન્ય શિષ્યો ભાગી ગયા અને તેઓ તેમને ક્યારેય જાણતા હોવાનો પણ ઇન્કાર કર્યો.

ઇસુની ધરપકડ કરાઈ, મુકદ્દમો ચલાવાયો અને તેમને દેવનિંદા કરવા માટે દોષી ઠરાવાયા. શું તેમણે મસીહા હોવાનો દાવો નહોતો કર્યો ? ઓછામાં ઓછું, શું તેમણે લોકો પર એવી છાપ નહોતી પાડી કે તેઓ ઇશ્વરના પુત્ર હતા ? તેમના જાહેર મુકદ્દમામાં, તેમને તેમનાં દેવત્વને નકારવાનો, તેમનાં દેવનિંદાત્મક વિધાનો પાછાં ખેંચવાનો અને જેઓ તેમને માનવ સ્વરૂપમાં પૃથ્વીની મુલાકાતે આવેલા ઇશ્વર માનતા હતા તેવા સરળ લોકોના મુંઝાયેલાં મનને સ્પષ્ટ કરવાનો પડકાર અપાયો.

પરંતુ તેઓ અસત્ય બોલી ન શક્યા, આથી તેઓ મૌન રહ્યા. ચૂકાદો ભાખી શકાય તેવો હતો : ક્રોસારોહણ વડે મૃત્યુ ! એક શક્યતા વિચારક કેવી રીતે મૃત્યુ પામે છે તે જોવા ટોળું એકઠું થયું હતું, તેઓ કેવી રીતે મૃત્યુ પામ્યા ? તેઓ તે ક્ષણની શક્યતાઓને જોતાં જોતાં અને ઝૂંટવી લેતાં મૃત્યુ પામ્યા ! તેમણે આખી જીંદગી જે ઉપદેશ આપ્યા હતા તેનું આચરણ કર્યું ! તેમણે તેમનાં નર્કને સ્વર્ગમાં બદલી નાખ્યું. કારણ કે અહીં તેમને તેમની બાજુમાં જ ક્રોસ પર ચડાવાઈ રહેલ એક ખોવાયેલ ચોરના આત્માને બચાવવાની તક હતી.

મૃત્યુ એ ઇશ્વર સાથેનું ભવ્ય મિલન હોઈ શકે તે બધા પુરુષો તથા સ્ત્રીઓને નાટકીય રીતે શીખવવાની આ દર્શનીય તક હતી. ઘાવ તારાઓ બની શકે !

આજે તે ક્રોસ આખી દુનિયાના સૌથી સુખી ધર્મનું સકારાત્મક ચિન્હ છે. અત્યાચાર કરાયો છે ? તમે અને હું ખુશ રહેવાનું પસંદ કરી શકીએ - કોઈ પણ રીતે ! કારણ કે આપણે માનીએ છીએ કે ઇસ્ટરની સવારે ઇસુ ફરી સજીવન થયા હતા. મારી અંગત પ્રતિતી આ છે : ઇસુ ખ્રિસ્ત આ ક્ષણે પણ જીવતા જ છે !

ક્રાઇસ્ટના અત્યાચારો, ક્રોસારોહણ અને ફરી સજીવન થવાનો આપણા માટે શો અર્થ છે ? તેનો અર્થ છે કે, જો આપણે ક્રાઇસ્ટને આપણી અંદર જીવતા રહેવા દઈએ તો આપણા માટે પણ નીચેની બાબતો કરવી શક્ય હશે :

- આપણી સમસ્યાઓને તકોમાં ફેરવવી !
- આપણી તકોને સંભાળવી અને સફળ થવું !
- મહાન સ્વપ્નો સેવવાં અને તેમને સાચાં પાડવાં !
- ઇર્ષા અને આત્મદયામાંથી જેઓ તમારા કરતાં પણ ખરાબ સ્થિતિમાં છે તેવા અન્યો વિશે ખરેખર માવજત કરવા તરફ જવું !
- તૂટેલી આશાઓ ઉઠાવવી અને ફરી શરૂ કરવું !
- અનાકર્ષક લોકોમાં મહાન શક્યતાઓ જોવી !
- એક સાચા અર્થમાં સુંદર વ્યક્તિ બનવું - ઇસુ જેવા !

હવે જ્યારે તમે બધી જ, આઠ ખુશ રહો મનોવૃત્તિઓનો અભ્યાસ કરી લીધો છે ત્યારે મને તમને એક અંતિમ પ્રશ્ન પૂછવા દો : શું તમે ખરેખર ખુશ છો ?

– ખુશી - તે ઉંડી આંતરિક શક્તિ જે હિંમત, શ્રદ્ધા, આશા તથા શાંતિની બનેલી છે. તેમને બધીને ભેળવી દો અને તમને ખુશી મળશે !
– ખુશી - ભયંકર વિપરતતાઓ સામે ટકી રહેવાની હિંમત !
– ખુશી - એ શ્રદ્ધા કે અંતિમ શબ્દ ઇશ્વરનો હશે એ તે સારો જ હશે !
– ખુશી - એવી આશા કે ભલે તમે માત્ર છાયો જ જોઈ શકાતા હો તો પણ વાદળો દૂર થશે અને સૂર્ય ફરી પ્રકાશશે !
– ખુશી - જ્યારે તમે જાણતા હો કે તમે તમારાથી થાય તેટલું શ્રેષ્ઠ કાર્ય કર્યું છે ત્યારે જે સ્વાભિમાનની શાંત લાગણી આવે છે તે.
– ખુશી - તમે શત્રુઓ તથા મિત્રો તરફ એક સરખા દયાળુ તથા માયાળુ રહ્યા છો તેવી ખાતરી.
– ખુશી - એ શાંત ખાતરી કે ઇશ્વર તમારા તરફ માયાળુ તથા દયાળુ રહેશે.
– ખુશી - એ સુંદર માન્યતા કે આજીવન, ભલે તે ગમે તેટલું મુશ્કેલ કેમ ન હોય, એ અંતિમ

ગંતવ્ય સ્થાન નથી.

આ પૃથ્વી પરનું તમારું જીવન એ માત્ર એક તીર્થ યાત્રા છે. સ્વર્ગ - હંમેશાં માટે ઇસુ સાથેનું જીવન એ આપણું શાશ્વત ભાગ્ય છે.

હું આજે ખુશ થવાનો છું !
ભલે આકાશ વાદળીયું અને ગોરંભાયેલું હોય.
ભલે મારા માર્ગમાં કાંઈ પણ આવે -
હું આજે ખુશ થવાનો છું ? *

ખ્રિસ્તીધર્મમાં આપણે ઇસુ ખ્રિસ્ત પાસે "એક વચન આપવા" વિશે વાત કરીએ છીએ: જ્યારે આપણે તે બાહેંધરી આપીએ છીએ ત્યારે આપણે શ્રદ્ધાના હલેસાં મારીએ છીએ. આપણે હલેસાં મારીએ છીએ અને આપણા આ નાનકડાં સાધનમાં જીવનના ખળભળાટભર્યા સમુદ્રમાં યાત્રા કરીએ છીએ. પરંતુ યાદ રાખો : કોઈ સઢે ક્યારેય એક વહાણને ચલાવ્યું નથી. પવન વહાણને ચલાવે છે. સઢ માત્ર પવનને પકડે છે.

હવે હું તમને તમારા શ્રદ્ધાના સઢ ચડાવવા કહું છું અને તમે ઇશ્વરના આત્માની શક્તિને પકડી તથા વાળી શકશો. હવે જ્યારે તમે તે શ્રદ્ધાના સઢ ચડાવ્યા છે ત્યારે તેમને ત્યાં ચડાવેલા જ રાખો, જ્યારે તમે આધ્યાત્મિક ઉદાસીનતામાં હો ત્યારે પણ. ઇશ્વરના સારા સમયમાં હવાની લહેરખીઓ આવશે. નવી સકારાત્મક લાગણીઓ જૂની, કંટાળાજનક, હતાશાત્મક, નકારાત્મક લાગણીઓનું સ્થાન લેશે. જીવન માટેનો તાજો ઉત્સાહ તમારામાંથી પસાર થતા હવાના ઝોંકાની જેમ આવશે. તમને એક યુવાન આનંદ, ઊર્જા અને ઉત્તેજનાના પુનર્જન્મ અનુભવ થશે.

આ બધું કેવી રીતે કરવું. આ સાદી પ્રાર્થના કરો : "ઇસુ, હું જીવનની યાત્રામાં છું તેથી મારે એક મિત્રની જરૂર છે. અત્યારે જ હું તમને મારા શ્રેષ્ઠ મિત્ર બનવા અને મારા મનમાં ખુશ રહો મનોવૃત્તિને વહેતી રાખવા કહું છું. આમીન."



ત મારા જીવનના
દરેક સૂર્યાસ્ત પહેલાં
આપણા સુંદર માલિક
તમને આનંદનું
એક અણધાર્યું
આશ્ચર્ય આપે !



---

* ઇશાક વેટ્સ.
* વોટ્સન. ટાઇનડેલ હાઉસ, 1983.
* ઈલા વ્હિલર વીલકોસ.

સારા સમાચાર એ છે કે...
ખરાબ સમાચારને સારા સમાચારમાં ફેરવી શકાય છે...
જ્યારે તમે તમારી મનોવૃત્તિ બદલો !

આ અતિ શક્તિશાળી તીવ્ર ગતિવાળી દુનિયામાં જીવન મુશ્કેલ હોઈ શકે છે. તો આપણે માત્ર ટકી જવા કરતાં થોડુંક વધારે કેવી રીતે કરી શકીએ ? આપણે આપણા માટે પરિપૂર્ણતા સભર અને આપણી આસપાસ રહેલાઓ માટે આશીર્વાદ સમાન સમૃદ્ધ અને સભર જીવન કેવી રીતે સર્જી શકીએ ? આપણે નિરાશાઓ, મુશ્કેલ સમયો તથા આપણી પોતાની નબળાઈઓ છતાં કેવી રીતે આપણાં સ્વપ્નોને સાચાં પાડી શકીએ અને ખરી ખુશી મેળવી શકીએ ?

બેસ્ટ સેલીંગ લેખક ડૉ. રોબર્ટ શુલર આ પ્રશ્નો પરનાં 'જીસસ'સ સર્મોન ઓન ધ માઉન્ટ' માંથી બીએટીટ્યુડ્સના અંનંત સંદેશ અહીં રજૂ કરે છે. એક પછી એક બીએટીટ્યુડ્સ તરફ નજર કરતાં, ડૉ.શુલર આજે તેમનો આપણા માટે શું અર્થ છે તે શોધે છે અને આપણી મનોવૃત્તિમાં જો આઠ અતિ આવશ્યક ફેરફારો કરવામાં આવે તો તે તમારાં જીવનમાં કેવા વ્યવહારુ ફેરફાર કરી શકે તે દર્શાવે છે.

'8 પોઝીટીવ એટીટ્યુડ્સ' તમને મુશ્કેલ સમય છતાં, વિકસવામાં તથા સમૃદ્ધ થવામાં, તમારી સમસ્યાઓ સામે સકારાત્મક મનોવૃત્તિ જાળવવી રાખવામાં અને તમે ગમે તે સમસ્યાઓનો સામનો કરતા હો તો પણ સુખપૂર્ણ તથા સંવાદી જીવન જીવવામાં મદદ કરે છે.

રોબર્ટ એચ. શુલર કેલીફોર્નિયામાં આવેલ ગાર્ડન ગ્રોવમાં સુપ્રસિદ્ધ ક્રીસ્ટલ કેથેડ્રલના સ્થાપક તથા વરિષ્ઠ મીનીસ્ટર છે. તેમનું ટીવી પ્રસારણ ધ અવર ઓફ પાવર ટેલિવિઝનના ઈતિહાસમાં સૌથી વધારે નિહાળાતા કાર્યક્રમો પૈકીનો એક છે. તેઓ ટર્નીંગ હર્ટસ ઈનટુ હાલોસ સહિત વીસ કરતાં વધારે પુસ્તકોના લેખક છે.

માત્ર ભારત, બાંગ્લાદેશ, ભૂતાન, પાકીસ્તાન, નેપાળ, શ્રીલંકા અને માલદીવ્સમાં વેંચાણપાત્ર

Elevate Your Life. Transform Your World.
JAICO BOOKS
www.jaicobooks.com
Self-Help
ISBN-13: 978-81-8495-780-8

